जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

**And Many More Books in Gujarati, Hindi & English**

### જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

## શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav NEVER STOP

**E-mail: info@jainsite.com • Tel.: 09867711171**

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

ન્યાયાચાર્ય-શ્રીમદ્-મહોપાધ્યાય-

શ્રી યશોવિજયજી-ગણિ-વિરચિત-

સ્વોપજ્ઞ-સ્તબક-વિવરણ સાથે

# દ્રવ્ય: ગુણ: પર્યાય:નો રાસ

卐

जैन साईट JAINSITE .com

પ્રકાશક:—

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ : મહેસાણા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ऐँ नमः

શ્રીમદ્ મહોપાધ્યાય—ન્યાયવિશારદ—ન્યાયાચાર્ય—

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય વિરચિત—

## સ્વોપજ્ઞ સ-સ્તબક-

# દ્રવ્યઃગુણઃપર્યાયઃનોરાસ

( છુટા બોલ વિગેરે સાથે )

जैन साईट JAINSITE .com

સંશોધન કરી પ્રસિદ્ધ કરનાર
[ સદ્‌ગત શેઠ વેણીચંદ સુરચંદ સંસ્થાપિત– ]
**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ–મેસાણા**

આવૃત્તિ ૧ લી નકલ ૧૦૦૦

વીર સંવત્ ૨૪૬૪ વિક્રમ સંવત્ ૧૯૯૪ સને ૧૯૩૮.

મુદ્રક : રમણિક. પી. કોઠારી :
ધી વીરવિજય પ્રો. પ્રેસ. રતનપોળ,
સાગરની ખડકી : : અમદાવાદ.

કિંમત ૦–૧૨–૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના

## દ્રવ્યગુણ પર્યાયનો રાસ

શ્રીમન્ મહોપાધ્યાય શ્રી **યશોવિજયજીગણિવિરચિત શ્રી દ્રવ્યગુણ પર્યાયના રાસ**નું આ સંશોધન અમોએ હસ્તલિખિત ચાર પ્રતો ઉપરથી નીચે પ્રમાણે કરેલું છે.

૧. કોઈપણ એક શુદ્ધપ્રાયઃ અને સારી પ્રતિ ઉપરથી પૂજ્ય મુનિ મહારાજ **શ્રી પુણ્યવિજયજી** મહારાજશ્રીએ પ્રેસ કોપી તૈયાર કરેલી હતી, તેને મુખ્ય રાખીને સંશોધન કરવામાં આવેલું છે.

૨. બીજી પ્રતિ પૂજ્ય મુનિ મહારાજ **શ્રી ભદ્રંકરવિજયજી** મહારાજશ્રીએ મોકલેલી હતી, જેમાં ૬૦ પાના છે. અને તે લગભગ શુદ્ધ જેવી છે. જેની સંજ્ઞા અમોએ **ભા૦** રાખેલી છે. તેનું કારણ એ કે તે પ્રતિ પ્રાયઃ પાટણ ભાભાના પાડાના ભંડારની છે. એમ સમજીને એ સંજ્ઞા રાખેલી છે. જેના ઉપર લખેલું છે કે—**શા. અંબાલાલ ચુનિલાલના જ્ઞાનભંડારની પ્રત** છે.

૩. ત્રીજી પ્રત પાલીતાણા **શેઠ આણંદજી કલ્યાણજી**ના ભંડારની છે. જે લગભગ શુદ્ધાશુદ્ધ કહી શકાય. તેના પાના ૬૯ છે. જેની સંજ્ઞા અમોએ **પાલિ૦** રાખેલ છે. તેના ઉપર પણ એવાજ અક્ષરોથી **શા. અંબાલાલ ચુનિલાલના જ્ઞાનભંડારનું** નામ છે.

૪. તથા ચોથી, માત્ર મૂળ ઢાળોની એક પ્રત પણ પૂજ્ય મુનિ મહારાજ **શ્રી ભદ્રંકરવિજયજી** મહારાજ તરફથી અમને મોકલવામાં આવી હતી. તેના પાના ૧૮ છે. અને લગભગ શુદ્ધ જણાઇ છે: તેની સંજ્ઞા અમોએ **મૂ૦** રાખેલ છે.

તથા

૫. છપાયેલ **દ્રવ્યાનુયોગ તર્કણા**:
૬. **શ્રાવક ભીમસી માણકના પ્રકરણ રત્નાકર**માં છપાયેલ આ રાસ.
૭. "**જૈન વિજય**" પત્ર તરફથી સારાંશરૂપે બહાર પડેલ ચોપડી:

એ ત્રણેય પણ સાથે રાખેલ છે.

પ્રેસ કોપીમાં ૧૫મી ઢાળ પછી ટબો હતો જ નહી: તે, અમે **ભા૦** અને **પાલિ૦** પ્રતો ઉપરથી લીધેલ છે. **ભા૦** કરતાં **પાલિ૦** માં કંઇક કંઈક વિશેષતા પણ હતી. જે, તે તે સ્થળે બતાવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ સંશોધનમાં પ્રેસકોપીને મુખ્ય રાખીને બાકીની પ્રતિઓના પાઠાન્તરો તે તે સંજ્ઞા આપીને નીચે ટીપ્પણુમાં આપવામાં આવેલા છે.

અમોએ ગ્રંથકારની ભાષા જેવી ને તેવી સાંગોપાંગ કાયમ રાખી છે. વર્તમાનની ગુજરાતી ભાષામાં જે શબ્દો જેમ લખાય છે તેમજ છપાવ્યા છે. તો પણ તેમાં ક્યાંક ક્યાંક અનુસ્વાર : હ્રસ્વ: દીર્ઘ : એ ના અઇ વિગેરેમાં કેટલેક અંશે એક સરખું ધોરણ પ્રતિઓમાં જ સચવાએલું ન હોવાથી અમે પણ ક્યાંક ક્યાંક સાચવી શક્યા નથી. વિશેષમાં–આવા દુરધિગમ્ય ગ્રન્થને સમજવો ઘણો જ કઠીન છે, એટલે અભ્યાસીઓને એ મુશ્કેલી ઓછી પડે, માટે ગ્રંથને સમજીને ઠેકઠેકાણે ચિન્હોનો ઉમેરો અમોએ કર્યો છે. વળી આને તર્કથી ભરેલો ગ્રંથઃ ટુંકા ટુંકા વાક્યોઃ થોડામાં ઘણું કહેવાનુંઃ આ સ્થિતિમાં જો રીતસર ચિન્હો મૂકવામાં ન આવે, તો વાચકોને ભારે મૂંઝાવવું પડે, એમ અમને જણાયું હતું. ક્યા વાક્યનો સંબંધ ક્યાં લેવો? તે મૂંઝવણ ઠામ ઠામ ઉભી થાય તેમ છે. એટલે ચિન્હોની સગવડ વિના ગ્રંથ સમજવો બહુ જ કઠીન હોવાથી વાચકોની સરળતા ખાતર ચિન્હોનો ઉમેરો કરવો પડ્યો છે. ચિન્હોનું જો કે એક સરખું ધોરણ રાખવા કાળજી રાખી છે, છતાં ક્યાંક ક્યાંક સ્ખલના થઈ નહીં હોય, એમ તો કહી શકાય તેમ નહીં. ગ્રંથ સમજવામાં પણ ક્યાંક ભૂલ થવાથી યથાયોગ્ય ચિન્હ મૂકવાને બદલે અન્યથા પણ મૂકાઇ ગયેલ હોવાનો સંભવ છે. પરંતુ એવી ક્વચિત્ થયેલી સ્ખલનાઓ સજ્જનો સુધારીને વાંચશે, તથા અમને સૂચવશે તો આગળ ઉપર તે સ્ખલનો નીકળી જઇને ગ્રંથ ઉત્તરોત્તર વધારે વ્યવસ્થિત થશે.

મૂળ ઉપાધ્યાયજી મહારાજશ્રીએ જે જે ગ્રંથોના અવતરણો આપેલા છે, તેના સ્થળો બની શકે તેટલા અમોએ ટાંકેલા છે, પરંતુ બીજા કામોની ભીડ અને ગ્રંથ જલ્દી વાચકોના હાથમાં સમર્પવાની ઉતાવળને અંગે ગ્રંથો કઢાવી તથા બહારથી મંગાવી કોઇ કોઇ અવતરણોના સ્થળો ટાંકવાનું બનેલ નથી. તે ત્રુટી અભ્યાસીઓ પૂર્ણ કરી લેશે. એવી આશા રાખીએ છીએ. કેમકે–ઘણા ગ્રંથો પ્રસિદ્ધ છે.

ગ્રંથો–ગ્રંથકારો તથા મતોની સૂચિ પાછળ આપેલ છે. તે સિવાય વાદ સ્થળોની સૂચિ વિસ્તાર ભયથી આપવામાં આવેલ નથી.

જો કે વિષય ગાંભીર્ય અને પ્રાચીન સમયની ભાષાને લીધે આ ગ્રંથને રીતસર સમજાવવા માટે સારાંશરૂપે એક વિસ્તૃત ટીપ્પણ લખવાની અમારી ઇચ્છા હતી. પરંતુ વખતને અભાવે હાલમાં તે મુલ્તવી રાખવામાં આવેલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અવકાશે એ સારાંશઃ વિવેચનાત્મક ટીપ્પણઃ તથા બાકીના પરિશિષ્ટોઃ તેમાં આપી જેમ બને તેમ ગ્રંથને વિશેષ વિશદ કરી આપવાની ભાવના છે.

તો પણ પ્રાથમિક પ્રવેશક અભ્યાસી માટે ગ્રંથના વિષયોનો છુટો બોલ રૂપે સંક્ષિપ્ત સંગ્રહ તો પાછળ આપવામાં આવેલ છેજ. તે પ્રથમ મુખ પાઠ કરીને જો ગ્રંથમાં પ્રવેશ કરવામાં આવશે, તો પણ અભ્યાસીને ઘણી સરળતા થશે. ગ્રંથના વિષયોની અનુક્રમણિકા પણ વિસ્તાર આપવામાં આવી છે.

આ ગ્રંથની સાથે જૈનધર્મના તત્ત્વજ્ઞાન ઉપર વિશેષ દ્રઢતા થવા માટે આધુનિક દ્રવ્યઃક્ષેત્રઃ કાળઃ ભાવઃ ઉપર જૈન દૃષ્ટિથી પ્રકાશ પાડનારા ત્રણ નિબંધો આપવામાં આવેલા છે. જેથી વાચકોની બુદ્ધિને અને વિચારક શક્તિને એક જાતનો વેગ અવશ્ય મળશેજ.

ગ્રંથનું છાપ કામ જેમ બને તેમ વાચનારને અનુકૂળ પડે, તેવી રીતે મોટા ટાઇપોમાં, પૅરીગ્રાફોઃ તથા બીજી વ્યવસ્થાઃ છાપકામ અને સંશોધનના જેમ બને તેમ સુંદર તત્ત્વો દાખલ કરીને છપાવવામાં આવેલ છે. અમારી ઇચ્છા આ ગ્રંથને છાપકામ અને સંશોધનનો નમુનો ઉત્પન્ન કરવાની હતી. પરંતુ વખતને અભાવે તેમાં કેટલીક ખામીઓ રહેવા પામી છે. છતાં પણ બનતી કોશીષે ખૂબ વ્યવસ્થા આણવા પ્રયત્નો કર્યા છે, એમ વાચક મહાશયો સ્પષ્ટ જોઈ શકશે.

પરિશિષ્ટો વિગેરે જોડીને કેટલુંક લંબાણ કરવાની જો કે હાલની પદ્ધતિ છે, પરંતુ તે એવું કોઇ ભગીરથ કામ છે, એવી અમારી માન્યતા નથી. તે તદ્દન સુશક્યજ હોય છે. પરંતુ એવી રીતે બહુ લંબાણ કરવાથી ગ્રંથો છપાવવા ખર્ચ વિશેષ આવે છે, અને તે પછી પડતર પડ્યા રહે છે, ત્યારે ગ્રંથો મોટા ડોળદમામથી છપાવીને મોટા ખર્ચે તૈયાર કરેલાની કિંમત ભારે થવાથી સ્ટૉકના સ્ટૉક પડયા રહેલા અને પાછળથી નજીવી કિંમતે કાઢી નાંખવા પડેલાના દાખલા છે. એક તો આપણી પાસે પૈસાની સગવડ અમુક પ્રમાણમાં મળી શકતી હોય, "જનસમાજને સસ્તામાં સસ્તા ગ્રંથ આપવો" એ ઉદ્દેશ માંડ પાર પડી શકે તેમ હોય, તેવામાં કેટલુંક બિનજરૂરી લંબાણ કરીને ગ્રંથોની કિંમત વધારી મૂકવી, એ કેટલાક વિદ્વાનોની સ્વયોગ્ય કામને અભાવે એવા કામને મોટું સ્વરૂપ આપીને પોતાના મોટા ખર્ચ ચાલુ રાખવાની યુક્તિ રૂપે હોવાની શંકા કેમ ન કરી શકાય?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યુરોપ વિગેરે દેશની સ્થિતિ જુદી છે. આપણા દેશની સ્થિતિ જુદી છે. ખરા અભ્યાસી તો ગ્રંથમાંથી અભ્યાસ મારફત બધી વસ્તુ મેળવી શકશે. અને જેઓ અભ્યાસીઓ નથી તેની આગળ માત્ર પંડિતાઇનો ડોળ બતાવવા માટે કેટલીક લાંબી લાંબી સૂચિઓ ધરવામાં આવતી હોય, એમ અમને તો ભાસ થાય છે. "કેટલા ગ્રંથો ઉપરથી અમોએ સંશોધન કર્યું છે !!" તેની લાંબી લાંબી સૂચિ આપવામાં આવે છે. શું એ દંભ નથી ? પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ જેવા મહાન્ ગ્રંથકારે આ ગ્રંથ બનાવવામાં કેટલા ગ્રંથો ઉપર નજર નાંખી હશે ? તેની આપણને કલ્પના આવવીજ મુશ્કેલ છે, અને જો તેનું લિસ્ટ કરવામાં આવે તો કેવડું મોટું થાય ? પણ એવો ડોળ બતાવવાની એ મહાત્માઓનાં દિલમાં સ્વપ્ને પણ ભાવના નહોતી, અને નજ હોય. પરંતુ આજકાલના ફટકીયા મોતી વધારે ચમકવાનો ડોળ કરે છે, પરંતુ મર્મજ્ઞ માણસો તેની પાછળના ક્ષુદ્ર હેતુઓ સમજી લીધા વિના રહેતા નથી. ભોળા અને ભદ્રિક પરિણામી લોકો ઘણી વખત જો કે એવી રીતે છેતરાય છે. પરંતુ એ તો દુનિયાનો એવો કેટલોક ક્રમ પરાપૂર્વથી ચાલ્યો આવે છે, જેને માટે વિચાર કરવો નકામો છે.

શ્રી ઉપાધ્યાયજી મહારાજ માટે શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય વિરચિત ગુર્જર સાહિત્ય સંગ્રહના પ્રથમ ભાગમાં કંઇક સવિસ્તર લખવામાં આવેલ છે, તેમાંથી જીજ્ઞાસુઓને જોઈ લેવા ભલામણ છે.

અહીં તો એટલું જ કહેવાનું છે કે-તેમનો જૈન દર્શનઃ જૈન તત્ત્વજ્ઞાનઃ જૈન આચાર્યોઃ જૈન આગમોઃ તીર્થંકર પરમાત્માઓઃ ઉપર અનન્ય રાગ છે, અનન્ય ભક્તિભાવ છે. તે અંધ શ્રદ્ધારૂપે નહીં, પરંતુ અત્યન્ત વિચારપૂર્વક છે. તેઓ લખે છે કે–

**"સમ્યગ્દર્શનની જે સ્વરૂચિ, તદ્રૂપ જે સુરભિતા-સુગંધ, જાસ સેવાપણું, તેણે, મુઝમતિ-મારી જે મતિ, શુભ ગુણે કરીને વાસી-આસ્તિક્ય ગુણે કરી અંગો અંગ પ્રણમી તેહની સ્વેચ્છા રુચિ રૂપેણ છઇ" ઢાળ ૧૭ ગા. ૯**

જૈન દર્શનમાં દીક્ષિત થયા માટેજ તેને વળગી રહ્યા અને જેમ તેમ કરીને તેનું મંડન કરવું પડયું છે, એમ નથી. તે કાળના સમગ્ર દર્શનો અને વિચાર શ્રેણિઓમાં યથેચ્છ વિચરવા છતાં તે સર્વથી પર એવી જૈન વાણીમાં વિશેષ રંગાતા ગયા છે, અને એ રંગને પરિણામે ઉચ્છળી ઉચ્છળીને તેમણે અનેક ગ્રંથ રત્નોના ઢગેઢગ પણ ખડા કરી દીધા છે. કાશીમાં અભ્યાસ કર્યા પછી

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE जैन साइट

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન્યાયના એવા ગ્રંથો બનાવી બતાવ્યા કે જેથી ત્યાંના ભટ્ટાચાર્યને ખુશ થઇને ન્યાયવિશારદનું બિરૂદ આપવું પડેલ છે. એટલે આવા પુરુષને કુપમંડુક કહી શકાયજ નહી. તેમના ગ્રંથોની દલિલો ઘણીજ વ્યાપક હોય છે, દાર્શનિકોના ખંડન મંડન તો પ્રાસંગિક હોય છે, પરંતુ સર્વકાળે જૈનવાણીની ભવ્યતા; સુંદરતા, વિચારશીલતા, ગહનતા, કાયમ દરેક જમાનામાં જણાયા કરે, તેવી છાપ ઉત્પન્ન કરવાનું ખાસ મુખ્ય હોય છે. આજના યુગમાં પણ જો તેઓશ્રી હોત તો હાલના વૈજ્ઞાનિકોની પણ જે ખબર લેત તે જોવા જેવી હોત. પ્રત્યક્ષ પ્રયોગોથી સાબિતીઓની હાલના વૈજ્ઞાનિકોની પોકળતાની ધૂળ સારી રીતે ઉડાડી હોત. જગતની અંદર ઘણા તત્ત્વો એવા છે, કે જે કોઇપણ રીતે પ્રયોગ ગમ્ય થઇ શકે તેમ હોતાજ નથી. દાખલા તરીકે સ્વાભાવિક સ્વસ્થ માણસનું હાર્ટ (હૃદય) કેમ ચાલે છે? તેના લોહીની ગતિ કેવી હોય છે? તે બરાબર જોઇ શકાયજ નહી. મરેલાનું હૃદય પ્રત્યક્ષ જોવાય છે, પણ તે, તે વખતે તો સ્વસ્થ નથી. કદાચ એક્સરે વિગેરે જેવા સાધનોથી કંઇક ખ્યાલ આવે, પણ સંપૂર્ણ ખ્યાલ ન આવે. દરેક દરેક મનુષ્યોમાં ફેરફાર હોય છે. દરેક મનુષ્ય અને દરેક પ્રાણીમાં જે થોડો ઘણો ફરક હોય છે કે તેની નોંધ ક્યાં? એવા તો અનેક પદાર્થો છે કે—જે પ્રયોગગમ્ય કરી શકાય તેમ છેજ નહીં. મોટો ભાગ અનુમાન ઉપરજ આધાર રાખવો પડે છે. ત્યારે પોતાના અનુમાનો ખરા, અને બીજાના અનુમાનો ખોટાં. આતો એક સ્વાર્થી માણસનુંજ વલણ ગણાય.

અમુક કોઇ મનુષ્યમાં વારસાથી કેટલા તત્ત્વ ઉતરી આવેલા છે? તેનું પાકું લિસ્ટ લાવવું મુશ્કેલ છે.

પરંતુ આજે એવી વ્યક્તિ આપણા શાસનમાં નથી એટલે આપણે કેટલુંક ચલાવી લેવું પડે છે. જેમ તેમના કાળની સર્વ વિચારશ્રેણીઓને સામે રાખીને જૈન તત્ત્વજ્ઞાનની સર્વોપરિતાની વિચારણા કરવામાં આવી છે, તેજ પ્રમાણે હાલના સમયમાં પણ એ વસ્તુસ્થિતિ સ્થિર કરવાની ખાસ જરૂર છે.

હાલનું વિજ્ઞાન પણ કુદરતમાં નથી, તેની શોધ કરી શકતું નથી. અને કુદરતમાં છે તેની જ શોધ કરે છે, તેમાં નવીનતા શી? તેનો અર્થ એટલો જ કે આપણી જાણ બહાર હોય, તેને આપણી જાણવામાં લાવે છે, એજ અર્થ છે.

તેજ રીતે જૈન દર્શનમાં પણ કુદરતની સાંગોપાંગ વિવિધતા વર્ણવી છે, બીજું કાંઇ નથી. એ વિવિધતાની વિગત તથા વિસ્તૃત સ્વરૂપ સિદ્ધ જ્ઞાની હોય, તો આપણી જાણમાં એવી રીતે લાવી આપે કે હાલના વિજ્ઞાનની તુચ્છતા વિશે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ આપણને બરાબર જાણ થયા વિના રહે નહીં. તથાપ્રકારના રહસ્યજ્ઞ પુરુષોને અભાવે આપણે જૈન શાસનમાંથી ઘણું ન જાણી શકીએ, પરંતુ એટલાથી તેની ત્રુટિ સાબિત થઇ શકતી નથી.

સારાંશ કે-પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ જેવા મહાન્ પ્રતિપાદક પુરુષોની યુગેયુગે જૈન શાસનને જરૂર છેઃ જેથી કરીને જૈન શાસનની સર્વાતિશાયી ખરી ખુબી યુગે યુગે જીજ્ઞાસુઓ સમજતા રહે, તેવા પુરુષો પાકતા રહે, એવી આશા સાથે વિરમીએ છીએ.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ

તા. ૧૫-૩-૩૮
મહેસાણા

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# શ્રી દ્રવ્ય: ગુણ: પર્યાય:નો રાસ.

## વિસ્તૃત વિષયાનુક્રમણિકા.


૧ સ્તબકના મંગળાચરણનો શ્લોક. પેઈજ

### ઢાળ ૧ લી.

[દ્રવ્યાનુયોગના જ્ઞાનની તથા જ્ઞાનીની મહત્તા શાસ્ત્રપ્રમાણો સાથે વર્ણવી છે]

ગાથા વિષય

૧ ગુરુનમસ્કાર: વિષયાદિ–

અનુબંધ ચતુષ્ટય ૩

૨–૩ દ્રવ્યાનુયોગ મહિમા : ૪

ચરણાનુયોગ કરતાં અપેક્ષાએ દ્રવ્યાનુયોગની મહત્તા : ૫

સમ્મતિ, ઉપદેશપદ અનેષોડશકનાં પ્રમાણો ૫

૪ દ્રવ્યાનુયોગાસક્તને આધાકર્માદિ દોષોની અસત્યતા ૫

પંચકલ્પ: સૂત્રકૃતાંગ અને પ્રશમરતિ પ્રકરણના પ્રમાણો ૫–૬

૫ બાહ્ય અને અભ્યન્તર ક્રિયાનો ભેદ ૬

દશવૈકાલિક સૂત્રનું પ્રમાણ ૬

૬ દ્રવ્યાનુયોગ ઉપર શુકલ ધ્યાનનો આધાર ૭

પ્રવચનસારનું પ્રમાણ:– ૭

૭ ગીતાર્થ જ્ઞાનીની મહત્તા: ૮

સમ્મતિ અને વ્યવહાર સૂત્રનું પ્રમાણ: ૮

જ્ઞાનગીતાર્થ: અને ચારિત્ર ગીતાર્થના પ્રકારો ૮

૮ ગ્રંથકારની પરિણુતિ ૯

ગ્રંથકારના ઇચ્છાયોગ: યોગદષ્ટિનું પ્રમાણ ૯

૯ આ ગ્રંથના મૂળ આધારો: અને ગુરુવચનની પરતંત્રતા ૯

જ્ઞાનમદ ન કરવાની ભલામણ

### ઢાલ બીજી.

#### દ્રવ્ય: ગુણ: પર્યાય:

[૧ દ્રવ્ય: ગુણ: પર્યાય: ના લક્ષણો.

૨ ત્રણેયમાં ભેદ: અભેદ: ત્રણ પ્રકાર: ત્રણ લક્ષણ યુક્ત એક પદાર્થ: એ પ્રકારે ગ્રંથના દ્વારો.

૩ દ્રવ્ય: ગુણ: પર્યાય:નો ભેદ: ઉર્ધ્વતા પ્રચય સામાન્ય: તિર્યક્‌ પ્રચય સામાન્ય:


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪ ભેદના કારણો–સ્વરૂપ ભેદઃ એકઃ અનેકઃ આધારઃ આધેયઃ ઇંદ્રિય ગોચરતાઃ સંજ્ઞાઃ સંખ્યાઃ લક્ષણુઃથી ભેદ. ]

| | |
|---|---|
| ૧ દ્રવ્યનું લક્ષણ | ૧૦ |
| ગુણઃ પર્યાયઃ અને દ્રવ્યની એકરૂપતા | ૧૦ |
| ૧ દ્રવ્યની સ્વાભાવિકતાઃ સાપેક્ષિતા વિષે ચર્ચા | ૧૧ |
| તત્ત્વાર્થનું પ્રમાણ | ૧૧ |
| ૨ ગુણ લક્ષણઃ પર્યાય લક્ષણઃ ગ્રંથના દ્વારે | ૧૧ |
| દ્રવ્યોના સામાન્યથી ગુણ અને પર્યાયો | ૧૨ |
| ૩ મોતીની માળાને દૃષ્ટાંતે ત્રણેયનો ભેદ | ૧૨ |
| દ્રવ્ય–સામાન્યઃ ગુણ–પર્યાય–વિશેષોઃ | ૧૨ |
| ૪ ૧ ઊર્ધ્વતા સામાન્ય : દૃષ્ટાન્ત સાથે | ૧૨ |
| ક્ષણિકવાદી બૌદ્ધ, નૈયાયિક : સદદ્વૈતવાદીના મતો. | ૧૩ |
| ૫ તિર્યક્ પ્રચય સામાન્ય દૃષ્ટાન્તો સાથે | ૧૩ |
| દિગંબરનો મત અને તેનું સમાધાન | ૧૪ |
| ૧ ઊર્ધ્વતા સામાન્યના બે ભેદ | ૧૪ |
| ઓઘશક્તિઃ સમુચિત શક્તિઃ | ૧૪ |
| ૭ ઘીઃ ઘાસઃ અને દુધઃના દૃષ્ટાંતો | ૧૫ |
| ૮ જીવમાં ઊર્ધ્વતા સામાન્યની ઘટના | ૧૫ |
| ગીતા તથા વીશીના પ્રમાણો | ૧૬ |
| ૯ ઓઘ શક્તિ અને સમુચિત શક્તિ ઉપર નયોઃ | ૧૬ |
| ઉપનિષદનું પ્રમાણ. | ૧૭ |
| ૧૦ ગુણઃ પર્યાય : વ્યક્તિ રૂપે | ૧૭ |
| તે દીગમ્બર મત | ૧૭ |
| ૧૧ દીગમ્બર મત ખંડન | ૧૭ |
| સમ્મતિ તર્કનું પ્રમાણ | ૧૮ |
| ૧૨ ગુણાર્થિક નય ન માનવા વિષે | ૧૯ |
| સમ્મતિ તર્ક તથા સૂત્રોનું પ્રમાણ | ૨૦ |
| ૧૩ એજ ચર્ચા ચાલુ | ૨૦ |
| ૧૪ દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ માં પરસ્પર ભેદના કારણો | ૨૧ |
| એકઃ અનેકઃ થી ભેદ | ૨૧ |
| ૧૫ આધારઃ આધેયઃ ઇંદ્રિય ગોચરતાઃથી ભેદ | ૨૧ |
| ૧૬ સંજ્ઞાઃ સંખ્યાઃ ને લક્ષણઃથી ભેદ | ૨૨ |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ત્રીજી ઢાળ

## અભેદ પક્ષ:

[૧. એકાંતે ભેદ માનવામાં દોષો: ૧ ગુણગુણિ ભાવનો લોપ: અનવસ્થા દોષ: વ્યવહાર લોપ: ભારની અધિકતા દોષ: અનેક દ્રવ્યોના એક પર્યાયમાં એકતા: દ્રવ્યની નિત્યતા: કાર્યોત્પત્તિનો અપ્રસંગ :]


૧ એકાંત અભેદ પક્ષે-ગુણગુણિ ભાવનો ઉચ્છેદ ૨૩

૨ અનવસ્થા દોષ ૨૪

૩ "સોનું તેજ કુંડલ છે" એ વ્યવહાર લોપ ૨૪

૪ દ્રવ્યમાં ગુણ અને પર્યાયનો ભાર વધવો જોઇએ ૨૫
નવા નૈયાયિકનો મત

૫ જુદા જુદા દ્રવ્યના પર્યાય રૂપ ઘરને એક માનવામાં આવે છે. ૨૫

૬ જીવ: અજીવ: વિગેરે દ્રવ્યનૈયત્યનો ભંગ થાય ૨૬
તથા એક પરિણતિનો ભંગ થાય.

૭ કારણમાંથી કાર્યની ઉત્પત્તિ ન થાય. ૨૭

૮ કારણમાં સત્તા રૂપે કાર્ય છતાં પ્રથમથી જ ન દેખાય? ૨૭

૯ નૈયાયિકની ખાસ ચર્ચા ૨૮
પ્રશ્ન:-કારણ કાળે વિદ્યમાન કાર્ય ઉત્પન્ન ન થાય, પણ
તેનું જ્ઞાન કેમ ન થાય ? ૨૮

૧૦ ઉત્તર:-કારણમાં કાર્ય દ્રવ્યાર્થથી નિત્ય છે, અને પર્યાર્થયાથી
અનિત્ય છે, તો દ્રવ્યાર્થથી તો જ્ઞાન થાય જ છે. ૨૮

૧૧ સર્વથા અસત્ પદાર્થ જ્ઞાનમાં ભાસેજ નહીં. ૨૯
યોગાચારનો મત ૨૯

૧૨ ભૂતકાળનો ઘટ "મેં હમણા જાણ્યો." ત્યાં વર્તમાન કાલીન
દ્રવ્યની પ્રતીતિ થાય છે. અથવા નૈગમ નયથી અતીત
વિષયમાં વર્તમાનતાનો આરોપ થાય છે. ૩૦

૧૩ જો અસત્ પદાર્થો અસત્ કાળે ભાસે, તો ત્રણેય કાળમાં
શશશૃંગનો ભાસ થવો જોઇએ. ૩૦

૧૪ માટે અછતાનું જ્ઞાન ન થાય ૩૧


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૫ ભેદવાદી નૈયાયિકઃ અભેદવાદી સાંખ્યઃ ઉભયવાદી જૈનઃ ૩૧
અન્ય–યોગ–વ્યવચ્છેદ દ્વાત્રિંશિકાના પ્રમાણો ૩૧–૩૨

## ઢાળ ૪ થી

## ભેદાભેદના પરસ્પર વિરોધનું તાત્ત્વિક સમાધાનઃ

[૧. ભેદાભેદના વિરોધનો પરિહાર;
૨ તેથી ઉત્પન્ન થતો નયવાદઃ અને સપ્તભંગીઃ
૩ તથા સપ્તભંગીનું વિસ્તૃત સ્વરૂપઃ]

૧ ભેદાભેદ સાથે કેમ રહે ? ૩૨
સપ્રમાણ જૈન સિદ્ધાન્તોમાં દૃઢ રહેવાની ભલામણ ૩૩
૨ ભેદાભેદ સાથે રહી શકે છે. ૩૩
૩ રૂપ અને રસ સ્પષ્ટ રીતેજ સાથે રહે છે કે નહીં ? ૩૪
પ્રત્યક્ષ બાબતમાં દ્રષ્ટાંતની જરૂર શી ? ૩૪
૪ શ્યામપણું અને રક્તપણું એકજ ઘડામાં દેખાય છે કે ? ૩૫
૫ એકજ માણસમાં બાળકપણું: યુવાનપણું: વૃદ્ધપણું: દેખાય છે કે ? ૩૫

સમ્મતિનું પ્રમાણ

૬ ભેદ હોય ત્યાં અભેદ ન જ હોય, એવી નૈયાયિકની શંકાનું સમાધાન ૩૬
૭ જૈન દર્શનને તો જડ અને ચેતનમાં ભેદાભેદ માનવામાં વાંધો નથી ૩૬
૮ જેનો ભેદ, તેનોજ અભેદ : અને જેનો અભેદ તેનોજ ભેદ. ૩૭
સેંકડો નયોની ઉત્પત્તિનું આ જ બીજ છે ૩૭
૯ દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવ : વિગેરેને આશ્રયીને કરોડોભાંગા થાય છે. ટુંકામાં સપ્તભંગી ૩૯
૧૦ ૧૧ ૧૨ ૧૩ સપ્તભંગીના ૭ ભાંગાનું સ્વરૂપ ૪૯
સાત ભંગોની નિયમિતતા વિષે ચર્ચા ૪૦
૧૪ સપ્તભંગીના જ્ઞાનનું ફળ ૪૨



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઢાળ ૫ મી

## નયઃ પ્રમાણઃ વિચાર અને દ્રવ્યાર્થિક નયના દિગમ્બર-પ્રક્રિયાથી ૧૦ પ્રકાર

[ પ્રમાણ વાક્ય અને નય વાક્યનો વિવેકઃ દિગંબર પ્રક્રિયાએ નયના ભેદોઃ નવ નયોઃ ત્રણ ઉપનયઃ અધ્યાત્મ શૈલિના બેજ નયોઃ વિગેરે તેમાંથી નવ નયોમાંના પ્રથમ દ્રવ્યાર્થિક નયના દશ ભેદો આ ઢાળમાં સમજાવ્યા છે.]


| | | |
|---|---|---|
| ૧ | પ્રમાણ વાક્ય અને નય વાક્યનો વિષય. | ૪૩ |
| ૨ | નય વાક્યમાં દ્રવ્યાર્થિકની મુખ્ય વૃત્તિ અને ઉપચાર વૃત્તિ | ૪૪ |
| ૩ | નય વાક્યમાં પર્યાયાર્થિકની મુખ્ય વૃત્તિ અને ઉપચાર વૃત્તિ | ૪૫ |
| ૪ | પર્યાયાર્થિક દ્રવ્યાર્થિકની મુખ્યતા અને ઉપચારનું ધોરણ | ૪૫ |
| ૫ | એક નય એકજ ગ્રહણ કરે તો દુર્નયતા | ૪૬ |
| ૬ | શ્વેતામ્બર નય વ્યવસ્થાની વિશેષતા | ૪૬ |
| ૭ | દિગંબર પ્રક્રિયામાં અવ્યવસ્થા છતાં જાણવા માટે તેનો ઉલ્લેખ. | ૪૭ |
| ૮ | દિગંબર પ્રક્રિયાએ નયના ભેદો. | ૪૭ |
| ૯ | દશ પ્રકારના દ્રવ્યાર્થિકમાંથી શુદ્ધ દ્રવ્યાર્થિક (૧) | ૪૪ |
| ૧૦ | દષ્ટાન્ત-જેમ સંસારી જીવો સહજ સ્વભાવની મુખ્યતાએ સિદ્ધ જેવા ગણાય છે | ૪૮ |
| ૧૧-૧ | સત્તાની મુખ્યતાએ શુદ્ધ દ્રવ્યાર્થિક (૨) | ૪૯ |
| ૧૨ | દ્રવ્ય તથા પર્યાયના ભેદની કલ્પના રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક (૩) | ૪૯ |
| ૧૩ | વિભાવની મુખ્યતાએ અશુદ્ધ દ્રવ્યાર્થિક (૪) | ૪૯ |
| ૧૪ | ઉત્પાદ-વ્યય સાપેક્ષ સત્તાગ્રાહક અશુદ્ધ દ્રવ્યાર્થિકઃ (૫) | ૫૦ |
| | આ નયની પ્રમાણમાં અતિવ્યાપ્તિ નથી થતી | ૫૧ |
| ૧૫ | ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિક (૬) | ૫૧ |
| ૧૬ | અન્વય દ્રવ્યાર્થિક (૭) | ૫૧ |
| ૧૭ | સ્વ દ્રવ્યાદિક ગ્રાહક દ્રવ્યાર્થિક (૮) | ૫૨ |
| ૧૮ | પરદ્રવ્યાદિક ગ્રાહક દ્રવ્યાર્થિક (૯) | ૫૨ |
| ૧૯ | પરમભાવ ગ્રાહક દ્રવ્યાર્થિક (૧૦) | ૫૩ |




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઢાળ ૬ ઠ્ઠી

## બાકીના ૮ નયો:

[ પર્યાયાર્થિક નયના ૬ ભેદોઃ તથા બીજા ૭ નયોના પેટા ભેદો સાથે નવેય નયોનું પુરૂં વર્ણન આ ઢાળમાં કરવામાં આવેલ છે. ]


૧ મેરૂના દૃષ્ટાંતે અનાદિઃ નિત્યઃ શુદ્ધઃ પર્યાયાર્થિક નય (૧) ૫૩
૨ જૈન શૈલીની ખુબી ૫૪
૩ સિદ્ધ પર્યાયને દૃષ્ટાન્તે સાદિઃ નિત્યઃ શુદ્ધઃ નય (૨)
અને સત્તા ગૌણત્વે અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક (૩) ૫૪
૪ સત્તા ગ્રાહક નિત્યઃ અશુદ્ધઃ પર્યાયાર્થિક નય (૪) ૫૫
૫ સિદ્ધ જેવા સંસારી જીવને દૃષ્ટાંતે નિત્યઃ શુદ્ધઃ
પર્યાયાર્થિક નય (૫) ૫૬
૬ જન્મ મરણાદિ યુક્ત જીવને દૃષ્ટાંતે અનિત્યઃ અશુદ્ધઃ
પર્યાયાર્થિક નય (૬) ૫૬
૭ નૈગમના ૩ ભેદઃ ભૂતકાળમાં વર્તમાન કાળના આરોપમાં
તત્પર નૈગમ (૧) ૫૬
૮ દૃષ્ટાંતઃ દીવાળીને દિવસે પ્રભુ મહાવીર પરમાત્મા
નિર્વાણ પામ્યા. ૫૭
૯ ભાવિ કાળમાં ભૂતકાળનો ઉપચાર નૈગમ નય (૨) ૫૭
દૃષ્ટાંતઃ જિનેશ્વરને સિદ્ધ કહેવા ૫૭
૧૦ વર્તમાનારોપ નૈગમ ૫૮
દૃષ્ટાંતઃ " ભાત રાંધે છે."
૧૧ ઓઘ સંગ્રહઃને વિશેષ સંગ્રહઃ નયના બે ભેદ ૫૮
દૃષ્ટાન્તઃ સર્વ દ્રવ્ય એક સરખા. ૫૯
સર્વ જીવો એક સરખા : ૫૯
૧૨ સામાન્ય સંગ્રહ ભેદક વ્યવહાર નયઃ અને વિશેષ સંગ્રહ
ભેદક વ્યવહાર નય
દૃષ્ટાન્તઃ ૧ જીવઃ અજીવઃ દ્રવ્ય છે. ૫૯
૨ જીવો સંસારીઃ અને સિદ્ધોઃ છે ૫૯
૧૩ સૂક્ષ્મ ઋજુસૂત્ર નય અને સ્થૂલ ઋજુસૂત્ર નય ૫૯
દૃષ્ટાન્તઃ ૧ ક્ષણિક પર્યાય ૬૦
૨ મનુષ્યાદિ-પર્યાય ૬૦
૧૪ શબ્દ નયનું લક્ષણ ૬૦
દૃષ્ટાન્તઃ તટઃતટીઃ તટમ્ઃ આપઃ જલમ્ ૧૪


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમભિરૂઢ નયનું લક્ષણ. દૃષ્ટાન્ત—ઘટઃ કુંભઃ
૧૫ એવંભૂતનયનું લક્ષણ ૬૦
દૃષ્ટાન્તઃ રાજ સભામાં રાજમાનઃ તે રાજા, સ્નાનાદિક કાર્યમાં બેઠેલો તે રાજા નહિ. ૬૧
૧૬ નયના ૨૮ ભેદોનો ઉપસંહાર ૬૧
૯૯

## ઢાળ ૭ મી

## ઉપનયના ભેદો.

સદ્ભૂત વ્યવહારના બે ભેદઃ અસદ્ભૂત વ્યવહારના ૯ ભેદઃ ઉપરાંત અસદ્ભૂતવ્યવહારના ૩ ભેદ. ઉપચરિતોપચરિત વ્યવહારના ત્રણ ભેદ ]
૧ સદ્ભૂત વ્યવહારના ભેદ ૬૨
૨ શુદ્ધ સદ્ભૂત વ્યવહારના અને અશુદ્ધ સદ્ભૂત વ્યવહારના લક્ષણો. ૬૨
૩ દૃષ્ટાન્તઃ ૧ આત્મ દ્રવ્યનું કેવલ જ્ઞાન
૨ આત્મ દ્રવ્યના મતિ જ્ઞાનાદિ ગુણો ૬૨
૪ સદ્ભૂત વ્યવહાર નયની વિષય મર્યાદા ૬૩
૫ અસદ્ભૂત વ્યવહારનયનું લક્ષણ ૬૩
૬ દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચારઃ અસદ્ભૂત વ્યવહાર નય (૧) ૬૩
૭ ગુણમાં ગુણનો ઉપચાર—આત્માના મલીન સ્વભાવને કૃષ્ણલેશ્યા કહેવામાં આવે છે (૨) ૬૩
૮ પર્યાયમાં પર્યાયનો ઉપચારઃ હાથીઃ ઘોડાઃ ને પુદ્ગલ સ્કંધ કહેવામાં આવે છે (૩) ૬૪
૯ દ્રવ્યમાં ગુણનો ઉપચારઃ હું ધોળો છું (૪) ૬૪
દ્રવ્યમાં પર્યાયનો ઉપચારઃ હું શરીર છું (૫) ૬૪
૧૦ ગુણમાં દ્રવ્યનો ઉપચારઃ તે ગોરો દેખાય છે (૬) ૬૪
પર્યાયમાં દ્રવ્યનો ઉપચારઃ દેહ તે આત્મા (૬) ૬૪
૧૧ ગુણમાં પર્યાયનો ઉપચારઃ મતિજ્ઞાન તે શરીર (૮) ૬૫
પર્યાયમાં ગુણનો ઉપચારઃ શરીર તે મતિજ્ઞાન (૯) ૬૫
૧૨ અસદ્ભૂત વ્યવહારના ૯ પ્રકારનો ઉપસંહારઃ તથા બીજા ત્રણ પ્રકારની શરૂઆત ૬૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩ સજાતીય અસદ્‌ભૂત વ્યવહારઃ બહુ પ્રદેશી પરમાણુ (૧) ૬૫
૧૪ વિજાતીય અસદ્‌ભૂત વ્યવહારઃ મૂર્ત મતિ જ્ઞાન (૨) ૬૬
૧૫ સજાતીય-વિજાતીય અસદ્‌ભૂત વ્યવહારઃ જીવ અજીવ
વિષયનું જ્ઞાન (૩) ૬૬
૧૬ ઉપચરિતાઅસદ્‌ભૂત વ્યવહારનું લક્ષણ ૬૬
૧૭ સ્વજાતિ ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર નયઃ
દૃષ્ટાન્તઃ હું પુત્રાદિકઃ અથવા મારા પુત્રાદિકઃ (૧) ૬૭
૧૮ વિજાતીય ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર નયઃ
દૃષ્ટાન્તઃ મારા વસ્ત્રાદિક. (૨)
સજાતીય-વિજાતીય ઉપચરિતસદ્‌ભૂત વ્યવહાર
દૃષ્ટાન્તઃ મારા ગઢઃ દેશઃ વિગેરે (૩) ૬૭
૧૯ ઉપનયોનો ઉપસંહારઃ

૧૦૮


## આઠમી ઢાળ

## આધ્યાત્મિકનયો અને નયભેદમાં મતાંતરની ચર્ચાઃ

[૧ અધ્યાત્મ નયના નિશ્ચયઃ અને વ્યવહારઃ એ ભેદોનું પેટા ભેદો અને દૃષ્ટાંતો સહિત વર્ણન.

૨ દિગંબર પ્રક્રિયાએ નયના જે ભેદો પાડવામાં આવેલા છે, તે માત્ર શિખાઉ વિદ્યાર્થીની બુદ્ધિ ખીલવવા માટેના છે. વાસ્તવિક રીતે એ ભેદો જરૂરના નથી. શ્વેતામ્બર પ્રક્રિયાએ સાત નયો કહેલા છે, તેજ વ્યવસ્થા બરાબર છે. અને તેમાં દરેક પ્રકારનો સમાવેશ થઈ શકે છે. એ આ ઢાળમાં રીતસરની યુક્તિ પૂર્વક સાબિત કરવામાં આવેલું છે. ]


૧ નિશ્ચય નયઃ વ્યવહાર નયઃ એ બે આધ્યાત્મિક નયઃ
નિશ્ચયનાઃ—શુદ્ધઃ અને અશુદ્ધઃ એ બે ભેદ. ૬૮
૨ દૃષ્ટાન્તઃ જીવ તેજ કેવલ-જ્ઞાનઃ શુદ્ધ નિશ્ચય નય (૧) ૬૮
મતિ જ્ઞાનાદિક આત્માઃ અશુદ્ધ નિશ્ચય નય (૨) ૬૮
૩ સદ્‌ભૂત વ્યવહાર નય અને અસદ્‌ભૂત વ્યવહાર નયના લક્ષણો ૬૯
૪ સદ્‌ભૂત વ્યવહારના ઉપચરિતઃ અને અનુપચરિતઃ બે ભેદ
ઉપચરિત સદ્‌ભુતનું લક્ષણઃ દૃષ્ટાન્ત-જીવનું મતિજ્ઞાન ૬૯
૫ અનુપચરિત સદ્‌ભૂતનું લક્ષણઃ દૃષ્ટાન્ત-કેવલ જ્ઞાનાદિક
આત્માના ગુણો ૬૯


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬ અસદ્ભૂત વ્યવહારના ઉપચરિતઃ અને અનુપચરીતઃ એ બે ભેદો દૃષ્ટાન્તઃ અસંશ્લેષિત યોગે–દેવદત્તનું ધન ૬૯
૭ દૃષ્ટાન્ત સંશ્લેષિત યોગે—આત્માનો દેહ ૬૯
દિગંબર નયો તથા ઉપનયોનો ઉપસંહાર ૭૦
૮ વિષયભેદ ન છતાં પરિભાષા ભેદની ચર્ચાનો ઉપક્રમ ૭૧
૯ તત્ત્વાર્થને આધારે સાત અને પાંચ નયો છે, તો નવ નયો કેમ થાય ? ૭૧
૧૦ પર્યાયાર્થિકઃ દ્રવ્યાર્થિકઃ ની પેઠે અર્પિત અને અનર્પિતને જુદા ગણી ૧૧ નયો કેમ ન કહેવા ? ૭૨
૧૧ જેમ અર્પિત–અનર્પિત વ્યવહાર અને સંગ્રહમાં સમાવેશ કરો છો, તેમ પ્રથમના અને પછીના નયોમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનો સમાવેશ કેમ ન થાય ? ૭૨
૧૨ શ્રી જીનભદ્ર ગણિ ક્ષમાશ્રમણને મતે–પ્રથમના ચાર દ્રવ્યાર્થિક અને છેલ્લા ત્રણ પર્યાયાર્થિક નયો. ૭૩
૧૩ શ્રી સિદ્ધસેન દિવાકરને મતે પ્રથમના ત્રણ દ્રવ્યાર્થિક અને પછીના ચાર પર્યાયાર્થિક ૭૩
૧૪ અંતર્ભૂત નયોના સમૂહ રૂપ મુખ્ય નયોને જુદા ભેદ તરીકે શી રીતે ગણી શકાય ? ૭૪
૧૫ સંગ્રહ અને વ્યવહાર રૂપ નૈગમ નય માનવા છતાં ક્યાંક તેનો ભેદ કરવામાં આવેલો છે, તે રીતે પણ નયના નવ ભેદ કેમ ન કહી શકાય ? ૭૫
૧૬ વિભક્તને વિભાગ તરીકે ગણીયે, તો વ્યવસ્થા રહે નહિ. ૭૬
૧૭ નવ નય માનવા, તે સૂત્ર વિરુદ્ધ પ્રક્રિયા છે ૭૭
૧૮ દ્રવ્યાર્થિકના ૧૦ ભેદ પણ ઉપલક્ષણ દૃષ્ટિએથી સમજવાના છે, નહિંતર પ્રદેશાર્થિક નયનો સમાવેશ શામાં થશે? ૭૮
૧૯ ઉપનયોનો પણ વ્યવહાર નયમાં સમાવેશ થાય છે, નહિંતર પ્રમાણ અને ઉપપ્રમાણના ભેદ માનવા પડશે. ૭૮
૨૦ વ્યવહારનો અને નિશ્ચયનો પણ ગૌણ અને મુખ્યવૃત્તિથી પરસ્પરનો ઉપચાર કરવાથી મૂળ નયોમાં સમાવેશ થાય છે. ૭૯
૨૧ વિશેષાવશ્યક ભાષ્યમાં નિશ્ચય અને વ્યવહારના લક્ષણો આપેલાં છે, તે બરાબર છે. ૮૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૨–૨૩ નિશ્ચય અને વ્યવહારનો મૂળ નયોમાં કેવી રીતે સમાવેશ થાય છે ? ૬૧–૮૧

૨૪ દિગંબર પ્રક્રિયા માત્ર બાળ વિદ્યાર્થીઓને સમજાવવા પૂરતીજ છે, તાત્વિક નથી. ૮૨

૨૫ નય વિચારનો ઉપસંહાર ૮૨

દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ રૂપ એકજ પદાર્થને જુદા જુદા નયોથી જાણવામાં જગતનો પરમાર્થ સમજાય છે, ત્યારે હૃદયમાં એક જાતનો અપૂર્વ આનંદ આવે છે. ૮૨


૧૩૩

## ઢાળ ૯ મી

## ઉત્પાદઃ વ્યયઃ અને ધ્રૌવ્યઃ નું સુંદર સ્વરૂપઃ

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्


[ ૧ ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઃ ની સાબિતી

૨ દૃષ્ટાન્તો

૩ બૌદ્ધ તથા નૈયાયિકની એકાન્ત અનિત્યતાઃ તથા સર્વ શૂન્યવાદઃ કોઇક નિત્ય જ પદાર્થઃ કોઇક અનિત્ય જ પદાર્થઃ વિગેરે માન્યતાઓનું ખંડન

૪ એક કાળે એકજ પદાર્થમાં ત્રણેયની સિદ્ધિ

૫ એક કાળે ત્રણેય કાળના વ્યવહારની સિદ્ધિ

૬ દ્રવ્યો ઉપર સ્વ અને પર પર્યાયથી ત્ર–લક્ષણ્યની ઘટના

૭ ઉત્પાદના ભેદો

૮ નાશના ભેદો

૯ ધ્રૌવ્યના ભેદો અને

૧૦ ઉપસંહાર ]

૧ કોઇપણ એક પદાર્થ ઉત્પાદઃ વ્યયઃ અને ધ્રૌવ્યઃ લક્ષણયુક્ત છે ૮૩

શ્રી જિનરાજના ત્રિપદીના આ ઉપદેશની ખુબી ઘણીજ અનેરી છે ૮૩

૨ છયેય દ્રવ્યોમાં એ ત્રણેય યુક્ત લક્ષણોના પરસ્પર વિરોધનો પરિહાર. એકાંત મોહ વાસનાને લીધે વિરોધ દેખાય છે ૮૪

૩ સોનું અને તેના ઘડા તથા મુકુટને દૃષ્ટાન્તે–સમજાવઃ


૩

દુઃખઃ અને સુખઃ ઉપરથી ત્રણેયની સત્યતાની સાબિતીઓ ૮૫
૪ ઉત્પાદઃ વ્યયઃ અને ધ્રૌવ્યનો અભેદ-સંબદ્ધ-ભેદ ૮૫
સ્યાદ્ શબ્દની સર્વત્ર યોજના ૮૬
૫ કારણભેદે કાર્ય ભેદઃ અને કાર્ય ભેદે કારણ ભેદઃ પણ હોય છે.
અને તે પણ સ્યાદ્થી સૂચિત થાય છે. ૮૭
૬ બૌદ્ધ મતે "ઇષ્ટાનિષ્ટ વાસના ભેદે વસ્તુ ભેદ માનવાને
કારણ નથી." તેનું નિમિત્ત ભેદની યુક્તિથી ખંડન ૮૭
૭ નિમિત્ત કારણના ભેદ વિના વાસનાજનિત જ્ઞાન સ્વભાવથી
સંકલ્પવિકલ્પ ભેદની માન્યતાનું માધ્યમિકના મતમાં
પ્રવેશ થવારૂપ દલીલથી ખંડન, માધ્યમિક સર્વશૂન્ય-
જ્ઞાન વાદીનું પણ ખંડન ૮૮
૮ ઉત્પાદઃ અને વ્યયઃનો એકાન્ત ભેદ માનનાર નૈયાયિકનું ખંડન ૮૯
૯ દહીં: દુધઃ અને ગાયના રસઃના વ્રત વાળાના દૃષ્ટાન્તો
ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઃ સતની સિદ્ધિ ૮૯
૧૦ એક કાળે ઉત્પાદઃ વ્યયઃ અને ધ્રૌવ્યની સિદ્ધિ. ૯૦
૧૧ "ક્રિયમાણે કૃતમ્" એ વચનને અનુસારે ત્રણેયની એકકાળે
સ્થિતિની આગમ અને યુક્તિ (અનુમાન) પ્રમાણથી સિદ્ધિ. ૯૨
૧૨ નય ભેદની વ્યવસ્થાથી ઉત્પદ્યમાન તેજ ઉત્પન્નઃ કહેવામાં
જૈન મતે વાંધો નથી આવતો, અને અન્ય મતને "હમણાં
ઘટ ફુટયો" એ વ્યવહાર પ્રથમ ક્ષણે ઘટશે જ નહીં. ૯૨
૧૩ પરિણામની અપેક્ષાએ-એક ક્ષણે ઉત્પત્તિઃ નાશઃ અને
દ્રવ્યાર્થાદેશે તેજ ક્ષણે ધ્રુવતાની સિદ્ધિ ૯૩
૧૪ ભવસ્થઃ અને સિદ્ધસ્થઃ કેવળ જ્ઞાન; એ સૂત્ર વચન
અનુસારે ત્રણેયની એક કાળતા વિષે સમ્મતિની
દલીલોથી સિદ્ધિ ૯૪
૧૫-૧૬ કેવલ જ્ઞાન ઉપર ઉત્પાદઃ વ્યયઃ ધ્રુવતાઃની સિદ્ધિ ૯૪
૧૭ આદ્ય ક્ષણ સંબંધ પરિણામે નાશઃ દ્વિતીય ક્ષણ સંબંધ-
પરિણામે ઉત્પત્તિઃ અને ક્ષણ સંબંધ પરિણામે ધ્રૌવ્યઃ
એમ માની કાળ સંબંધે દરેક પદાર્થમાં ત્રૈલક્ષણ્ય છે.
તે વિના ભાવ-પદાર્થ જ ન રહે, અભાવ થાય. ૯૬
૧૮ જીવ પુદ્ગલને સ્વપર્યાયેઃ અને બાકીના ૪ અસ્તિકાયને
પર પર્યાયે; એક કાલે જેટલા સ્વઃ પરઃ પર્યાય, તેટલા

जैन साईट JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પત્તિઃ નાશઃ અને ધ્રૌવ્યઃ છેજ. ૯૬
૧૯ ઉત્પાદના ભેદો ૯૭
૨૦ વિસ્રસા ઉત્પાદનું લક્ષણ અને તેના ભેદો ૯૭
૨૧–૨૨ ઐકત્વિક વિસ્રસા ઉત્પાદનું લક્ષણ અને તેની સિદ્ધિ ૯૮
૨૩ ધર્માસ્તિકાયાદિકમાં ઉત્પાદની સિદ્ધિ ૯૯
૨૪ નાશના બે પ્રકારો ૧૦૦
૨૫ રૂપાન્તર પરિણામ અને અર્થાન્તર ગમન વિનાશના દૃષ્ટાન્તો. ૧૦૦
૨૬ એ બન્ને નાશ વિષે વિશેષ સમજ. ૧૦૧
૨૭ ધ્રાવ્યના નવ ભેદે બે પ્રકારો ૧૦૨
૨૮ આમ અનેક રીતે દરેક વસ્તુને ત્રણ લક્ષણ યુક્ત બરાબર સમજે તે વિસ્તારરુચિ જીવ સમ્યકત્વ પામે, અને શાસનના પ્રભાવકપણું પામે. ૧૦૨

## ઢાળ ૧૦ મી.

## ૭ દ્રવ્યોઃ તેની સિદ્ધિઃ અને ભેદોઃ

[ ૧ પાછળ વર્ણવેલા વિષયોનો સંબંધ.
૨ ૭ દ્રવ્યોના લક્ષણોઃ તથા ભેદોઃ
૩ કાળ દ્રવ્ય વિષે મત–મતાન્તરોનું સમાધાન ]

૧ દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ ના સ્વરૂપઃ, તેઓનો પરસ્પર કથંચિત્ ભેદઃ અને કથંચિત્ અભેદઃ, તે પ્રસંગે સપ્તભંગી વિચાર અને નય વિચારઃ, તથા–ત્રણેયના ઉત્પાદઃ વ્યયઃ અને ધ્રૌવ્યઃ એ ત્રણ લક્ષણ વિચાર પૂર્વક દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃનું કેટલુંક સ્વરૂપ ૨ થી ૯ ઢાળ સુધી કહી, દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ ના વિશેષ–લક્ષણઃ ભેદઃ વિગેરે વિચારપૂર્વક હવે પછી વિસ્તારથી આપવામાં આવતા વર્ણનનો ઉપક્રમ. ૧૦૩
૨ આ પ્રમાણે યથાર્થ જ્ઞાન થાય, તેજ સમકિતઃ અને તેજ ધર્મનો મોટો આધાર, માટે તેના આદરની ભલામણઃ જે વિના તત્ત્વોનું ખરૂં જ્ઞાન સંભવતું નથી. ૧૦૩
૩ અનાદિઃ અનન્ત એવા ૭ દ્રવ્યોના નામ ૧૦૪
૪ ધર્માસ્તિકાયનું સ્વરૂપ. ૧૦૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫ અધર્માસ્તિકાયનું સ્વરૂપઃ અને એ બન્નેયને માનવાની
આવશ્યકતાનું કારણ ૧૦૬
૬ ધર્માસ્તિકાય: ન હોય, તો શો વાંધો ? ૧૦૬
૭ અધર્માસ્તિ કાય ન હોય, તો શો વાંધો ? ૧૦૭
૮ આકાશ દ્રવ્યનું લક્ષણઃ અને ભેદો. ૧૦૮
૯ અનંત અલોકાકાશની સિદ્ધિ ૧૦૯
૧૦ કાળ દ્રવ્યનું સ્વરૂપ ૧૦૯
૧૧ "જીવ અને અજીવના પર્યાય રૂપ કાળ છે." એવી
વિચારણા ૧૧૦
૧૨ "જ્યોતિષ ચક્રની ગતિ અનુસાર જુનું નવું કરનાર
કાળ" એ મતની વિચારણા : અને શ્રી ભગવતી
સૂત્રનું પ્રમાણ. ૧૧૦
૧૩ ધર્મસંગ્રહણી તથા તત્ત્વાર્થસૂત્રના મતોનો સમન્વય ૧૧૧
૧૪ કાળ સંબંધી દિગંબર મત સાથે મત ભેદઃ અને
તે વિષેની લંબાણુ ચર્ચાનો ઉપક્રમ. ૧૧૩
૧૫ યોગ શાસ્ત્રની અંતર્ગત શ્લોકમાં કાળ દ્રવ્ય વિષે
દિગંબર મત સાથેનું મળતાપણાની શંકા ૧૧૩
૧૬ કાલાણુ માનવામાં દોષ ૧૧૩
૧૭ ,, ૧૧૪
૧૮ ,, ૧૧૫
૧૯ યોગ શાસ્ત્રના શ્લોકમાં કાળાણુની માન્યતા ઔપચારિક ૧૧૫
છે, બીજી રીતે સંભવિત નથી. ૧૧૫
૨૦ પુદ્ગલઃ અને જીવઃ દ્રવ્યનો સંક્ષેપમાં વિચાર ૧૧૬
૨૧ દ્રવ્ય વિચારનો ઉપસંહાર ૧૧૬

## ઢાળ ૧૧ મી.

## ગુણઃ અને સ્વભાવઃ વિચારઃ

[ ૧ ૧૦ સામાન્ય ગુણો
૨ ૧૬ વિશેષ ગુણો
૩ ૧૧ સ્વભાવો ]

૧-૨ દશ સામાન્ય ગુણોના લક્ષણ સહિત નામો ૧૧૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩-૪ સોળ વિશેષ ગુણો. અને સામાન્ય તથા વિશેષ ગુણુને ભેદ ૧૨૦

૫ ધર્મ તરીકેના કેટલાક સ્વભાવોના ગુણોથી જુદાં વર્ણનને ઉપક્રમ, તથા અગ્યાર સ્વભાવોને ઉપક્રમ, અને અસ્તિ નાસ્તિ સ્વભાવનું વર્ણન ૧૨૨

૬ અસ્તિઃ નાસ્તિઃ સ્વભાવ ન હોય તો ? ૧૨૩

૭ નિત્ય સ્વભાવઃ અનિત્ય સ્વભાવઃ વર્ણન ૧૨૪

૮ એ બેમાંથી ગમે તે એક ન હોય તો ? ૧૨૫

૯ એકઃ અનેકઃ સ્વભાવઃ તે ન હોય તો ? ૧૨૭

૧૭ ભેદઃ અભેદઃ સ્વભાવઃ તે ન હોય તો ? ૧૨૮

૧૧ ભવ્યઃ અભવ્ય! સ્વભાવઃ તે ન હોય તો ? ૧૨૯

૧૨ પરમભાવ પારિણામિક સ્વભાવ. તે ન હોય તો ? ૧૩૦

અને ઉપસંહાર ૧૩૦

---

૧૯૪


## ઢાળ ૧૨ મી

[ ૧૦ સામાન્ય સ્વભાવ અને ૧૧ વિશેષ સ્વભાવો મળીને ૨૧ સ્વભાવો.]


૧ ચેતનઃ અચેતનઃની વ્યાખ્યા ૧૩૧

ચેતન ગુણ ન હોય તો ?

૨ અચેતન ગુણ ન હોય તો ? ૧૩૧

૩ મૂર્ત ગુણઃ અને અમૂર્ત ગુણઃ ની વ્યાખ્યાઃ ૧૩૯

૪ તે ન હોય તો ? અને એક પ્રદેશિતા ગુણ વિચાર, ૧૩૨

અને તે ન હોય તો ? ૧૩૨

૫ અનેક પ્રદેશ ગુણ. ૧૩૭

૬ એક પ્રદેશ ગુણ ન હોય તો ? અનેક પ્રદેશ ગુણ ન હોય તો ? ૧૩૪

૭ ,, ૧૩૪

૮ વિભાવ સ્વભાવઃ તે ન હોય તો ? ૧૩૫

૯ સ્વભાવાત્મકતાઃ વિભાવાત્મકતાઃમાં નિર્દોષપણું ૧૩૫

૧૦-૧૧ ઉપચરિત સ્વભાવનું સ્વરૂપ અને તેના પ્રકારો ૧૩૬

૧૨ ૧૦ સામાન્ય સ્વભાવ. ૧૧ વિશેષ સ્વભાવ એમ કુલ ૨૧ કસ્વભાવો ૧૩૭

૧૩ ૭ દ્રવ્યોમાં સંભવતી સ્વભાવ સંખ્યા ૧૩૭


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪ સર્વસ્વભાવોનો પ્રમાણ અને નયોની મદદથી અધિગમ કરવાનો ઉપદેશ અને ઉપસંહાર ૧૩૮

## ઢાળ ૧૩ મી.

# ૨૧ સ્વભાવો ઉપર નયોની ઘટના:

[ ૧ સ્વભાવો ઉપર નયોની ઘટના.
૨ પુદ્દગલ દ્રવ્યમાં અમૂર્તતા સ્વભાવના ઉપચાર વિષે વિશેષ ચર્ચા.
૩ દિગંબર મત સાથે શ્વેતામ્બર મતની તુલના. ]


૧ અસ્તિ:નાસ્તિ: સ્વભાવ ઉપર નયાવતાર ૧૩૮
૨ નિત્ય: અનિત્ય: સ્વભાવ ઉપર નયાવતાર ૧૩૯
૩ ૪ ભેદ: અભેદ: સ્વભાવ ઉપર નયાવતાર ૧૩૯
૫ ભવ્ય : અભવ્ય સ્વભાવ ઉપર નયાવતાર અને ચેતન સ્વભાવ ઉપર નયાવતાર ૧૪૦
૬ અચેતન સ્વભાવ ઉપર નયાવતાર ૧૪૧
૭ જીવની અચેતનધર્મતા અને મૂર્ત સ્વભાવ ઉપર નયાવતાર ૧૪૧
૮ જીવની મૂર્તતા : અને પુદ્દગલ વિના બીજા દ્રવ્યોની અમૂર્તતા ઉપર નયાવતાર ૧૪૨
૯ ઉપચારથી પણ પુદ્દગલ દ્રવ્યને અમૂર્તતા કેમ નહીં ? ૧૪૨
૧૦ તેમાં સમંતિ તર્કનું પ્રમાણ ૧૪૩
૧૧ "પુદ્દગલ દ્રવ્યમાં અમૂર્તતાનો ઉપચાર ન હોય." તેનો ખુલાસો ૧૪૪
૧૨ અસદ્ભૂતવ્યવહાર નયની :અપેક્ષાએ પરમાણુને ઉપચારથી અમૂર્ત કહેવામાં હરકત નથી. ૧૪૪
૧૩ એક પ્રદેશ સ્વભાવ ઉપર નયાવતાર ૧૪૫
૧૪ અનેક પ્રદેશ સ્વભાવ ઉપર નયાવતાર ૧૪૫
૧૫ વિભાવ સ્વભાવ ઉપર નયાવતાર ૧૪૬
૧૬ સ્વભાવ ઉપર નયાવતારનું ધોરણ ૧૪૬
૧૭ એ દિગંબર પ્રક્રિયા સાથે સ્વમત પ્રક્રિયાનો મેળ ૧૪૬
૧૮ ગુણ: અને સ્વભાવ: પ્રકરણનો ઉપસંહાર ૧૪૬


## ઢાળ ૧૪ મી

# પર્યાયોના ભેદો : લક્ષણો : દૃષ્ટાંતો: અને નયાવતાર:


૧ પર્યાયના બે ભેદ ૧૪૭
૨ વ્યંજનપર્યાય અને અર્થ પર્યાયના લક્ષણો ૧૪૮
૩ તે બન્નેયના દ્રવ્યથી અને ગુણથી, તથા શુદ્ધ અને અશુદ્ધ


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભેદો, જીવ દ્રવ્ય ઉપર શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય ૧૪૮
૪ અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય અને ગુણ વ્યંજન પર્યાયના દૃષ્ટાન્તો ૧૪૯
૫ શુદ્ધ અને અશુદ્ધ પર્યાયના લક્ષણો ૧૪૯
૬ અર્થ પર્યાયના દૃષ્ટાન્ત ૧૫૦
૭ દિગંબર સાથે "કેવળજ્ઞાનાદિકમાં અર્થ પર્યાય નથી" એ બાબતમાં ચર્ચા ૧૫૦
૮ પુદ્‌ગલ દ્રવ્ય ઉપર શુદ્ધઃ અશુદ્ધઃ વ્યંજન પર્યાય ૧૫૧
૯ ધર્માસ્તિકાય આદિ વિષે અર્થ પર્યાય નથી માનતા તે મતનું ખંડન ૧૫૧
૧૦ ધર્માસ્તિકાયાદિકને વિષે અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય નથી માનતા તેનું ખંડન ૧૫૨
૧૧ સંયોગ પણ આકૃતિની પેઠે પર્યાય છે. ૧૫૨
૧૨ તે વિષે ઉત્તરાધ્યયન સૂત્રનો અભિપ્રાય ૧૫૩
૧૩ ધર્માસ્તિકાયાદિકને પરદ્રવ્ય સાથે સંયોગ નથી. અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય તરીકેની વિશેષ સાબીતી ૧૫૩
૧૪ એજ વાતની વિશેષ દૃઢતા ૧૫૪
૧૫ નયચક્રને અભિપ્રાયે પર્યાયના બીજા ચાર પ્રકાર ૧૫૪
૧૬ તેના દષ્ટાન્તો અને તે પ્રકારોનું પ્રાયિકપણું ૧૫૫
૧૭ "ગુણમાં વિકારોઃ તે પર્યાય" એમ કહી દ્રવ્ય પર્યાયઃ અને ગુણ–પર્યાયઃ કહેતાં દિગંબર દેવસેનાચાર્યનું ખંડન ૧૫૬
૧૮ વિષયોપસંહાર ૧૫૬
૧૯ આશીર્વાદ ૧૫૬

૨૪૫

## દુહા

૧ થી ૮ દ્રવ્યાનુયોગના જ્ઞાનની વિશેષ મહત્તા તથા ક્રિયા અને જ્ઞાનમાંના સૂક્ષ્મભેદની ચર્ચા ૧૫૭

૨૫૩

## ઢાળ ૧૫ મી

૧ થી ૧૩ ગીતાર્થ પુરુષોનાં જ્ઞાનની ખુબી અને સ્તુતિ ૧૬૧

૨૬૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઢાળ ૧૬ મી


૧ થી ૭ સર્વાતિશાયિની અદ્ભુત જીનવાણીની સ્તુતિ. અને તે અધિકારીનેજ આપવાની ભલામણ, અનધિકારીને આપવાનો તદ્દન નિષેધ વિગેરે ૧૬૮

૨૭૩


## ઢાળ૧૭મી


૧ થી ૧૧ ગ્રંથ કર્તાની ગુરુ પરંપરાની પ્રશસ્તિઃ ગ્રંથકારના અભ્યાસનું સ્થાનઃ ગુરુ ભક્તિઃ શાસનરાગઃ તથા આ ગ્રંથ ભણવા માટેની હૃદયપૂર્વક ભલામણ ૧૭૪

૨૮૪


## કળશ


૧ દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃના વર્ણન રૂપે વાણીનો જે વિસ્તાર કરેલો છે, તેનું ફળ અને આશીર્વાદ ૧૭૯

૨૮૫

સમાપ્તિ કાવ્ય ૧૮૧

દ્રવ્ય ગુણઃ પર્યાયઃના રાસના છુટા બોલ ૧૮૩

દ્રવ્ય શબ્દની વ્યુત્પત્તિઓ અને લક્ષણોઃ ૨૦૩

ગ્રંથોઃ ગ્રંથકારોઃ અને મતોની યાદી ૨૦૪


## ત્રણ નિબંધો


સ્યાદ્વાદ અને સર્વજ્ઞતા ૨૦૬

આધુનિક વિજ્ઞાનઃ અને જૈનતત્ત્વજ્ઞાનની અબાધ્યતા ૨૧૩

એકાન્ત શાસન ભક્ત નરવીરને ૨૪૦

ગ્રંથાન્તરોના વાક્યોનું સરળ ભાષાંતર— ૨૫૭


જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ॐ

श्री मन्महोपाध्याय-न्यायविशारद-न्यायाचार्य-

श्रीमद् यशोविजयजी उपाध्याय विरचित-

# સ્વોપજ્ઞ-સ્તબક-

# દ્રવ્ય-ગુણ-

# પર્યાયનો રાસ.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

સંશોધક :

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મ્હેસાણા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ऐन्द्र-श्रेणिनतं नत्वा जिनं तत्त्वार्थ[1]-देशिनम् ।
प्रबन्धे लोकवा[2]चाऽत्र लेशार्थः कश्चिदुच्यते ॥१॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પાઠાન્તર—१ बोधार्थ० २ लोकबोधो० ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઢાલ ૧ લી.

રાગ : દેશાખ : ચોપાઇ.

તિહાં પ્રથમ ગુરુનઇં **નમસ્કાર** કરીનઈં *પ્રયોજન–સહિત **અભિધેય** દેખાડઇ છઈ.—

૧.

**શ્રી ગુરુ જીતવિજય મનિ ધરી,**
**શ્રીનયવિજય સુગુરુ આદરી,**
**આતમ–અરથીનઇં ઉપકાર,**
**કરું દ્રવ્ય–અનુયોગ–વિચાર. ૧**

**શ્રી જીતવિજય** પંડિત, અનઇં **શ્રીનયવિજય** પંડિતઃ એ બેહુ ગુરુનઇં ચિત્તમાંહિં સંભારીનઇં, આતમાર્થી–જ્ઞાનરુચિ જીવના ઉપકારનઈં હેતઇં, દ્રવ્યાનુયોગ વિચાર કરું છું. અનુયોગ કહિઇં–સૂત્રાર્થ વ્યાખ્યાન. તેહના ૪ ભેદ શાસ્ત્રઇં કહિયા–**ચરણ-કરણાનુયોગ**–આચાર વચન, **આચારાઙ્ગ** પ્રમુખ ૧, **ગણિતાનુયોગ**–સંખ્યાશાસ્ત્ર, **ચન્દ્રપ્રજ્ઞપ્તિ** પ્રમુખ ૨, **ધર્મકથાનુયોગ**–આખ્યાયિકાવચન, **જ્ઞાતા** પ્રમુખ ૩, **દ્રવ્યાનુયોગ**–ષટ્દ્રવ્યવિચાર, સૂત્રમધ્યે–**સૂત્રકૃતાઙ્ગ**. પ્રકરણમધ્યે **સમ્મતિ, તત્ત્વાર્થ** પ્રમુખ મહાશાસ્ત્ર ૪. તેમાટિં–એ પ્રબંધ[1] કીજઇં છઈ. તિહાં[2] પણ દ્રવ્ય–ગુણ–પર્યાય–વિચાર છઈ, તેણઈં એ દ્રવ્યાનુયોગ જાણવો. ૧.

એહનો મહિમા કહઈ છઇ—

---

*પહિલઇ બિ પદે **મંગલાચરણ** દેખાડયું–નમસ્કાર કર્યાં તે ૧, આત્માર્થી ઇહાં **અધિકારી** ૨, તેહનઈ અવબોધ થાસ્યઇ–ઉપકારરૂપ **પ્રયોજન** ૩, દ્રવ્યનો અનુયોગ તે ઇહાં **અધિકાર**. ગ્રન્થકારની ટીપ્પણી.

---

પાઠા૦ ૧ પ્રકરણ. પા૦ ૨. તિહાં દ્રવ્યે ગુણ. પા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨

" વિના દ્રવ્ય-અનુયોગ-વિચાર,
ચરણ-કરણનો નહીં કો સાર."
સમ્મતિ ગ્રંથે ભાષિઉં ઇસ્યૂં,
તે તો બુધ-જન-મનમાં વસ્યૂં. ૨

" દ્રવ્ય-અનુયોગવિચાર વિના કેવલ ચરણસિત્તરી-કરણ-સિત્તરીનો સાર કોઇ નહીં." એહવું-સમ્મતિ ગ્રંથનઈ વિષઈ કહિઉં, તે તો બુધજનના મનમાંહિં વસિઉં, પણિ બાહ્યદૃષ્ટિના ચિત્તમાં ન વસઈ. યથાઃ—

चरण-करण-प्पहाणा, स-समय-पर-समय-मुक्क-वावारा ।
चरण-करणस्स सारं, णिच्छय-सुद्धं न जाणंति ॥ ३. काण्डे ६७ ॥
गाथा सम्मतौ. २.

जैन साईट
JAINSITE.com
जैनम् जयति शासनम्

એ કહિઉં, તેહજ દૃઢઇ છઇ:—

૩

શુદ્ધાહારાદિક તનુ યોગ,
મોટો કહિઓ દ્રવ્ય-અનુયોગ,
એ ઉપદેશપદાદિક ગ્રંથિ,
સાખિ લહી ચાલો શુભ પંથિ. ૩

શુદ્ધાહાર-૪૨ દોષરહિત આહાર, ઇત્યાદિક યોગ છઇ, તે, તનુ કહેતાં-નાન્હા કહિઇં. દ્રવ્ય-અનુયોગ-જે સ્વસમય-પરસમય પરિજ્ઞાન, તે, મોટો યોગ કહિઓ. જે માટઇં-શુદ્ધાહારાદિક સાધન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વાધ્યાયનું જ છઈ. એ સાષિ ઉપદેશપદાદિક ગ્રંથઇ લહીનઇ શુભપંથિ-ઉત્તમ માર્ગિ ચાલો. બાહ્યવ્યવહાર પ્રધાન કરીનઇં, જ્ઞાનની ગૌણતા કરવી, તે અશુભમાર્ગ; જ્ઞાનપ્રધાનતા રાખવી, તે ઉત્તમ માર્ગ. अत एव—જ્ઞાનાદિક ગુણ હેતુ—ગુરુકુલવાસ છાંડી શુદ્ધાહારાદિ-યતનાવંતનઇં મહાદોષઇં ચારિત્રહાનિ કહી છઇ.

गुरुदोषारम्भितया लब्धकरणयत्नतो निपुणधीभिः ।
सन्निन्दादेश्च तथा ज्ञायत एतन्नियोगेन ॥ १. ९.॥ षोडशके—३.

૪

"એ યોગિં જો લાગઇ રંગ,
આધાકર્માદિક નહીં ભંગ,"
पञ्चकल्पभाष्यइं ઇમ ભણિઉં,
સદગુરુપાસ ઇસ્યું મેં સુણિઉં. ૪

એ યોગિં—દ્રવ્યાનુયોગવિચારરૂપ જ્ઞાનયોગઇં, જો રંગ—અસંગ-સેવારૂપ લાગઈ—સસુદાયમધ્યે જ્ઞાનાભ્યાસ કરતાં કદાચિત્ આધા-કર્માદિ દોષ લાગઈ, તોહિ ચારિત્રભંગ ન હોઇ, ભાવશુદ્ધિ બલવંત છઈ, તેણઇ. ઇમ पञ्चकल्पभाष्यइं ભણિઉં, તથા સદગુરુપાસઇ સાંભલિઉં. अत एव—કલ્પ્યાકલ્પ્યનો અનેકાંત શાસ્ત્રઇં કહિઓ છઈ:—

आहागडाइं भुंजंति अण्णमण्णे सकम्मुणा ।
उवलित्ते वियाणिज्जा अणुवलित्ते त्ति वा पुणो ॥ २. ५. ८.
एएहिं दोहिं ठाणेहिं ववहारो ण विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं अणायारं तु जाणए ॥ २. ५. ९ अङ्गे २१ अध्ययने ॥

---

પાઠા૦ આસંગરસરૂપ આસક્તિ. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात् स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं वा भेषजाद्यं वा ॥ १४५
देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं नैकान्तात् कल्प्यते कल्प्यम् ॥ १४६

प्रशमरतौ ॥ ४.

५

**બાહ્યક્રિયા છઈ બાહિર યોગ,**
**અંતરક્રિયા દ્રવ્ય-અનુયોગ.**
**બાહ્ય હીન પણિ જ્ઞાન-વિશાલ,**
**ભલો કહિઓ મુનિ ઉપદેશમાલ. ५**

બાહ્યયોગ-આવશ્યકાદિરૂપ બાહ્યયોગ છઈ. દ્રવ્ય-અનુયોગ-સ્વસમયપરિજ્ઞાન, તે અંતરંગ-ક્રિયા છઈ. બાહ્યક્રિયાઈં-હીન, પણિ-જે જ્ઞાનવિશાલ-મુનીશ્વર, તે ઉપદેશમાલા-મધ્યે ભલો કહિઓ છઈ. यतः—

नाणाहिओ वरतरं हीणो वि हु पवयणं पभावंतो ।
ण य दुक्करं करंतो सुट्ठु वि अप्पागमो पुरिसो ॥ ४२३ ॥
तथा—
हीणस्स वि सुद्धपरूवगस्स नाणाहिअस्स कायव्वं ।

॥ ३४८ ॥

તે માટિં-ક્રિયાહીનતા દેખીનઈં પણિ જ્ઞાનવંતની અવજ્ઞા ન કરવી; તે જ્ઞાનયોગઇં કરી પ્રભાવક જાણવો. ५

કોઇ કહસ્યઇં, જે-" ક્રિયાહીન જ્ઞાનવંતનઈં ભલો કહિઓ, તે દીપકસમ્યક્ત્વની અપેક્ષાઇં, પણિ-ક્રિયાની હીનતાઈં જ્ઞાનથી પોતાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપકાર ન હોઈ." તે શંકા ટાલવાનઈં "દ્રવ્યાદિ જ્ઞાન જ શુક્લધ્યાન દ્વારઈં મોક્ષ કારણ, માટિ ઉપાદેય છઈ,"–ઈમ કહઇ છઇ—

૬

**દ્રવ્યાદિકચિંતાઈ સાર,**

**શુક્લધ્યાન પણિ લહિઈં પાર.**

**તેમાટિં એહજ આદરો–**

**સદ્‌ગુરુ વિણુ મત ભૂલા ફરો. ૬**

દ્રવ્યાદિકની ચિંતાઈ શુક્લધ્યાનનો પણિ પાર પામિઈ, જેમાટિં–આત્મદ્રવ્ય–ગુણ–પર્યાયભેદ ચિંતાઈં શુક્લધ્યાનનો પ્રથમ ભેદ[1] હોઇ, અનઈં–તેહની અભેદચિંતાઈં દ્વિતીય પાદ હોઇ. તથા શુદ્ધ દ્રવ્ય–ગુણ–પર્યાયની ભાવનાઈં 'સિદ્ધસમાપત્તિ' હોઈ, તે તો શુક્લ-ધ્યાનનું ફલ છઇ.

प्रवचनसारेऽप्युक्तम्—

जो जाणदि अरिहंते दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।

सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ॥ १.८०.॥

તેમાટિં–એહ જ દ્રવ્યાનુયોગ આદરો, પણિ–સદ્‌ગુરુ વિના સ્વમતિકલ્પનાઈં ભૂલા મ ફિરસ્યો. ૬

જ્ઞાન વિના ચારિત્રમાત્રિં જે સંતુષ્ટ થાઇ છઇ, તેહનઈં શિક્ષા કહઇ છઇ—

૭

**" એહનો જેણઈં પામિઓ તાગ,**

**ઓઘઈં એહનો જેહનઈં રાગ;**

---

[1] પાઠા૦ પાદ. પા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ બે વિન ત્રીજો નહીં સાધ."

ભાષિઓ સમ્મતિ અરથ અગાધ. ૭

"એહનો–દ્રવ્યાનુયોગનો, જેણઇ તાગ પામિઓ–**સમ્મતિ** પ્રમુખ તર્કશાસ્ત્ર ભણીનઈં જે ગીતાર્થ થયો, તેહ. તથા–ઓઘઈ–સામાન્યપ્રકારઇં, એહનો–દ્રવ્યાનુયોગનો, જેહનેઈં રાગ છઇ, તે ગીતાર્થનિશ્રિત. એ બે વિના ત્રીજો સાધુ નહીં." એહવો અગાધ અર્થ **સમ્મતિ**મધ્યે ભાષિઓ છઈ. તે માટઈં–જ્ઞાન–વિના ચારિત્ર જ ન હોઇ.

**उक्तं च—**

**गीयत्थो य विहारो बीओ गीयत्थ–निस्सिओ भणिओ ।**
**इत्तो तइयविहारो नाणुण्णाओ जिणवरेहिं [व्यवहारे २-३०]**

એટલે વિશેષઃ જે–ચરણકરણાનુયોગદૃષ્ટિ–**निशीथ–कल्प–व्यवहार–दृष्टिवादाध्ययनइं** જઘન્યમધ્યમોત્કૃષ્ટ ગીતાર્થ જાણવા. દ્રવ્યાનુયોગદૃષ્ટિં, તે–**सम्मत्यादि** તર્કશાસ્ત્રપારગામી જ ગીતાર્થ જાણવો. તેહની નિશ્રાઇં જ અગીતાર્થનઇં ચારિત્ર કહિવું. ૭

એ દ્રવ્યાનુયોગની લેશથી પ્રાપ્તિં પોતાના આત્માનઈં કૃતકૃત્યતા કહઈ છઈ—

૮

તે કારણિં ગુરુચરણ-અધીન,

સમય સમય ઇણિ યોગઈ લીન,

સાધૂં જે કિરિયા વ્યવહાર,

તેહ જ અમ્હ મોટો આધાર. ૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે કારણિં—દ્રવ્યાનુયોગની બલવત્તાનઇં હેતઇં, ગુરુચરણનઈ અધીન થકા,—એણઈં કરી મતિકલ્પના પરિહરી,—સમય સમય ઇણિ યોગઈં—દ્રવ્યાનુયોગઇં, લીન—આસક્ત થકા, જે ક્રિયાવ્યવહાર સાધું છું, તેહિજ અમ્હનઈં મોટા આધાર છઇ, જે માટિં—ઇમ ઈચ્છાયોગ સંપજઇં. तल्लक्षणम्—

कर्तुमिच्छोः श्रुतार्थस्य ज्ञानिनोऽपि प्रमादिनः ।
विकलो धर्मयोगो यः इच्छायोग उदाहृतः ॥ ७ ॥

ललितविस्तरादौ [ योगदृष्टि० ] ૮.

ઇમ—ઇચ્છાયોગઈં રહી અમ્હે પરઉપકારનઈં અર્થિં દ્રવ્યાનુયોગવિચાર કહું છું, પણિં—એતલઇ જ સંતુષ્ટિ ન કરવી, "વિશેષાર્થીઇં ગુરુસેવા ન મૂકવી"—ઇમ હિતશિક્ષા કહઇ છઈ—

**सम्मति—तत्त्वारथमुख ग्रंथ,**
**મોટા જે પ્રવચન નિર્ગ્રંથ.**
**તેહનો લેશમાત્ર એ લહો,**
**પરમારથ ગુરુવચણે રહો. ૯**

**सम्मति—तत्त्वार्थ** પ્રમુખ જે મોટા નિર્ગ્રંથ—પ્રવચનરૂપ છઇં, તેહનો લવલેશમાત્ર એ લહો; જે—એ પ્રબંધમાંહિં બાંધ્યો છઈ, પણિ—પરમારથઈં ગુરુવચનઈં રહ્યો. થોડું જાણીનઇં ગર્વ મ કરસ્યો, अधनेन धनं प्राप्तं, तृणवन् मन्यते जगत् । એ દૃષ્ટાન્તઇં. અત એવ—ઉપરિલ્યા ચ્યાર નય અતિગંભીર, ઘણાનઈં ન પરિણમઈ, ઈમ—જાણીનઇં-સિદ્ધાંતઇં પહિલાં દેખાડિયા નથી. અનઇં—ગંભીર—ગુરુઅધીનતાઈંજ દેવા કહિયા છઇં. ૯



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઢાલ—૨ જી.

ધન ધન સંપ્રતિ સાચો રાજા-એ દેશી.

૧

**ગુણ-પર્યાયતણું જે ભાજન,**
**એકરૂપ ત્રિહું કાલિં રે.**
**તેહ દ્રવ્ય નિજ જાતિં કહિઈં,**
**જસ નહી ભેદ વિચાલઈં રે. ૧૦.**
**જિનવાણી રંગઈં મનિ ધરિઈં [આંકણી.]**

ગુણ, નઇં પર્યાયનું—ભાજન કહતાં—સ્થાનક, જે ત્રિહું કાલિં—અતીત—અનાગત—વર્તમાનકાલિં એકસ્વરૂપ હોઈ, પણિં—પર્યાયની પરિં ફિરઈં નહીં, તેહ દ્રવ્ય કહિઇ. નિજ જાતિં કહતાં—પોતાની જાતિં; જિમ—જ્ઞાનાદિક ગુણ-પર્યાયનું ભાજન જીવદ્રવ્ય, રૂપાદિક ગુણ-પર્યાયનું ભાજન પુદ્‌ગલ દ્રવ્ય, રક્તત્વાદિ ઘટાદિ—ગુણ-પર્યાયનું ભાજન મૃદ્દ્રવ્ય. તંતુ, પટની અપેક્ષાઈં દ્રવ્ય, તંતુ, અવયવની અપેક્ષાઈં પર્યાય; જે માટઇં—પટનઈં વિચાલઈ—પટાવસ્થામધ્યઇં તંતુનો ભેદ નથી; તંતુઅવયવઅવસ્થામધ્યઇં અન્યત્વરૂપ ભેદ છઇ. તે માટઈં—પુદ્‌ગલસ્કંધમાંહિં દ્રવ્ય-પર્યાયપણું અપેક્ષાઇં જાણવું. આત્મતત્ત્વ વિચારઇં પણિ—દેવાદિક આદિષ્ટ—દ્રવ્ય, સંસારિદ્રવ્યની અપેક્ષાઈં પર્યાય થાઇ.

કોઈ કહસ્યઇં જે—"ઇમ-દ્રવ્યત્વ સ્વાભાવિક ન થયું, આપેક્ષિક થયું." તો કહિઇં જે—"શબલ વસ્તુનો અપેક્ષાઇંજ વ્યવહાર હોઇ. ઇહાં દોષ નથી. જે—સમવાયિકારણત્વ પ્રમુખ દ્રવ્યલક્ષણ માનઈં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છઇ, તેહનઇં પણિ–અપેક્ષા અવશ્ય અનુસરવી. "કુણનું સમવાયિ-કારણ?" ઈમ–આકાંક્ષા હોઈ, તો "કુણનું દ્રવ્ય?" એ આકાંક્ષા કિમ ન હોઈ ?"

"गुण-पर्यायवद्द्रव्यम्" तत्त्वार्थे । [ अ० ५ सू० ३७. ] એ જિનવાણી રંગઈ–વિશ્વાસઇં મનમાંહિં ધરિઇં. ૧૦.

૨

## ધરમ કહીજઇ ગુણ સહભાવી,
## ક્રમભાવી પર્યાયો રે.
## ભિન્ન-અભિન્ન, ત્રિવિધ, તિય લક્ષણ,
## એક પદારથ પાયો રે. ૧૧. જિન૦.

સહભાવી કહતાં–યાવદ્દ્રવ્યભાવી જે ધર્મ, તે ગુણ કહિઈં. જિમ–જીવનો ઉપયોગ ગુણ, પુદ્ગલનો ગ્રહણ ગુણ, ધર્માસ્તિકાયનો ગતિહેતુત્વ, અધર્માસ્તિકાયનો સ્થિતિહેતુત્વ, આકાશનો અવગાહના-હેતુત્વ, કાલનો વર્ત્તનાહેતુત્વ. ક્રમભાવી કહતાં–(અ૧) યાવદ્દ્રવ્ય-ભાવી, તે પર્યાય કહિઇં. જિમ–જીવનઇં નર-નારકાદિક, પુદ્ગલનઇં રૂપ-રસાદિકપરાવૃત્તિં. ઈમ–દ્રવ્યાદિક ૩, ભિન્ન છઇ–લક્ષણથી, અભિન્ન છઈ–પ્રદેશના અવિભાગાથી, ત્રિવિધ છઇ, નવવિધે, ઉપચારઇં; એક એકમાં ૩ ભેદ આવઇ, તેહથી. તથા ત્રિલક્ષણ–ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છઈં. એહવો એક પદાર્થ જૈન પ્રમાણઇં પામ્યો. એ દ્વાર રૂપ પદ જાણવાં. ૧૧

તિહાં પ્રથમ એ ઢાલમાંહિં દ્રવ્ય–ગુણ–પર્યાયનો ભેદ યુક્તિં દેખાડઈ છઈ—

---

૧. अयावद्-इति द्रव्यानुयोगतर्कणायाम्-સંશોધક.
પાઠા૦–૨. છઈ, પાલિ૦ ૩. ભેપદ પાલિ૦ પદ. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩

જિમ-મોતી ઉજ્વલતાદિકથી,
મોતીમાલા અલગી રે.
ગુણ-પર્યાયવ્યક્તિથી જાણો,
દ્રવ્યશકતિ તિમ વલગીરે. ૧૨. જિન૦.

જિમ-મોતીની માલા, મોતી-થકી તથા મોતીના ઉજ્જવલતાદિક ધર્મથી અળગી છઈ; તિમ-દ્રવ્યશકિત ગુણ-પર્યાયવ્યકિતથી અલગી છઇ, તથા એકપ્રદેશસંબંધઇં વલગી છઈ, ઈમ-જાણો. મોતી પર્યાયનઇં ઠામિ, ઉજ્જવલતાદિક ગુણનઈં ઠામિ, માલા દ્રવ્યનઈં ઠામિ, ઈમ-દૃષ્ટાંત જોડવો. ઘટાદિ દ્રવ્ય પ્રત્યક્ષપ્રમાણંઈં સામાન્ય-વિશેષરૂપ અનુભવિંઈં છઈ, તે સામાન્ય ઉપયોગઇં-મૃત્તિકાદિ સામાન્ય જ ભાસઇ છઈં, વિશેષઉપયોગઇં-ઘટાદિવિશેષ જ ભાસઇ છઇં. તિહાં-સામાન્ય, તે દ્રવ્યરૂપ જાણવું; વિશેષ, તે ગુણ-પર્યાયરૂપ જાણવાં. ૧૨

સામાન્ય-તે દ્રવ્ય કહિઉં, તે સામાન્ય ૨ પ્રકારઇં છઇ, તે દેખાડઇ છઈ—

૪

ઊરધતાસામાન્ય શકતિ તે,
પૂરવ-અપર ગુણ કરતી રે.
પિંડ-કુસૂલાદિક આકારિં,
જિમ માટી અણુફિરતીરે. ૧૩. જિન૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઊર્ધ્વતાસામાન્યરૂપ દ્રવ્ય શકિત તે કહીઇ, જે-પૂર્વ કહિઇ-પહિલા, અપર ક૦ આગિલા, ગુણ ક૦ વિશેષ, તેહનઈં-કરતી-તે સર્વમાંહિ એકરૂપ રહઇ. જિમ-પિંડ ક૦ માટીનો પિંડો, કુસૂલ ક૦ કોઠી. તે પ્રમુખ અનેક મૃત્તિકાના આકાર ફિરઇ છઇ, પણિં-તેહમાંહિં માટી ફિરતી નથી; તે પિંડ-કુસૂલાદિક આકારનું ઊર્ધ્વતાસામાન્ય કહિઈં. જો પિંડ-કુસૂલાદિ પર્યાયમાંહિં અનુગત એક મૃદ્દ્રવ્ય ન કહિઇ, તો ઘટાદિપર્યાયમાંહિં અનુગત ઘટાદિ દ્રવ્ય પણિ ન કહવાઈ. તિવારઈં-સર્વ વિશેષરૂપ થાતાં ક્ષણિકવાદી બૌદ્ધનું મત આવઈં. અથવા-સર્વદ્રવ્યમાંહિ એક જ દ્રવ્ય આવઇં. તે માટિં-ઘટાદિદ્રવ્ય, અનઇં-તેહનાં સામાન્ય મૃદાદિ દ્રવ્ય, અનુભવનઈં અનુસારઇ પરાપર ઊર્ધ્વતાસામાન્ય અવશ્ય માનવાં. ઘટાદિ દ્રવ્ય થોડા પર્યાયનઈં વ્યાપઇં છઇ, અનઇં-મૃદાદિ દ્રવ્ય ઘણા પર્યાયનઈં; ઇમ-નર-નારકાદિકદ્રવ્ય જીવદ્રવ્યના પણિ વિશેષ જાણવો. એ સર્વ નૈગમનયનું મત. શુદ્ધસંગ્રહનયનઇં મતઇં તો સદદ્વૈત વાદઈં એક જ દ્રવ્ય આવઈં, તે જાણવું. ૧૩

जैनं जयति शासनम् JAINSITE.com

૫

**ભિન્ન વિગતિમાં રૂપ એક જે,**
**દ્રવ્યશકતિ જગિ દાખઈ રે.**
**તે તિર્યકસામાન્ય કહીજઇં,**
**જિમ ઘટ ઘટપણુ રાખઇં રે. ૧૪. જિન૦.**

ભિન્ન વિગતિમાં-ભિન્નપ્રદેશી વિશેષમાં, જે દ્રવ્યની શકિત એકરૂપ-એકાકાર દેખાડઇ છઇ, તેહનઈં-તિર્યક્સામાન્ય કહિઈં. જિમ-ઘટ, ઘટપણુ-ઘટત્વ રાખઈ છઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિવઇ—કોઈ ઈમ કહસ્યઇ જે—" ઘટાદિકભિન્ન વ્યકિતમાં જિમ ઘટત્વાદિક એક સામાન્ય છઇ, તિમ—પિંડ—કુસૂલાદિક ભિન્ન વ્યક્તિમાં મૃદાદિક એક સામાન્ય છઇ. તો તિર્યક્સામાન્ય ઊર્ધ્વતા સામાન્યનો સ્યો વિશેષ ? " તેહનઇં કહિઈ જે—"દેશભેદઇં-જિહાં-એકાકાર પ્રતીતિ ઊપજઈ, તિહાં તિર્યક્સામાન્ય કહિઈ; જિહાં.કાલ-ભેદઇં-અનુગતાકાર પ્રતીતિ ઊપજઈ, તિહાં-ઊર્ધ્વતાસામાન્ય કહિઈ."

કોઈક દિગંબરાનુસારી ઇમ કહઇ છઈ, જે—" ષટ્ દ્રવ્યનઇં કાલપર્યાયરૂપ ઊર્ધ્વતાસામાન્યપ્રચય છઈ. કાલ વિના પાંચ દ્રવ્યનઇં અવયવસંઘાતરૂપ તિર્યક્પ્રચય છઈ. " તેહનઇં મતઈં—" તિર્યક્પ્રચયનો આધાર ઘટાદિક તિર્યક્સામન્ય થાઇ, તથા—પરમાણુરૂપ અપ્રચયપર્યાયનું આધાર ભિન્ન દ્રવ્ય જોઈઈ." તે માટિં—પ દ્રવ્યનઇં-ખંધ—દેશ—પ્રદેશભાવઇં એકાનેક વ્યવહાર ઉપપાદવો, પણિ—તિર્યક્પ્રચય નામાંતર ન કહેવું. ૧૪

હિવઇ—ઊર્ધ્વતાસામાન્યશક્તિના ૨ ભેદ દેખાડઇ છઇ—

૬

**શકતિમાત્ર તે દ્રવ્ય સર્વની,**
**ગુણ—પર્યાયની લીજઈ રે.**
**કારયરૂપ નિકટ દેખીનઇં,**
**સમુચિત શક્તિ કહીજઈ રે. ૧૫. જિન૦.**

દ્રવ્ય સર્વની—આપ આપણા ગુણ—પર્યાયની શક્તિમાત્ર લીજઇ, તે ઓઘશકિત કહિઇ. અનઇં—જે કાર્યનું રૂપ નિકટ કહતાં-વહિલું ઊપજતું દેખીઈં, તે કાર્યની અપેક્ષાઇં—તેહની સમુચિત શક્તિ કહિઈ. સમુચિત કહતાં—વ્યવહારયોગ્ય. ૧૫

ઇહાં—દૃષ્ટાન્ત કહઇ છઇ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭

ઘૃતની શકતિ યથા તૃણભાવઈં
જાણી પિણ ન કહાઇ રે.
દુગધાદિક ભાવઈં તે જનનઈં
ભાષી ચિત્ત સુહાઇ રે. ૧૬. જિન૦.

જિમ–ઘૃતની શકિત તૃણભાવઈં–પુદ્ગલમાંહિ છઇં. નહીં તો–તૃણઆહારથી ધેનુ દૂધ દિઇ છઇં, તે દૂધમાંહિં ઘૃતશકિત કિહાંથી આવી ? ઈમ–અનુમાન પ્રમાણઇં–તૃણમાંહિ જાણી, પિણ ઘૃતશકિત કહવાઇં નહી, તે માટિં–તે ઓઘશક્તિ કહિઇં. અનઇં–તૃણનઇં દુગ્ધાદિક ભાવઈં–દુગ્ધ–દધિ પ્રમુખ પરિણામઇં ઘૃતશક્તિ કહીઇં, તે ભાષીથકી જનનઈં–લોકનઈં, ચિત્તિ સુહાઈં, તે માટિં–તે સમુચિતશકિત કહિઇં. અનંતર કારણમાંહિં સમુચિત શક્તિઃ પરંપર કારણમાંહિ ઓઘશક્તિઃ એ વિવેક. એહ ૨. તુંજ–અન્યકારણેતા ૧. પ્રયોજકતા ૨. એ બિ બીજાં નામ [૨]કહઈ છઇ, તે જાણવું. ૧૬

આત્મદ્રવ્યમાંહિં એ ૨ શકિત ફલાવઇ છઇં—

૮

ધરમશકતિ પ્રાણીનઈં પૂરવ
પુદગલનઇ આવર્તઈં રે.
ઓઘઈં સમુચિત જિમ વલી કહિંઈ
છેહલિં તે આવર્ત્તઇં રે. ૧૭. જિન૦.

---

પાઠા૦ ૧. ઇષ્ટ સાધનતા, પ્રયોજનતા. પાઠિ૦ ૨. નૈયાયિક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિમ–પ્રાણીનઈં–ભવ્ય જીવનઈં, પૂર્વ કહતાં–પહિલા પુદ્ગલપરાવર્ત અનંત વીતા, તેહમાં, પણિં–ઓઘઇં–સામાન્યઇં, નહીં તો–છેહલઈં પુદ્ગલપરાવર્તઇં તે શક્તિ ન આવઈ. "नासतो विद्यते भावः" [ गीता अ. २. १६. ] इत्यादिवचनात्.

અનઇં–છેહલઇં પુદ્ગલપરાવર્તઇં ધર્મની સમુચિત શક્તિ કહિઈ. अत एव–અચરમ પુદ્ગલપરાવર્ત ભવ–બાલ્યકાલ કહિઓ છઈ, અનઇં–છેહલો પુદ્ગલપરાવર્ત ધર્મયૌવનકાલ કહિઓ છઈ.

अचरमपरिअट्टेसुं कालो भवबालकालमो भणिओ ।
चरमो उ धम्मजुव्वणकालो तहचित्तंभेओत्ति ॥ १९ ॥
४ वीसीमध्ये ॥ १७

૯

"કારયભેદઇં શક્તિભેદ" ઇમ
વ્યવહારિં વ્યવહરિઈં રે.
નિશ્ચય–"નાના–કારય કારણ–
એકરૂપ" તે ધરિઇં રે. ૧૮ જિન૦.

ઈમ–એકેક કાર્યની ઓઘ–સમુચિતરૂપ અનેક શકિત એક દ્રવ્યની પામિઈં, તે–વ્યવહારનયઇં કરીનઈં વ્યવહારિઈ. તે નય–કાર્ય-કારણભેદ માનઇં છઇં. નિશ્ચય નયથી-દ્રવ્ય નાનાકાર્ય–કારણએક-શકિતસ્વભાવ જ હૃદયમાંહિ ધરિઇ. નહીંતો–સ્વભાવભેદઈં દ્રવ્યભેદ થાઇ. તે તે દેશ–કાલાદિકની અપેક્ષાઇં–એકનઈં અનેકકાર્યકારણ-સ્વભાવ માનતાં કોઈ દોષ નથી. કારણાંતરની અપેક્ષા પણિ સ્વભાવમાંહિં જ અંતર્ભૂત છઇ. તેણઈ–તેહનું પણિ વિફલપણું ન હોઇ. તથા–શુદ્ધ નિશ્ચયનયનઇં મતઇં–કાર્ય મિથ્યા છઇ. "आदावन्ते च

પાઠાં૦–૧. वज्र. પાલિ૦ द्र० त०

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

यन्नास्ति, वर्त्तमानेऽपि तत्तथा।" इति वचनात् કાર્ય. કારણકલ્પના-રહિત–શુદ્ધ-અવિચલિતરૂપ દ્રવ્ય જ છઇ, તે જાણવું. ૧૮

ઈમ–શકિતરૂપેઇં દ્રવ્ય વખાણિઉં, હવઇ–વ્યકિતરૂપ ગુણઃપર્યાયઃ વખાણઇ છઇ—

**ગુણઃ પર્યાયઃ વિગતિ બહુ ભેદઇં,**
**નિજ નિજ જાતિં વરતઇ રે.**
**શકતિરૂપ ગુણ કોઇક ભાષઈ,**
**તે નહી મારગિ નિરતઈં રે. ૧૯. જિન૦.**

ગુણઃ પર્યાયઃ વ્યકિત બહુ ભેદઇ–અનેક પ્રકારિં, નિજ નિજ જાતિં–સહભાવિઃક્રમભાવિઃ કલ્પનાકૃત્ આપ આપણઈં સ્વભાવઇં, વર્ત્તઇ છઇં.

કોઇક–દિગંબરાનુસારી–શકિતરૂપ[1] ગુણ ભાષઇ છઈ, જે માટઈં–તે ઇમ કહઈ છઇ જે–" જિમ–દ્રવ્ય-પર્યાયનું કારણ દ્રવ્ય, તિમ–ગુણ-પર્યાયનું કારણ ગુણ. દ્રવ્ય-પર્યાય=દ્રવ્યનો અન્યથા ભાવ, જિમ-નર-નારકાદિક. અથવા-દ્વયણુક-ત્ર્યણુકાદિક. ગુણપર્યાય=ગુણનો અન્યથાભાવ, જિમ–મતિઃશ્રુતાદિ વિશેષ, અથવા–સિદ્ધાદિકેવલજ્ઞાન વિશેષ. ઇમ–દ્રવ્ય ૧: ગુણ ૨: એ જાતિં શાશ્વત્, અનઈ–પર્યાયથી અશાશ્વત્, ઇમ આવ્યું."

એહવું કહઇ છઇ, તે નિરતઇ–રૂડઇ માર્ગઈ નહીં, જે માટિં–એ કલ્પના શાસ્ત્રિં તથા યુકિતં ન મિલઇં. ૧૯

૧૧

**પર્યાયથી ગુણ ભિન્ન ન ભાષિઓ,**
**સમ્મતિગ્રંથિં વિગતિં રે.**

---

૧. પાઠા૦ દ્રવ્યશકિતરૂપ. ભા૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેહનો ભેદ વિવક્ષાવશથી,
તે કિમ કહિઈ શકતિં રે. ૨૦. જિન૦.

પર્યાયથી ગુણ ભિન્ન કહતાં—જૂદો ભાષિઓ નથી, सम्मति ગ્રંથિં, વ્યક્તિં-પ્રકટ અક્ષરઇં. तथाहि—

परिगमणं, पज्जाओ, अणेगकरणं गुण त्ति एगेट्ठा ।
तह वि ण गुण त्ति भण्णइ, पज्जव-णय-देसणा जम्हा ॥३.१२॥

"જિમ—ક્રમભાવીપણું પર્યાયનું લક્ષણ છઈ, તિમ—અનેક કરવું, તે પણિ-પર્યાયનું લક્ષણ છઈ. દ્રવ્ય તો એક જ છઈ, જ્ઞાનદર્શનાદિક ભેદ કરઇ છઇ, તે પર્યાય જ છઇ, પણિ—ગુણ ન કહિઇ. જે માટિં:-દ્રવ્યઃ પર્યાયની દેશના ભગવંતની છઇ, પણિ-દ્રવ્યઃ ગુણની દેશના નથી." એ ગાથાર્થ.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

"જો ઈમ—ગુણઃ પર્યાયથી ભિન્ન નથી, તો—દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ એ ૩. નામ કિમ કહો છો ?" ઇમ કોઇ કહઇં, તેહનઇં કહિઇં જે—"વિવક્ષા કહિઈ—ભેદનયની કલ્પના, તેહથી. જિમ—"तैलस्य धारा". ઇહાં—તેલઃ નઈં ધારાઃ ભિન્ન કહી દેખાડયાં, પણિ—ભિન્ન નથી. તિમ-સહભાવીઃ ક્રમભાવીઃ કહીનઇં ગુણઃ પર્યાય ભિન્ન કહી દેખાડયા, પણિ—પરમાર્થઈં-ભિન્ન નથી. ઈમ—જેહનો ભેદ ઉપચરિત છઇં, તે શક્તિ કિમ કહિઇં ? જિમ—ઉપચરિત ગાઈ દુઝઈ નહીં, તિમ—ઉપચરિત ગુણ શક્તિ ન ધરઇં." ૨૦

હવઈ— જે—ગુણઃ પર્યાયથી ભિન્ન માંનઈ છઈ, તેહનઈં દૂષણ દિઇ છઈ—

---

૧. पाठ०—तुल्लट्ठा

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨

**જો ગુણ ત્રીજો હોઇ પદારથ,**
**તો ત્રીજો નય લહિઇં રે.**
**દ્રવ્યારથઃ પર્યાયારથઃ નય**
**દોઇ જ સૂત્રિં કહિઇં રે. ૨૧. જિન૦.**

**જો–ગુણ ત્રીજો પદાર્થ**–દ્રવ્યઃ પર્યાયથી જૂદો ભાવ હોઈ, તો–**ત્રીજો નય લહિઇ**–પામિઇ, અનઇં-સૂત્રઇં તો **દ્રવ્યાર્થઃ પર્યાયાર્થઃ** એ બિહુ જ નય કહિયા છઈ. ગુણ હોઈ, તો–ગુણાર્થ નય પણિ કહિઓ જોઈઈ.

**उक्तं च सम्मतौ—**

दो उण णया भगवया, दव्वट्ठियपज्जवट्ठिया णियया ।
जई पुण गुणो वि हुंतो, गुणट्ठिअ-णओ वि जुज्जंतो ॥ ३. १०
जं च पुण भगवया तेसु तेसु सुत्तेसु गोयमाईणं ।
पज्जवसण्णा णियया, वागरिया तेण पज्जाया ॥ ३. ११.

રૂપાદિકનઇં ગુણ કહી સૂત્રિ બોલ્યા નથી, પણિ–"**वण्णपज्जवा, गंधपज्जवा**" ઇત્યાદિક પર્યાયશબ્દઇં બોલાવ્યા છઇ; તે માટિં–તે પર્યાય કહિઇં, પણિ–ગુણ ન કહિઈં. અનઇં–"**एगगुणकालए**" ઈત્યાદિક ઠામિં જે **ગુણ** શબ્દ છઈ, તે **गणितशास्त्रसिद्ध** પર્યાયવિશેષ સંખ્યાવાચી છઇં, પણિ-તે વચન ગુણાસ્તિકનય વિષયવાચી નથી. **उक्तं च सम्मतौ—**

जंपंति–"अत्थि समए–एगगुणो दसगुणो अणंतगुणो ।
रूवाई परिणामो, भण्णइ तम्हा गुणविसेसो" ॥ ३. १३.
"गुणसद्दमंतरेण वि, तं तु पज्जवविसेससंखाणं ।
सिज्झइ णवरं संखाण-सत्थ-धम्मो ण य गुणो त्ति ॥ ३. १४.

---

પાઠા૦ ૧. पत्तोयगुण–विसेसे. २. अरहया. ३. नियमा. स० प्र० ४. બોલ્યા. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जह दससु दसगुणम्मि य, एगम्मि दसत्तणं समं चेव।
अहियम्मि वि गुणसद्दे, तहेव एयं पि दट्ठव्वं" ॥ ३. १५.

ઇમ--ગુણ, પર્યાયથી પરમાર્થદૃષ્ટિં ભિન્ન નથી, તો તે દ્રવ્યની પરિં શક્તિરૂપ કિમ કહિઈં ? ૨૧

"પર્યાયદલ માટિં" ગુણનઇં શક્તિરૂપ કહઇ છઇ, તેહનઈં દૂષણ દિઈં છઇ—

૧૩

## જો ગુણ, દલ પર્યવનું હોવઇં,
## તો દ્રવ્યઇં સ્યૂં કીજઇ ? રે.
## ગુણ-પરિણામપટંતર કેવલ,
## ગુણ-પર્યાય કહીજઇં રે. ૨૨. જિન૦.

જો--ગુણ, પર્યાયનું દલ કહિતાં-ઉપાદાન-કારણ હોઇ, તો-દ્રવ્યઇં સ્યૂ કીજઇ ? દ્રવ્યનું કામ ગુણઇં જ કીધઉં. તિ વારઇં-ગુણ ૧: પર્યાય ૨: જ પદાર્થ કહો, પણિ-ત્રીજો ન હોઇ.

કોઈ કહસ્યઇં: " દ્રવ્યપર્યાયઃ ગુણપર્યાયઃ રૂપ કાર્ય ભિન્ન છઈ, તે માટિં-દ્રવ્ય ૧: ગુણ ૨: રુપ કારણ ભિન્ન કલ્પિઈ." "તે જૂઠું", જે માટિં-કાર્યમાંહિં કારણશબ્દનો પ્રવેશ છઇ, તેણઇં-કારણભેદઇં કાર્યભેદ સિદ્ધ થાઈ, અનઈં-કાર્યભેદ સિદ્ધ થયો હોઈ, તો-કારણ-ભેદ સિદ્ધ થાઈ, એ **અન્યોઽન્યાશ્રય** નામઇં દૂષણ ઊપજઇ; તે માટઈં-ગુણપર્યાય જે કહિઇ,તે-ગુણપરિણામનો જે **પટંતર**-ભેદ કલ્પનારૂપ, તેહથી જ કેવલ સંભવઈ, પણિ-પરમાર્થઇં નહીં. અનઈં-એ ૩ નામ કહઈ છઈ, તે પણિ-ભેદોપચારાઇં જ; ઈમ જાણવું." ૨૨

---

પાઠા૦ ૧ એ હિ જ પ્રકાર વલી દૃઢ કરઇ છઇ, દૃષ્ટાંતે કરીને વિસ્તાર નથી. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪

**એક-અનેકરૂપથી ઈણુ પરિ,**
**ભેદ પરસ્પર ભાવો રે.**
**આધારાધેયાદિકભાવિં,**
**ઈમ જ ભેદ મનિ લ્યાવો રે. ૨૩. જિન૦.**

એણિંપરિં દ્રવ્ય એકઃ ગુણ–પર્યાય અનેકઃ એ રૂપઈં **પરસ્પર** ક૦–માંહોમાંહિં ભેદ, **ભાવો**–વિચારો.ઈમ જ–આધારઃ આધેયઃ પ્રમુખ **ભાવ** ક૦–સ્વભાવ, તેણઇં કરી મનમાંહિં લ્યાવો, જે માટિં-પરસ્પરઅવૃત્તિધર્મ પરસ્પરમાંહિં ભેદ જણાવઇં. ૨૩

તેહિ જ વિવરી દેખાડઇં છઇં—

૧૫

**દ્રવ્ય આધાર ઘટાદિક દીસઇ,**
**ગુણઃ પર્યાયઃ આધેયો રે.**
**રૂપાદિક એકેંદ્રિયગોચર,**
**દોહિં ઘટાદિક વેઓ રે. ૨૪. જિન૦.**

**દ્રવ્યઃ ઘટાદિક આધાર દીસઇ છઈ**; જે માટઇં–"એ ઘટઇં રૂપાદિક" ઈમ–જાણીઈ છઇ. **ગુણઃપર્યાયઃ** રૂપ-રસાદિક,નીલ–પીતાદિક **આધેય**--દ્રવ્યઊપરિ રહિયાં. ઈમ-આધારાધેયભાવઇં દ્રવ્યથી ગુણઃપર્યાયનઇં ભેદ છઈ. તથા–**રૂપાદિક** ગુણઃપર્યાયઃ **એક ઇંદ્રિય-ગોચર** ક૦–વિષય છઈ. જિમ–રૂપ ચક્ષુરિંદ્રિયઇં જ જણાઇં, રસ, તે રસનેન્દ્રિયના જઃ ઈત્યાદિક.અનઈં ઘટાદિક દ્રવ્ય છઈ, તે દોહિં-ચક્ષુરિન્દ્રિયઃ અનઈં-સ્પર્શનેન્દ્રિયઃ એ ૨ ઇંદ્રિયઈં કરીનઈં જાણો છો.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

એ નઇયાયિકમત અનુસરીનઇં કહિઉં. **સ્વમતઈ**–ગંધાદિકપર્યાય દ્વારઇં ઘ્રાણેંદ્રિયાદિકઇં પણિ દ્રવ્ય પ્રત્યક્ષ છઈ, નહીં તો–'કુસુમ ગંધું છું' ઈત્યાદિ જ્ઞાનનઇં ભ્રાંતપણું થાઈ, તે જાણવું.

ઈમ–એક-અનેક ઇંદ્રિય ગ્રાહ્યપણઇં દ્રવ્યથી ગુણઃ પર્યાયનો ભેદ જાણવો. ગુણઃ પર્યાયનઇં માંહોમાંહિં ભેદ, તે સહભાવીઃ ક્રમભાવીઃ એ કલ્પનાથી જે. ૨૪

૧૬.

**સંજ્ઞા–સંખ્યા લક્ષણથી પણિ,**
**ભેદ એહોનો જાણી રે.**
**સુ–જસ–કારિણી શુભ મતિ ધારો,**
**દુરમતિવેલીકૃપાણી રે. ૨૫. જિન૦.**

jainsite.com
જૈનમ્ જયતિ શાસનમ્

તથા–**સંજ્ઞા** ક૦–નામઃ તેહથી ભેદ,–"દ્રવ્ય"નામ ૧. "ગુણ"નામ ૨. "પર્યાય"નામ ૩. **સંખ્યા**–ગણનાઃ તેહથી ભેદ,–દ્રવ્ય ૬ઃ ગુણ અનેકઃ પર્યાય અનેક. **લક્ષણથી** ભેદ—દ્રવન=અનેકપર્યાયગમનઃ દ્રવ્યલક્ષણ, ગુણન=એકથી અન્યનઇં ભિન્નકરણઃ તે ગુણ લક્ષણ, પરિગમન=સર્વતો વ્યાપ્તિઃ તે પર્યાયલક્ષણ. ઈમ–**એહોનો**-દ્રવ્યઃ ગુણઃ પર્યાયનો, માંહોમાંહિં ભેદ જાણીનઈં, ઉત્તમ **યશ**ની કરણહાર ભલી મતિ ધરો. કેહવી છઇં ? જે–**દુરમતિ** કહિઇં–જે [૨]**દ્રવ્યાદ્વૈતપક્ષની** માઠી મતિ, તે રૂપિણી જે વેલી, તેહનઈં વિષઈં **કૃપાણી**–કુહાડી.૨૫

---

પાઠા૦ ૧. ભાવવું. પાલિ૦

૨. એકાંત એક દ્રવ્યને માંનઇ, પણિ-ગુણ–પર્યાય ન માનઈ, તે દ્રવ્યાદ્વૈતવાદી કહિઇ ચ૦ ટી૦ ભા૦ ની પ્રતમાં આ ટીપ્પણ ચાલુ ગ્રંથમાં જ છે. સં૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ ઢાલઇં–દ્રવ્યઃ ગુણઃ પર્યાયનો ભેદ દેખાડયો. હિવઇં–ત્રીજઇં ઢાલઇં–એકાંતિ જે ભેદ માંનઈ છઈ, તેહનઇં અભેદપક્ષ અનુસરીનઇં દૂષણ દિઈ છઈઃ—

ઢાલ—૩ જી.

( પ્રથમ ગોવાલણ તણઈ જી. એ દેશી. રાગ-જયતસિરી. )

૧

**એકાંતિં જો ભાષિઇ જી,**

**દ્રવ્યાદિકનો રે ભેદ.**

**તો પરદ્રવ્યપરિં હુઈ જી,**

**ગુણ–ગુણિભાવ ઉચ્છેદ રે. ૨૬.**

**ભવિકા ધારો ગુરુઉપદેશ,**

દ્રવ્યાદિકનો–દ્રવ્યઃ ગુણઃ પર્યાયનો જો એકાંતઇ ભેદ ભાષિઇ, તો પરદ્રવ્યનઈં પરિં સ્વદ્રવ્યનઈં વિષે પણિ ગુણ-ગુણિભાવનો ઉચ્છેદ થઇ જાઇ. જીવદ્રવ્યના ગુણ જ્ઞાનાદિક, તેહનો ગુણી જીવ દ્રવ્ય,પુદ્ગલ દ્રવ્યના ગુણ રૂપાદિક,ગુણી પુદ્ગલ દ્રવ્ય;એ વ્યવસ્થા છઈ-શાસ્ત્રપ્રસિદ્ધ. ભેદ માંનતાં તે લોપાઈ. જીવદ્રવ્યનઇં પુદ્ગલગુણસ્યું જિમ ભેદ છઈ, તિમ–નિજ ગુણસ્યું પણિ ભેદ છઈ, તો "એહનો એહ ગુણી, એહના એહ ગુણ" એ વ્યવહારનો વિલોપ થઈ આવઈ; તે માટઇં–દ્રવ્યઃ ગુણઃ પર્યાયનો અભેદ જ સંભવઈ. એહવો–અભેદનયનો ગુરુનો ઉપદેશ–ભણીનઈં–ભવ્ય પ્રાણી ધારો. ૨૬

વલી અભેદ ઊપરિ યુક્તિ કહઇ છઇ—

૨

**દ્રવ્યઈં ગુણઃ પર્યાયનો જી.**

**છઇ અભેદ સંબંધ.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભિન્ન તેહ જો કલ્પિઈ જી,**

**તો અનવસ્થાબંધ રે. ભ.વિકા૦. ૨૭**

**દ્રવ્યઈ** ક૦—દ્રવ્યનઈં વિષઈ, **ગુણઃ પર્યાયનો અભેદ સંબંધ** છઇ. જો દ્રવ્યનઈ વિષઈં ગુણઃ પર્યાયનો સમવાય નામઇં [1]ભિન્ન સંબંધ કલ્પિઇ, તો **અનવથાદોષ**નું બંધન થાઇં. જે માટઇં—ગુણ-ગુણીથી અલગો સમવાય સંબંધ કહિઈ, તો તે સમવાયનઈં પણિ અનેરો સંબંધ જોઈઈ, તેહનઇં પણિ અનેરો. ઈમ કરતાં-કિહાંઇં ઠઈરાવ ન થાઈ. અનઇં જો-સમવાયનો સ્વરૂપસંબંધ જ અભિન્ન માનો, તો ગુણ—ગુણીનઇં સ્વરૂપસંબંધ માનતાં સ્યૂં વિઘટઇ છઇ? જે [2]ફોક નવો સંબંધ માનો છો. ૨૭

વલી—અભેદ ન માનઈ, તેહનઇં—બાધક કહઈ છઈ—

૩

**"સ્વર્ણ કુંડલાદિક હુઈ જી,"**

**"ઘટ રક્તાદિક ભાવ."**

**એ વ્યવહાર ન સંભવઈ જી,**

**જો ન અભેદસ્વભાવ રે. ૨૮. ભવિકા૦.**

"સોનું તેહ જ કુંડલ થયું; ઘડો પહિલાં શ્યામ હુતો, તેહ જ રાતો વર્ણઇં થયો." એહવો સર્વલોકાનુભવસિદ્ધ વ્યવહાર ન ઘટઇં, જો **અભેદસ્વભાવ** દ્રવ્યાદિક ૩ નઇં ન હુઈ તો. ૨૮

વલી—બીજું બાધક કહઈં છઇં—

૪

**ખંધઃ દેશઃ ભેદઈં હુઇ જી,**

**બિમણી ગુરુતા રે ખંધિ.**

---

પાઠા૦ ૧. સંબંધ ભિન્ન કલ્પિઇ. ભા૦ ૨. ફોકં પા૦।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રદેશ-ગુરુતા પરિણમઇં જી,

ખંધ અભેદહ બંધ[1] રે. ૨૯. ભવિકા૦.

ખંધ કહિઈ–અવયવી, દેશ કહિઈ–અવયવ; એહોનઇં જો ભેદ માનિઇં, તો બિમણો ભાર ખંધમાંહિ થયો જોઈઇં. જે માટિં–શતતંતુના પટમાંહિ–શતતંતુનો જેટલો ભાર, તેટલો પટમાંહિં પણિ જોઈઈ.

અનઇં–જે કોઈ નવા નૈયાયિક ઈમ કહઈ છઈ જે–" અવયવના ભારથી અવયવીનો ભાર અત્યંત હીન છઈ, " તે માટઇં–તેહનઇં મતઈં–" દ્વિપ્રદેશાદિક ખંધમાંહિં કિહાંઇં ઉત્કૃષ્ટ ગુરુતા ન થઈ જોઈઈ. જે માટઇં–દ્વિપ્રદેશાદિક ખંધ એકપ્રદેશાદિકની અપેક્ષાઇં અવયવી છઈ. અનઈ–પરમાણુમાંહિં જ ઉત્કૃષ્ટ ગુરુત્વ માનિંઇં, તો-રૂપાદિક વિશેષ પણિ પરમાણુમાંહિં માન્યાં જોઈઇં, દ્વિપ્રદેશાદિક-માંહિં ન માન્યાં જોઈઇં. "

અભેદનયનો બંધ માનઇં–તો પ્રદેશનો ભાર તેહ જ ખંધ-ભારપણઇં પરિણમઈ, જિમ–તંતુરૂપ પટરૂપપણઈ. તિવારઈ–ગુરુતા વૃદ્ધિનો દોષ કહિઓ, તે ન લાગઈ. ૨૯

દ્રવ્યાદિકનઈં અભેદ ન માંનઈ છઈ, તેહનઈ ઉપાલંભ દિઇં છઈ—

૫

ભિન્ન દ્રવ્ય-પર્યાનઇં જી,

ભવનાદિકનઇં રે એક

ભાષઈ, કિમ દાખઈ નહીં જી

એક દ્રવ્યમાં વિવેક રે ? ૩૦ ભવિકા૦.

---

૧. પાઠાં૦ સંબંધિ. ભા૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભિન્ન દ્રવ્ય—જે પાષાણ: કાષ્ઠ: પૃથિવી: જલાદિક: તેહનો પર્યાય—જે ભવનાદિક, ઘરપ્રમુખ, તેહનઈં—તૂં "એક" કહઈ છઈ-"એક ઘર એ" ઈત્યાદિક લોકવ્યવહાર માટઈં ? તો એક દ્રવ્યમાં દ્રવ્ય: ગુણ: પર્યાનઇં અભેદ હોઈ, એહવો વિવેક કાં નથી કહિતો ? જે માટઇં—આત્મદ્રવ્ય, તેહ જ આત્મગુણ: તેહ જ આત્મ પર્યાય: એહવો વ્યવહાર અનાદિસિદ્ધ છઈ. ૩૦

૬

**ગુણ: પર્યાય: અભેદથી જી,**

**દ્રવ્ય નિયત વ્યવહાર.**

**પરિણતિ જે છઈ એકતા જી,**

**તેણિં તે એક પ્રકાર રે. ૩૧. ભવિકા૦.**

જીવદ્રવ્ય: અજીવદ્રવ્ય: ઈત્યાદિ જે—નિયતકહતાં—વ્યવસ્થા-સહિત વ્યવહાર થાઈ છઈ, તે ગુણ: પર્યાયના અભેદથી. જ્ઞાનાદિક ગુણ: પર્યાયથી અભિન્ન દ્રવ્ય, તે જીવદ્રવ્ય; રૂપાદિક—ગુણ: પર્યાયથી અભિન્ન, તે અજીવદ્રવ્ય; નહીં તો—દ્રવ્યસામાન્યથી વિશેષસંજ્ઞા ન થાઈ. દ્રવ્ય: ગુણ: પર્યાય: એ ૩ નામ છઇ, પણિ—સ્વજાતિં ૩ નઇં એકત્વ પરિણામ છઇં, તે માટિં—તે ૩ પ્રકાર એક કહઈ. જિમ—આત્મદ્રવ્ય: જ્ઞાનાદિક ગુણ: તત્પર્યાય: એ સર્વ એક જ કહિઈં. જિમ—રત્ન ૧: કાંતિ ૨: જ્વરાપહાર શક્તિ ૩: એ ૩ નઈ એક જ પરિણામ છઈ; તિમ—દ્રવ્ય: ગુણ: પર્યાયનઇં, ઈમ જાણવું. ૩૧

વલી—અભેદ ન માનઈં, તેહનઇં દોષ દેખાડઈ છઈ—

૭

**જો અભેદ નહીં એહનો જી,**

**તો કારય કિમ હોઈ ?**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અછતી વસ્તુ ન નીપજઈ જી,**
**શશવિષાણ પરિ જોઈ રે. ૩૨. ભવિકા૦.**

જે—એહનઈ—દ્રવ્યઃ ગુણઃ પર્યાયનઇં અભેદ નથી, તો—કારણઃ કાર્યનઇં પણિ અભેદ ન હોઈ. તિવારઇં—મૃત્તિકાદિક કારણથી ઘટાદિ કાર્ય કિમ નીપજઈ ? કારણમાંહિં કાર્યની [1]શક્તિ હોઈ, **તો જ કાર્ય નીપજઈ, કારણમાંહિ અછતી કાર્યવસ્તુની પરિણતિ ન નીપજઇ જ.** જિમ—**શશવિષાણ.** જે—કારણમાંહિં કાર્ય સત્તા, માનિઈં, તિવારઇં—અભેદ સહજિ જ આવ્યો. ૩૨

" કારણમાંહિ કાર્ય ઊપના પહિલાઇં જે કાર્યની સત્તા છઇં તો કાર્યદર્શન કાં નથી થાતું ? " એ શંકા ઊપરિ કહઈ છઈં—

૯

**દ્રવ્યરૂપ છતી કાર્યની જી,**
**તિરોભાવની રે શક્તિ.**
**આવિર્ભાવઇં નીપજઈ જી,**
**ગુણઃ પર્યાયની વ્યક્તિ રે. ૩૩. ભવિકા૦.**

કાર્ય નથી ઊપતું, તિવારઈં—કારણમાંહિં કાર્યની—દ્રવ્યરૂપઇ—**તિરોભાવની શક્તિ** છઇં. તેણઇ કરી— છઇ, પણિ—કાર્ય જણાતું નથી. સામગ્રી મિલઈ, તિવારઈ ગુણઃ પર્યાયની વ્યક્તિથી આવિર્ભાવ થાઈ છઈ, તેણઇ કરી—કાર્ય દીસઈ છઈ. તિરોભાવઃ આવિર્ભાવઃ પણિ—દર્શનઃ અદર્શનઃ નિયામક કાર્યના પર્યાય-વિશેષ જ જાણવા. તેણઈં કરી—આવિર્ભાવનઇં સત્ઃ અસત્ઃ વિકલ્પઇં દૂષણ ન હોઇ, જે માટઇં—અનુભવનઈં અનુસારઇ પર્યાય કલિપઈ. ૩૩.

---

[1] પાઠા૦ ૧ સત્તા ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯

**નઇયાયિક ભાષઈ ઇસ્યું જી,**
**" જિમ અછતાનું રે જ્ઞાન.**
**હોવઇ વિષય અતીતનૂં જી,**
**તિમ કારય સહિ નાણુ રે" ૩૪. ભવિકા૦.**

ઇહાં–નૈયાયિક એહવું ભાષઈ છઇ–" જિમ–અતીત વિષયઃ જે ઘટાદિક, અછતા છઈ, તેહનું જિમ જ્ઞાન હોઇ, તિમ–ઘટાદિક કાર્યં અછતાં જ, મૃત્તિકાદિકદલથકી સામગ્રી મિલ્યઇ નીપજસ્યઈ. અછતાંની જ્ઞપ્તિ હોઈ, તો અછતાંની ઉત્પત્તિ કિમ ન હોઇ ? ઘટનું કારણ દંડાદિક અમ્હે કહું છું, તિહાં–લાઘવ છઈ, તુમ્હારિં મતિં–ઘટાભિવ્યક્તિનું દંડાદિક કારણ કહવું, તિહાં–ગૌરવ હોઈ. બીજું, અભિવ્યક્તિનું કારણ–ચક્ષુઃપ્રમુખ છઈ, પણિ–દંડાદિક નથી. તે માટિં–ભેદ પક્ષ જ. દ્રવ્યઘટાભિવ્યક્તિનું કારણ–દંડાભાવઃ ઘટાભિવ્યક્તિનું કારણ–ચક્ષુઃ, તિહાં–ગૌરવ છઇ, તે–ન ઘટઇ."૩૪.

હવઈ, એ મત દૂષઇ છઇ—

૧૦

**તે મિથ્યા, નહીં સર્વથા જી**
**અછતો વિષય અતીત.**
**પર્યાયારથ તે નહીં જી,**
**દ્રવ્યારથ છઈ નિત્ય રે. ૩૫. ભવિકા૦.**

" અછતાની જ્ઞપ્તિની પરિં અછતાની ઉત્પત્તિ હોઈ," ઇમ કહિઉં, તે મત મિથ્યા, જે માટઇં–અતીત વિષયઃ ઘટાદિક, સર્વથા

પા૦ક૦–૧. સત્તા, પા૦લિ૦ ૨. અભેદ પક્ષજ [......] ઘટઈ " ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અછતો નથી. તે–પર્યાયારથથી નથી; દ્રવ્યારથથી નિત્ય છઇ. નષ્ટ ઘટ પણિ મૃત્તિકારૂપઇં છઇ. સર્વથા ન હોઇ, તો–શશ-શૃંગ સરખો થાઇ. ૩૫.

“ સર્વથા અછતો અર્થ જ્ઞાનમાંહિં ભાસઇ છઇ ” એહવું કહઇ છઇ, તેહનઇ બાધક દેખાડઇ છઇ—

૧૧

અછતૂં ભાસઇં ગ્યાનનઇં જી.
જો “સ્વભાવિ સંસાર
કહતો જ્ઞાનાકાર” તો જી,
જીપઇ યોગાચાર રે. ૩૬. ભવિકા૦.

જો “ જ્ઞાનનઇં સ્વભાવઇં, અછતો અર્થ: અતીત ઘટ પ્રમુખ, ભાસઇ, ” એહવું માનિઇં, તો–“સારો સંસાર જ્ઞાનાકાર જ છઇ. બાહ્ય-આકાર અનાદિ-અવિદ્યા-વાસનાઇં અછતા જ ભાસઇ છઇ, જિમ–સ્વપ્નમાંહિ અછતા પદાર્થ ભાસઇ છઇ. બાહ્યાકારરહિત શુદ્ધ જ્ઞાન, તે બુદ્ધનઇં જ હોઇ.” ઇમ કહતો **યોગાચાર** નામઇં **ત્રીજો બૌદ્ધ** જ જીપઇ; તે માટઇ–અછતાનું જ્ઞાન ન હોઇ. ૩૬.

“ જો **અછતાનું** જ્ઞાન ન હોઇ, તો “ હવણાં મઇં અતીત ઘટ જાણ્યો “ ઇમ–કિમ કહવાઇ છઇ ? ” તે ઊપરિ કહઇ છઇ—

૧૨

“હવડાં જાણ્યો અરથ તે જી,”
ઇમ અતીત જ જણાઇં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વર્તમાન પર્યાયથી જી,**

**વર્તમાનતા થાઇ રે. ૩૭. ભવિકા૦.**

"તે અતીત ઘટ મઇં હવણાં જાણ્યો." ઈમ—જે જણાઇ છઈ, તિહાં—દ્રવ્યથી છતાઃ અતીત ઘટનઇ વિષઈ, વર્તમાનજ્ઞેયાકારરૂપ—પર્યાયથી "હવણાં" અતીત ઘટ જાણ્યો જાઈ છઈ.

અથવા—નૈગમનયથી અતીતનઇં વિષઇં વર્તમાનતાનો આરોપ કીજેઈ છઇ, પણિ—સર્વથા અછતી વસ્તુનું જ્ઞાન ન થાઇ. ૩૭.

૧૩

**ધર્મી, અછતઇં ધર્મ, જો જી,**

**અછતઇં કાલિં સુહાઇં.**

**સર્વ-કાલિં નિર્ભયપણઇ જી,**

**તો શશશૃંગ જાણાઇં રે. ૩૮. ભવિકા૦.**

"ધર્મી—[1]અતીત ઘટ, અછતઇ ધર્મ—ઘટત્વ, અછતઇ કાલિં—ઘટનઇં અભાવ કાલઇં—ભાસઇ છઇં. અથવા—ધર્મી—અતીત ઘટ, અછતઇં ધર્મ—જ્ઞેયાકાર, અછતઇ કાલઇં ભાસઇ છઇં." ઈમ જો—તુઝને ચિત્તમાંહિ સુહાઇ, તો—સર્વ—અતીતઃ અનાગતઃ વર્તમાનઃ કાલઇ નિર્ભયપણઇ—અદૃષ્ટશંકારહિતપણઇં[3] શશશૃંગ પણિ જાણાવું જોઈઈ. ૩૮.

૧૪

**તેંમાટઇં—અછતા તણો જી,**

**બોધ ન, જનમ ન હોઇ.**

---

પાઠા૦૧. કથીજઈ ૨. અનિત્યઘટ ૩.—પણઇં ધારવું. ઇમ નહીં તો—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કારય-કારણનઈં સહી જી,**

**છઈ અભેદ ઈમ જોઈ રે. ૩૯. ભવિકા૦.**

ઇમ નથી, તે માટઈ-અછતા અર્થનો બોધ ન હોઇ, જન્મ પણિ ન હોઈ. ઇમ-નિર્ધાર કાર્ય-કારણનો અભેદ છઇ; તે દૃષ્ટાંતઈં-દ્રવ્યઃ ગુણઃ પર્યાયનો પણિ અભેદ છઇ, ઇમ સદ્દહવું. ૩૯.

એ ભેદના ઢાલ ઊપરિ અભેદનો ઢાલ કહિયો, જે માટઈં-ભેદ-નયપક્ષનો અભિમાન અભેદનય ટાલઈ. હવઇ-એ બિહુ નયના સ્વામી દેખાડીનઈં, સ્થિતપક્ષ કહઇ છઇ—

૧૫

**ભેદ ભણઇ નઇયાયિકો જી,**

**સાંખ્ય અભેદ પ્રકાશ.**

**જઇન ઉભય વિસ્તારતો જી,**

**પામઈ સુજસ વિલાસ રે. ૪૦. ભવિકા૦.**

ભેદઃ તે નૈયાયિક ભાષઇ, જે માટઇં-તે **અસત્કાર્યવાદી** છઇ. **સાંખ્યઃ**તે અભેદનય પ્રકાશઇ છઇ. **જઇનઃ** તે બેહુનય **સ્યાદ્વાદઈ કરીનઈં વિસ્તારતો** ભલા **યશનો વિલાસ** પામઇ. જે માટિં-પક્ષ-પાતી બેહુ નય માંહોમાંહિં ધસાતાં, સ્થિતપક્ષ અપક્ષપાતી-સ્યાદ્વા-દીનો જ દીપઇ. **उक्तं च—**

अन्योऽन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते ॥ ३० ॥

[ अन्ययोगव्यवच्छेदकद्वात्रिंशिका— ]

---

પાઠા૦ ૧. પ્રકાશક. ભા૦

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तथा—

य एव दोषाः किल नित्यवादे, विनाशिवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु, जयत्यधृष्यं जिन! शासनं ते ॥ २६॥
[ अन्ययोगव्यवच्छेदकद्वात्रिंशिका ]

હવઇ–ચઉથી ઢાલમાંહિં–ભેદાભેદનો વિરોધ આશંકીનઇં ટાલઈં છઇ.

ઢાલ—૪ થી.

[ 'નંદનકું ત્રિશલા હુલરાવે-એ દેશી. ]

પરવાદી કહેઈં છઈ—

૧

"ભેદઃ અભેદઃ ઉભય કિમ માનો ?
જિહાં વિરોધ નિરધારો રે.
એક ઠામિ કહો કિમ કરિ રહવઇ
આતપનઈં અંધારો રે ?" ૪૧.
શ્રુતધર્મઇ મન દૃઢ કરિ રાખો,
જિમ શિવસુખફલ ચાખો રે.
શ્રુતધર્મઈ મન દૃઢ કરિ રાખો. એ આંકણી.

"દ્રવ્યાદિકનઈં ભેદઃ અભેદઃ બેહુ ધર્મ કિમ માનો છો ? જિહાં–વિરોધ નિર્ધાર છઇ. ભેદ હોઈ, તિહાં–અભેદ ન હોઈ; અભેદ હોઇ, તિહાં–ભેદ ન હોઇ. એ બેહુ ભાવાભાવરૂપઈં વિરોધી છઈ;

પાઠા૦ ૧. ગામ નગર આગઈ કરી કંદર. ભા૦ ૨. પરવાદીનો મત તેને દૂષણરૂપ કહઈ. પા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિરોધી બેહુ એક ઠામિ ન રહઈ. જિમ—આતપ હોઈ, તિહાં-અંધારો ન રહઇ, અંધારો હોઈ, તિહાં—આતપ ન રહઈ, તિમ—ભેદાભેદ એકત્ર ન હોઇ."

ઇહાં—**શ્રુતધર્મઈ**—સ્યાદ્વાદ પ્રવચન માહિં, મન દૃઢ-વિશ્વાસવંત કરી રાખો. **જિમ**—શાસનશ્રદ્ધાદૃઢપણઇ, મોક્ષરૂપ—કલ્પવૃક્ષનાં **સુખરૂપ—ફલ** ચાખો. શ્રુતધર્મ વિના ચારિત્રધર્મ ફલવંત ન હોઇ, જે માટિં—શંકાસહિત ચારિત્રીઓ પણિ સમાધિ[1] ન પામઇ.

**उक्तं च—**

**वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं. ५. ५.**

**आचाराङ्गे. । ४२.**

## ઈસી શિષ્યની શંકા[2] જાણી,
## પરમારથ ગુરુ બોલઈ રે.
## અવિરોધઈં સવિ ઠામઈં દીસઈ,
## દોઇ ધર્મ એક તોલઈં રે. ૪૩. શ્રુત૦.

એહવી **શિષ્યની શંકા જાણી** કરી, **ગુરુ**—સ્યાદ્વાદી, **પરમાર્થ** બોલઇ છઇ. જે—" ઘટ: ઘટાભાવાદિકનઈં યદ્યપિ વિરોધ છઇં, તો પણિ—ભેદાભેદનઇં વિરોધ નથી. જે માટઇં—**સર્વઠામઈં, દોઇ ધર્મ**-ભેદ: અભેદ: **અવિરોધઈ**—એકાશ્રયવૃત્તિપણંઈ જ, **દીસઈ** છઇ, **ઇક તોલઈં** પણિ.

" અભેદ સ્વાભાવિક સાચો, ભેદ ઔપાધિક જૂઠો. "—ઇમ કોઈ કહઈ છઇ; તે અનુભવતા નથી. વ્યવહારઈ—પરાપેક્ષા બેહુનઈ, " ગુણાદિકનો ભેદ, ગુણાદિકનો અભેદ " એ વચનથી (?) ૪૩.

---

[1] પાઠા૦ ૧ સમાધિવંતપણું. પા૦



जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩

એક ઠામિ સવિ જનની સાખિ,

પ્રત્યક્ષઇં જે લહિઇં રે

રૂપ રસાદિકની પરિ તેહનો,

કહો વિરોધ કિમ કહિઇં રે. ૪૪. શ્રુત૦.

એક ઠામિ—ઘટાદિક દ્રવ્યનઇં વિષઇં, સર્વલોકની સાખી-પ્રત્યક્ષ પ્રમાણઇ, રક્તત્વાદિક—ગુણઃ પર્યાયનો ભેદાભેદ, જે લહિઇ છઇં, તેહનો વિરોધ કહો કિમ કહિઇં ?, જિમ—રૂપઃ રસાદિકનો એકાશ્રયવૃત્તિત્વાનુભવથી વિરોધ ન કહિઇં, તિમ—ભેદાભેદનો પણિ જાણવો. उक्तं च—

न हि प्रत्यक्षदृष्टेऽर्थे विरोधो नाम ।

તથા—પ્રત્યક્ષદૃષ્ટ અર્થઇં દૃષ્ટાન્તનું પણિ કાર્ય નથી.

उक्तं च—

केदमन्यत्र दृष्टत्वमहो ! निपुणता तव ।

दृष्टान्तं याचसे यत्त्वं प्रत्यक्षेऽप्यनुमानवत् ॥ १ ॥ ४४.

ભેદાભેદનો પ્રત્યક્ષનો અભિલાપ પુદ્ગલ દ્રવ્યઇં દેખાડઇં છઇં—

૪

શ્યામભાવ જે ઘટ છઇં પહિલાં,

પછઇ ભિન્ન તે રાતો રે.

ઘટભાવઇં નવિ ભિન્ન જણાઇ,

સી વિરોધની વાતો રે ? ૪૪. શ્રુત૦.

---

પા૦૬૦ ૧. અભિલાપ. ભા૦ પા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે ઘટ પહિલાં–શ્યામભાવ છઇં, તે પછઇ–રાતો ભિન્ન જણાઈં છઈં, અનઇં–બિહું કાલિં–ઘટભાવઈં અભિન્ન જ જણાઇં છઇં. શ્યામઃ રક્તઃ અવસ્થાભેદઈં ઘટ એક જ છઈં, તો ઇહાં–વિરોધની વાત સી કહવી ? ૪૪.

હવઇ–આત્મદ્રવ્યમાંહિં ભેદાભેદનો અનુભવ દેખાડઈં છઈં–

૫

બાલભાવ જે પ્રાણી દીસઈં,
તરુણ ભાવ તે ન્યારો રે.
દેવદત્ત ભાવઈં તે એક જ,
અવિરોધઈં નિરધારો રે. ૪૫. શ્રુત૦.

બાલભાવઈં–બાલકપણે, જે પ્રાણી દીસઇ છઈં, તે તરુણ ભાવે ન્યારો કહતાં–ભિન્ન છઇં. અનઇં–દેવદત્તભાવઇં તે–મનુષ્ય-પણાનઈં પર્યાયઈં તે–એક જ છઈં. તો–એકનઇં વિષઈં–બાલઃતરુણઃ ભાવઈં–ભેદઃ દેવદત્તભાવઈં–અભેદઃ એ–અવિરોધે નિર્ધારો.

उक्तं च—
पुरिसम्मि पुरिससद्दो, जम्माई मरणकालपज्जंतो ।
तस्स उ बालाईया, पज्जवभेया बहुवियप्पा ॥ १ ॥
॥ सम्मतौ [ १. ३२. ] ४५

"ભેદ હોઇ, તિહાં–અભેદ ન હોઈ જ; ભેદ વ્યાપ્યવૃત્તિ છઇ, તે માટિં." એહવી પ્રાચીન નૈયાયિકની શંકા ટાલઈં છઈં—

૬

ધર્મભેદ જો અનુભવિ ભાસઈં,
ધર્મિભેદ નવિ કહિઈ રે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભિન્ન ધર્મના એક જ ધર્મી,

જડ ચેતન પણિ લહિઈં રે. ૪૬. શ્રુત૦.

"श्यामो न रक्तः-ઈહાં-શ્યામત્વઃ રક્તત્વઃ ધર્મનો ભેદ ભાસઇ છઈં, પણિ-ધર્મિ-ઘટનો, ભેદ ન ભાસઈ" ઈમ જો કહિઈં, તો-જડઃ ચેતનનો ભેદ ભાસઈં છઈં, તિહાં-જડત્વઃ ચેતનત્વઃ ધર્મનો જ ભેદ, પણિ-જડઃ ચેતન દ્રવ્યનો ભેદ નહીં ? ઈમ-અવ્યવસ્થા થાઇ. ધર્મીનો પ્રતિયોગિપણઈં ઉલ્લેખ તો બિહુ ઠામે સરખો છઈ. અનઇં-પ્રત્યક્ષસિદ્ધ-અર્થઈં બાધક તો અવતરઈં જ નહીં. ૪૬.

૭

ભેદાભેદ તિહાં પણિ કહતાં,

વિજય જઇન મત પાવઈં રે.

ભિન્ન રૂપમાં રૂપંતરથી,

જગિ અભેદ પણિ આવઈં રે. ૪૭. શ્રુત૦.

તિહાં-જડઃ ચેતનમાહિં, પણિ-ભેદાભેદ કહતાં જૈનનું મત વિજય પામઈ. જે માટઈં-ભિન્નરૂપ-જે જીવાજીવાદિકઃ તેહમાં, રૂપાંતર-દ્રવ્યત્વઃ પદાર્થત્વાદિકઃ, તેહથી-જગમાંહિં અભેદ પણિ આવઇ. એટલઈં-ભેદાભેદનઈં સર્વત્ર વ્યાપકપણું કહિઉં. ૪૭.

હિવઇં-એહ જ વિવરીનઈં દેખાડઈં છઈ—

૮

જેહનો ભેદ અભેદ જ તેહનો, રૂપંતરસંયુતનો રે.

---

પાઠા૦ ૧. "दिग्विजयेन विजयः" इत्युच्यते. પા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**રૂપંતરથી ભેદજ તેહનો, મૂલ હેતુ નય શતનો રે.**
**૪૮. શ્રુત૦.**

જેહનો ભેદ, તેહનો જ રૂપાંતરસહિતનો અભેદ હોઇ. જિમ–સ્થાસઃ કોશઃ કુશૂલઃ ઘટાદિકનો ભેદ છઇ, અનઇં–તેહજ–મૃદ્દ્રવ્યત્વવિશિષ્ટ અનર્પિત-સ્વપર્યાયનો અભેદ છઇ. તેહનો જ-રૂપાંતરથી ૧ભેદ હોઇ. જિમ–સ્થાસઃ કોશઃ કુશૂલાદિકવિશિષ્ટ–મૃદ્દ્રવ્યપણઇં તેહનો જ ભેદ હોઇ.

એ–ભેદઃ નઇં અભેદઃ છઇ, તે–સઇગમે નયનો મૂલ હેતુ છઇ. સાત નયના જે સાતસઇં ભેદ છઇ, તે એ રીતેં–દ્રવ્યઃ પર્યાયની અર્પણાઃ અનર્પણાઇં થાઇ. તે **શતારનયચક્રાધ્યયન**માહિં પૂર્વિં હુંતા. હવણાં–**દ્વાદશારનયચક્ર**માંહિ–વિધિઃ વિધિવિધિઃ, ઇત્યાદિ રીતિં એકેક નયમાંહિ ૧૨ઃ ૧૨ઃ ભેદ ઉપજંતા કહિયા છઇ. ૪૮.

જૈનમ્ જયતિ શાસનમ્

**ક્ષેત્રઃ કાલઃ ભાવાદિક યોગઇં,**
**થાઇ ભંગની કોડી રે.**
**સંખેપઇં [3]એ ઠામિં કહિઇં,**
**સપ્તભંગની જોડી રે. ૪૯. શ્રુત૦.**

દ્રવ્યાદિક વિશેષણઇં ભંગ થાઇં, તિમ–ક્ષેત્રાદિક વિશેષણઇં પણિ અનેક ભંગ થાઇ. તથા–દ્રવ્યઘટઃ સ્વ કરી વિવક્ષિઇં, તિવારઇં–ક્ષેત્રાદિક ઘટઃ પર થાઇ, ઇમ પ્રત્યેકઇં–**સપ્તભંગી** પણિ કોડીગમઇં નીપજઇં. તથાપિ–લોકપ્રસિદ્ધ જે–કંબુ-ગ્રીવાદિપર્યાયોપેત-

પાઠા૦ ૧. જભેદ ભા૦ ૨. ઉપાર્જવા પા૦ ૩. એક ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘટ છઇ, તેહનઇં જ–સ્વત્રેવડીનઇં સ્વરૂપઇં–અસ્તિત્વઃ પરરૂપઇં–નાસ્તિત્વઃ ઇમ લેઇ સપ્તભંગી દેખાડિઇં.

તથાહિ—

સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવાપેક્ષાઇં ઘટ છઇ જ ૧.

પરદ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવાપેક્ષાઇં નથી જ ૨.

એક વારઇં–ઉભય વિવક્ષાઇ અવક્તવ્ય જ, ૨. પૈર્યાય એક શબ્દઇં મુખ્યરૂપઇ ન કહેવાઇ જ ૩.

એક અંશ સ્વરૂપઇંઃ એક અંશ–પરરૂપઇઃ વિવક્ષિઇં, તિવારઇં–"છઇઃ નઇં નથીઃ" ૪.

એક અંશ–સ્વરૂપઇંઃ એક અંશ–યુગપત્–ઉભયરૂપઇં વિવક્ષીઇંઃ તિવારઇ–"છઇઃ અનઇં અવાચ્યઃ" ૫.

એક અંશ–પરરૂપઇંઃ એક અંશ-યુગપત્–ઉભયરૂપઇ વિવક્ષીઇંઃ તિવારઇ–"નથીઃ નઇં અવાચ્યઃ" ૬.

એક અંશ-સ્વરૂપઇંઃ એક પરરૂપઇંઃ એક યુગપત્–ઉભય રૂપઇ વિવક્ષીઇઃ તિવારઇં–"છઇઃ નથીઃ નઇં અવાચ્યઃ" ૭. ૪૯.

હવઇં–એ સપ્તભંગી ભેદાભેદમાં જોડીઇ છઇ—

૧૦

## પર્યાયારથ ભિન્નઃ વસ્તુ છઇં.

## દ્રવ્યારથઇં અભિન્નોઃ રે.

---

१ स्यादस्त्येव घटः १ स्यान्नास्त्येव २ स्यादवाच्य एव ३ स्यादस्त्येव नास्त्येव ४ स्यादस्त्येव स्यादवक्तव्य एव ५ स्यान्नास्त्येव स्यादवक्तव्य एव ६ स्यादस्त्येव स्यान्नास्त्येव स्यादव्यक्तव्य एव ७ इति प्रयोगः—અં૦ ટિપ્પણી.

પાઠા૦ ૧. અવાચ્ય, ૨. બે પર્યાય પાઠા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ક્રમઈં ઉભય નય જો અર્પી જઇ,**
**તો-ભિન્નઃ નઈં અભિન્નોઃ રે. ૫૦. શ્રુત૦.**

પર્યાયાર્થનયથી-સર્વ વસ્તુ દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ લક્ષણઈં કથંચિત્ ભિન્ન જ છઈં [૧]. દ્રવ્યાર્થનયથી-કથંચિત્ અભિન્ન જ છઇ. જે માટિં-ગુણઃ પર્યાયઃ દ્રવ્યનાજ આવિર્ભાવઃ તિરોભાવઃ છઇ[૨]. અનુક્રમઇ જો-૨. નય-દ્રવ્યાર્થિકઃ પર્યાયાર્થિકઃ અર્પીઇ, તો-કથંચિત્ ભિન્નઃ કથંચિત્ અભિન્નઃ કહિઈં [૩]. ૫૦

૧૧

**જો એકદા ઉભય નય ગહિઈં,**
**તો અવાચ્યઃ તે લહિઈં રે.**
**એકઇં શબ્દઈં એક જ વારઈં,**
**દોઇ અર્થ નવિ કહિઈં રે. ૫૧. શ્રુત૦.**

जैन साईट JAINSITE.com

જો-એકવાર ૨. નયના અર્થ વિવક્ષિઈં, તો તે અવાચ્ય લહિઈં, જે માટિં-એક શબ્દઈં એકવારઈં-૨. અર્થ ન કહિયા જાઈ. સંકેતિત શબ્દ પણિ એક જ સંકેતિત રૂપ કહઇ, પણિ-૨.રૂપ સ્પષ્ટ ન કહી સકઈં. પુષ્પદંતાદિક શબ્દ પણિ એકોક્તિ ચંદ્રઃ સૂર્યઃ કહઈં, પણિ-ભિન્નોક્તિ ન કહી સકઈ. અનઈં-૨.નયના અર્થ મુખ્યપણઈં તો ભિન્નોક્તિં જ કહવા ઘટઈં. ઇત્યાદિક યુક્તિ શાસ્ત્રાન્તરથી જાણવી. [૪].

૧૨

**પર્યાયારથ કલ્પન, ઉત્તર-**
**ઉભય વિવક્ષા સંધિ રે.**

---

પાઠા૦ ૧. વિચારઇ; તો હૈ પણિ અર્થ વિચારણાઇ વિવક્ષા ભેદ જાણવાં. પા૦ ૨. અણકહિવા યોગ્ય તે અવાચ્ય કહિઇ, એક શબ્દે૦ પા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભિન્ન અવાચ્ય વસ્તુ તે કહિઈ,
સ્યાત્કારનઈ બંધિ રે. ૫૨. શ્રુત૦.

પ્રથમઃ-પર્યાયાર્થ કલ્પના, પછઇઃ-દ્રવ્યાર્થ કલ્પનાઃ વિચારતાં-ઈમ-વિવક્ષાઈં, એકદા ઉભયનયાર્પણા કરિઈં, તિવારઈં-ભિન્નઃ અવક્તવ્ય કથંચિત્ઃ ઇમ કહિઈં. [૫]. ૫૨.

૧૩

દ્રવ્યારથઃ નઈં ઉભય ગ્રહિયાથી,
અભિન્નઃ તેહ અવાચ્યોઃ રે. .
ક્રમઃ યુગપતઃ નય ઉભયઃ ગ્રહિયાથી,
ભિન્નઃ અભિન્નઃ અવાચ્યોઃ રે. ૫૩. શ્રુત૦.

jainsite.com

પ્રથમઃ-દ્રવ્યાર્થકલ્પના, પછઈઃ-એકદા ઉભયનયાર્પણા કરિઇં, તિવારઈં-કથંચિત્ અભિન્નઃ અવક્તવ્યઃ ઈમ કહિઈં. [૬]. અનુક્રમઇ-૨.નયની પ્રથમ અર્પણાઃ પછઈં-૨.નયની એકવાર અર્પણા કરિઈં, તિવારઈ-કથંચિત્ ભિન્નઃ અભિન્નઃ અવક્તવ્યઃ ઇમ કહિઈં. [૭]. એ ભેદાભેદ પર્યાયમાંહિ સપ્તભંગી જોડી. ઇમ-સર્વત્ર જોડવી. ૫૩.

શિષ્ય પુછઈ છઈં-" જિહાં-૨.જ નયના વિષયની વિચારણા હોઇ, તિહાં-એક એક ગૌણ-મુખ્યભાવઈં સપ્તભંગી થાઓ, પણિ-જિહાં-પ્રદેશઃ પ્રસ્થકાદિ વિચારઈં સાતઃ છઃ પાંચઃ પ્રમુખ નયના ભિન્ન ભિન્ન વિચાર હોઇ, તિહાં-અધિક ભંગ થાઇ, તિવારઈં-સપ્તભંગીનો નિયમ કિમ રહઇ ?"

પાઠા૦ ૧. ભિન્ન-તે જુદો. ૨. અ૦વક્તવ્ય-કહવાયોગ્ય નહીં. પા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુ કહઇ છઇ–" તિહાં પણિ–એક નયાર્થનો મુખ્યપણઇં વિધિ, બીજા સર્વનો નિષેધ, ઈમ લેઇ પ્રત્યેકિં અનેક સપ્તભંગી કીજઇ. "

અહ્મે તો ઈમ જાણું છું " **सकलनयार्थप्रतिपादकतात्पर्याधिकरणवाक्यं प्रमाणवाक्यम्** " એ લક્ષણ લેઇનઇં, તેહવે ઠામે–સ્યાત્કારલાંછિત સકલનયાર્થ–સમૂહાલંબન એકભંગઇ પણિ નિષેધ નથી. જે માટિં–વ્યંજનપર્યાયનઇં ઠામિં–૨ ભંગઇં પણિ અર્થસિદ્ધિ **સમ્મતિ**નઇં વિષઇં દેખાડી છઇ. **तथा च तद्गाथा—**

**एवं सत्त-विअप्पो, वयण-पहो होइ अत्थ-पज्जाए ।**
**वंजण-पज्जाए पुण, स-विअप्पो णि-व्विअप्पो य ॥ १ ॥**

**એહનો અર્થ**—**એવં**–પૂર્વોક્ત પ્રકારઇં, **સપ્ત-વિકલ્પ**–સપ્ત-પ્રકાર **વચનપંથ**–સપ્તભંગીરૂપવચનમાર્ગઃ તે–**અર્થ**-પર્યાયે–અસ્તિત્વ–નાસ્તિત્વાદિકનઇં વિષઇ હોઇ, **વ્યંજનપર્યાય**–જે ઘટ-કુંભાદિશબ્દવાચ્યતા, તેહનઇં વિષઇં–**સવિકલ્પ**–વિધિરૂપઃ **નિર્વિ-કલ્પ** નિષેધરૂપઃ એ ૨. જ ભાંગા હોઇ. પણિ–અવક્તવ્યાદિ ભંગ ન હોઇ, જે માટિં–**અવક્તવ્ય** શબ્દવિષય કહિઇં તો વિરોધ થાઇ. અથવા **સવિકલ્પઃ** શબ્દ–સમભિરૂઢનયમતઇં, અનઇં–**નિર્વિકલ્પઃ** એવંભૂતનયમતઇં, ઈમ ૨. ભંગ જાણવા. અર્થનય પ્રથમ ૪. તો વ્યંજનપર્યાય માનઇં નહી, તે માટઇં–તે નયની ઈહાં પ્રવૃત્તિ નથી. અધિકું **अनेकान्तव्यवस्था**થી જાણવું—

**तदेवमेकत्र विषये प्रतिस्वमनेकनयविप्रतिपत्तिस्थले स्यात्कार-लाञ्छिततावन्नयार्थप्रकारकसमूहालम्बनबोधजनक एक एव भङ्ग एष्टव्यः, व्यञ्जनपर्यायस्थले भङ्गद्वयवद् । यदि च–सर्वत्र सप्तभङ्गीनि-यम एव आश्वासः, तदा–चालनीयन्यायेन तावन्नयार्थनिषेधबोधको**

પાઠા૦ ૧. પયાર્યા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

द्वितीयोऽपि भङ्गः, तन्मूलकाश्चान्येऽपि तावत्कोटिकाः पंच-भङ्गाश्च कल्पनीयाः, इत्थमेव निराकाङ्क्षसकलभङ्गनिर्वाहाद्, इति युक्तं पश्यामः।

એ વિચાર સ્યાદ્વાદપંડિતઈં સૂક્ષ્મ બુદ્ધિં ચિત્તમાંહિ ધારવો. ૫૩.

ફલિતાર્થ કહઈછઈ—

૧૪

સપ્તભંગ એ દૃઢ અભ્યાસી
જે પરમારથ દેખઈ રે.
જસ કીરતિ જગિ વાધઈ તેહની,
જઇન ભાવ તસ લેખઈ રે. ૫૪.
શ્રુતધર્મઈં મન દૃઢ કરી રાખો,
જિમ શિવસુખફલ ચાખો રે.

એ—કહિયા જે સપ્તભંગ, તે દૃઢ અભ્યાસ—સકલાદેશઃ વિકલાદેશઃ નયસપ્તભંગઃ પ્રમાણસપ્તભંગઃ ઇત્યાદિ ભેદઈ ઘણો અભ્યાસ કરી, જે પરમાર્થ દેખઇ—જીવાજીવાદિ પરમાર્થ—રહસ્ય સમજઈ, તેહની યશ કીર્તિ વાધઈ. જે માટઈ—સ્યાદ્વાદપરિજ્ઞાનઈં જ જૈનનઈં તર્કવાદનો યશ છઇ. અનઈં—જૈનભાવ પણિ તેહનો જ લેખઈ; જે માટિં—નિશ્ચયથી સમ્યક્ત્વ સ્યાદ્વાદપરિજ્ઞાનેં જ છઇ. ૫૪.

उक्तं च सम्मतौ—

चरण-करण-प्पहाणा, स-समय-पर-समय-मुक्क-वावारा।
चरण-करणस्स सारं, णिच्छय-सुद्धं ण याणंति ॥ ३. ६७ ॥

---

પા૦ ૨. भङ्ग-प्रतिपत्ति-निर्वा० પા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ ચોથઇ ઢાલઈં-ભેદાભેદ દેખાડ્યો, અનઇં-સપ્તભંગીનું સ્થાપન કરિઉં.

હિવઈં પાંચમઇં ઢાલઈં-નય-પ્રમાણ વિવેક કરઇ છઈ—

ઢાલ-૫ મી.

[ આદિ જિણંદ મયાકરો-એ દેશી. ]

૧

**એક અરથ ત્રયરૂપ છઈં,**
**દેખ્યો ભલઈં પ્રમાણઈં રે.**
**મુખ્યવૃત્તિ ઉપચારથી,**
**નયવાદી પણિ જાણઈં રે. ૫૫**
**ગ્યાનદૃષ્ટિં જગ દેખિઈં. આંકણી.**

**એક અર્થ** ઘટ-પટાદિકઃ જીવ-અજીવાદિકઃ **ત્રય રૂપ** કહતાં-દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ રૂપ છઈ. જે માટિં-ઘટાદિકઃ મૃત્તિકાદિરૂપઈં-દ્રવ્ય, ઘટાદિરૂપઈં-સજાતીયદ્રવ્યપર્યાય, રૂપ-રસાદ્યાત્મકપણઈં-ગુણ. ઇમ-જીવાદિકમાં જાણવું. એહવું **પ્રમાણઇ**-સ્યાદ્વાદ વચનઈં દેખ્યું. જે માટિં-પ્રમાણઇ-સપ્તભંગાત્મકઇં ત્રયરૂપપણું મુખ્યરીતિં જાણિઈં. **નયવાદી** જે એકાંશવાદી, તે પણિ-મુખ્યવૃત્તિંઃ અનઈં-ઉપચારઇંઃ એક અર્થનઈં વિષઇં ત્રયરૂપપણું જાણઈં. યદ્યપિ-નયવાદીનઇં એકાંશવચનઈં શક્તિં એકજ અર્થ કહિઇં, તો પણિ-લક્ષણારૂપ ઉપચારઈં બીજા ૨ અર્થ પણિ જાણિઇં. "એકદા વૃત્તિદ્વય ન હોઇ" એ પણિ-તંત* નથી; "गङ्गायां मत्स्यघोषौ" ઇત્યાદિ

---

* सिद्धान्तः, इत्यर्थः

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થાનિં જે માટિ ૨ વૃત્તિં પણિ માની છઇ. ઈહાં પણિ–મુખ્ય–અમુખ્યપણઇં: અનંતધર્માત્મક વસ્તુ જણાવવાનઇં પ્રયોજનઇં: એક નય શબ્દની ૨ વૃત્તિ માનતાં વિરોધ નથી.

અથવા, નયાત્મક શાસ્ત્રઇં–ક્રમિકવાક્યદ્વયઇં પણિ એ અર્થ જણાવિઇં.

અથવા "एकबोधशाब्दे एकबोध आर्थः". ઈમ–અનેક ભંગ જાણવા.

ઇમ–ગ્યાનદૃષ્ટિં જગના ભાવ દેખિઇં. ૫૫.

કહિઓ અર્થ તેહજ સ્પષ્ટપણઇં જણાવઇં છઇં—

૨

**મુખ્યવૃત્તિ દ્રવ્યારથો,**
**તાસ અભેદ વખાણઇં રે.**
**ભેદ પરસ્પર એહનો,**
**તે ઉપચારઇં જાણઇં રે. ૫૬. ગ્યાન૦.**

**મુખ્ય વૃત્તિ** કહતાં–શક્તિં શબ્દાર્થ કહતો, જે દ્રવ્યાર્થનય, તે. **તાસ** કહતાં–દ્રવ્ય: ગુણ:પર્યાયનઇં અભેદ વખાણઇં; જે માટઇં–ગુણપર્યાયાભિન્ન મૃદ્દ્રવ્યાદિકનઇં વિષયઇં[2] ઘટાદિપદની શક્તિ છઇં. **એહનો પરસ્પર** કહતાં–માંહોમાહિં, **ભેદ** છઇ, **તે ઉપચાર** કહિતાં–લક્ષણાઇં જાણઇ; જેમાટિં–દ્રવ્યભિન્નકંબુગ્રીવાદિપર્યાયનઇં વિષઇં તે ઘટાદિપદની લક્ષણા માનઇં. મુખ્યાર્થબાધઇં: મુખ્યાર્થસંબંધઇં: તથાવિધવ્યવહારપ્રયોજન અનુસરી: તિહાં–લક્ષણાપ્રવૃત્તિ દુર્ઘટ નથી. ૫૬.

---

પાઠા૦ ૧. एकबोधशाब्दे एकबोध अर्थ–પા૦ ૨. વિષયઘટા૦ ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩

મુખ્યવૃત્તિ સવિ લેખવઈ,
પર્યાયારથ ભેદઈ રે.
ઉપચારઇં અનુભવબલઇં,
માનઇં તેહ અભેદઇં રે. ૫૭. ગ્યાન૦.

ઇમ—પર્યાયાર્થનય મુખ્યવૃત્તિથકો સર્વ-દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ ભેદઈ લેખવઈ, જે માટઇં—એ નયનઈં મતઇં: મૃદાદિપદનો દ્રવ્ય અર્થ, રૂપાદિપદનો ગુણ જ, ઘટાદિપદનો કંબુગ્રીવાદિ પર્યાય જ. તથા— ઉપચારઇં લક્ષણાઇં કરી અનુભવનઇં બલઇં: તે અભેંદઇં: માનઇં. "ઘટાદિ મૃદ્દ્રવ્યાદ્યભિન્ન જ છઇ" એ પ્રતીતિ ઘટાદિપદની મૃદાદિદ્રવ્યનઈં વિષઇં લક્ષણા માનિઈ; એ પરમાર્થ. ૫૭.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

૪

હોઇ ધર્મ નય જે ગ્રહઇં,
મુખ્ય અમુખ્ય પ્રકારો રે.
તે અનુસારઇં કલ્પિઇં,
તાસ વૃત્તિ ઉપચારો રે. ૫૮. ગ્યાન૦.

બેહુ ધર્મ—ભેદ—અભેદ પ્રમુખ, જે નય—દ્રવ્યાર્થિકઃ અથવા પર્યાયાર્થિકઃ ગ્રહઇં—ઊહાખ્યપ્રમાણઇં ધારઇં, મુખ્ય—અમુખ્યપ્રકારઈ—સાક્ષાત્ સંકેતઇં: તથા વ્યવહિત સંકેતઇં: તે નયની વૃત્તિ, અનઇં—તે નયનો ઉપચાર કલ્પિઈ.જિમ—ગંગાપદનો સાક્ષાત્ સંકેત પ્રવાહરૂપ અર્થનઈં વિષયઈ છઈ; તે માટઈ—પ્રવાહઇં શક્તિ; તથા—ગંગાતીરઇં ગંગાસંકેત વ્યવહિત સંકેત છઈ, તેમાટઇં—ઉપચાર. તિમ—દ્રવ્યાર્થિકનયનો સાક્ષાત્ સંકેત અભેદઇં છઇં; તેમાટઈ—તિહાં

–શક્તિભેદઈ વ્યવહિત સંકેત છઈ, તેમાટઈ–ઉપચાર. ઈમ–પર્યાયાર્થિકનયની પણિ શક્તિઃ ઉપચારઃ, ભેદઃ અભેદનઈ વિષયઈ જોડવા. ૫૮.

કોઈક કહઈ છઈ, જે–" એક નય એક જ વિષય ગ્રહઈ, બીજા નયનો વિષય ન ગ્રહઈ" તે દૂષઈ છઈ—

૫

**ભિન્ન વિષય નયગ્યાનમાં,**
**જો સર્વથા ન ભાસઈં રે.**
**તો સ્વતંત્ર ભાવઈં રહઈ,**
**મિથ્યાદૃષ્ટિ પાસઈં રે. ૫૯. ગ્યાન૦.**

જો–નયજ્ઞાનમાંહિં, ભિન્ન વિષય કહતાં–નયાંતરનો મુખ્યાર્થ, સર્વથા કહતાં–અમુખ્યપણઈં પણિ, ન ભાસઇ; તો સ્વતંત્ર ભાવઈ–સર્વથા નયાંતરવિમુખપણઇં, મિથ્યાદૃષ્ટિ પાસઇ–રહઇ, એટલઈ–દુર્નય થાઈ, પણિ સુનય ન થાઇં; ઇમ–જાણવું. ૫૯.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૬

**એહ વિશાષાવશ્યકઇં**
**સમ્મતિમાં પણિ ધારો રે.**
**ઇમ નયથી સવિ સંભવઈ,**
**ભેદ–અભેદુર્પચારો[1] રે. ૬૦. ગ્યાન૦.**

એહ અર્થ **વિશેષાવશ્યકઇં**, તથા–**સમ્મતિ**માંહિં છઈ. ઈમ–ધારો. ગાથા—

**दोहि वि णयेहि णोअं, सत्थमुलूएण तह वि मिच्छत्तं ।**
**जं सविसयप्पहाणत्तणेण अण्णुण्णनिरवेक्खा ॥ २१९६ ॥**

---

૧ પાઠા૦ અભેદ ઉપચારો રે. **ભા૦** મૂળ.

**स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः, इति सुनयलक्षणम् । स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः; इति दुर्नयलक्षणम् ।**

ઈમ—**નયથી**—નયવિચારથી, ભેદઃ અભેદઃ ગ્રાહ્ય વ્યવહાર **સંભવઇ**. તથા—નયસંકેતવિશેષથીઃ ગ્રાહકવૃત્તિવિશેષરૂપ ઉપચાર પણિ સંભવઇ. તે માટઈ—ભેદઃ અભેદઃ તે મુખ્યપણઇં પ્રત્યેકનયવિષયઃ મુખ્યમુખ્યપણઈં ઉભયનયવિષયઃ ઉપચાર—તે મુખ્યવૃત્તિની પરિં નયપરિકર પણિં વિષય નહીં. એ સમો માર્ગ **શ્વેતામ્બરપ્રમાણશાસ્ત્રસિદ્ધ** જાણવો. ૬૦.

૭

**છાંડી મારગ એ સમો,**

**ઉપનય મુખ જે કલ્પઈ રે.**

**તેહ પ્રપંચ પણિ—જાણવા**

**કહઈ, તે જિમ જલ્પઈ રે ૬૧. ગ્યાન૦.**

એ સમો માર્ગ છાંડી કરીનઈં, જે—દિગંબર બાલ-ઉપચારાદિ ગ્રહવાનઈં કાજિ ઉપનય પ્રમુખ કલ્પઇ છઈ, તે પ્રપંચ-શિષ્યબુદ્ધિબંધનમાત્ર. પણિ—સમાનતંત્ર સિદ્ધાંત છઈ, તેમાટઈ—જાણવાનઇં કાજિં કહિઇં; જિમ—તે જલ્પઈ છઈ—સ્વપ્રક્રિયાઈં બોલઈ છઈ. ૬૧.

૮

**નવ નય, ઉપનય તીન છઈ,**

**તર્કશાસ્ત્ર અનુસારો રે.**

**અધ્યાત્મવાચઈં વલી,**

**નિશ્ચયઃ નઈં—વ્યવહારોઃ રે. ૬૨. ગ્યાન૦.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેહનઈં મતઇં--તર્કશાસ્ત્રનઈં અનુસારઈં: નવ નયઃ અનઇં--ત્રણિ ઉપનયઃ છઈં. તથા--અધ્યાત્મ વાચઈં--અધ્યાતમ શૈલીઈં: નિશ્ચયનયઃ વ્યવહારનયઃ ઇમ--૨. જ નય કહિઇં. ૬૨.

૯

**પહિલો દ્રવ્યારથ નયો, દસ પ્રકાર તસ જાણો રે.**
**શુદ્ધ અકર્મોપાધિથી, દ્રવ્યાર્થિક ધુરિ આણો રે.**
**૬૩. ગ્યાન૦.**

દ્રવ્યાર્થનય ૧: પર્યાયાર્થનય ૨: નૈગમનય ૩: સંગ્રહનય ૪: વ્યવહારનય ૫: ઋજુસૂત્રનય ૬: શબ્દનય ૭: સમભિરૂઢનય ૮: એવંભૂતનય ૯: એ--નવ નયનાં નામ. તિહાં-પહિલો દ્રવ્યાર્થિકનયઃ-તેહના દસ પ્રકાર જાણવા. તે દ્રવ્યાર્થિકનયના દસભેદમાંહિ--ધુરિ કહતાં પહિલાં, અકર્મોપાધિથી શુદ્ધ દ્રવ્યાર્થિક મનમાંહિ આણો. "કર્મોપાધિરહિતઃ શુદ્ધદ્રવ્યાર્થિકઃ" એ પ્રથમ ભેદ. ૬૩.

એહનો વિષય દેષાડઇં છઈ—

૧૦

**જિમ-સંસારી પ્રાણિઆ,**
**સિદ્ધસમોવડિ ગણિઇં રે.**
**સહજભાવ આગલિં કરી,**
**ભવપર્યાય ન ગણિઇં રે. ૬૪. ગ્યાન૦.**

જિમ--સંસારી પ્રાણિયા સર્વ સિદ્ધસમાન ગણિઈં. સહજભાવ--જે શુદ્ધાત્મસ્વરૂપ, તે આગલિં કરીનઇં. તિહાં--ભવપર્યાય જે--સંસારના ભાવ, તે ન ગણિઈં--તેહની વિવક્ષા ન કરીઈં. એ અભિપ્રાયઈં--દ્રવ્યસંગ્રહઇં કહિઉં છઈ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मग्गण-गुणठाणेहिं य चउ-दसहिं हवंति तह असुद्ध-णया ।
विण्णेया संसारी, सव्वे सुद्धा हु सुद्ध-णया ॥ १२ ॥

૧૧

ઉત્પાદ-વ્યયગૌણતા,
સત્તામુખ્યજ બીજઈ રે.
ભેદ શુદ્ધ-દ્રવ્યારથિં,
દ્રવ્ય નિત્ય જિમ લીજઈ રે. ૬૫. ગ્યાન૦.

ઉત્પાદ ૧ઃ નઈં વ્યય ૨ઃની ગૌણતાઈ, અનઇં-સત્તામુખ્યતાઈ બીજો ભેદ-શુદ્ધદ્રવ્યાર્થનો જાણવો. " उत्पादव्ययगौणत्वेन सत्ता-ग्राहकः शुद्धद्रव्यार्थिकः " એ બીજો ભેદ.

એહનઈં મતિં-દ્રવ્યઃ નિત્ય લીજઈ, નિત્યઃ તે-ત્રિકાલઈં અવિ-ચલિતરૂપઃ સત્તા મુખ્ય લેતાં એ ભાવ સંભવઇં. પર્યાય પ્રતિક્ષણપ-રિણામી છઇં, તો પણિ-જીવ-પુદ્ગલાદિદ્રવ્યસત્તા કદાપિ ચલતી નથી. ૬૫.

૧૨

ત્રીજો-શુદ્ધ દ્રવ્યારથો,
ભેદકલ્પનાહીનો રે.
જિમ-નિજગુણ-પર્યાયથી,
કહિઈં દ્રવ્ય અભિન્નો રે. ૬૬. ગ્યાન૦.

ત્રીજો ભેદઃ ભેદકલ્પનાઈં હીન-શુદ્ધદ્રવ્યાર્થ. " भेदकल्पना-रहितः शुद्धद्रव्यार्थिकः" इति तृतीयो भेदः જિમ-એક જીવ-પુદ્ગલા-દિક દ્રવ્ય નિજગુણપર્યાયથી અભિન્ન કહિઇં. ભેદ છઇં, પણિ-તેહની અર્પણા ન કરી, અભેદની અર્પણા કરી; તે માટિં-અભિન્ન. એ-૩ ભેદઃ શુદ્ધ. ૬૮.

૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

१३

**અશુદ્ધ કર્મોપાધિથી,**

**ચોથો એહનો ભેદો રે.**

**કર્મભાવમય આતમા,**

**જિમ ક્રોધાદિક વેદો રે ૬૭. ગ્યાન૦.**

**ચોથો એહનો**–દ્રવ્યાર્થિકનો ભેદઃ કર્મોપાધિથી અશુદ્ધ કહવો. " **कर्मोपाधिसापेक्षोऽशुद्धद्रव्यार्थिकः** " इति चतुर्थो भेदः ।

**જિમ–ક્રોધાદિક-કર્મ-ભાવમય આતમા વેદો** છો-જાણો છો જિવારઇ–જે દ્રવ્ય, જે ભાવઈ પરિણમઈ, તિવારઇં–તે દ્રવ્ય, તન્મય કરિ જાણવું. જિમ–લોહ અગ્નિપણઇ પરિણમિઉં, તે કાલિ–લોહ અગ્નિરૂપ કરી જાણવું. ઈમ–ક્રોધમોહનીયાદિકર્મોદયનઇં અવસરઇં ક્રોધાદિભાવપરિણત આત્મા ક્રોધાદિરૂપ કરી જાણવો. अत एव–આઠ આતમાના ભેદ સિદ્ધાંતમાં પ્રસિદ્ધ છઇ.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

१४

**તે અશુદ્ધ વલી પાંચમો,**

**વ્યય–ઉતપતિસાપેખો રે.**

**ઉત્પાદઃ વ્યયઃ ધ્રુવઃ–એકઇં**

**સમઇં દ્રવ્ય જિમ પેખો રે. ૬૮. ગ્યાન૦.**

તે દ્રવ્યાર્થિક ભેદ **પાંચમોઃ** વ્યય-ઉત્પત્તિસાપેક્ષ જાણવો. " **उत्पादव्ययसापेक्षसत्ताग्राहकोऽशुद्धद्रव्यार्थिकः** " पञ्चमः ।

જિમ–એક સમયઇં [1]દ્રવ્ય–ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઃ રૂપ કહિઇં.જે કટકાદ્યુત્પાદસમય, તેહજ કેયૂરાદિવિનાશસમય; અનઈ–કનકસત્તા તો અવર્જનીય જ છઈ.

---

પાઠા૦ ૧. દ્રવ્ય ઉત્પાદ સમયે. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" एवं सति--त्रैलक्षण्यग्राहकत्वेनेदं प्रमाणवचनमेव स्यात्, न तु नयवचनम्" इति चेत् ? "न, मुख्य-गौण--भावेनैवानेन नयेन त्रैलक्षण्यग्रहणात्, मुख्यतया स्वस्वार्थग्रहणे नयानां सप्तभङ्गीमुखेनैव व्यापारात् ।"

૧૫

ગ્રહત ભેદની કલ્પના,

છટ્ઠો તેહ અશુધ્ધો રે.

જિમ-આતમના બોલિઈં,

જ્ઞાનાદિક ગુણ શુધ્ધો રે. ૬૯. ગ્યાન.

ભેદની કલ્પના ગ્રહતો છઠો: અશુદ્ધ દ્રવ્યાર્થિક જાણવો. જિમ-જ્ઞાનાદિક શુદ્ધ ગુણ આત્માના બોલિઇ. ઇહાં-ષષ્ઠી વિભક્તિ ભેદ કહિઇં છઇ, "भिक्षोः पात्रम्" इति वत्. અનઇં-ભેદ તો ગુણ-ગુણિનઇ છઈ નહીં. भेदकल्पना सापेक्षोऽशुद्धद्रव्यार्थिकः" षष्ठः । ૬૯.

૧૬

અન્વયદ્રવ્યાર્થિક કહિઓ,

સપ્તમ એક સ્વભાવો રે.

દ્રવ્ય એક જિમ ભાષિઇં,

ગુણ-પર્યાયસ્વભાવો રે. ૭૦. ગ્યાન૦.

સાતમો અન્વયદ્રવ્યાર્થિક કહિઓ, જે-એક સ્વભાવ બોલઇ. જિમ-એક જ દ્રવ્ય-ગુણઃ પર્યાયઃ સ્વભાવ કહિઇં. ગુણઃ પર્યાયનઈં વિષયઈં દ્રવ્યનો અન્વય છઇ. अत एव-દ્રવ્ય જાણિં, દ્રવ્યાર્થાદેશઇં " તદનુગત સર્વ-ગુણઃ પર્યાયઃ જાણ્યા" કહિઇં. જિમ-સામાન્ય પ્રત્યાસત્તિ પરવાદી " સર્વ વ્યક્તિ જાણી " કહઈ, તિમ-ઈહાં જાણવું. " अन्वयद्रव्यार्थिकः सप्तमः " । ૭૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭

સ્વદ્રવ્યાદિક ગ્રાહકો,

ભેદ આઠમો ભાખ્યો રે

સ્વદ્રવ્યાદિક ચ્યારથી.

છતો અરથ જિમ દાખ્યો રે. ૭૧. ગ્યાન૦

સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક આઠમો ભેદ ભાષિઓ. જિમ-અરથ-ઘટાદિક, સ્વદ્રવ્યઃ સ્વક્ષેત્રઃ સ્વકાલઃ સ્વભાવઃ એ ૪ થી છતો કહિઓ. સ્વ-દ્રવ્યથી-મૃત્તિકાંઈ, સ્વ-ક્ષેત્રથી-પાટલિપુત્રાદિકઇં, સ્વ-કાલથી-વિવક્ષિત કાલઇં, સ્વ-ભાવથી-રકતતાદિક ભાવઇ જ ઘટાદિકની સત્તા પ્રમાણસિદ્ધ છઈ. " स्वद्रव्यादिग्राहको द्रव्यार्थिकः अष्टमः " ૭૧.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧૮

પરદ્રવ્યાદિકગ્રાહકો,

નવમ ભેદ તેમાંહી રે.

પરદ્રવ્યાદિક ચ્યારથી,

અર્થ છતો જિમ નાંહી રે. ૭૨. ગ્યાન૦.

તેમાંહિં-દ્રવ્યાર્થિકમાંહિ, પર-દ્રવ્યાદિ ગ્રાહક નવમો ભેદ કહિઓ છઈ. જિમ-અર્થ ઘટાદિક, પર-દ્રવ્યાદિક ૪ થી છતો નહીં. પર-દ્રવ્ય-તંતુપ્રમુખઃ તેહથી--ઘટ અસત્ કહીઇં, પર-ક્ષેત્ર-જે કાશીપ્રમુખઃ તેહથી, પર-કાલ-અતીતઃ અનાગતઃ કાલઃ તેહથી, પર-ભાવથી--કાલાદિક ભાવઇં વિવક્ષિત વિષયઇં અછતા પર્યાયઃ તેહથી. " परद्रव्यादिग्राहको द्रव्यार्थिको नवमः " । ૭૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૯

**પરમભાવગ્રાહક કહિઓ,**

**દસમો જસ અનુસારો રે.**

**ગ્યાનસ્વરૂપી આતમા,**

**ગ્યાન સર્વમાં સારો રે. ૭૩. ગ્યાન૦**

**દસમો** દ્રવ્યાર્થિક **પરમભાવગ્રાહક કહિઓ,** જે નયનઈં અનુસારઈ—આત્મા જ્ઞાનસ્વરૂપ કહિઈં છઇ. દર્શનઃ ચારિત્રઃ વીર્યઃ લેશ્યાદિકઃ આત્માના અનંતગુણ છઈ. પણિ--**સર્વમાં જ્ઞાન સાર**—ઉત્કૃષ્ટ છઇ. અન્યદ્રવ્યથી આત્માનઈં ભેદ જ્ઞાનગુણઈ દેખાડિઇં છઈ, તે માટિં--શીઘ્રોપસ્થિતિકપણઇં આત્માનો જ્ઞાન તે પરમભાવ છઈ. ઇમ--બીજાઇં દ્રવ્યના **પરમભાવ--**અસાધરણ ગુણ લેવા. " **परम-भावग्राहको द्रव्यार्थिकः** " **दशमः** । ૭૩.

JAINSITE.com जैन साइट जैनम् जयति शासनम्

---

[1]ઢાલ—૬ ઠ્ઠી.

[ તુંગિયા ગિરિ સિહર **સોહે—એ દેશી.**[2] ]

૧

**ષટ ભેદ નય પર્યાયઅરથો,**

**પહિલો અનાદિક નિત્ય રે.**

**પુદ્ગલતણા પર્યાય કહિઈં,**

**જિમ—મેરુગિરિમુખ નિત્ય રે. ૭૪.**

---

પાઠા૦ ૧. હવેં આગલિ ઢાલ—છ ભેદ જે પર્યાયાર્થિકના, તે દેખાડઇ છઇ. ૨. એકવાર દર્શન આપી ગુરુજી. **એ દેશી૦ પાલિ૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨

બહુભાંતિ ફઈલી જઇન શઈલી,
સાચલૂં મનિ ધારિ રે.
ખોટડૂં જે કાંઇ જાણઇ,
તિહાં ચિત્ત નિવારિ રે. ૭૫. બહુ૦.

પર્યાયાર્થનય ૭ ભેદ જાણવો. તિહાં-પહલો અનાદિ નિત્ય શુદ્ધપર્યાયાર્થિક કહિઇં. જિમ-પુદ્ગલનો પર્યાય મેરુપ્રમુખ, પ્રવાહથી અનાદિ, નઈ નિત્ય છઈ. અસંખ્યાતકાલઇં--અન્યાન્યપુદ્ગલ સંક્રમઇં, પણિ--સંસ્થાન તેહજ છઈ. ઇમ--રત્નપ્રભાદિક પૃથ્વીપર્યાય પણિ જાણવા.

ઘણઇં પ્રકારઇં જૈનશૈલી ફઇલી છઇ. દિગમ્બરમત પણિ જૈનદર્શન નામ ધરાવી, એહવી નયની અનેક શૈલી પ્રવર્તાવઇ છઈ. તેહમાંહિં--વિચારતાં જે સાચું હોઈ, તે મનમાંહિં ધારિઇ. તિહાં-જે કાંઈ ખોટું જાણઇં, તે ચિત્તમાંહિં ન ધરઇ. પણિ--શબ્દફેરમાત્રઇં દ્વેષ ન કરવો, અર્થ જ પ્રમાણ છઈ. ૭૫

૩

સાદિનિતિ[1] પર્યાય અરથો,
જિમ સિદ્ધનો પજાઉ રે.
ગહઈ શુદ્ધ અનિત્ય સત્તા,
ગૌણ વ્યય ઉપ્પાઉ રે. ૭૬. બહુ૦.

---

[1] નિત્ય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાદિ નિત્યઃ શુદ્ધપર્યાયાર્થનય બીજો ભેદ ૨, જિમ–સિદ્ધનો પર્યાયઃ તેહની આદિ છઇ, કર્મક્ષય સર્વ થયો તિવારઇં–સિદ્ધપર્યાય ઊપનો, તેવતી. પણિ–તેહનો અંત નથી, જે માટિં–સિદ્ધભાવ સદાકાલ છઈ. એ રાજપર્યાય સરખો સિદ્ધ દ્રવ્યપર્યાય ભાવવો. સત્તાગૌણત્વઈં ઉત્પાદ--વ્યયગ્રાહક અનિત્ય શુદ્ધપર્યાયાર્થિક કહિઈં. ૭૬.

૪

જિમ-સમયમઈં પર્યાય નાશી,
છતિં ગહત નિત્ય અશુદ્ધ રે
એક સમઈં યથા પર્યય,
ત્રિતયરૂપઈં રુદ્ધ રે. ૭૭. બહુ૦.

જિમ–એક સમયમધ્યે પર્યાય વિનાશી છઈ, ઈમ કહિઈં. ઈહાં--નાશ કહતાં--ઉત્પાદઈ આવ્યો, પણિ-ધ્રુવતાઃ તે ગૌણ કરી દેખાડીઈ નહીં. છતિં કહતાં–સત્તા, તે ગ્રહતો નિત્યઅશુદ્ધપર્યાયાર્થિક કહિઈં. જિમ–એક સમયમધ્યે પર્યાય ત્રિતયરૂપઈં–ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઃ લક્ષણઇં રૂદ્ધ છઈ, એહવું બોલિઇં. પર્યાયનું શુદ્ધ રૂપ, તે જે સત્તા ન દેખાવવી. ઇહાં–સત્તા દેખાવી, તે માટિં–અશુદ્ધ ભેદ થયો. ૭૭.

૫

પર્યાયઅરથો નિત્ય શુદ્ધો
રહિત કર્મોપાધિ રે.
જિમ-સિદ્ધના પર્યાય સરિખા,
ભવ-જંતુના નિરુપાધિ રે. ૭૮. બહુ૦.

---

પાઠા૦ ૧. શુદ્ધ રૂપ. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મોપાધિરહિત નિત્યશુદ્ધપર્યાયાર્થિકઃ પાંચમો ભેદ. જિમ-ભવજંતુના-સંસારીજીવના પર્યાય સિદ્ધજીવના સરખા કહિઈ. કર્મોપાધિભાવ છતા છઈ, તેહની વિવક્ષા ન કરી, જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ શુદ્ધપર્યાયની જ વિવક્ષા કરી. ૭૮.

૬

પર્યાયઅર્થ અનિતિઅશુદ્ધો,
સાપેક્ષ કર્મોપાધિ રે.
સંસારવાસી જીવનઈ જિમ,
જનમ-મરણહ વ્યાધિ રે. ૭૯. બહુ૦.

કર્મોપાધ સાપેક્ષ અનિત્ય-અશુદ્ધ-પર્યાયાર્થિકઃ એ છઠો ભેદ.જિમ-"સંસારવાસી જીવનઈ જનમઃ મરણઃ વ્યાધિ છઈ." --ઈમ કહિઇ. ઈહાં-જન્માદિક પર્યાય જીવના કર્મસંયોગજનિત અશુદ્ધ છઇ, તે કહિયા. તે જન્માદિક પર્યાય છઈ, તો-તેહના નાશ-નઈં અર્થઈ મોક્ષાર્થિઈ જીવપ્રવર્ત્તઈ છઈ. ૭૯.

૭

બહુ-માન-ગ્રાહી કહિઓ નૈગમ,
ભેદ તસ છઈ તીન રે.
વર્તમાનારોપ કરવા,
ભૂત અર્થઈ લીન રે. ૮૦. બહુ૦.

બહુમાન કહતાં-ઘણાં પ્રમાણઃ સામાન્ય-વિશેષજ્ઞાનરૂપઃ તેહનો ગ્રાહી નૈગમ નય કહિઈ. "नैकैर्मानैर्मिनोति" इति नैकगमः, ककार-लोपात् नैगमः, इति व्युत्पत्तिः " નૈગમનયના ૩ ભેદ છઈ. પ્રથમ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નૈગમઃ ભૂતાર્થઈં વર્તમાનનો આરોપ કરવાનઈં લીન કહતાં-તત્પર છઈ. ૮૦.

૮

તે પ્રથમ ભેદનું ઉદાહરણ દેષાડઈ છઈ—

**ભૂત-નૈગમ કહિઉ પહિલો,**
**દીવાલી દિન આજ રે.**
**યથા-સ્વામી વીરજિનવર,**
**લહિઆ શિવપુરરાજ રે. ૮૧. બહુ૦.**

જિમ કહિઈં-" આજ દીવાલી દિનનઈં વિષઈં શ્રી મહાવીર શિવપુરનું રાજ્ય પામ્યા. " ઈહાં-અતીત દીવાલી દિનનઈં વિષયઈં વર્તમાન દીવાલી દિનનો આરોપ કરિઈં છઈ. વર્તમાન દિનનઈં વિષયઈં ભૂતદિનનો આરોપ કરિઈં, દેવાગમનાદિ મહાકલ્યાણ ભાજનત્વ-પ્રતીતિ પ્રયોજનનઈં અર્થિં, જિમ-" गङ्गायां घोषः ". ઈહાં-ગંગાતટનઈં વિષયઈં ગંગાનો આરોપ કીજઈં છઈ, શૈત્યપાવનત્વાદિ પ્રત્યાયન પ્રયોજન ભણી. તોઈ ઘટમાન છઈં, જો-વીરસિદ્ધિગમનનો અન્વય ભક્તિભણી પ્રાતીતિક માનિઈં. એ અલંકારના જાણ પંડિત હોઈ, તે વિચારજો. ૮૧:

૯

**ભૂતવત કહઈં ભાવિ નૈગમ,**
**ભાવિ જિમ જિન સિદ્ધ રે.**
**સિદ્ધવત છઈં વર્તમાનઈં**
**કાંઇ-સિદ્ધ અસિદ્ધરે. ૮૨. બહુ૦.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

भाविनि भूतवदुपचारः—એ બીજો નૈગમ. જિમ-જિનનઇં સિદ્ધ કહિઇં, કેવલીનઇં સિદ્ધપણું અવશ્યંભાવી છઇ, તે માટિં. કાંઇ સિદ્ધ, અનઇં-કાંઇ અસિદ્ધનઇં વર્તમાન કહઇં, તે વર્તમાન-નૈગમ ભાષિઇં. ૮૨.

૧૦

ભાષિઇં જિમ "ભક્ત પચિઇં"
વર્તમાનારોપ રે.
કરઇં કિરિયા ભૂત લેઇ,
ભૂતવચન વિલોપ રે. ૮૩. બહુ૦

જિમ કહિઇં—" ભક્ત રાંધિઇં છઇં." ઈહાં—ભક્તના કેતલાઈક અવયવ સિદ્ધ થયા છઇ, અનઇં—કેતલાઇક સાધ્યમાન છઇં, પણિ—પૂર્વાપરીભૂતાવયવ ક્રિયાસંતાન એક બુદ્ધિં આરોપીનઇં તેહનઇં વર્તમાન કહિઇં છઇં. એ આરોપ સામગ્રી મહિમાઇં—કોઇ અવયવની ભૂતક્રિયા લેઈ, "पचति" એ ઠામઇં " अपाक्षीत् " એ પ્રયોગ નથી કરતા.

જે નૈયાયિકાદિક ઇમ કહઇ છઇ, જે "ચરમક્રિયાધ્વંસ અતીત-પ્રત્યય વિષયઃ" તેહનઈં—"किञ्चित्पक्वम् , किञ्चित्पच्यते" એ પ્રયોગ ન થયો જોઇઇ. તે માટિં—એ વર્તમાનારોપનૈગમ ભેદ જ ભલો જાણવો. ૮૩:

૧૧

સંગ્રહઇં નય સંગ્રહો તે,
દ્વિવિધ-ઓઘઃ વિસેસઃ રે.
"દ્રવ્ય સબ અવિરોધિયાં"
જિમ, તથા-"જીવ અસેસ રે." ૮૪. બહુ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે સંગ્રહઈ, તે સંગ્રહનય કહિઇં. તેહના—૨ ભેદ—ઓઘઃ વિશેષઃ થી. ઓઘ કહિઈં—સામાન્ય. એતલઈં—એક સામાન્ય સંગ્રહઃ એક વિશેષ સંગ્રહઃ એવં ૨ ભેદ જાણવા. "द्रव्याणि सर्वाणि अविरोधीनि" એ પ્રથમ ભેદનું ઉદાહરણ, તથા "जोवाः सर्वेऽविरोधिनः" એ દ્વિતીય ભેદનું ઉદાહરણ. ૮૪ઃ

૧૨

વ્યવહાર સંગ્રહવિષયભેદક,
તિમજ દ્વિવિધ પ્રસિદ્ધ રે.
દ્રવ્ય જીવાજીવ ભાષઈં,
જીવ ભવિયા સિદ્ધ રે. ૮૫. બહુ૦.

સંગ્રહ નયનો—જે વિષયઃ તેહના ભેદનો દેષાડણહારઃ તે—વ્યવહારનય કહિઈં. તે તિમજ—સંગ્રહનયની પરિ, દ્વિવિધ કહિઈં. એક—સામાન્ય-સંગ્રહ-ભેદક વ્યવહાર ૧ઃ એક—વિશેષ-સંગ્રહ-ભેદક વ્યવહાર ૨ઃ એવં ૨ ભેદ જાણવા. "द्रव्यं जीवाजीवौ"એ સામાન્ય-સંગ્રહ—ભેદક વ્યવહાર. "जीवाः संसारिणः सिद्धाश्च" એ વિશેષ-સંગ્રહ—ભેદક વ્યવહાર. ઈમ—ઉત્તરોત્તર વિવક્ષાઇં સામાન્યઃ વિશેષઃ પણ ભાવવું. ૮૫ઃ

૧૩

વર્તતો ઋજુસૂત્ર ભાસઈં,
અર્થ નિજઅનુકૂલ રે.
ક્ષણિક પર્યાય કહઈ—સૂષિમઃ
મનુષ્યાદિક—થૂલઃ રે. ૮૬. બહુ૦.

ઋજુસૂત્રનય—વર્તતો અર્થ ભાષઇં, પણિ—અતીતઃ અનાગતઃ અર્થ ન માનઈં. વર્તમાન પણિ—નિજ અનુકુલ—આપણા કામનો

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્થ માનઇં, પણિ–પરકીય ન માનઇં. તે ઋજુસૂત્ર નય દ્વિભેદ કહવો—એક–સૂક્ષ્મઃ બીજો–સ્થુલઃ; સૂક્ષ્મઃ તે–ક્ષણિકપર્યાય માનઇં. સ્થુલઃ તે–મનુષ્યાદિ પર્યાય માનઇં. પણિ–કાલત્રયવર્તી પર્યાય ન માનઈ. વ્યવહાર નયઃ તે–ત્રિકાલ પર્યાય માનઇં, તે માટિં–સ્થુલ-ઋજુસૂત્રઃ વ્યવહારઃ નયનઇં સંકર ન જાણવો. ૮૬ઃ

૧૪

**શબ્દ-પ્રકૃતિઃ પ્રત્યાદિકઃ**
**સિદ્ધ માનઇં શબ્દ રે.**
**સમભિરૂઢ વિભિન્ન અર્થક,**
**કહઇં ભિન્ન જ શબ્દ રે. ૮૭. બહુ.**

શબ્દનયઃ–તે–પ્રકૃતિઃ પ્રત્યયાદિકઃ વ્યાકરણવ્યુત્પત્તિ–સિદ્ધ શબ્દ માનઇં. પણિ–લિંગઃ વચનાદિઃ ભેદઇં અર્થનો ભેદ માનઇં. જિમ–"तटः, तटी, तटम्" એ ૩ લિંગભેદઇં અર્થભેદ, તથા–"आपः, जलम्" ઇહાં–એકવચનઃબહુવચનઃ ભેદઇં અર્થભેદ. ઋજુસૂત્રનયનઇં એ ઇમ કહઇ, જે–"કાલભેદઇં અર્થભેદ તું માનઇ છઇ, તો લિંગાદિભેદઇં ભેદ કાં ન માનઈ?" સમભિરૂઢનય ઇમ કહઇ જે–"ભિન્ન શબ્દ ભિન્નાર્થક જ હોઇ". શબ્દનયનઇં એ ઇમ કહઇં, જે–"જો તું લિંગાદિભેદઇં અર્થભેદ માનઇં છઇં, તો શબ્દભેદઇં અર્થભેદ કાં ન માનઇં?" તે–"માટિ" ઘટશબ્દાર્થ ભિન્નઃ કુંભશબ્દાર્થ ભિન્નઃ ઇમ એ માનઇં. એકાર્થપણું પ્રસિદ્ધ છઇં, તે ૧શબ્દાદિનયની વાસના થકી. ૮૭ઃ

૧૫

**ક્રિયા પરિણત અર્થ**
**માનઇં સર્વ એવંભૂત રે.**

---

પાઠા૦–૧ શબ્દનયની. પા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

नवई नयना भेद इणिपरि,
अठावीस प्रभूत रे. ८८. बहु०.

एवंभूतनय–सर्व अर्थ, क्रियापरिणत–क्रियावेलाई मानइं, अन्यदा न मानई. जिम–राजइंछत्रः चामरादिकः ई शोभइ, ते-राजा. तिं पर्षदामांहिं बइठां चामर ढलाई, तिवारई. स्नानादिकवेलाई-ते अर्थ विना राजा न कहिई.

इम–नवई नयना अठावीस÷ भेद प्रभूत कहतां–घणा, थया. ८८:

१६

नवई नय इम कहिया,
उपनय तीन कहिई सार रे.
साचलो श्रुत–अरथ परखी,
लहो जस विस्तार रे. ८९. बहु०

ईम–नवई नय कहिया. हिवइ–३ उपनय दिगंबर प्रक्रियाइं कहिइ छई. एहमांहिं–साचो श्रुतनो अर्थ परखी करीनई, बहुश्रुतपणाना यशनो विस्तार पामो. "नैयानां समीपे उपनयाः". ८९

---

पाठा०–÷ द्रव्यार्थिक १०, पर्यायार्थिक ६, नैगम ३, संग्रह २, व्यवहार २, ऋजुसूत्र २, शब्द १, समभिरूढ १, एवंभूत १. अ० टिप्पणी.

१ द्रव्यार्थिक, पर्यायार्थिक, नैगम, संग्रह, व्यवहार, ऋजुसूत्र, शब्द, समभिरूढ, एवंभूत. २. नयस्य समीपे उपनयाः पाली०

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[1]ઢાલ—૭ મી.

[ રાગ—ગોડી[2] ]

૧

**સદ્ભૂત વ્યવહાર, ભેદ પ્રથમ તિહાં,**
**ધર્મ—ધર્મિના ભેદથી એ. ૯૦.**

[3]તિહાં—સદ્ભૂત વ્યવહારઃ પ્રથમ ઉપનયનો ભેદ. તે—ધર્મઃ અનઈ—ધર્મિઃ તેહના-ભેદ દેષાડવાથી હોઈ. ૯૦

૨

**શુદ્ધઃ અશુદ્ધઃ દ્વિભેદ, શુદ્ધ—અશુદ્ધના,**
**તેહ અરથના ભેદથી એ. ૯૧.**

તે વલી, ૨ પ્રકારિ હોઈ—૧ શુદ્ધઃ બીજો—અશુદ્ધ ૨ઃ, શુદ્ધ-ધર્મઃ ધર્મિઃના ભેદથી શુદ્ધ સદ્ભૂત વ્યવહાર, અશુદ્ધ-ધર્મઃ ધર્મિઃના ભેદથી અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર. સદ્ભૂત તેમાટિં જે—એક દ્રવ્ય જ છઈ, ભિન્ન દ્રવ્ય સંયોગાપેક્ષા નથી. વ્યવહાર તેમાટિં જે—ભેદ દેષાડિંઈ છઈ. ૯૧.

૩

**જિમ જગિ કેવલગ્યાન, આતમદ્રવ્યનૂં,**
**લઈ નાણાદિક તેહનૂં એ. ૯૨.**

જિમ—જગમાંહિ "આત્મ દ્રવ્યનૂં કેવલજ્ઞાન" ઇમ—ષષ્ઠીઇ પ્રયોગ કીજઇ. તથા—" મતિજ્ઞાનાદિક આત્મદ્રવ્યના ગુણ " ઇમ—બોલાવિંઈ. ૯૨

---

પાઠા૦ ૧. હિવઇ-સદ્ભૂત પ્રમુખ ભેદ વર્ણન દ્વારિ કરીનં વર્ણવઈ છઈ. ૨. ચક્ર ઉપન્યું સાર રે. એ દેશી પાલિ૦ ૩. नयानां समीपे उपनयाः તિહાં-ભા૦

૪

**ગુણ:પર્યાય:સ્વભાવ: કારક: તન્મયનો:,**
**ભેદ અરથ છઇં એહનો એ. ૯૩.**

ગુણ-ગુણીનો: પર્યાય-પર્યાયવંતનો:સ્વભાવ-સ્વભાવવંતનો: કારક: અનઇં-તન્મય કહતાં-કારકી, તેહનો: જે એક દ્રવ્યાનુગત ભેદ બોલાવિઇં, તે સર્વ એ ઉપનયનો અર્થ જાણવો. "घटस्य रूपम्, घटस्य रक्तता, घटस्य स्वभावः, मृदा घटो निष्पादितः" ઈત્યાદિ પ્રયોગ જાણવા. ૯૩

૫

**અસદ્ભૂત વ્યવહાર, પર-પરિણતિ ભલ્યઇ,**
**દ્રવ્યાદિક ઉપચારથી એ. ૯૪.**

પર દ્રવ્યની પરિણતિ ભલ્યઇ, જે દ્રવ્યાદિક નવવિધ ઉપચારથી કહિઇં, તે-અસદ્ભૂત વ્યવહાર જાણવો. ૯૪.

૬

**દ્રવ્યઈં દ્રવ્ય ઉપચાર, પુદ્ગલ જીવનઈં,**
**જિમ-કહિઈં જિનઆગમઇં રે. ૯૫.**

તિહાં-પહલો: દ્રવ્યઈં દ્રવ્યનો ઉપચાર. જિમ-જિન આગમ માંહિં-જીવનઈં પુદ્ગલ કહિઈં. ક્ષીર નીર ન્યાયઈં પુદ્ગલસ્યું મિલ્યો છઈ, તે કારણઇં-જીવ: પુદ્ગલ કહિઇં. એ-જીવ દ્રવ્યઇં પુદ્ગલ દ્રવ્યનો ઉપચાર ૧. ૯૫.

૭

**કાલી લેશ્યા ભાવ, શ્યામગુણઈં ભલી,**
**ગુણઉપચાર: ગુણઇં કહો એ. ૯૬.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાવલેશ્યા આત્માનો અરૂપી ગુણ છઈં, તેહનઇં—જે કૃષ્ણઃ નીલાદિકઃ કહિઇં છઇં, તે—કૃષ્ણાદિ-પુદ્ગલ-દ્રવ્ય-ગુણનો ઉપચાર કીજઇ છઈ. એ આત્મગુણઇં પુદ્ગલગુણનો [1]ઉપચાર જાણવો. ૨. ૯૬

૮

## પર્યાયઈં પર્યાય ઉપચરિઈં વલી,

## હયઃ ગયઃ ખંધઃ યથા કહિયા રે. ૯૭.

પર્યાયઇં[2]—હયઃ ગયઃ પ્રમુખ આત્મદ્રવ્યના અસમાન જાતીય દ્રવ્ય પર્યાય, તેહનઇં—ખંધ કહિઇં છઇં. તે—આત્મપર્યાય ઉપરિ પુદ્ગલ—પર્યાય જે સ્કંધ, તેહનો—ઉપચાર કરી નઇં. ૩. ૯૭.

૯

## દ્રવ્યઈં ગુણઉપચાર, વલી પર્યાયનો,

## "ગૌર" "દેહ" "હૂં" બોલતાં એ. ૯૮.

**द्रव्ये गुणोपचारः**—"હૂં ગૌર" ઇમતિ બોલતાં "હૂં" તે આત્મદ્રવ્ય, તિહાં—"ગૌર" તે—પુદ્ગલનો ઉજ્વલતાગુણ ઉપચરિઓ. ૪. **द्रव्ये पर्यायोपचारः** જિમ—"હૂં દેહ" ઇમ બોલિઇં. "હૂં તે" આત્મદ્રવ્ય, તિહાં—"દેહ" તે—પુદ્ગલદ્રવ્યનો અસમાનજાતીય દ્રવ્યપર્યાય [3]ઉપચરિઉ. ૫. ૯૮.

૧૦

## ગુણઈં દ્રવ્ય ઉપચાર, પર્યયદ્રવ્યનો.

## "ગૌર દેહ" જિમ-આતમા એ. ૯૯.

**गुणे द्रव्योपचारः**—જિમ જે—"એ ગૌર દીસઈ છઇ" તે આત્મા. ઈમ—ગૌર ઉદ્દિશીનઇં આત્મવિધાન કીજઈ, એ ગૌરતારૂપ

---

**પાઠ૦** ૧. પરિણામ કહઈ, તેહિ જ સ્વભાવ, તેહનો ઉપચાર.
૨. પર્યાયનઇં. ૩. ઉપચારિઓ. **પાલિ૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

पुद्गलगुणउपरि आतम द्रव्यनो उपचार ६."पर्याये द्रव्योपचारः" जिम–कहिइं " देह ते आत्मा," इहां–देहरूपपुद्गलपर्यायनइं विषयइं आत्मद्रव्यनो उपचार करिओ. ७. ९९.

११

**गुणि पज्जव उपचार, गुणनो पज्जवइं,**
**जिम मति तनु तनु मति गुणो ए. १००.**

" गुणे पर्यायोपचारः" "मतिज्ञान ते शरीर ज" शरीरजन्य छइं, ते माटिं. इहां–मतिज्ञानरूप आत्मगुणनइं विषयइं शरीररूप पुद्गलपर्यायनो उपचार करिइं. ८. " पर्याये गुणोपचारः" जिम–पूर्वप्रयोग ज अन्यथा करिइं–" शरीर ते मतिज्ञानरूप गुण ज." इहां–शरीररूप पर्यायनइं विषयइं मतिज्ञानरूप गुणनो उपचार कीजइं छइ. ९. १००.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

१२

**असद्भूतव्यवहार, इम उपचारथी,**
**एह त्रिविध हिवइं सांभलो ए. १०१.**

इम–उपचारथी असद्भूतव्यवहार ९ प्रकारनो कहिओ, हवई–एहना ३ भेद कहिइं छइं, ते सांभलो. १०१.

१३

**असद्भूत निज जातिं, जिम परमाणुओ,**
**बहु प्रदेशी भाषिइं ए. १०२.**

एक स्वजातिअसद्भूतव्यवहार कहिइं. जिम–परमाणु बहु-प्रदेशी कहिइं, बहुप्रदेशी थावानी जाति छइ, ते माटिं १. १०२



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪

**તેહ વિજાતિં જાણો, જિમ મૂરત મતી,**
**મૂરત દ્રવ્યઇં ઊપની એ. ૧૦૩.**

તેહ અસદ્‌ભૂત વિજાતિ જાણોઃ જિમ–" मूर्त्तं मतिज्ञानम् " કહિઇં, મૂર્ત્ત–જે વિષયાલોકમકરકારાદિકઃ તેહથી–ઊપનું, તે માટિં. ઇહાં--મતિજ્ઞાન આત્મગુણઃ તેહનઇં વિષઇં મૂર્ત્તત્વ પુદ્‌ગલગુણ ઉપચરિઓ, તે વિજાત્યસદ્‌ભૂતવ્યવહાર કહિઇં. ૨. ૧૦૩.

૧૫

**અસદ્‌ભૂત દોઉ ભાંતિ, જીવ-અજીવનઇં,**
**વિષયગ્યાન જિમ ભાસિઇં એ. ૧૦૪.**

JAINSITE .com जैन साइट जिनम् ज्योति शासनम्

દોઉ ભાંતિ–સ્વજાતિઃ વિજાતિંઃ અસદ્‌ભૂતવ્યવહાર કહિઇં. જિમ--જીવાજીવ--વિષયજ્ઞાન કહિઇં. ઈહાં--જીવઃ જ્ઞાનની સ્વજાતિં છઈં, અજીવઃ વિજાતિ છઈં, એ ૨ નો વિષયવિષયિભાવનામઇં ઉપચરિત સંબંધ છઈ, તે સ્વજાતિવિજાત્યસદ્‌ભૂત કહિઇં. ૩. ૧૦૪

" स्वजातीयांशे किं नायं सद्भूतः ?" इति चेत्, "न. विजातीयांश इव विषयतासंबन्धस्योपचरितस्यैवानुभवाद् " इति गृहाण ।"

૧૬

**ઉપચરિતાસદ્‌ભૂત, કરિઇં ઉપચારો,**
**જેહ એક ઉપચારથી રે. ૧૦૫.**

જેહ–એક ઉપચારથી બીજો ઉપચાર કરિઓ, તે–ઉપચરિતાસદ્‌ભૂત વ્યવહાર કહિઈં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭

**તેહ સ્વજાતિં જાણો રે, હૂં પુત્રાદિક,**

**પુત્રાદિક છઇં માહરા એ. ૧.૦૬.**

તે **સ્વજાતિ** ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર જાણો, જે–" હૂં પુત્રાદિક[1] " ઈમ કહિઇ. ઇહાં–"[2]માહરા" એ કહવું, પુત્રાદિકનઇં વિષયઈં, તે પુત્રાદિક ઉપચરિયા છઈં, તેહસ્યું આત્માનો ભેદાભેદ સંબંધ ઉપચરિઇં છઈં. પુત્રાદિકઃ તે–આત્મપર્યાયરૂપઈં સ્વજાતિ છઈં, પણિ–કલ્પિત છઇ, નહીં તો–સ્વશરીરજન્ય મત્કુણાદિકનઈં પુત્ર કાં ન કહિઈં? ૧૦૬

૧૮

**વિજાતિથી ત જાણો રે, વસ્ત્રાદિક મુઝ.**

**ગઢ–દેશાદિક ઉભયથી એ. ૧૦૭.**

વિજાત્યુપચરિતાસદ્ભૂત વ્યવહારઃ તે કહિઇં, જે–" માહરાં **વસ્ત્રાદિક**" ઈમ–કહિઇં. ઈહાં–વસ્ત્રાદિક પુદ્ગલ પર્યાય નામાદિ ભેદ કલ્પિત છઈં, નહીં તો વલ્કલાદિક શરીરાચ્છાદક વસ્ત્ર કાં ન કહિઈં? તેહ વિજાતિમાં સ્વસંબંધ ઉપચરિઈં છઈં. " માહરા ગઢઃ દેશઃ પ્રમુખ છઈ " ઈમ કહતાં–સ્વજાતિ વિજાત્યુપચરિતાસદ્ભૂત વ્યવહાર કહિઈં. જે માટિં–ગઢઃ દેશાદિકઃ જીવઃ અજીવઃ ઉભય સમુદાયરૂપ છઇ.૧૦૭

૧૯

**ઉપનય ભાખ્યા એમ, અધ્યાતમ નય,**

**કહી પરીક્ષા જસ લહો એ. ૧૦૮.**

ઈમ–**ઉપનય** કહિયા. હિવઇ–આગિલી ઢાલમાંહિં, **અધ્યાત્મનય** કહી નઇં, એહમાંહિં–ગુણઃ દોષઃ પરીક્ષાનો **યશ** પામો.

---

પાઠાο ૧. "માહરા પુત્રાદિક." ૨. "હૂં" "માહરા" ૩. એહવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઢાલ—૮ મી.

[ કપૂર હુઇ અતિ ઉજલુ રે—એ દેશી.]

૧

દોઇ મૂલનય ભાષિયા રે,
નિશ્ચયઃ નઈં વ્યવહારઃ
નિશ્ચય દ્વિવિધ તિહાં કહિઓ રે,
શુદ્ધઃ અશુદ્ધઃ પ્રકાર રે. ૧૦૯.
પ્રાણી પરખો આગમભાવ.

પ્રથમઃ અધ્યાત્મભાષાઈં ૨ નય કહિયા. એક—નિશ્ચયનય બીજો વ્યવહારનયઃ તિહાં—નિશ્ચયનય દ્વિવિધ કહિઓ. એક—શુદ્ધ-નિશ્ચયનયઃ બીજો—અશુદ્ધ નિશ્ચયનયઃ—હે પ્રાણી! આગમના ભાવ પરખીનઈં ગ્રહો. ૧૦૯

૨

જીવ કેવલાદિક યથા રે, શુદ્ધવિષય નિરુપાધિ.
મઇનાણાદિક આતમા રે, અશુદ્ધ તે સોપાધિ રે.
૧૧૦. પ્રાણી૦.

જીવઃ તે—કેવલજ્ઞાનાદિરૂપ છઇ, ઇમ—જે નિરુપાધિ કહિઈ—કર્મોપાધિરહિત, કેવલજ્ઞાનાદિ શુદ્ધ વિષય લેઈ, આત્માનઈં અભેદ દેષાડિઈં, તે—શુદ્ધ નિશ્ચયનય. મતિજ્ઞાનાદિક અશુદ્ધ ગુણનઈં આત્મા કહિઈં, તે અશુદ્ધ નિશ્ચયનય. ૧૧૦.

નિશ્ચયનયઃ તે—અભેદ દેષાડઈં; વ્યવહારનયઃ તે—ભેદ દેખાડઇ છઇ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩

દોઇ ભેદ વ્યવહારના જી, સદ્ભૂતાસદ્ભૂત.
એક વિષય સદ્ભૂત છઈ જી,
પરવિષયાસદ્ભૂત રે. ૧૧૧. પ્રાણી૦

વ્યવહારનયના ૨ ભેદ કહ્યાં છઇ. એક—સદ્ભૂત વ્યવહારઃ બીજો અસદ્ભૂત વ્યવહારઃ—એક વિષય કહતાં—એક દ્રવ્યાશ્રિત, તે સદ્ભૂત વ્યવહાર. પરવિષયઃ તે—અસદ્ભૂતવ્યવહાર. ૧૧૧.

૪

ઉપચરિતાનુપચરિતથી રે, પહિલો દોઇ પ્રકાર.
સોપાધિક ગુણ—ગુણિં ભેદઈ રે,
જિઅની મતિ ઉપચાર રે. ૧૧૨. પ્રાણી૦.

પહલોઃ જે—સદ્ભૂતવ્યવહારઃ તે—૨ પ્રકારિં છઈ, એક—ઉપચરિત સદ્ભૂત વ્યવહારઃ બીજો—અનુપચરિત સદ્ભૂત વ્યવહારઃ સોપાધિક ગુણગુણિભેદ દેષાડિઇ, તિહાં પ્રથમ ભેદઃ જિમ—"जीवस्य मतिज्ञानम्." ઉપાધિઃ તેહજ ઇહાં ઉપચાર. ૧૧૧

૫

નિરુપાધિક ગુણ ગુણિ ભેદઈ રે,
અનુપચરિત સદ્ભૂત.
કેવલજ્ઞાનાદિક ગુણા રે,
આતમના અદ્ભૂત રે. ૧૧૩. પ્રાણી૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિરુપાધિક ગુણગુણિ ભેદઈ બીજો ભેદ. યથા—" जीवस्य केवलज्ञानम् " ઇહાં—ઉપાધિરહિતપણું: તેહજ નિરુપચારપણું જાણવું. ૧૧૨.

૬

**અસદ્ભૂતવ્યવહારના જી, ઈમ જ ભેદ છઈં હોઇ.**
**પ્રથમ અસંશ્લેષિતયોગઈં જી,**
**देवदत्त ધન જોઈ રે. ૧૧૪. પ્રાણી૦.**

અસદ્ભૂત વ્યવહારના ઇમ જ ૨ છઇ, એક—ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર: બીજો—અનુપચરિતાસદ્ભૂત વ્યવહાર:-પહેલો ભેદ: અસંશ્લેષિતયોગઈં કલ્પિત સંબંધઈં હોઇ. જિમ—" દેવદત્તનું ધન " ઈહાં—ધન દેવદત્તનઈં—સંબંધ: સ્વસ્વામિભાવરૂપ: કલ્પિત છઇ, તે માટિં—ઉપચાર. દેવદત્ત: નઈ ધન: એક દ્રવ્ય નહીં, તે માટિં—અસદ્ભૂત. એમ ભાવના કરવી. ૧૧૪.

જૈનમ્ જયતિ શાસનમ્

૭

**સંશ્લેષિતયોગઈં બીજો રે,**
**જિમ આતમનો દેહ.**
**નય ઉપનય नयचक्रમાં રે,**
**કહિયા મૂલનય એહ રે. ૧૧૫. પ્રાણી૦.**

બીજો ભેદ: સંશ્લેષિતયોગઈ—કર્મજ સંબંધઈં જાણવો. જિમ—" આત્માનું શરીર ". આત્મ—દેહનો સંબંધ. ધન સંબંધની પરિં કલ્પિત નથી. વિપરીત ભાવનાઇં નિવર્ત્તઇ નહી, યાવજ્જીવ રહઇ. તે માટિં—એ અનુપચરિત. અનઈં—ભિન્નવિષય, માટઈં—અસદ્ભૂત જાણવો.

એ નય-ઉપનય દિગંબર **દેવસેન** કૃત **नयचक्र** માંહિં કહિયા છઈ, ૨ મૂલનય સહિત. ૧૧૫

૮

**વિષયભેદ યદ્યપિ નહીં રે, ઈહાં અઢારઇ થલ.**
**ઉલટી પરિભાષા ઈસીરે,**
**તો પણિ દાઝઇ મૂલ રે. ૧૧૬. પ્રાણી૦.**

ઇહાં-યદ્યપિ અઢારઇં-શ્વેતાંબરનઈ, થલ કહતાં-મોટા, વિષયભેદ કહતાં-અર્થનો ફેર નથી. તોપણિ-મૂલ કહતાં-પ્રથમથી, ઉલટી-વિપરીત, પરિભાષા-શૈલી કરી, તે દાઝઇ છઈ-ખેદ કરઈ છઈ—

" यद्यपि न भवति हानिः परकीयां चरति रासभे द्राक्षाम् ।
असमञ्जसं तु दृष्ट्वा, तथापि परिखिद्यते चेतः ॥ १ ॥

इति वचनात् ११६

તે બોટિકની ઉલટી પરિભાષા દેષાડિઇં છઇ—

૯

**तत्त्वारथि નય સાત છઇં જી, આદેશાંતર પંચ.**
**અંતરભાવિત ઉદ્ધરી રે,**
**નવનો કિસ્યો એ પ્રપંચ રે? ૧૧૭. પ્રાણી૦.**

**तत्त्वार्थसूत्रइं** ૭ નય કહિયા છઈ. અનઇં-**આદેશાંતર** કહતાં મતાંતરઃ તેહથી-૫ નય કહિયા છઇં. "**सप्त मूलनयाः, पञ्च-इत्यादेशान्तरम्**" એ સૂત્રઈં. સાંપ્રતઃ સમભિરુઢઃ એવંભૂતઃ એ-૩ નઇં શબ્દ એક નામઇં સંગ્રહિઇં, તિવારઇં-પ્રથમ ચાર સાથિ પાંચ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહિઇં. अत एव-ઇકેકના ૧૦૦ ભેદ હુઇં છઇં, તિહાં-પણિ ૭૦૦, તથા ૫૦૦ ભેદ. ઈમ-૨ મત કહિયા છઇં. यथोक्तमावश्यके-

इक्किको य सयविहो, सत्त सया णया हवंति एमेव ।
अण्णो वि हु आएसो, पंचेव सया णयाणं तु ॥ १ ॥

એહવી શાસ્ત્રરીતિ છોડી, અંતર્ભાવિત-સાતમાંહિં ભેલ્યા, જે-દ્રવ્યાર્થિકઃ પર્યાયાર્થિકઃ તે ઉદ્ધરી-અલગા કાઢી, નવ નય કહિયા, તે સ્યો [1]પ્રપંચ ? ચતુર મનુષ્ય વિચારી જોઓ. ૧૧૭

૧૦

**પજ્જયત્થ દ્રવ્યારથો રે, જો તુહ્મે અલગા દિટ્ઠ.**
**અપ્પિયણપ્પિય ભેદથી રે,**
**કિમ ઇગ્યાર ન ઇટ્ઠ રે. ૧૧૮. પ્રાણી૦.**

ઈમઇં કરતાં-પર્યાયાર્થઃ દ્રવ્યાર્થઃ નય જો-તુમ્હે અલગ દીઠા, અનઇં-૯ નય કહિયા. તો-અર્પિતઃ અનર્પિતઃ નય અલગા કરી નઇં, ૧૧ નય કિંમ ન વાંછયા ? ૧૧૮

૧૧

**સંગ્રહવ્યવહારાદિકઇં રે, જો તુહ્મે ભેલો તેહ.**
**આદિઃ અંતઃ નય થોકમાં જી,**
**કિમ નવિ ભેલો એહ રે. ૧૧૯. પ્રાણી૦.**

હિવઇં, ઈમ કહસ્યો જે-" अर्पितानर्पितसिद्धेः [૫. ]" ઈત્યાદિ तत्त्वार्थ સૂત્રાદિક માંહિ, જે-અર્પિત-અનર્પિતનય કહિયા છઈ;-તે અર્પિત કહતાં-વિશેષ કહિઇં. અનર્પિત કહતાં-સામાન્ય કહિઇં. અનર્પિતઃ સંગ્રહમાંહિ મિલઇં, અર્પિતઃ વ્યવહારાદિક વિશેષનય

---

પાઠા૦ ૧. પ્રપંચનું. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંહિં ભિલઇ, તા—આદિ: અંત: કહતાં—પાહિલા: પાછિલા:નયના થોકડાં માંહિ એહ દ્રવ્યાર્થિક: પર્યાયાર્થિક નય કિમ નથી ભેલતાં ? જિમ—સાત જ મૂલનય કહવાઇ છઇ, તે વચન સુબદ્ધ રહઈ. ૧૧૯

૭ નય મધ્યે—દ્રવ્યાર્થિક: પર્યાયાર્થિક: ભેલ્યાની આચાર્યમત પ્રક્રિયા દેષાડઈ છઈ—

૧૨

"પજ્જવનય તિઅ અંતિમા રે,
પ્રથમ દ્રવ્યનય ચ્યાર."
જિનભદ્રાદિક ભાસિઆરે,
મહાભાષ્ય સુવિચાર રે. ૧૨૦. પ્રાણી૦.

અંતિમા કહતાં—છેહલા, જે ૩ ભેદ—શબ્દ: સમભિરૂઢ: એવં-ભૂત: રૂપ, તે--પર્યાયનય કહિઇં. પ્રથમ ૪ નય--નૈગમ: સંગ્રહ: વ્યવ-હાર: ઋજુસુત્ર: લક્ષણ,તે દ્રવ્યાર્થિક નય કહિઇ. ઈમ—**જિનભદ્રગણિ—ક્ષમાશ્રમણ** પ્રમુખ સિદ્ધાંતવાદી આચાર્ય કહઇ છઈ. **મહાભાષ્ય** કહતાં **વિશેષાવશ્યક**, તે મધ્યે નિર્ધારિઇં. ૧૨૦

૧૩

સિદ્ધસેન મુખ ઈમ કહઇ રે,
પ્રથમ દ્રવ્યનય તીન.
તસ ઋજુસૂત્ર ન સંભવઈ રે,
દ્રવ્યાવશ્યક લીન રે. ૧૨૧. પ્રાણી૦.

હિવઈ--**સિદ્ધસેનદિવાકર:** **મલ્લવાદી:** પ્રમુખ તર્કવાદી આચાર્ય ઈમ કહઇં છઇ, જે--પ્રથમ ૩ નય--૧ નૈગમ: ૨ સંગ્રહ: ૩

---

પાઠા૦ તે સર્વ ખોલી. **ભા૦**

વ્યવહારઃ લક્ષણ, તે દ્રવ્યનય કહિઇં. ઋજુસુત્ર ૧ઃ શબ્દ ૨ઃ સમભિરુઢ ૩ઃ એવંભૂત ૪ઃ એ ૪ નય પર્યાયાર્થિક કહિઇં.

द्रव्यार्थिकमते—" सर्वे पर्यायाः खलु कल्पिताः ।
तेष्वन्वयि द्रव्यं कुण्डलादिषु हेमवत् ॥ १ ॥
पर्यायार्थमते—" द्रव्यं पर्यायेभ्योऽस्ति नो पृथक् ।
यत्तैरर्थक्रिया दृष्टा नित्यं कुत्रोपयुज्यते ? "॥ २ ॥इति ॥

"द्रव्यार्थपर्यायार्थनयलक्षणात् अतीतानागतपर्यायप्रतिक्षेपी ऋजुसुत्रः शुद्धमर्थपर्यायं मन्यमानः कथं द्रव्यार्थिकः स्याद् ?" इत्येतेषामाशयः ।

તે આચાર્યનઈં મતઈં ઋજુસુત્રનય દ્રવ્યાવશ્યકનઇં વિષઇં લીન ન સંભવઈ. तथा च–

" उज्जुसुअस्स एगे अणुवउत्ते एगं दव्वावस्सयं पुहुत्तं णेच्छइ" अनुयोगद्वारसूत्रविरोधः ।

વર્તમાનપર્યાયાધારાંશદ્રવ્યાંશઃ પૂર્વાપરપરિણામસાધારણઊર્ધ્વતાસામાન્ય દ્રવ્યાંશઃ સાદૃશ્યાસ્તિત્વરૂપતિર્યક્સામાન્ય દ્રવ્યાંશઃ એહમાં–એકઇં પર્યાયનય ન માનઇં, તો ઋજુસુત્ર પર્યાયનય કહતાં, એ સુત્ર કિમ મિલઇ ? તે માટઇં–" ક્ષણિક દ્રવ્યવાદી સૂક્ષ્મ ઋજુસૂત્ર, તત્તદ્વર્તમાનપર્યાયાપન્નદ્રવ્યવાદી સ્થૂલ ઋજુસૂત્ર નય કહવો " ઇમ સિદ્ધાન્તવાદી કહઇ છઇં.

" अनुपयोगद्रव्यांशमेव सूत्रपरिभाषितमादायोक्तसूत्रं तार्किकमतेनोपपादनीयम्, इत्यस्मदेकपरिशीलितः पन्थाः " ।

१४

ઇમ અંતર્ભાવિતતણો રે,
કિમ અલગો ઉપદેશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચ થકી જિમ સાતમાં રે.

વિષયભેદ નહીં લેશ રે. ૧૨૨. પ્રાણી૦.

ઇમિ—અંતર્ભાવિત કહતાં--૭ માંહિ ભેલ્યા, જે દ્રવ્યાર્થિકઃ પર્યાયાર્થિક; તેહનો—અલગો ઉપદેશ કિમ કરિઓ ? જો, ઈમ કહસ્યો—"મતાંતરઈ—૫ નય કહિઇં છઈ, તેહમાં--૨ નય ભલ્યા; તેહનો --૭ નય કરતાં જિમ--અલગો ઉપદેશ છઇં, તિમ--અહ્મારઈ--દ્રવ્યાર્થિકઃ પર્યાયાર્થિકઃનો અલગો ઉપદેશ હુસ્યઇ." તો--શબ્દઃ સમભિરૂઢઃ એવંભૂતઃ નઈ જિમ વિષયભેદ છઇ, તિમ--દ્રવ્યાર્થિકઃ પર્યાયાર્થિકઃ નો ૭ નયથી ભિન્ન વિષય દેષાડો. ૩ નયનઇં એક સંજ્ઞાઇં સંગ્રહી ૫ નય કહિયા છઇં, પણિ--વિષય ભિન્ન છઈ. ઈહાં—વિષયભિન્ન નથી. જે—દ્રવ્યાર્થિકના ૧૦ ભેદ દેષાડયા, તે—સર્વ શુદ્ધાશુદ્ધ સંગ્રહાદિક માંહિં આવઈ. જે--૬ ભેદ પર્યાયાર્થિકના દેષાડયા, તે--સર્વ ઉપચરિતાનુપચરિતવ્યવહારઃ શુદ્ધાશુદ્ધ ઋજુસૂત્રાદિકઃ માંહિં આવઇં, "गो बलिवर्द" ન્યાયઇં વિષયભેદઇં ભિન્ન નય કહિઇં, તો— "स्यादस्त्येव, स्यान्नास्त्येव" ઈત્યાદિ સપ્તભંગી મધ્યે કોટિ પ્રકારઈ અર્પિતાનર્પિત સત્ત્વાસત્ત્વગ્રાહક નય પ્રક્રિયા ભાંજઈ, એ--પંડિતઇં વિચારવું. ૧૨૧

"જો--વિષયભેદઇં નયભેદ કહસ્યો, તો સામાન્યઃ નૈગમ—સંગ્રહમાં, વિશેષઃ નૈગમ—વ્યવહારનયમાં ભેલતાં, ૬ જ નય થઈ જાસ્યઇં." એહવી--શિષ્યની શંકા ટાલવાનઇં અર્થિં કહઈ છઈ—

૧૫

સંગ્રહ નઈ વ્યવહારથી રે,

નૈગમ કિહાંઇક ભિન્ન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તિણુ તે અલગો તેહથી રે,
## એ તો હોઇ અભિન્ન રે. ૧૨૨. પ્રાણી૦.

યદ્યપિ—સંગ્રહનય: વ્યવહારનય: માંહિં જ સામાન્ય: વિશેષ: ચર્ચાઇં નૈગમ નય ભલઇ છઇં, તો પણિ—કિહાંઇક પ્રદેશાદિ દૃષ્ટાંતસ્થાનઇં ભિન્ન થાઇ છઇ. उक्तं च—

छण्हं तह पंचण्हं, पंचविहो तह य होइ भयणिज्जो ।
तम्मि य सो य पएसो, सो चेव ण चेव सत्तण्हं ॥ १ ॥ इत्यादि ॥

તે માટિં—કિહાંઇક ભિન્ન વિષયપણાથી નૈગમનય ભિન્ન કહિઓ. એ તો—૨.નય—દ્રવ્યાર્થિક: પર્યાયાર્થિક: નૈયમાદિકનયથી અભિન્ન-વિષય છઇં, તો-તે અલગા કરિનઇં નવ ભેદ નયના કિમ કહિઇં ?૧૨૨

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૧૬

## ઇમ કરતાં એ પામીઇ રે,
## સર્વવિભક્ત વિભાગ.
## જીવાદિક પરિ કો નહીં રે,
## ઈહાં પ્રયોજન લાગ રે. ૧૨૩. પ્રાણી૦.

ઇમ કરતાં—૯ નય દેખાડતાં, વિભક્તનો વિભાગ થાઇ—વહિં-ચ્યાનું વહિંચવું થાઇં, તિવારઇં—" जीवा द्विधा—संसारिणः सिद्धाः [च],—संसारिणः पृथिवीकायिकादिषड्भेदाः, सिद्धाः पञ्चदशभेदाः ।" એ રીતિં " नयो द्विधा, द्रव्यार्थिकपर्यायार्थिकभेदात् । द्रव्यार्थिकस्त्रिधा नैगमादिभेदात् । ऋजुसुत्रादिभेदात् चतुर्द्धा पर्यायास्तिकः । " ઇમ કહિઉં જોઇઇં. પણિ " नव नयाः " ઇમ એક વાક્યતાઇં વિભાગ કીધો, તે સર્વથા મિથ્યા જાણવો. નહીં તો—" जीवाः, संसारिणः, सिद्धाः. " ઈત્યાદિ વિભાગવાક્ય પણિ થાવા પામઇં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિવઈ—કોઇ કહસ્યઇ જે—" जीवाजीवौ तत्त्वम् " ઇમ કહતાં અનેરાં તત્ત્વ આવ્યાં. તે પણિ—૭ તત્ત્વઃ ૯ તત્ત્વઃ કહિઈં છઈં, તિમ—" द्रव्यार्थिकपर्यायार्थिकौ नयौ " ઈમ કહતાં અનેરા નય આવઈ છઈં, તોહિં અહ્મે સ્વપ્રક્રિયાઈં નવ નય કહસ્યું."

તેહનઈં કહિઈં જે—તિહાં પ્રયોજનભેદઇં ભિન્ન ભિન્ન તત્ત્વવ્યવહાર માત્ર સાધ્ય છઇ, તે તિમ જ સંભવઇ. ઇહાં—ઈતરવ્યાવૃત્તિ સાધ્ય છઇ, તિહાં—હેતું કોટિં અનપેક્ષિતભેદપ્રવેશઇં વૈય્યર્થ્ય દોષ હોઈં. તત્ત્વપ્રક્રિયાઇં એ પ્રયોજન છઇ—જીવઃ અજીવઃ એ ૨. મુખ્ય પદાર્થભણી કહવા. બંધઃ મોક્ષઃ મુખ્ય હેયઃ ઉપાદેયઃ છઇ, તે—ભણી. બંધ કારણભણી—આશ્રવ. મોક્ષ મુખ્યપુરુષાર્થ છઇ, તે માટિં—તેહનાં ૨. કારણ—સંવરઃ નિર્જરાઃ કહવાં. એ ૭. તત્ત્વ કહવાની પ્રયોજન પ્રક્રિયા. પુણ્યઃ પાપઃ રૂપ શુભાશુભબંધભેદ વિગતિં અલગા કરી, એહજ પ્રક્રિયા ૯. તત્ત્વ કથનની જાણવી. [1]ઈહાં—દ્રવ્યાર્થિકઃ પર્યાયાર્થિકઃઇ ભિન્નોપદેશનું કોઈ પ્રયોજન નથી. ૧૨૩.

જૈનમ્ જયતિ શાસનમ્

૧૭

**ભિન્ન પ્રયોજન વિન કહિયા રે,**
**સાત મૂલનય સૂત્ર.**
**તિણિં અધિકુ કિમ ભાષિઈં રે,**
**રાષિઈં નિજઘર સૂત્ર રે. ૧૨૪. પ્રાણી૦.**

તે માટિં—"सत्त मूलणया पन्नत्ता" એહવું સૂત્રઈં કહિઉં છઈં, તે ઉલ્લંઘી ૯ નય કહિઇં, તો આપણાં ઘરનું સૂત્ર કિમ રહઈ ? તે માટઈ-" नव नयाः " કહતો દેવસેન બોટિક ઉત્સૂત્રભાષી જાણવો. ૧૨૪

---

૧. આ વાક્ય ભા૦ પ્રતિમાં નીચેની કડીની વ્યાખ્યામાં છે. પરંતુ તર્કણામાં પણ નીચેની ગાથામાં નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૮

દશભેદાદિક પણિ ઇહાંરે,
ઉપલક્ષણ કરિ જાણી.
નહીં તો કહો અંતર્ભાવિઈ રે,
પ્રદેશાર્થ કુણ ઠાણિ રે. ૧૨૫. પ્રાણી૦.

ઇહાં–નયચક્ર ગ્રંથમાંહિં, દિગંબરઇ દ્રવ્યાર્થિકાદિ ૧૦ ભેદાદિક કહિયાં, તે પણિ–ઉપલક્ષણ કરી જાણો. નહીંતો–પ્રદેશાર્થનય કુણ ઠામિ આવઈ ? તે વિચારયો. उक्तं च सूत्रे—

" दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए " इत्यादि ।

તથા–કર્મોપાધિસાપેક્ષજીવભાવગ્રાહક દ્રવ્યાર્થિક જિમ કહિઓ, તિમ–જીવસંયોગસાપેક્ષપુદ્ગલભાવગ્રાહક નય પાણ ભિન્ન કહિઓ જોઇઇ, ઈમ–અનંત ભેદ થાઇ. તથા પ્રસ્થકાદિ દૃષ્ટાંતઈં નૈગમાદિકના અશુદ્ધઃ અશુદ્ધતરઃ અશુદ્ધતમઃ શુદ્ધઃ શુદ્ધતરઃ શુદ્ધતમાદિ ભેદ કિહાં સંગ્રહિયા જાઇ ? "ઉપચારમાટિં તે ઉપનય કહિઈં." તો–અપસિદ્ધાંત થાઈ–अनुयोगद्वारईं તે નયભેદ દેષાડયા છઇ. ૧૨૫.

એહ જ દ્રઢઇ છઇ—

૧૯

ઉપનય પણિ અલગા નહીં રે,
જે વ્યવહાર સમાઈ.
નહીં તો ભેદ પ્રમાણના રે,
ઉપપ્રમાણ પણિ થાઈ રે. ૧૨૬. પ્રાણી૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપનય પણિ કહ્યા, તે નય વ્યવહારઃનૈગમાદિકથી અલગા નથી. उक्तं च तत्त्वार्थसूत्रे—

" उपचारबहुलो विस्तृतार्थो लौकिकप्रायो व्यवहारः " [ १. ३५ ॥ इति

ઈમઈ કરતાં નયભેદનઈં જો ઉપનય કરી માનસ્યો, તો—" स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम् " એ લક્ષણંઈ લક્ષિત જ્ઞાનરૂપ પ્રમાણનો એકદેશ મતિજ્ઞાનાદિકઃ અથવા—તદ્દેશ અવગ્રહાદિકઃ તેહનઈં—ઉપપ્રમાણપણિ કાં નથી કહતાં ? तस्मात्—નયઃ ઉપનયઃ એ પ્રક્રિયા બોટિકની શિષ્યબુદ્ધિબંધનમાત્ર જાણવી. ૧૨૬.

૧૯

**વ્યવહારઈં નિશ્ચયથકી રે,**
**સ્યો ઉપચાર વિશેષ ?**
**મુખ્યવૃત્તિ જો એકની રે,**
**તો ઉપચારી સેસ રે. ૧૨૭. પ્રાણી૦.**

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વ્યવહાનઈં વિષેં ઉપચાર છઇ, નિશ્ચયમાંહિ ઉપચાર નથી, એ પણિ સ્યો વિશેષ ? જિવારઇ—એકનયની મુખ્યવૃત્તિ લેઈઈ, તિવારઈં-બીજા નયની ઉપચારવૃત્તિ આવઇ. अत एव—"स्यादस्त्येव" એ નયવાકયઈં અસ્તિત્વગ્રાહક નિશ્ચયનયઈં: અસ્તિત્વધર્મ મુખ્યવૃત્તિ લેતાં, કાલાદિક ૮ ઈં અભેદવૃત્ત્યુપચારઈં અસ્તિત્વસંબદ્ધ સકલ ધર્મ લેતાં જ, સકલાદેશરૂપ નયવાક્ય થાઇ; [2]आकर—ગ્રંથઇ ઇમ પ્રસિદ્ધ છઇ."સ્વસ્વાર્થંઈં સત્યપણાનો અભિમાન તો સર્વનયનઇ માંહોમાહિં છઈ જ. [3]ફલથી સત્યપણું તો સમ્યગ્દર્શનયોગઈં જ છઇં." ૧૨૭.

---

૧. પાઠાં૦ તેહનેંપણિ. પાલિ૦ ૨. [ स्याद्वादरत्नाकरे इति तर्कणायाम्. ] ૩. ફલાર્થંથી પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૦

તિણઇં ભાષ્યઇં ભાસિઉં રે,

આદરિઇં નિરધાર.

તત્ત્વઅરથ નિશ્ચય ગ્રહઇ રે,

જનઅભિમતવ્યવહાર. રે. ૧૨૮. પ્રાણી૦.

તે માટઇં–નિશ્ચયઃવ્યવહારઃનું લક્ષણ ભાષ્યઇં–**વિશેષાવશ્યક**-ઇ કહિઉં છઇં, તિમ નિરધારો. "**तत्त्वार्थग्राही नयो निश्चयः, लोकाभिमतार्थग्राही व्यवहारः**"। તત્ત્વ અર્થઃ તે–યુક્તિસિદ્ધ અર્થ જાણવો. લોકાભિમતઃ તે-વ્યવહારપ્રસિદ્ધ. યદ્યપિ–પ્રમાણેં તત્ત્વાર્થગ્રાહી છઇ, તથાપિ–પ્રમાણઃ સકલતત્ત્વાર્થગ્રાહી, નિશ્ચયનયઃ એકદેશ તત્ત્વાર્થ-ગ્રાહીઃ [1]એ ભેદ જાણવા. નિશ્ચયનયની વિષયતાઃ અનઇં–વ્યવહાર-નયની વિષયતાઃ જ અનુભવસિદ્ધ ભિન્ન છઇ, અંશ જ્ઞાન[2] ન નિષ્ઠ. જિમ–સવિકલ્પકજ્ઞાનનિષ્ઠ પ્રકારિતાદિક અન્યવાદી ભિન્ન માનઇં છઇ, ઇમ–હૃદયમાંહિં વિચારવું. ૧૨૮.

૨૧

અભ્યંતરતા બાહ્યનઇં રે,

જે બહુવિગતિ અભેદ.

નિરમલ પરિણતિ દ્રવ્યની રે,

એ સવિ નિશ્ચયભેદ રે. ૧૨૯. પ્રાણી૦.

જે બાહ્યઅર્થનઇં ઉપચારઇં અભ્યંતરપણું કરિઇં, તે નિશ્ચય-નયનો અર્થ જાણવો. **यथा**—

---

પાઠા૦ ૧. વ્યવહારઃ પાલિ૦ **व्यवहारश्च**, **तर्कणा** ૨. અંશતા નનિષ્ઠ પાલિ૦ અસતા નનિષ્ઠા. તર્કણા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

समाधिर्नन्दनं धैर्यं दम्भोलिः समता शची।
ज्ञानं महाविमानं च वासवश्रीरियं मुनेः ॥ १ ॥ इत्यादि–
श्री पुण्डरीकाध्ययनाद्यर्थोऽप्येवं भावनीयः ॥

જે ઘણી વ્યક્તિનો અભેદ દેખાડિઈં, તે પણિ–નિશ્ચયનયાર્થ જાણવો. જિમ–" णो आया " ઇત્યાદિ સૂત્ર. વેદાંતદર્શન પણિ શુદ્ધસંગ્રહનયાદેશરૂપ શુદ્ધનિશ્ચયનયાર્થ सम्मति ગ્રંથઇં કહિઉં છઇ, તથા–દ્રવ્યની જે નિર્મલ પરિણતિ–બાહ્યનિરપેક્ષ પરિણામ, તે પણિ–નિશ્ચયનયનો અર્થ જાણવો. જિમ–" आया सामाइए, आया सामाइअस्स अट्ठे" ॥ ઈમ જે જે રીતિં લોકાતિક્રાંત અર્થ પામિઇં, તે તે નિશ્ચયનયનો ભેદ થાઈ. તેહથી–લોકોત્તરાર્થભાવના આવઈ. ૧૨૯

૨૨

**જેહ ભેદ છઇ વિગતિના રે,**
**જે ઉત્કટ પર્યાય.**
**કાર્યનિમિત્ત અભિન્નતા રે,**
**એ વ્યવહાર ઉપાય રે. ૧૩૦. પ્રાણી૦.**

જેહ વ્યક્તિનો ભેદ દેખાડિઇ–" अनेकानि द्रव्याणि, अनेके जीवाः" ઈત્યાદિ રીતિં, તે-વ્યવહારનયનો અર્થ. તથા–ઉત્કટ પર્યાય જાણીઈં, તે પણિ–વ્યવહારનયનો અર્થ. अत एव–"णिच्छयणएण पंचवण्णो भमरे, ववहारणएण कालवण्णे" ઇત્યાદિ–સિદ્ધાંતઈં પ્રસિદ્ધ છઇ. તથા–કાર્યનઈં નિમિત્ત કહતાં-કારણ. એહોનઇં અભિન્નપણું કહિઇ, તે પણિ–વ્યવહારનયનો ઉપાય છઇ–જિમ, " आयुर्घृतम् " ઈત્યાદિક કહિઈં, ઇમ–" गिरिर्दह्यते, कुण्डिका स्रवति" ઇત્યાદિક વ્યવહાર ભાષા અનેકરૂપ કહઇ છઈ. ૧૩૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૩

ઈમ બહુ વિષય નિરાકરી રે,

કરતાં તસ સંકોચ.

કેવલ બાલક બોધવા રે,

દેવસેન આલોચ રે. ૧૩૧. પ્રાણી૦.

એહવા નિશ્ચયનયઃ વ્યવહારનયઃના ઘણા અર્થ નિરાકરી કહેતા—ટાલી—તેહનો, સંકોચ કરતાં—થોડા ભેદ દેખાડતાં, નયચક્ર ગ્રંથકર્તા જે દેવસેન, તેહનો આલોચ આપસરખા કેતલાઇક બાલ બોધવાનોજ દીસઈ છઈ. પણિ-સર્વાર્થ નિર્ણયનો આલોચ નથી દીસતો. શુદ્ધનયાર્થઃ તે-શ્વેતામ્બર સંપ્રદાય શુદ્ધ નયગ્રંથનઈ અભ્યાસઈ જ જણાઇ. એ ભાવાર્થ. ૧૩૧

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૨૪

ઇમ બહુવિધ નય ભંગસ્યૂં રે,

એક ત્રિવિધ પયત્થ.

પરખો હરખો હિયડલઈ રે,

સુજસ લહી પરમત્થ રે. ૧૩૨. પ્રાણી૦.

એ પ્રક્રિયાઈ પણિ જ યુક્તિસિદ્ધ અર્થ છઇ, તે અશુદ્ધ ટાલીનઈ ઉપપાદિઉં છઇ. તે માટિં—એ રીતિં બહુ પ્રકારનયભંગઈ એકજ અર્થ ત્રિવિધ કહતાં—દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ રૂપ પરખો—સ્વ સમયઃ પર સમયઃ નો અંતર જાણી હૃદયનઈ વિષઈં હરષો, પરમાર્થ—જ્ઞાનદશા પામી નઈં. ૧૩૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઢાલ—૯ મી.[1]

૧

એક અરથ તિહું લક્ષણે,
જિમ સહિત કહઇ જિનરાજ રે.
તિમ સદ્દહણા મનિ ધારતા,
સીઝઇ સઘલા શુભકાજ રે. ૧૩૩.
જિનવાણી પ્રાણી સાંભલો.

એકજ અર્થ—જીવપુદ્ગલાદિકઃ ઘટપટાદિકઃ જિમ—૩ લક્ષણે—ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઈઃ કરી સહિત શ્રી જિનરાજ કહઇ છઈ. " उपन्ने इ वा; विगमे इ वा; धुवे इ वा. " એ ત્રિપદીઈ કરીનઇં. તિમ—સદ્દહણા મનમાંહિ ધરતાં, સર્વ કાર્ય સીઝઇ. એ ત્રિપદીનઈં સર્વ અર્થ વ્યાપકપણું ધારવું, તે—જિનશાસનાર્થ. પણિ—કેટલાંએક નિત્યઃ કેટલાં એક અનિત્યઃ ઇમ નૈયાયિકાદિક કહઇ છઈ, તે રીતિ નહીં. નિત્યૈકાંતઃ અનિત્યૈકાંતઃ પક્ષમાં લોકયુક્તિં પણિ વિરુદ્ધ છઈ. તે માટિં—દીપથી માંડી આકાશતાંઈ ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઃ લક્ષણ માનવુંઃ તેહજ પ્રમાણ.

उक्तं च—

आदीपमाव्योमसमस्वभावं स्याद्वादमुद्राऽनतिभेदि वस्तु ।
तन्नित्यमेवैकमनित्यमन्यदिति त्वदाज्ञाद्विषतां प्रलापाः ॥

[ अन्ययोगव्यवच्छेदद्वात्रिंशिका ] १३३

એહ જ ભાવ વિવરીનઈં કહઈ છઇ—

---

પાઠા૦ ૧. વીંછીયાની દેશી. મૂ૦ ઇમ ધન્નો ધણુને પરિચાવે. એ દેશી. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨

ઉત્પાદઃ વ્યયઃ ધ્રુવઃ પણઈં,
છઈં સમય-સમય પરિણામ રે.
ષટ્દ્રવ્યતણો પ્રત્યક્ષથી,
ન વિરોધતણો એ ઠામ રે. ૧૩૪. જિન૦.

ઉત્પાદ ૧ઃ વ્યય ૨ઃ ધ્રવ ૩ઃ એ ૩ લક્ષણો ષટ્દ્રવ્યનો સમય સમય પરિણામ છઈં

કોઇ કહસ્યઇં જે—"જિહાં-ઉત્પાદઃ વ્યયઃ પણું,તિહાં—ધ્રુવપણું નહીં, જિહાં—ધ્રુવપણું, તિહાં—ઉત્પાદ ઃ વ્યયઃ નહીં; એહવો વિરોધ છઇ. તો—૩ લક્ષણ એક ઠામિ કિમ હોઈ? તિમ—૩ લક્ષણ એકઠામિ ન હુઆં જોઈઈ" તેહનઈં કહિઇં જે—શીતઃ ઉષ્ણઃ સ્પર્શ જલઃ અનલઃ નેઈં વિષઇં પરસ્પરઈં પરિહારઈં દીઠા છઈ, તેહનઈં —એક ઠામઈં ઉપસંહારઇ વિરોધ કહિઈં. ઈહાં—તો ૩ લક્ષણ સર્વત્ર એકઠાંજ પ્રત્યક્ષથી દીસઈં છઇ, પરસ્પરપરિહારઈં કિહાંઇં પ્રત્યક્ષસિદ્ધ નથી, તો એ વિરોધનો ઠામ કિમ હોઈં? અનાદિકાલીન એકાંતવાસનાઇં મોહિત જીવ એહોનો વિરોધ જાણઈં છઈ, પણિ—પરમાર્થઈં વિચારી જોતાં વિરોધ નથી. સમનિયતતાઈં પ્રત્યય જ વિરોધ ભંજક છઈ. ૧૩૪

તેહજ દેષાડઇ છઇ.

૩

ઘટઃ મુકુટઃ સુવર્ણઃ હ અર્થિઆ,
વ્યયઃ ઉતપતિઃ થિતિઃ પેખંત રે.
નિજરૂપઈં હોવઈં હેમથી,
દુઃખઃ હર્ષઃ ઉપેક્ષાઃ વંત રે. ૧૩૫. જિન૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકજ હેમ દ્રવ્યનઈં વિષઇં ઘટાકારઈં નાશઃ મુકુટાકારઈં ઉત્પતિઃ અનઈં–હેમાકારઈં સ્થિતિઃ એ ૩ લક્ષણ પ્રકટ દીસઈં છઇં. જે માટિં–હેમઘટ ભાંજી હેમ મુકુટ થાઈ છઇ, તિવારઇ–હેમઘટાર્થી દુઃખવંત થાઇ, તે માટિં–ઘટાકારઈં હેમવ્યય સત્ય છઈ. જે માટિં–હેમમુકુટાર્થી હર્ષવંત થાઈ, તે માટિં–હેમોત્પત્તિ મુકુટાકારઈં સત્ય છઇં. જે માટિં–હેમમાત્રાર્થી તે કાલિં–ન સુખવંતઃ ન દુઃખવંતઃ થાઈ છઈ–સ્થિતપરિણામઈં રહઇ છઈ, તે માટિં–હેમસામાન્ય સ્થિતિ સત્ય છઇ. ઈમ–સર્વત્ર ઉત્પાદઃ વ્યયઃ સ્થિતિઃ પર્યાય દ્રવ્યરૂપિં જાણવા.

ઇહાં–ઉત્પાદ–વ્યયભાગી ભિન્નદ્રવ્યઃ અનઈં–સ્થિતિભાગી ભિન્નદ્રવ્યઃ કોઇ દીસતું નથી. જે માટિં–ઘટમુકુટાદ્યાકારસ્પર્શી હેમ દ્રવ્ય છઈ. નહી જે–એક ધ્રુવ હોઈ, ધ્રુવતાની પ્રતીતિપણિ છઇ. તે માટિં–" तद्भावाऽव्ययं नित्यम् ॥ ३२ ॥ "

એ લક્ષણઈં–પમિણામઈં ધ્રુવ, અનઈં–પરિણામઇ અધ્રુવઃ સર્વ ભાવવું. ૧૩૫

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યનો અભેદ–સંબદ્ધ–ભેદ દેષાડઈ છઈ–

૪

**ઘટ–વ્યયઃ તે–ઉતપત્તિ મુકુટનીઃ**
**ધ્રુવતા કંચનનીઃ તે એક રે.**
**દલ એકઈં વર્તઈં એકદા,**
**નિજકારયશકતિ અનેક રે. ૧૩૬. જિન૦.**

હેમઘટ વ્યય, તેહજ હેમમુકુટની ઉત્પત્તિઃ એક કારણજન્ય છઇ, તેમાટિં–વિસભાગપર્યાયોત્પત્તિસંતાન છઈ, તેહથીજ–ઘટનાશવ્યવહાર સંભવઈ છઇ. તે માટિં–પણિ–ઉત્તરપર્યાયોત્પત્તિ–તે પૂર્વપર્યાયનો

---

પાઠા૦ ૧. વિભાગ. પાલિ૦ તર્કણા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાશ જાણવો. કંચનની ધ્રુવતા પણિ તેહજ છઈ. જે માટિં–પ્રતીત્ય પર્યાયોત્પાદઈં એકસંતાનપણું તેહજ–દ્રવ્યલક્ષણ ધ્રૌવ્ય છઇ.

એ ૩ લક્ષણ એકદલઇ એકદા વર્તઈ છઇ, ઇમ–અભિન્ન પણઇં પણિં શોકઃ પ્રમોદઃ માધ્યસ્થઃ રૂપ અનેક કાર્ય દેષીનઈં તત્કારણશક્તિરૂપઈં અનેકપણે–ભિન્નતાપણિ જાણવી. સામાન્ય રૂપઈં ધ્રૌવ્યઃ અનઈં–વિશેષ રૂપઈં ઉત્પાદઃ વ્યયઃ, ઈમ માનતાં વિરોધપણિ નથી. વ્યવહાર તો સર્વત્ર સ્યાદર્થાનુપ્રવેશઈજ હોઈ. વિશેષપરતા પણિ–વ્યુત્પત્તિવિશેષઈંજ હોઇ. अत एव–"स्यादुत्पद्यते, स्यान्नश्यति, स्याद् ध्रुवम्" ઇમજ વાક્યપ્રયોગ કીજઇ "उप्पन्ने इ वा" इत्यादौ वा शब्दो व्यवस्थायाम्, स च स्याच्छब्द समानार्थः अत एव–कृष्णः सर्पः" એ લૌકિકવાક્યઈં પણિ સ્યાચ્છબ્દ લેઈઈ છઈં. જે માટિં–સર્પનઇં પૃષ્ઠાવચ્છેદઇં શ્યામતા છઇ, ઉદરાવચ્છેદઇ નથી. તથા–સર્પમાત્રઇં કૃષ્ણતા નથી. શેષનાગ શુકૂલ કહવાઈ છઈ. તે માટિં–વિશેષણ–વિશેષ્યનિયમાર્થં જો સ્યાચ્છબ્દ પ્રયોગ છઈ, તો–ત્રિપદી મહાવાક્યપણિ–સ્યાત્કારગર્ભજ સંભવઈ. ૧૩૬

૫

બહુ-કારય-કારણ એક જો,
કહિઇં તે દ્રવ્યસ્વભાવ રે.
તો કારણ ભેદાભાવથી,
હુઇં કારયભેદાભાવ રે. ૧૩૭. જિન૦.

હવઈ–જો ઇમ કહિઈં જે–હેમદ્રવ્ય એક જ અવિકૃત છઈ, વિકાર તે મિથ્યા છઇ. શોકાદિકકાર્યત્રયજનનૈકશક્તિસ્વભાવ તે છઇ, તે માટિં–તેહથી શોકાદિક કાર્યત્રય થાઇ છઈ." તો–કારણના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભેદ વિના કાર્યનો ભેદ કિમ થાઇ ? સ્વેષ્ટસાધન, તે–પ્રમોદજનક: સ્વાનિષ્ટસાધન, તે–શોકજનક: તદુભયભિન્ન, તે–માધ્યસ્થ્યજનક: એ ત્રિવિધ કાર્ય એકરૂપથી કિમ હોઇ ? શક્તિ પણિ–દૃષ્ટાનુસારઈ કલ્પિઈ છઇ, નહીં તો–અગ્નિસમીપઈ જલદાહજનનસ્વભાવ: ઇત્યાદિક કલ્પતાં પણિ કુણ નિષેધક છઈ ? તસ્માત્–શક્તિભેદ: કારણભેદ: કાર્યભેદાનુસારઈં અવશ્ય અનુસરવો. અનેકજનનૈકશક્તિશબ્દ જ એકત્વાનેકત્વસ્યાદ્વાદ સૂચઈ છઈ. ૧૩૭

૬

"શોકાદિકજનનઈ વાસના
ભેદઈ" કોઈ બોલઇ બુદ્ધ રે.
તસ મનસકારની ભિન્નતા
વિણ નિમિત્તભેદ કિમ શુદ્ધ રે? ૧૩૮. જિન૦.

બૌદ્ધ ઇમ કહઈ છઇ જે–"તુલાનમનોન્નમનની પરિં ઉત્પાદ: વ્યય: જ એકદા છઇ, ક્ષણિકસ્વલક્ષણનઈ ધ્રૌવ્ય તો છઈ જ નહીં. જેમથી શોકાદિક કાર્ય હોઈ છઈ, ભિન્ન ભિન્ન લોકની ભિન્ન ભિન્ન વાસના છઈ, તે વતી. જિમ–એક જ વસ્તુ વાસનાભેદઇ કોઈનઇ–ઇષ્ટ: કોઈકનઈં–અનિષ્ટ: એ પ્રત્યક્ષ છઇં. સેલડીપ્રમુખ: મનુષ્યનઇં ઈષ્ટ છઈ, કરભનઇં અનિષ્ટ છઈ. પણિ–તિહાં–વસ્તુભેદ નથી, તિમ–ઈહાં પણિ જાણવું." તે બૌદ્ધનઇ નિમિત્તભેદ વિના વાસનારૂપ મનસ્કારની ભિન્નતા કિમ શુદ્ધ થાઇ ? તેમાટઇં –શોકાદિકનું ઉપાદાન જિમ–ભિન્ન, તિમ–નિમિત્ત પણિ અવશ્ય ભિન્ન માનવું. એક વસ્તુની પ્રમાતૃભેદઈં ઇષ્ટાનિષ્ટતા છઇ, તિહાં

પાઠા૦ ૧. દૃષ્ટાન્તાનુસારે. પાલિ૦ તર્કણા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણિ—એક દ્રવ્યના ઈષ્ટાનિષ્ટજ્ઞાનજન શકિત રૂપ પર્યાયભેદ કહવા જ. ૧૩૮

૭

**જો નિમિત્તભેદ વિન ગ્યાનથી,**
**શકતિ સંકલ્પ-વિકલ્પ રે,**
**તો બાહ્ય-વસ્તુના લોપથી,**
**ન ઘટઈ તુઝ ઘટઃ પટઃ જલ્પ રે. ૧૩૯. જિન૦.**

જો—યોગાચારવાદી બૌદ્ધ કહસ્યઈ જ—"નિમિત્તકારણના ભેદ વિના જ વાસનાજનિત જ્ઞાનસ્વભાવથી શોકઃપ્રમોદાદિક સંકલ્પઃ વિકલ્પઃ હોઈ છઈ." તો—ઘટપટાદિનિમિત્ત વિના જ વાસના વિશેષઇં ઘટપટાદ્યાકાર જ્ઞાન હોઇ." તિવારઈ—બાહ્ય વસ્તુ સર્વ લોપાઇં, અનઈ—નિષ્કારણ તત્તદાકાર જ્ઞાન પણિં ન સંભવઇ. અંતરબહિરાકાર વિરોધઇં, બાહ્યાકાર મિથ્યા કહિઇં, તો ચિત્રવસ્તુવિષયનીલપીતાદ્યાકાર જ્ઞાન પણિ મિથ્યા હુઇ જાઇ. તથા સુખાદ્યાકારઃ નીલાદ્યાકારઃ પણિ વિરુદ્ધ થાઇ, તિવારઈ—સર્વશૂન્ય જ્ઞાનવાદી માધ્યમિક બૌદ્ધનું મત આવી જાઇં.

उक्तं च—
किं स्यात् सा चित्रतैकस्यां न स्याच्चेस्यां मतावपि ।
यदीदं स्वयमर्थानां, रोचते तत्र के वयम् ? ॥ १ ॥

શૂન્યવાદ પણિ—પ્રમાણ સિદ્ધયસિદ્ધિં વ્યાહત છઇ, તે માટિં—સર્વનયશુદ્ધ સ્યાદ્વાદ જ વીતરાગ પ્રણીત આદરવો. ૧૩૯.

---

પાઠા૦ ૧. स्यात्तस्यां. ભા૦ ૨. वीतराग-प्रणीतमार्ग एव श्रेयः, नान्यथेति. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮

ઘટનાશઃ મુકુટ ઉત્પત્તિનો,
 ઘટ એક જ રૂપઈં હેત રે.
એકાંતભેદની વાસના,
નઇયાયિક પણિ કિમ દેત રે ? ૧૪૦. જિન૦.

ઇમ–શોકાદિકાર્યત્રયનઈ ભેદઈં–ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઃ એ ૩ લક્ષણ–વસ્તુમાંહિં સાધ્યાં, પણિ–અવિભક્તદ્રવ્યપણઈ–અભિન્ન છઈ. अत एव–હેમઘટનાશાऽભિન્ન–હેમ મુકુટોત્પત્તિનઇં વિષઈ–હેમઘટાવયવવિભાગાદિક હેતુ છઈ. अत एव च–મહાપટનાશાભિન્નખંડપટોત્પત્તિ પ્રતિં–એકાદિતંતુસંયોગાપગમ હેતુ છઇ. ખંડપટઈં મહાપટનાશની હેતુતા કલ્પિઇં, તો મહાગૌરવ થાઈ. ઇમ–જાણતો લાઘવપ્રિય નૈયાયિક નાશોત્પત્તિનાં એકાંતભેદની વાસના કિમ દેઇ છઈ ? તેહનું મત છઈં જ–

कल्पनागौरवं यत्र, तं पक्षं न सहामहे ।
कल्पनालाघवं यत्र तं पक्षं तु सहामहे ॥ १ ॥ १४०.

૯

દુગ્ધવ્રત દધિ ભુંજઈં નહીં,
 નવિ દૂધ દધિવ્રત ખાઇ રે.
નવિ દોઈ અગોરસવ્રત જિમઈં,
તિણિ તિયલક્ષણ જગ થાઈં રે. ૧૪૧. જિન૦

દધિદ્રવ્યઃ તે–દુગ્ધદ્રવ્ય નહીં, જે માટિં–જેહનઈં દૂધનું વ્રત છઇં–

---

પાઠાંતર૦ ૧. જાણઇ જોઇ. પાલી૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"દૂધ જ જિમવું" એહવી પ્રતિજ્ઞારૂપ; તે-દહીં જિમઈં નહીં. દુગ્ધપરિણામ જ દધિ: ઈમ-જો અભેદ કહિઈં, તો-દધિ જિમતાં દુગ્ધવ્રતભંગ થયો ન જોઈઈં. ઇમ-દૂધ: તે-દધિદ્રવ્ય નહીં. પરિણામી માટઈં-અભેદ કહિઈં, તો-દૂધ જિમતાં દધિવ્રતભંગ ન થયો જોઈઈં. દધિવ્રત તો દૂધ નથી જિમતો. તથા-"અગોરસ જ જિમું" એહવા વ્રતવંત દૂધ: દહી: ૨. ન જિમઈ. ઇમ-ગોરસપણઈ-૨. નઈ અભેદ છઈ. ઈહાં-દધિપણઈ-ઉત્પત્તિ: દુગ્ધપણઈ-નાશ: ગોરસપણઈ-ધ્રુવપણું: પ્રત્યક્ષસિદ્ધ છઇ. એ દૃષ્ટાંતઈ-સર્વજગદ્વૃત્તિ ભાવનઈં લક્ષણત્રયયુક્તપણું કહેવું. શ્લોક:—

पयोव्रतो न दध्यत्ति, न पयोऽत्ति दधिव्रतः ।
अगोरसव्रतो नोभे, तस्माद्वस्तु त्रयात्मकम् ॥ १ ॥

[1]અન્વયિ રૂપ: અનઇ-[2]વ્યતિરેકિ રૂપ: દ્રવ્ય:પર્યાય:થી સિદ્ધાંતાવિરોધઈં સર્વત્ર અવતારીનઇ ૩. લક્ષણ કહવાં. "કેતલાઇક ભાવ-વ્યતિરેકિ જ: કેતલાઈક ભાવ-અન્વયિ જ:" ઇમ જે અન્યદર્શની કહઈ છઈ, તિહાં-અનેરાં ભાવ સ્યાદ્વાદવ્યુત્પત્તિં દેખાડવા. બીજું-વસ્તુની સત્તા ત્રિલક્ષણરૂપ જ[3] છઈ, "उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ५.२९" इति **तत्त्वार्थवचनात्** તો સત્તાપ્રત્યક્ષ તેહજ ત્રિલક્ષણ સાક્ષી છઇ, તથારૂપઇ સદ્વ્યવહાર સાધવા[4] અનુમાનાદિક પ્રમાણ અનુસરિઈં છઈ. ૧૪૧

યાવત્કાલ એક વસ્તુમાંહિ ત્રણિ ૩. લક્ષણ કિમ હોઇ ? તે નિર્દ્ધારઈ છઇ—

૧૦

## ઉત્પન્નઘટઈં નિજદ્રવ્યના,
## ઉત્પત્તિ નાશ કિમ હોઈ રે ?

પાઠાં-૧. અન્વર્થરૂપ. ૨. વ્યતિરેકરૂપ. ૩. જે. ભા૦ ૪. સાધ્ય, પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સુણિ વતામાં પહિલા ભલિયા,**

**છઇં અનુગમશક્તિં હાઈ રે. ૧૪૨. જિન૦.**

" ઉત્પત્તિ થઈ છઈ જેહની, એહવો-જે ઘટઃ તેહનઇં વિષઈ-દ્વિતીયાદિક્ષણસ્વદ્રવ્યસંબંધે ઉત્પત્તિઃ **નાશઃ** કિમ હોઇ ? જે માટઇં-પ્રથમક્ષણસંબંધરૂપોત્તરપર્યાયોત્પત્તિઃ તેહ જ-પૂર્વપર્યાયનાશઃ તુહ્મે પૂર્વિં થાપ્યો છઇ." એ શિષ્યે પ્રશ્ન પૂછ્યું ગુરુપ્રતિં. ઈહાં-ગુરુ ઉત્તર શિષ્ય પ્રતિં કહઇ છઈ, સાંભલઈ શિષ્ય. **પહિલા**-પ્રથમક્ષણઇં થયા જે ઉત્પત્તિઃ નાશઃ, તે-**ધ્રવતામાંહિ ભલ્યા. અનુગમ** કહતાં-એકતા, તે **શકિત** સદાઇં છઈ, અછતઇં પણિ-આદ્યક્ષણઇં-ઉપલક્ષણ થઈનઇં આગલિં ક્ષણઇં, દ્રવ્યરૂપતત્સંબંધ કહિઇં,-"**उत्पन्नो घटः, नष्टो घटः**" **इति सर्वप्रयोगात्**. "**इदानीमुत्पन्नः, नष्टः**" ઇમ કહિઇં, તિવારઇં-એતત્ક્ષણવિશિષ્ટતા ઉત્પત્તિનાશનઇં જાણિઇં, તે દ્વિતીયાદિ ક્ષણઇં નથી. તે માટઈ-દ્વિતીયાદિક્ષણઇં "**इदानीमुत्पन्नः**" ઇત્યાદિ પ્રયોગ ન થાઈ. "ઘટ" કહતાં-ઇહાં-દ્રવ્યાર્થાદેશઇંઃ મૃદ્-દ્રવ્ય લેવું. જે માટિં-ઉત્પત્તિ-નાશાધારતાઃ સામાન્યરૂપઇં કહિઇં, તત્પ્રતિયોગિતાઃ તે-વિશેષરૂપઇં કહિઇં. ૧૪૨.

૧૧

**ઉત્પત્તિનાશનઈં અનુગમઈં,**

**ભૂતાદિક પ્રત્યય ભાન રે.**

**પર્યાયારથથી સવિ ઘટઈ,**

**તે માનઈ સમય પ્રમાન રે. ૧૪૩. જિન૦**

---

પાઠા૦ ૧. નાશઈ. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિશ્ચયનયથી–" कयमाणे कडे " એ વચન અનુસરીનઈં " उत्पद्यमानं उत्पन्नम् " ઈમ કહિઈં, પણિ–વ્યવહારનયઈં–" उत्पद्यते: उत्पन्नम्: उत्पत्स्यते: नश्यतिः नष्टम्: नङ्क्ष्यतिः " એ વિભક્તિ કાલત્રયપ્રયોગ છઈ. તે–પ્રતિક્ષણપર્યાયોત્પત્તિ–નાશવાદી જે ઋજુસૂત્ર નય, તેણઈ–અનુગૃહીત જે વ્યવહારનય, તે–લઈનઇ કહિઈં. જેમાટિં–ઋજુસૂત્રનય સમયપ્રમાણ વસ્તુ માનઇ છઈ. તિહાં–જે પર્યાયના ઉત્પત્તિ: નાશ: વિવક્ષિઇં, તે–લેઈનઇ–" उत्पद्यते, नश्यति " કહિઈં. અતીત: તે લેઈ–" उत्पन्नो नष्टः " ઇમ કહિઈં. અનાગત: તે લેઇ–" उत्पत्स्यते नङ्क्ष्यति " ઈમ કહિઈં. વ્યવસ્થા સર્વત્ર स्यात् શબ્દપ્રયોગઈં સંભવઈં. ૧૪૩

૧૨

**જો તુઝ ઉત્પત્તિ વિશિષ્ટના,**
**વ્યવહાર નાશનો ઇષ્ટ રે.**
**વ્યવહારિં ઉતપત્તિ આદરો,**
**તો પહિલાં અછતિ વિશિષ્ટ રે. ૧૪૪. જિન૦.**

જો–ઉત્પત્તિધારારૂપ નાશનઈં વિષઇં ભૂતાદિકપ્રત્યય ન કહિઈં, અનઇં–नश् ધાતુનો અર્થ નાશ: નઈં ઉત્પત્તિ: એ ૨ લેઇ, તદુત્પત્તિકાલત્રયનો અન્વય સંભવતો કહિઈં. ઈમ કહતાં–નશ્યત્સમયઈં " नष्टः " એ પ્રયોગ ન હોઇ; જે માટિં–તે કાલઈં નાશોત્પત્તિનું અતીતત્વ નથી. ઈમ સમર્થન નાશવ્યવહારનું જો કરો છો, તો–વ્યવહારઈં–ઉત્પત્તિક્ષણસંબંધમાત્ર કહો. તિહાં–પ્રાગભાવધ્વંસના કાલત્રયથી કાલત્રયનો અન્વય સમર્થન કરો. અનઈં–જો ઇમ વિચારસ્યો–" ઘટનઈં વર્તમાનત્વાદિકઇં જિમ પટવર્તમાનત્વાદિ વ્યવહાર ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોઈ, ઘટધર્મવર્ત્તમાનત્વાદિકઈં ઘટવર્ત્તમાનત્વાદિ વ્યવહાર ન હોઇ, તિમ-નાશોત્પત્તિવર્તમાનત્વાદિકઈં નાશવર્ત્તમાનત્વાદિવ્યવહાર ન હોઈ. તો-ક્રિયાનિષ્ઠાપરિણામરૂપવર્ત્તમાનત્વઃ અતીતત્વઃ લેઈ- " नश्यति, नष्टः; उत्पद्यते, उत्पन्नः " એ વિભક્તવ્યવહારસમર્થન કરો. अत एव ક્રિયાકાલ-નિષ્ઠાકાલયૌગપદ્યવિવક્ષાઈં " उत्पद्यमानमुत्पन्नम्, विगच्छद् विगतम् " એ સૈદ્ધાન્તિકપ્રયોગ સંભવઈ. પરમતઈં-" इदानीं ध्वस्तो घटः" એ, આદ્યક્ષણઇં વ્યવહાર સર્વથા ન ઘટઈ. અદ્ધારઇં-નયભેદઇં સંભવઇં. अत्र सम्मतिः-

[1]उप्पज्जमाणकालं, उप्पण्णं ति विगयं विगच्छंतं ।
दवियं पण्णवयंतो, तिकालविसयं विसेसेइ ॥ ३. ३७. ॥

१३

## ઉતપત્તિ નહીં જો આગલિં.
## તો અનુતપન્ન તે થાઈ રે.
## જિમ-નાશ વિના અવિનષ્ટ છઈં,
## પહિલા તુઝ કિમ ન સુહાઈં રે? ૧૪૫. જિન૦

જો-આગલિં-દ્વિતીયાદિક્ષણઈં ઉત્પત્તિ નહીં, તો-ઘટાદિક દ્વિતીયાદિક્ષણઇં અનુત્પન્ન થાઈ. જિમ-પહિલાં-ધ્વંસથયા પહિલાં-નાશ વિના "अविनष्टः" કહિઇં છઈ. એ તર્ક તુઝનઈં કિમ સુહાતો નથી? તેમાટિં-પ્રતિક્ષણોત્પાદ-વિનાશઃ પરિણામદ્વારઇં માનવા. દ્રવ્યાર્થાદેશઇં-દ્વિતીયાદિક્ષણઈં ઉત્પત્તિવ્યવહાર કહિઇં, તો નાશવ્યવહાર પણિ-તથા હુઓ જોઈઈ. તથા-ક્ષણાંતર્ભાવઈં દ્વિતીયાદિક્ષણઈં

---

१. " स्वाधिकरणक्षणत्वव्यापकस्वाधिकरणक्षणध्वंसाधिकरणताकत्वमनुत्पन्नत्वम् " ग्र० टि०.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પત્તિ પામી જોઈઈ. અકલ્પિત અનુત્પન્નતા ન હોઈ, તો પણિ-પ્રતિક્ષણ ઉત્પત્તિ વિના પરમાર્થથી અનુત્પન્નતા થઈ જોઈઈ. ૧૪૫.

૧૪

એણઈં ભાવંઇં ભાસિઉં,
સમ્મતિ માંહિં એ ભાવ રે.
સંઘયણાદિક ભવભાવથી,
સીઝંતાં કેવલ જાઈ રે. ૧૪૬. જિન૦.

ઇમ-પરિણામથી સર્વ દ્રવ્યનઈ ત્રિલક્ષણયોગ સમર્થિંઓ. એણઈં જ અભિપ્રાયઈ-**સમ્મતિ**ગ્રંથમાંહિં એ ભાવ ભાષિઉં જે-"જે સંઘયણાદિક ભવભાવથી સીઝંતાં મોક્ષસમયઇં કેવલજ્ઞાન જાઈ-ભવસ્થકેવલજ્ઞાન પર્યાયઈં નાશ થાઈ, એ અર્થ તે-સિદ્ધપણઇં-સિદ્ધ કેવલજ્ઞાનપણઈ ઊપજઈ, તેહજ-કેવલજ્ઞાનભાવ છઈ-ધ્રુવ છઈ. એ મોક્ષગમનસમયઇં જે વ્યયઃ ઉત્પત્તિઃ હુઆં, તત્પરિણતસિદ્ધદ્રવ્યાનુગમથી શિવમાં-મોક્ષમાંહિં ૩. લક્ષણ હોઈ. ગાથે—

जे संघयणाईआ, भवत्थकेवलिविसेसपज्जाया ।
ते सिज्झमाणसमए, ण होंति विगयं तओ होइ ॥ २. ३५. ॥
सिद्धत्तणेण य पुणो, उप्पण्णो एस अत्थपज्जाओ ।
केवलभावं तु पडुच्च केवलं दाइअं सुत्ते ॥ २. ३६. ॥

એ ભાવ લેઈનઈ "केवलनाणे दुविहे पण्णत्ते-भवत्थकेवलनाणे य सिद्धकेवलनाणे य" ઈત્યાદિ-સૂત્રિં ઉપદેશ છઈ. ૧૪૬.

૧૫

તે સિદ્ધપણઇં વલી ઊપજઇં,
કેવલભાવઇં છઈં તેહ રે.

---

પાઠા૦ ૧. ભાવઈ ભાખ્યે. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વ્યયઃ ઉતપતિઃ અનુગમઃથી સદા,**
**શિવમાંહિ તિય લક્ષણ એહ રે. ૧૪૭. જિન૦.**

એ ત્રૈલક્ષણ્ય સ્થૂલવ્યવહારઇં સિદ્ધનઇં આવ્યું, પણિ—સૂક્ષ્મ-નયઇં નાવ્યું; જેમાટિં—સૂક્ષ્મનય—ઋજુસૂત્રાદિકઃ તે—સમય-સમય-પ્રતિં ઉત્પાદઃ વ્યયઃ માંનઇં છઇં, તે લેઇનઇં; તથા—દ્રવ્યાર્થાદિશનો અનુગમ લેઇનઇં—જે સિદ્ધકેવલજ્ઞાનમાંહિ ત્રૈલક્ષણ્ય કહિઇં, તેહજ—સૂક્ષ્મ કહવાઇ. ઇમ-વિચારીનઇં પક્ષાંતર કહઇ છઇઃ—૧૪૭.

૧૬

**જે જ્ઞેયાકારઇં પરિણમઇં,**
**જ્ઞાનાદિક નિજપર્યાય રે,**
**વ્યતિરેકઇં તથી સિદ્ધનઇં,**
**તિયલક્ષણ ઇમ પણિ થાઇં રે. ૧૪૮. જિન૦**

**જે—જ્ઞાનાદિક**—કેવલજ્ઞાનઃ કેવલદર્શનઃ, **નિજપર્યાયઇં—જ્ઞેયાકા-રઇં**—વર્તમાનાદિવિષયાકારઇં પરિણમઇં. **વ્યતિરેકઇં** કહતાં—પ્રતિક્ષણ અન્યોન્યપણઇં. **સિદ્ધનઇં—ઇમિ પણિ ત્રિલક્ષણ થાઇ.** પ્રથમાદિસમ-યઇં—વર્તમાનાકાર છઇં, તેહનો—દ્વિતીયાદિક્ષણઇં નાશઃ અતીતાકા-રઇં ઉત્પાદઃ આકારિભાવઇં—કેવલજ્ઞાન—કેવલદર્શનભાવઇં—અથવા—કેવલ માત્ર ભાવઇં—ધ્રુવ; ઇમ-ભાવના કરવી. ૧૪૮.

ઇમ-જ્ઞેય-દૃશ્યાકારસંબંધઇં કેવલનઇં ત્રૈલક્ષણ્ય કહિઉં. હવઇ—નિરાકાર જે સમ્યક્ત્વઃ વીર્યાદિકઃ ભાવ, તેહનઇંઃ તથા—સિદ્ધાદિક—શુદ્ધ દ્રવ્યનઇંઃ કાલસંબંધથી ત્રૈલક્ષણ્ય દેષાડઇ છઇ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૭

ઇમ-જે પર્યાયઇં પરિણમઇં,
ક્ષણસંબંધઇં પણિ ભાવ રે.
તેથી તિયલક્ષણ સંભવઇં,
નહીં તો-તે થાઇ અભાવ રે. ૧૪૯. જિન૦.

ઇમ--જે ભાવ ક્ષણસંબંધઇં પણિ પર્યાયથી પરિણમઇં, તેહથી-૩. લક્ષણ સંભવઇં. જિમ-દ્વિતીયક્ષણઇં ભાવ-આદ્યક્ષણઇં સંબંધ-પરિણામઇં: નાશ પામ્યો; દ્વિતીયક્ષણસંબંધપરિણામઇં: ઊપનો; ક્ષણસંબંધ માત્રઇં ધ્રુવ છઇં; તે-કાલસંબંધથી ત્રૈલક્ષણ્ય સંભવઇં. નહીં તો--તે વસ્તુ અભાવ થઇ જાઇં. ઉત્પાદ:વ્યય:ધ્રૌવ્ય: યોગ જ ભાવલક્ષણ છઇં. તે રહિત-શશવિષાણાદિક: તે-અભાવરૂપ છઇં. ૧૪૯.

૧૮

નિજપર્યાયઇં એકદા,
બહુ સંબંધઇં બહુ રૂપ રે.
ઉત્પત્તિ: નાશ: ઇમ સંભવઇં,
નિયમઇં તિહાં ધ્રૌવ્ય: સ્વરૂપ રે, ૧૫૦, જિન૦

ઈમ -નિજપર્યાયઇ:-જીવ: પુદ્ગલ: નઇં, તથા--પરપર્યાયિઇં:-આકાશ: ધર્માસ્તિકાય: અધર્માસ્તિકાય: એ ત્રણ દ્રવ્યનઇં, એકકાલઇં ઘણઇં સંબંધઇં બહુપ્રકાર-ઉત્પત્તિ: નાશ: સંભવઇં. જેટલા-સ્વ: પર: પર્યાય, તેટલા--ઉત્પત્તિ: નાશ: હોઇ. તેવતી-તિહાં--ધ્રૌવ્ય-સ્વરૂપ તેટલાં નિરધાર છઇ. પૂર્વાપરપર્યાયાનુગતઆધારાંશ તાવન્માત્ર હોઇ, તે વતી. अत्र सम्मतिगाथा-

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

एगसमयम्मि एगदवियस्स बहुआ वि होंति उप्पाया ।
उप्पायसमा विगमा, ठिई उ उस्सग्गओ णियमा॥३.४१॥१५०

હવઇ–ઉત્પાદના ભેદ કહઈ છઈ—

૧૯

દ્વિવિધ-પ્રયોગજ વીસસા,
ઉત્પાદ પ્રથમ અવિશુદ્ધ રે.
તે નિયમઈં સમુદયવાદનો,
યતનઈં સંયોગજ સિદ્ધ રે. ૧૫૧. જિન૦.

**દ્વિવિધ**–ઉત્પાદઃ ૨. પ્રકારઈં છઈં; એકઃ–**પ્રયોગજ**, બીજો–**વીસસા**–કહતાં–સ્વભાવજનિત. પહિલો–ઉત્પાદઃ તે વ્યવહારનો છઈં, તે માટઈં–**અવિશુદ્ધ** કહિઇં. તે નિર્દ્ધાર–**સમુદયવાદનો** તથા યતનઈં કરી અવયવસંયોગઇં સિદ્ધ કહિઇં. अत्र **सम्मतिगाथा**—

उप्पाओ दुविअप्पो, पओगजणिओ अ वीससा चेव ।
तत्थ य पओगजणिओ, समुदयवाओ अपरिसुद्धो ॥३.३२॥ १५१.

૨૦

સહજઇ થાઈ, તે-વીસસા,
સમુદય એકત્વ પ્રકાર રે.
સમુદયઃ અચેતન ખંધનો,
વલી સચિત્તઃમીસઃ નિરધાર રે. ૧૫૨. જિન૦.

જે–સહજઈં–યતન વિના ઉત્પાદ થાઇ, તે વિશ્રસાઉત્પાદ કહિઈં. તે એકઃ સમુદયજનિત, બીજોઃ ઐકત્વિકઃ उक्तं च—

૧૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"साहाविओ वि समुदयकओ व्व एगत्तिओऽत्थ होज्जाहि।" ३.३३.

સમુદયજનિત વિશ્રસાઉત્પાદ, તે-અચેતનસ્કંધ અભ્રાદિકનો. તથા-સચિત્તઃ મિશ્રઃ શરીરઃ વર્ણાદિકનો નિર્ધાર-જાણવો. ૧૫૨.

૨૧

સંયોગ વિના એકત્વનો,

તે દ્રવ્યવિભાગઇં સિદ્ધ રે.

જિમ-ખંધ વિભાગઇં અણુપણું,

વલી કર્મવિભાગઇં સિદ્ધ રે. ૧૫૩. જિન૦.

સંયોગ વિના જે વિશ્રસાઉત્પાદઃ તે-ઐકત્વિક જાણવો. તે દ્રવ્યવિભાગઇં સિદ્ધ કહતાં-ઉત્પન્ન જાણવો. જિમ--દ્વિપ્રદેશાદિક-સ્કંધ-વિભાગઇ અણુપણું કહતાં-પરમાણુ દ્રવ્યનો ઉત્પાદ, તથા -કર્મવિભાગઇં સિદ્ધપર્યાયનો ઉત્પાદ. "અવયવસંયોગઇં જ દ્રવ્યની ઉત્પત્તિ હોઇ, પણિ--વિભાગઇં ન હોઇ." એહવું જે-નૈયાયિકાદિક કહઇ છઈ, તેહનઇં-એકત્વતાદિ વિભાગઇં ખંડપટોત્પત્તિ કિમ ઘટઈ ? પ્રતિબંધકાભાવસહિતઅવસ્થિતાવયવસંયોગનઈં હેતુતા કલ્પતાં મહાગૌરવ હોઈ, તે માટિં-કિહાંઇક સંયોગઃ કિહાંઈક વિભાગઃ દ્રવ્યોત્પાદક માનવો. તિવારઇં-વિભાગજ પરમાણૂત્પાદ પણિ અર્થસિદ્ધ થયો. એ સમ્મતિમાંહિં સૂચિઉં છઇ. તદુક્તમ્—

दव्वंतरसंजोगाहि केई दवियस्स बिंति उप्पायं ।
उप्पायत्थाऽकुसला विभागजायं ण इच्छंति ॥ ३. ३८. ॥

अणु दुअणुएहिं दव्वे, आरद्धे "तिअणुअं" ति ववएसो ।
तत्तो अ पुण विभत्तो, "अणु"त्ति जाओ अणू होइ॥३.३९॥१५३.

પાઠા૦ ૧. પ્રતિબન્ધકાલભાવ. પાલિ૦ ૨. संजोगादि के वि.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૨

વિણુ ખંધ હેતુ સંયોગ જે,
પરસંયોગઈં ઉત્પાદ રે.
વલી જે બિણુ ત્રિણુ પર્યાયથી,
તે એકત્વ જ અવિવાદ રે. ૧૫૪. જિન૦.

જિમ—પરમાણુનો ઉત્પાદ એકત્વજઃ તિમ—જેણઈં સંયોગઈં સ્કંધ ન નીપજઈં, એહવો જે—ધર્માસ્તિકાયાદિકનો જીવ—પુદ્ગલાદિક સંયોગઃ તદ્દ્વારઈં—જે સંયુક્ત દ્રવ્યોત્પાદઃ અસંયુક્તાવસ્થાવિનાશ-પૂર્વક; તથા—ઋજુસૂત્રનયાભિમતઃ જે—ક્ષણિકપર્યાયઃ પ્રથમદ્વિતીયસ-મયાદિદ્રવ્ય—વ્યવહારહેતુ, તદ્દ્વારઈં—ઉત્પાદઃ તે સર્વ એકત્વજ જાણવો. ઇહાં—કોઇ વિવાદ નથી. ૧૫૪.

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૨૩

પરપ્રત્યય ધર્માદિકતણો,
નિયમઈં ભાષિઓ ઉત્પાદ રે.
નિજપ્રત્યય પણુ તેહ જ કહો,
જાણી અંતર નયવાદ રે. ૧૫૫. જિન૦.

ધર્માસ્તિકાયાદિકનો ઉત્પાદ, તે નિયમઇં પરત્પ્રત્યય, સ્વોપષ્ટ-મ્ભગત્યાદિપરિણતજીવ-પુદ્ગલાદિનિમિત્તજ ભાષિઓ. ઉભયજનિતઃ તે—એકજનિત પણિ હોઇં, તે માટિં—તેહનઈં નિજપ્રત્યય પણિ કહો. અંતરનયવાદઃ—નિશ્ચયઃ વ્યવહારઃ જાણી નઇં, એ અર્થ—

"आगासाईआणं तिण्हं परपच्चओ[ऽ] णियमा। ३. ३३"

એ सम्मतिગાથા મધ્યે અકાર પ્રશ્લેષઈં બીજો અર્થ વૃત્તિકારઈં કહિઓ છઈ, તે અનુસરીનઈં લિખ્યો છઈ. ૧૫૫

૨૪

દ્વિવિધનાશ પણિ જાણિઈં.
એક રૂપાંતર પરિણામ રે.
અર્થાંતરભાવગમન વલી,
બીજો પ્રકાર અભિરામ રે. ૧૫૬. જિન૦.

परिणामो ह्यर्थान्तरगमनं न च सर्वथा [1]व्यवस्थानम् ।
[2]न च सर्वथा विनाशः, परिणामस्तद्विदामिष्टः ॥ १ ॥
सत्पर्यायविनाशः, प्रादुर्भावोऽसता च पर्यायतः ।
द्रव्याणां परिणामः, प्रोक्तः खलु पर्यवनयस्य ॥ २ ॥
એ વચન सम्मति--प्रज्ञापना [पद १३.] वृत्ति.

કથંચિત્ સત્ રૂપાંતર પામઇં, સર્વથા વિણસઈ નહીં, તે દ્રવ્યાર્થિક નયનો પરિણામ કહિઓ. પૂર્વ સત્પર્યાયઇં વિણસઈ, ઉત્તર અસત્ પર્યાયિઈં ઉપજઈ, તે પર્યાયાર્થિક નયનો પરિણામ કહિઓ. એ અભિપ્રાય જોતાં–એકઃ રૂપાંતર પરિણામ વિનાશ; એકઃ અર્થાંતરગમન વિનાશ; એ વિનાશના ૨. ભેદ જાણવા. ૧૫૬.

૨૫

અંધારાનઈં ઉદ્યોતતા,
રૂપાંતરનો પરિણામ રે.

પર્યાયોઃ ૧. ध्रुवता ૨. न च सर्वथा पर्यायोच्छेदः, तथा सति शून्यं जगत्. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અણુનઈં અણુ અંતર સંક્રમઈં,**
**અર્થાંતરગતિનો—ઠામ રે. ૧૫૭. જિન૦.**

તિહાં—અંધારાનઇં ઉદ્યોતતા, તે—અવસ્થિત દ્રવ્યનો રૂપાંતરપરિણામઇરૂપ નાશ જાણવો. અણુનઇં—પરમાણુનઈં અણુઅંતરસંક્રમઇં દ્વિપ્રદેશાદિભાવ થાઈં છઇં, તિહાં—પરમાણુપર્યાય મૂલગો ટલ્યો, સ્કંધપર્યાય ઊપનો, તેણઇં કરી—**અર્થાંતરગતિરૂપ** નાશનો **ઠામ** જાણવો. ૧૫૭

૨૬

**અણુનઈં છઈં યદ્યપિ ખંધતા,**
**રૂપાંતર અણુ સંબંધ રે.**
**સંયોગ—વિભાગાદિક થકી,**
**તો પણિ એ ભેદ પ્રબંધ રે. ૧૫૮. જિન૦.**

**યદ્યપિ**—અણુનઇં અણુસંબંધઇં ખંધતા છઇ, તે—રૂપાંતર પરિણામ જ છઈં, તો પણિ સંયોગ-વિભાગાદિકરૂપઈં દ્રવ્યવિનાશ—દ્વૈવિધ્યનું જ, એ ઉપલક્ષણ જાણવું. જ:માટઈં—દ્રવ્યોત્પાદવિભાગઈં જ જિમ—પર્યાયોત્પાદવિભાગ, તિમ—દ્રવ્યનાશવિભાગઈ જ પર્યાયનાશ-વિભાગ હોઈ. તે સમુદયવિભાગઃ અનઈ—અર્થાંતરગમનઃ એ ૨.પ્રકાર ઠહરાઇ.પહલો—તંતુપર્યંત પટનાશઃબીજો—ઘટોત્પત્તિં મૃત્પિંડાદિનાશઃ જાણવો. **उक्तं च सम्मतौ**

**विगमस्स वि एस विही, समुदयजणिअम्मि सो उ दुविअप्पो।**
**समुदयविभागमित्तं, अत्थंतरभावगमणं च ॥ ३. ३४. ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૭

**ધ્રુવભાવ થૂલઋજુસૂત્રનો,**
**પર્યાયસમય અનુસાર રે.**
**સંગ્રહનો તેહ ત્રિકાલનો,**
**નિજ-દ્રવ્ય-જાતિ-નિરધાર રે. ૧૫૯ જિન૦.**

ધ્રુવભાવ પણિ-સ્થૂલઃ સુક્ષ્મઃભેદઈં ૨ પ્રકારનો. પહલો-સ્થૂલ-ઋજુસુત્રનયનઈં અનુસારઈં મનુષ્યાદિક પર્યાય, સમય માન જાણવો. બીજો-સંગ્રહનયનઈં સંમતઃ તે ત્રિકાલ-વ્યાપક જાણવો. પણિ-જીવ-પુદ્ગલાદિક નિજ દ્રવ્યજાતિંઃ-આત્મ[1]-દ્રવ્યઃગુણઃ પર્યાયઃનું આત્મદ્રવ્યાનુગત[2]જ ધ્રૌવ્ય; પુદ્ગલ-દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃનું પુદ્ગલદ્રવ્યાનુગત[2]જ ધ્રૌવ્ય. ઈમ-નિજ નિજ જાતિ નિર્દ્ધાર જાણવો.૧૫૯

૨૮

**સવિ અર્થ સમયમાં ભાષિઆ,**
**ઇમ વિવિધ ત્રિલક્ષણશીલ રે.**
**જે ભાવઈં એહની ભાવના,**
**તે પાવઈં સુખ જસ લીલ રે. ૧૬૦. જિન૦.**

ઇમ-સમય કહિઇં-સિદ્ધાંત, તે માંહિ-સર્વ અર્થ વિવિધ પ્રકારઇં ત્રિ લક્ષણ કહિઇં, ઉત્પાદઃ વ્યયઃ ધ્રૌવ્યઃ તત્શીલ-તત્સ્વભાવ ભાષિયા. જે પુરૂષ એ ત્રિલક્ષણ સ્વભાવની ભાવના ભાવઇં, તે વિસ્તારરૂચિસમ્યક્ત્વ અવગાહી અંતરંગ સુખઃ અનઇં-પ્રભાવકપણાનો યશઃ તેહની લીલા પામઇ.[3]

---

પાઠા૦ ૧ આત્મદ્રવ્યે-ગુણપર્યાયનું આત્મદ્રવ્યાસમાનાધિકરણત્વેનાન્વયાનુગમજ ધ્રૌવ્ય. પાલિ૦ ૨. ૦ગમજ ધ્રૌવ્ય. પાલિ૦ ભા૦ ૩. निस्संदेहेनेतिपरमार्थः। પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઢાલ ૧૦ મી.

[ **રાગ-મેવાડી**-ભોળીડા હંસારે વિષય ન રાચીયે-**એ દેશી.**[1] ]

૧

**ભિન્નઃ અભિન્નઃ તિવિહઃ તિય લક્ષણાઃ,**
**ભાસિઓ ઈમ મઈં રે અત્થ.**
**ભેદ દ્રવ્યઃ ગુણઃ પજ્જવઃના હવઇં,**
**ભાષીજઈં પરમત્થ. ૧૬૧.**

૨

**સમકિત સૂધું રે ઇણિ પરિ આદરો.**
**સમકિત વિણ સવિ ધંધ.**
**સમકિત વિણ જે રે હઠ મારગિ પડિઆ,**
**તે સવિ જાતિ રે અંધ. ૧૬૨.**
**સમકિત સૂધું રે ઇણિ પરિ આદરો. એ આંચલી.**

"**ભિન્નઃ અભિન્નઃ ત્રિવિધઃ ત્રિલક્ષણઃ** એક અર્થ છઈ," એહવું જે પહલાં દ્વારરૂપ કહિઉં હતું, તે મઇં વિસ્તારીનઈં-એટલઈ-ઢાલે કહિઉં. હવઈ-દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ ના જે પરમાર્થઇં ભેદ છઇં, તે વિસ્તારી ભાષઇં છઈ. ૧૬૧.

**એણી પરિં-દ્રવ્યઃ** ગુણઃ પર્યાયઃ પરમાર્થ વિચારીનઈં, વિસ્તારરૂચિ **સમકિત આદરો.** તાદૃશ ધારણાશક્તિ ન હોઇ, અનઇ-એ વિચાર ભાવથી સદ્દહઇ, જ્ઞાનવંતનો રાગી હોઈ, તેહનઈં-પણિ-યોગ્યતાઇં-દ્રવ્યસમકિત હોઈ, એ ૨. પ્રકાર સમકિતવંતની દાનદયાદિક જે થોડીઈં ક્રિયા, તે સર્વ સફલ હોઇ. **उक्तं च विंशिकायाम्-**

---

[1] પાઠા૦ ૧ આજ નિહોજો રે દીસે નાહલો. **એ દેશી. પાલિ૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

दाणाइआओ एयम्मि चेव सहलाओ हुंति किरिआओ।
एयाओ वि हु जम्हा, मोक्खफलाओ पराओ अ ॥६. २०॥

એ સમકિત વિના સર્વ ક્રિયા ધંધરૂપ જાણવી. સમકિત વિના જે અગીતાર્થઃ તથા–અગીતાર્થ નિશ્રિતઃ સ્વ–સ્વાભિનિવેશઈ હઠમાર્ગિ પડિઆ છઇ, તે સર્વ જાતિ અંધ સરખા જાણવા. તે–"ભલુ" જાણી કરઈ, તે પણિ–ભલું ન હોઈ. उक्तं च—

सुंदरबुद्धीइ कयं, वहुअं पि ण सुंदरं होइ।

તે માટિં–"દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ ભેદ પરિજ્ઞાનઈં કરીનઈં સૂધું સમકિત આદરો." એ હિતોપદેશ. ૧૬૨.

૩

**ધર્મઃ અધર્મઃ હ ગગનઃ સમયઃ વલી,**
**પુદ્‌ગલઃ જીવઃ જ એહ.**
**ષટ્ દ્રવ્ય કહિયાં રે શ્રી જિનશાસનિં,**
**જાસ ન આદિ ન છેહ. ૧૬૩. સમ૦.**

JAINSITE जैन साइट जैनम् जयति शासनम् .com

ધર્મ ક૦ ધર્માસ્તિકાયઃ અધર્મ ક૦ અધર્માસ્તિકાયઃ ગગન ક૦ આકાશાસ્તિકાયઃ સમય ક૦ કાલદ્રવ્યઃ–અદ્ધાઃ સમયઃ જેહનું બીજું નામ. પુદ્ગલ ક૦ પુદ્ગલાસ્તિકાયઃ જીવ ક૦ જીવાસ્તિકાયઃ એહ ષટ્ દ્રવ્ય જિનશાસનનઈં વિષઈં કહિયાં. જેહનો–દ્રવ્યજાતિઃ તથા પર્યાયપ્રવાહઃ ઈ–આદિઃ તથા–છેહ ક૦ અંતઃ નથી. એહ મધ્યે–કાલ વર્જીનઈં ૫ અસ્તિકાય કહિઈં; "अस्तयः प्रदेशाः, तैः कायन्ते शब्दायन्ते"इति व्युत्पत्तेः। કાલદ્રવ્યનઈં અસ્તિકાય ન કહિઈં. જે માટઈં–તેહનઇ પ્રદેશસંઘાત નથી; એક સમય બીજા સમયનઈં ન મિલઇં, તે વતી. ઈમ–બીજાં પણિ.

પાઠા૦ १. दाणाइया उ एयम्मि चेव सुद्धा उ हुंति किरियाओ।
पयाओ वि हु जम्हा मुक्खफलाओ पराओ य ॥६. २०॥
ઋષભદેવજી કેશરીમલજીની પેઢી–રતલામમાં છાપેલ પુસ્તકમાં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" धर्माधर्माकाशान्येकैकमतः परं त्रिकमनन्तम् ।
कालं विनाऽस्तिकाया जीवमृते चाप्यकर्तृणि ॥ २१४ ॥"

ઇત્યાદિ—સાધર્મ્ય: વૈધર્મ્ય: प्रशमरत्यादि મહાગ્રંથથી જાણવું. ૧૬૩.

તિહાં—ધુરિ—ધર્માસ્તિકાય લક્ષણ કહઇ છઈ.—

૪

ગતિપરિણામી રે પુદ્ગલ-જીવનઇં,
ઝષનઇં જલ જિમ હોઈ.
તાસ અપેક્ષારે કારણ લોકમાં,
ધરમ દ્રવ્ય ગઈ રે સોઇ. ૧૬૪. સમ૦.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

ગતિપરિણામી જે—પુદ્ગલ: જીવ:દ્રવ્ય, લોક ક૦ ચતુર્દશરજ્જ્વાત્મક આકાશખંડ, તેહમાંહિં—છઈ; તેહનું જે—અપેક્ષા કારણ:—પરિણામ: વ્યાપાર: રહિત, અધિકરણરૂપ, ઉદાસીન કારણ, જિમ—ગમનાગમનાદિ ક્રિયાપરિણત ઝષ ક૦ મત્સ્ય: તેહનઇં—જળ અપેક્ષા કારણ છઇં; તે ધર્મદ્રવ્ય ક૦ ધર્માસ્તિકાય દ્રવ્ય જાણવું.

" स्थले झषक्रिया व्याकुलतया चेष्टाहेत्विच्छाभावादेव न भवति, न तु जलाभावादिति गत्यपेक्षाकारणे मानाभावः" इति चेत्, न, अन्वयव्यतिरेकाभ्यां लोकसिद्धव्यवहारादेव तद्धेतुत्वसिद्धेः; अन्यथा,अन्त्यकारणेनेतराखिलकारणान्यथासिद्धिप्रसङ्गाद्," इतिदिग्। ૧૬૪.

ઈમ હિવઈં—અધર્માસ્તિકાયનું લક્ષણ કહઈં છઇં—



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫

થિતિ પરિણામી રે પુદ્ગલ-જીવની,
થિતિનો હેતુ અધર્મ.
સવિસાધારણ ગતિઃ થિતિઃ હેતુતા,
હોઈ દ્રવ્યના રે ધર્મ. ૧૬૫. સમકિત૦

સ્થિતિપરિણામી જે પુદ્ગલઃ જીવઃ દ્રવ્ય, તેહોની-સ્થિતિનો, હેતુ કહિઈ-અપેક્ષાકારણ, જે દ્રવ્ય, તે-અધર્માસ્તિકાય જાણવો.[1] ગતિઃસ્થિતિઃપરિણત સકલદ્રવ્યતું જે એકઃ એકઃ દ્રવ્ય લાઘવઈં કારણ સિદ્ધ હોઈ, તે એ ૨. દ્રવ્ય જાણવાં. તેણઈં કરી-ઝષાદિ ગત્યપેક્ષાકારણ-જલાદિ-દ્રવ્યંનઈં વિષઈં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યલક્ષણની અતિવ્યાપ્તિ ન હોઈ. ૧૬૫.

ધર્માસ્તિકાય દ્રવ્યનઈં વિષઈં પ્રમાણ કહઈ છઈ—

૬

સહજ ઊર્ધ્વગતિગામી મુક્તનઈં,
વિના ધર્મ પ્રતિબંધ.
ગગનિં અનંતઈ રે કહિઈં નવિ ટલઈં,
ફિરવા રસનો રે ધંધ. ૧૬૬. સમ૦

જો-ગતિનઈં વિષઈં ધર્માસ્તિકાય દ્રવ્યનો પ્રતિબંધ ક૦ નિયમ ન હોઈ, તો સહજ ઊર્ધ્વગતિગામી, જે-મુક્ત કહિઈં સિદ્ધ, તેહનઈં-"એક સમયઈં લોકાગ્રે જાઈં" એહવઈં સ્વભાવઈં-અનંતઈ ગગનઈં જતાં હજી લગઈં ફિરવાના રસનો ધંધ ન ટલઈ, જે માટઈં—

પાઠા૦ ૧ "अहम्मो ठाणलक्खणो" इति वचनात् । पालि०

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનંતલોકાકાશપ્રમાણ અલોકાકાશ છઈં. લોકાકાશનઈં ગતિહેતુ-પણું છઇ, તે માટંઈ–"અલોકઇં સિદ્ધની ગતિ ન હોઇ" ઈમ તો–ન કહિઉં જાઇ. તે માટઈં ધર્માસ્તિકાયવિના લોકાકાશવ્યવસ્થા જ ન હોઇ.

"धर्मास्तिकायविशिष्टाकाश एव हि लोकाकाशः, तस्य च गतिहेतुत्वे घटादावपि दण्डविशिष्टाकाशत्वेनैव हेतुता स्याद्" इति न किञ्चिदेतत् ।"

બીજું–અન્યસ્વભાવપણઈં કલ્પિત આકાશનઈં સ્વભાવાંતર-કલ્પન, તે–અયુક્ત છઇ; તે માટઈં–ગતિનિયામક ધર્માસ્તિકાય દ્રવ્ય અવશ્ય માનવું. ૧૬૬.

હવઈ–અધર્માસ્તિકાયનઈં વિષઈં પ્રમાણ દેષાડઈં છઈ–

૭

**જો થિતિહેતુ અધર્મ ન ભાષિઇં,**
**તો નિત્યથિતિ કોઈ ઠાણિ.**
**ગતિ વિન હોવઈં રે પુદ્ગલ-જંતુની,**
**સંભાલો જિન વાણિ. ૧૬૭. સમ૦**

જો–સર્વજીવ–પુદ્ગલ સાધારણ સ્થિતિહેતુ અધર્માસ્તિકાય-દ્રવ્ય ન કહિઇ, કિંતુ–"ધર્માસ્તિકાયાભાવપ્રયુક્તગત્યભાવઈં અલો-કઈં સ્થિત્સભાવ" ઇમ કહિઇં–તો અલોકાકાશઇં કોઇક સ્થાનઈં ગતિ વિના પુદ્ગલઃ જીવઃ દ્રવ્યની નિત્ય સ્થિતિ પામી જોઇઈ. બીજું–ગતિઃ સ્થિતિઃ સ્વતંત્ર પર્યાયરૂપ છઈં, જિમ–ગુરુત્વઃ લઘુત્વઃ. એકનઈં એકાભાવરૂપ કહતાં, વિશેષગ્રાહક પ્રમાણ નથી. તે માટઇં–કાર્ય-ભેદઇ અપેક્ષાકારણદ્રવ્યભેદ અવશ્ય માનવો. ધર્માસ્તિકાયાભાવ-રૂપ કહતાં–ધર્માસ્તિકાયાભાવપ્રયુક્તગત્યભાવઇં સ્થિતિભાવ કહી, અધર્માસ્તિકાય અપલપિઇં; તો–અધર્માસ્તિકાયાભાવપ્રયુક્તસ્થિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિભાવરૂં ગત્યભાવ કહી ધર્માસ્તિકાયનો પણિ અપલાપ થાઇ; નિરંતરગતિસ્વભાવ દ્રવ્ય ન કીધું જોઈઇ, તો નિરંતર સ્થિતિસ્વભાવ પણિ કિમ કીજઇ ? તે માટિં—શ્રી **जिनवाणी**નો પરમાર્થ સંભાલીનઈં ધર્માસ્તિકાયઃ અધર્માસ્તિકાયઃ એ ૨. દ્રવ્ય અસંકીર્ણસ્વભાવ માંનવાં. ૧૬૭.

હવઇ—આકાશદ્રવ્યનું લક્ષણ કહઇ છઈ—

૮

## સર્વ દ્રવ્યનઈં રે જે દિઇં સર્વદા,
## સાધારણ અવકાશ.
## લોકઃ અલોકઃ પ્રકારઈં ભાષિઉં,
## તેહ દ્રવ્ય આકાશ. ૧૬૮. સમ૦

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

સર્વ દ્રવ્યનઇં જે સર્વદા સાધારણ અવકાશ દિઇં, તે—અનુગત એક **આકાશા**સ્તિકાય સર્વાધાર કહિઇં. "इह पक्षी, नेह पक्षी" ઇત્યાદિ વ્યવહાર જ પ્રદેશ ભેદે હુઈ, તદ્દેશી અનુગત આકાશ જ પર્યવસન્ન હોઇ.

"तत्तद्देशोर्ध्वभागावच्छिन्नमूर्त्ताभावादिना तद्व्यवहारोपपत्तिः" इति वर्द्धमानाद्युक्तं नानवद्यम्, तस्याभावादिनिष्ठत्वेनानुभूयमानद्रव्याधारांशापलापप्रसङ्गात्, तावदप्रतिसंधानेऽपि लोकव्यवहारेणाऽऽकाशदेशं प्रतिसंधायोक्तव्यवहाराच्च ।

તેહ આકાશ—લોકઃ અલોકઃ ભેદઇં દ્વિવિધ ભાષિઉં. यत् सूत्रम्—

"दुविहे आगासे पण्णत्ते—लोआगासे य अलोआगासे य"

૯

ધર્માદિકસ્યૂં રે સંયુત લોક છઈ,

તાસ વિયોગ અલોક.

તે નિરવધિ છઈ રે અવધિ અભાવનઈ,

વલગી લાગઇ રે ફોક. ૧૬૯. સમ૦

ધર્માસ્તિકાયાદિકસ્યું સંયુત જે આકાશ તે લોક છઈ. તે–ધર્માસ્તિકાયાદિકનો જિહાં વિયોગ છઈ, તે અલોકાકાશ કહિઈં. તે–આલોકાકાશ નિરવધિ છઇં, एतावता–તેહનો છેહ નથી.

કોઈક ઇમ કહસ્યઇ જે–"જિમ લોકનઈં પાસઈં અલોકનો છેહ છઇં, તિમ આગઇ પણિ હુસ્યઈ." –તેહનઈં કહિઈં જે–"લોક તો ભાવરૂપ છઈં, તે–અવધિ ઘટઇં, પણિ–આગઇં કેવલ અભાવનઇં અલોકાવધિપણું કિમ ઘટઈ? શશશૃંગ કુણનું અવધિ હોઈ? અનઈં–જો ભાવરૂપેં અંત માનિઈં, તો તે અન્યદ્રવ્યરૂપ નથી. આકાશદેશસ્વરૂપનઇં તો તદંતપણું કહતાં–વદદ્વ્યાઘાત હોઇ." તે માટઈં–અલોકાકાશ અનંત જાણવઉં. ૧૬૯.

૧૦

વર્ત્તણ લક્ષણ સર્વ દ્રવ્યહ તણો

પજ્જવ, દ્રવ્ય ન કાલ.

દ્રવ્ય અનંતની રે દ્રવ્ય અભેદથી,

उत्तराध्ययनઈં રે ભાલ. ૧૭૦. સમ૦

કાલઃ તે–પરમાર્થથી દ્રવ્ય નહીં. તો શ્યું? સર્વદ્રવ્યનો વર્ત્તનાલક્ષણ પર્યાય જ છઇં. તે પર્યાયનઇં વિષઈં અનાદિકાલીન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્યોપચાર અનુસરીનઇં કાલદ્રવ્ય કહીઈં. अत एव-પર્યાયઈં દ્રવ્યાભેદથી અનંતકાલદ્રવ્યની ભાલ उत्तराध्ययनइं છઈં. तथा च सूत्रम्—

धम्मो अधम्मो आगासं, दव्वं इक्किक्कमाहियं।
अणंताणि य दव्वाणि, कालो पुग्गलजंतवो ॥ २८. ८. ॥

एतदुपजीव्यान्यत्राऽप्युक्तम्—

धर्माधर्माकाशाद्येकैकमतः परं त्रिकमनन्तम् ॥ इति ॥

તે માટિં-જીવાજીવ દ્રવ્ય, જે અનંત છઇં, તેહના-વર્તના-પર્યાય ભણી જ કાલદ્રવ્ય સૂત્રઈં અનંત કહ્યાં જાણવાં. ૧૭૦

કંઠથી પણિ સૂત્રઈં-જીવાજીવથી અભિન્ન કાલ કહિઉં છઈં, તે દેખાડઇં છઇ—

૧૧

જીવ અજીવ જ સમયઇં તે કહિઓ,
તિણિ કેમ જુદો રે તેહ ?
એક વખાણઇં રે ઇસ્યું આચારય
ધરતા શ્રુતમતિરેહ ૧૭૧, સમ૦

સમયઇં કહ૦ સૂત્રઈં, તે-કાલ જીવઃ અજીવઃ રૂપ જ કહિઉં છઇ. તેણઇ કારણઇ-જુદો-ભિન્નદ્રવ્યરૂપ, કિમ કહિઈં ? तथा चोक्तं जीवाभिगमादिसूत्रे—

"किमयं भंते ! कालो त्ति पवुच्चइ ? गोयमा ! जीवा चेव अजीवा चेव" त्ति.

એક આચાર્ય ઈમ કાલદ્રવ્ય વખાણઇં છઈં, સ્યું કરતા ? સિદ્ધાંતપાઠ-અનુસારઇં શુભમતિની રેખા ધરતા. ૧૭૧.

પાઠા૦ ૧ ધરતા-સુબુદ્ધિ લક્ષણને ધરતાં. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૨

બીજા ભાષઈ રે જોઇસચક્કનઈ
ચારઇં જે થિતિ તાસ.
કાલ અપેક્ષારે કારણ દ્રવ્ય છઇં,
ષટની ભગવઈ ભાસ. ૧૭૨. સમ૦.

બીજા આચાર્ય, ઇમ ભાષઇં છઇં—જે જ્યોતિશ્ચક્રનઈ ચારઇં પરત્વઃ અપરત્વઃ નવઃ પુરાણાદિઃ ભાવસ્થિતિ છઇં, તેહનું અપેક્ષાકારણ મનુષ્યલોકમાં કાલદ્રવ્ય છઇ. અર્થનઈ વિષઈં સૂર્યક્રિયોપનાયકદ્રવ્યચારક્ષેત્રપ્રમાણ જ કલ્પવું ઘટઈં. તે માટઇં—એહવું કાલદ્રવ્ય કહિઇં, તો જ શ્રી ભગવતીસૂત્રમાંહિ—"कइ णं भंते! दव्वा पण्णत्ता? गोयमा! छद्दव्वा पण्णत्ता—धम्मत्थिकाए: जाव-अद्धासमए:" એ વચન છઇ. તેહનું—નિરુપચરિત વ્યાખ્યાન ઘટઈં. અનઈં—વર્તનાપર્યાયનું સાધારણાપેક્ષ દ્રવ્ય ન કહીઇં, તો—ગતિસ્થિત્યવગાહનાસાધારણાપેક્ષાકારણપણઇં ધર્માધર્માકાશાસ્તિકાય સિદ્ધ થયા, તિહાં પણિ—અનાશ્વાસ આવઈ. અનઇં—એ અર્થ યુક્તિગ્રાહ્ય છઈ, તે માટઇં—કેવલ આજ્ઞાગ્રાહ્ય કહી, પણિ—કિમ સંતોષ ધરાઇં? ૧૭૨.

૧૩

ધર્મસંગ્રહણીરે એ દોઇ મત કહિયાં,
તત્ત્વારથમાં રે જાણિ,
અનપેક્ષિતદ્રવ્યાર્થિકનઈં મતે,
બીજૂં તાસ વષાણિ. ૧૭૩. સમ૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ બે મત **ધર્મસંગ્રહણી** ગ્રંથમાંહિં શ્રી **હરિભદ્રસૂરિં** કહિયા છઈ. तथा च तद्गथा—

जं वत्तणाइरूवो, कालो दव्वस्स चेव पज्जाओ ।
सो चेव ततो धम्मो, कालस्स व जस्स जो लोए ॥३२.॥ इति ।

**तत्त्वार्थसूत्रइं** પણિ એ ૨. મત કહિયાં છઇં. "**कालश्चेत्येके** ५–३८." इति वचनात्. બીજું મતઃ તે–**तत्त्वार्थ**નઇં વ્યાખ્યાનઇં–અનપેક્ષિતદ્રવ્યાર્થિકનયનઇં મતઈં કહિઉં છઇં, સ્થૂલલોકવ્યવહારસિદ્ધ એ કાલદ્રવ્ય અપેક્ષારહિત જાણવું. અન્યથા–વર્ત્તનાપેક્ષાકારણપણઇં જો કાલદ્રવ્ય સાધિઇ. તો પૂર્વાપરાદિવ્યવહારવિલક્ષણપરત્વાપરત્વાદિનિયામકપણઈં દિગ્દ્રવ્ય પણિ સિદ્ધ થાઈ. અનઇં–જો-

" आकाशमवगाहाय, तदनन्या दिगन्यथा ।
तावप्येवमनुच्छेदात्ताभ्यां वान्यदुदाहृतम् ॥ १९-२५. ॥

એ **सिद्धसेनदिवाकर** કૃત **निश्चयद्वात्रिंशिकार्थ** વિચારી, "આકાશથી જ દિક્કાર્ય સિદ્ધ હોઇ" ઇમ માનિઈ, તો કાલ–દ્રવ્ય–કાર્ય પણિ કથંચિત્ તેહથી જ ઉપપન્ન હોઇ. तस्मात्– "कालश्चेत्येके ५–३८" इति सूत्रम्–अनपेक्षितद्रव्यार्थिकनयेनैव। इति सूक्ष्मदृष्ट्या विभावनीयम्. १७३.

હવઇ–કાલદ્રવ્યાધિકારઇં–દિગંબરપ્રક્રિયા ઉપન્યસઈ છઇ–

૧૪

" મંદગતિં અણુ યાવત સંચરઈં,
નહપદેશ ઈક ઠોર.
તેહ સમયનો રે ભાજન કાલાણૂં "
ઇમ ભાષઈં કોઈ ઓર. ૧૭૪. સમ૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" એકનભઃપ્રદેશનઈં ઠોર મંદગતિ, અણુ કહિઈ—પરમાણુ, જેતલઈં સંચરઈં, તે પર્યાય સમય કહિઇં. તદ્નુરૂપ તે—૫ (?) કાલ—પર્યાય—સમયનો ભાજન કાલાણુ કહિઇ. તે-એકેક આકાશપ્રદેશઈં એકેકઃ ઇમ-કરતાં લોકાકાશ પ્રદેશ પ્રમાણુ કાલાણુ હોઈ." ઇમ—કોઇ ઓર ક૦ જૈનાભાસ—દિગંબર ભાષઈ છઈ. उक्तं च द्रव्यसंग्रहे—

रयणाणं रासी इव, ते कालाणू असंखदव्वाणि ॥२२॥ १७४.

૧૫

યોગશાસ્ત્રના રે અંતરશ્લોકમાં,

એ પણિ મત છઇ રે ઇટ્ઠ.

લોકપ્રદેશે રે અણુઆ જાજુઆ,

મુખ્ય કાલ તિહાં દિટ્ઠ. ૧૭૫. સમ૦.

એ દિગંબરમત પણિ—યોગશાસ્ત્રના અંતરશ્લોકમાંહિ ઈષ્ટ છઈ, જે માટિં—તે શ્લોકમધ્યે—લોકપ્રદેશઈં જુજુઆ કાલ અણુઅ, તે—મુખ્યકાલ કહિઓ છઈ. તથા ચ તત્પાઠઃ—

लोकाकाशप्रदेशस्था भिन्नाः कालाणवस्तु ये।
भावानां परिवर्त्ताय, मुख्यः कालः स उच्यते ॥१॥इति ।१७५.

૧૬

પ્રચયઊર્ધ્વતાઃ રે એહનો સંભવઇ,

પૂર્વઃ અપરઃ પર્યાય.

તિર્યક્પ્રચયઃ ઘટઇ નહી ખંધનો,

વિણુ પ્રદેશ સમુદાય. ૧૭૬. સમ૦.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એહ–કાલાણુ દ્રવ્યનો, ઉર્દ્ધ્વતાપ્રચય સંભવઇં, જે માટઇં–જિમ–મૃદ્દ્રવ્યનઈં સ્થાસઃ કોશઃ કુશૂલાદિઃ પુર્વાપરપર્યાય છઇં, તિમ–એહનઈં-સમયઃ આવલિઃ પ્રમુખ પૂર્વાપરપર્યાય છઈં, પણિ-ખંધનો પ્રદેશ સમુદાય એહનઈં નથી. તે ભણી–ધર્માસ્તિકાયાદિકની પરિં તિર્યક્પ્રચય નથી. તે માટઈં જ–કાલદ્રવ્ય અસ્તિકાય ન કહિઈં. પરમાણુપુદ્ગલની પરિં તિર્યક્પ્રચયયોગ્યતા પણિ નથી, તે માટઈં–ઉપચારઈં પણિ કાલ દ્રવ્યનઈં અસ્તિકાયપણું ન કહવોઈં. ૧૭૬

એ દિગંબરપક્ષ પ્રતિબંદીઈં દૂષઈ છઈ—

૧૭

**ઇમ અણુગતિની રે લેઇ હેતુતા,**
**ધર્મદ્રવ્ય અણુ થાઈ.**
**સાધારણતારે લેઇ એકની,**
**સમય ખંધ પણિ થાઇ. ૧૭૭. સમ૦.**

JAINSITE .com
जैन साईट
જૈનમ્ જયતિ શાસનમ્

ઇમ જે–મંદાણુગતિકાર્યહેતુપર્યાયસમયભાજનદ્રવ્ય સમય અણુ કલ્પિઇ, તો–મંદાણુગતિહેતુતારૂપગુણભાજન ધર્માસ્તિકાય પણિ સિદ્ધ હોઇ. ઈમ–અધર્માસ્તિકાયાદ્યણુનો પણિ પ્રસંગ થાઇ. અનઈં જો–સર્વસાધારણગતિહેતુતાદિક લેઈ, ધર્માસ્તિકાયાદિ એકજ સ્કંધરૂપ દ્રવ્ય કલ્પિઈં, દેશઃ પ્રદેશઃ કલ્પના તેહની વ્યવહારાનુરોધઈં પછઈ કરી, તો–સર્વજીવાજીવદ્રવ્યસાધારણવર્તના-હેતુતાગુણ લેઈનઈં કાલદ્રવ્ય પણિ લોકપ્રમાણ એક કલ્પિઉં જોઈઈં. ધર્માસ્તિકાયાદિકનઈં અધિકારઈં સાધારણગતિહેતુતાદ્યુપસ્થિતિ જ કલ્પક છઈ, અનઈં–" કાલદ્રવ્યકલ્પક તે–મંદાણુવર્તનાહેતુત્વોપસ્થિતિજ છઈ " એ કલ્પનાઈં તો અભિનિવેશ વિના બીજું કોઈ કારણ નથી. ૧૭૭

૧૮

અપ્રદેશતારે સૂત્રિં અનુસરી,

જો અણુ કહિઇં રે તેહ.

તો પર્યાયવચનથી જોડિઇં.

ઉપચારઇં સવિ એહ. ૧૭૮. સમ૦.

હવઈ–જો ઈમ કહસ્યો, જે–"સૂત્રિ કાલ અપ્રદેશ કહિઓ છઈ. તેહનઈં અનુસારઇં–કાલાણુ કહિઈં," તો–સર્વઈ જીવાજીવ-પર્યાયરૂપ જ કાલ કહિઓ છઈ, તેહમાંહઈં–વિરોધ ભયથી દ્રવ્યકાલ પણિ કિમ કહો છો ? તે માટઈં–કાલનઈં દ્રવ્યત્વવચનઃ તથા–લોકાકાશપ્રદેશપ્રમાણ અણુવચનઃ એ સર્વ ઉપચારઈં જોડિઈં. મુખ્ય વૃત્તિં–તે પર્યાયરૂપ કાલ જ સૂત્રસંમત છઇ. अत एव–'कालश्चेत्येके ॥५. ३८॥" ઈહાં–एक વચનઈં–સર્વસમ્મતત્વાભાવ સૂચિઉં. ૧૭૮

ઉપચાર પ્રકાર જ દેષાડઈ છઈ—

૧૯

પર્યાયિં જિમ ભાષિઉ દ્રવ્યનો,

સંખ્યારથ ઉપચાર.

અપ્રદેશતા રે યોજનકારણઈં.

તિમ અણુતાનો રે સાર. ૧૭૯. સમ૦.

"षडेव द्रव्याणि" એ સંખ્યા પૂરણનઈં અર્થઈં, જિમ–પર્યાયરૂપ કાલનઈં વિષઇં દ્રવ્યપણાનો ઉપચાર ભગવત્યાદિકનઈં વિષઇ કરીઇં છઈ, તિમ–સૂત્રઈં કાલ દ્રવ્યનઈં અપ્રદેશતા કહી છઇ, તથા–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાલપરમાણુ પણિ કહિયા છઈં, તે યોજનનઈં કાજિં–લોકાકાશ–પ્રદેશસ્થપુદ્ગલાણુનઈં વિષઈં જ **યોગશાસ્ત્ર**ના અંતર શ્લોકમાં કાલાણુનો ઉપચાર કરિઓ જાણવો.

“ 'मुख्यः कालः' इत्यस्य चानादिकालीनाप्रदेशत्वव्यवहार-नियामकोपचारविषयः. इत्यर्थः । अत एव–मनुष्यक्षेत्रमात्रवृत्ति कालद्रव्यं ये वर्णयन्ति, तेषामपि मनुष्यक्षेत्रावच्छिन्नाकाशादौ कालद्रव्योपचार एव शरणम्” इति दिग्मात्रमेतत् ॥ १७९.

હવઈ–પુદ્ગલઃ જીવઃ દ્રવ્ય સંક્ષેપઇં કહઈ છઇ—

૨૦

**વર્ણઃ ગંધઃ રસઃ ફાસાદિકઃ ગુણે,**
**લખિઇં પુદ્ગલભેદ.**
**સહજ ચેતના રે ગુણ વલિ જાણિઈ,**
**જીવ અરૂપઃ અવેદઃ ૧૮૦ સમ૦.**

વર્ણઃ ગંધઃ રસઃ સ્પર્શાદિકઃ ગુણે પુદ્ગલ દ્રવ્યનો અન્ય દ્રવ્યથી ભેદ લખિઇ. અનઈં–જીવ દ્રવ્ય સહજ ચેતના ગુણ છઈં, તે લક્ષણઇં જ–સર્વ અચેતન દ્રવ્યથી ભિન્ન છઈ. વ્યવહારઈં–રૂપઃ વેદઃ સહિત, પણિ–નિશ્ચયથી રૂપરહિતઃ વેદરહિતઃ છઈં. उक्तं च—

अरसमरूवमगंधं, अव्वत्तं चेअणागुणमसद्दं ।
जाण अलिंगग्गहणं, जीवमणिदिट्ठसंठाणं ॥ १ ॥ १८०.

૨૧

**ઇમ એ ભાખ્યા રે સંખેપઈં કરી,**
**દ્રવ્યતણા ખટ ભેદ.**
**વિસ્તારઈં તે રે જાણો શ્રુતથી,**
**સુજસ લહો ગતખેદ. ૧૮૧. સમ૦.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇમ—એ દ્રવ્યતણા સંક્ષેપઇ ષટ્ ભેદ ભાખ્યા છઇ. વિસ્તારઇં, શ્રુત કહિઇં—સિદ્ધાંત:, તેહ થકી, જાણીનઇં, ખેદરહિત થકા, પ્રવચન દક્ષપણાનો, સુયશ ક૦ સુબોલ, તે પામો. ૧૮૧.

[1]ઢાલ ૧૧ મી.[2]

૧

હવઇં ભેદ ગુણના ભાષીજઇં,
તિહાં અસ્તિતા: કહિઇં જી—
સદ્રૂપતા, વસ્તુતા: જાતિ—
વ્યક્તિરૂપતા લહિઇં જી,
દ્રવ્યભાવ દ્રવ્યત્વ:, પ્રમાણઇ—
પરિચ્છેદ્ય જે રૂપ જી,
પ્રમેયત્વ:, આણાગમ સૂષિમ,
અગુરુલઘુત્વસ્વરૂપ: જી. ૧૮૨.

એતલેઢાળેં કરી, દ્રવ્યના ભેદ કહિયા, હિવઇ—ગુણના ભેદ સમાનતંત્રપ્રક્રિયાઇં, કહિઈ છઈ.

તિહાં—અસ્તિત્વગુણ: તે—કહિઈ:—જેહથી—સદ્રૂપતાનો વ્યવહાર થાઈ. ૧.

વસ્તુત્વગુણ: તે—કહિઈ:—જેહથી—જાતિ:વ્યક્તિ:રૂપપણું જાણિઈ. જિમ—ઘટ: તે જ—સામાન્યથી:—જાતિરૂપ છઈ, વિશેષથી:—તત્તદ્વ્યક્તિરૂપ છઈ. अत एव—અવગ્રહઈ—સામાન્યરૂપ સર્વત્ર

---

પાઠા૦—એતલે ઢાલેં દ્રવ્યના ભેદ કહ્યા—વર્ણવ્યા, હિવે—ગુણના ભેદ કહઈ છઈ, તે સાંભળો હે! ભવ્ય જીવો! સોવનગિરિ ભૂષણ ત્રિશલાનંદન. એ દેશી. પાલિ૦

જૈનસાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાસઇ છઈ, અપાયઇ-વિશેષ રૂપ ભાસઈ છઇ, પૂર્ણોપયોગઇ-સંપૂર્ણ વસ્તુગ્રહ થાઈ છઈ ૨.

**દ્રવ્યભાવઃ** જે-ગુણપર્યાયાધારતાભિવ્યઙ્ગ્યજાતિવિશેષ, તે-દ્રવ્યત્વ. " એ જાતિરૂપઃ માટિઈં-ગુણ ન હોઈ. " એહવી-નૈયાયિકાદિવાસનાઇં આશંકા ન કરવી, જે માટઈં-" **सहभुवो गुणाः, क्रमभुवः पर्यायाः** " એહવી જ જૈનશાસ્ત્ર વ્યવસ્થા છઈ.

" द्रव्यत्वं चेद् गुणः स्यात्, रूपादिवदुत्कर्षापकर्षभागि स्यात् " इति तु कुचोद्यम्, एकत्वादिसंख्यायां परमतेऽपि व्यभिचारेण, तथा-व्याप्त्यभावादेव निरसनीयम् । ३.

**પ્રમાણઈં પરિચ્છેદ્યઃ** જેરૂપ-પ્રમાવિષયત્વઃ તે-પ્રમેયત્વ કહિઈં. તે પણિ-કથંચિત્ અનુગત સર્વ સાધારણ ગુણ છઇ, પરંપરા સંબંધઈં-પ્રમાત્વાજ્ઞાનેઈં પણિ પ્રમેયવ્યવહાર થાઇ છઈ. તે માટિં-પ્રમેયત્વ ગુણ સ્વરૂપથી અનુગત છઇ ૪.

**અગુરુલઘુત્વ ગુણઃ** સૂક્ષ્મ-આજ્ઞાગ્રાહ્ય છઈ.

" सूक्ष्मं जिनोदितं तत्त्वं हेतुभिर्नैव हन्यते ।
आज्ञासिद्धं तु तद् ग्राह्यं, नान्यथावादिनो जिनाः ॥ १ ॥ "

" अगुरुलघुपर्यायाः सूक्ष्मा अवाग्गोचराः । " ५. १८२

२

**પ્રદેશત્વઃ અવિભાગી પુદ્ગલ-**
**ખેત્રભાવ જે વ્યાપિઉ જી.**
**ચેતનતાઃ અનુભૂતિ, અચેતનભાવઃ**
**અનનુભવ થાપિઓ જી.**

---

પાઠાo-१. प्रमात्वज्ञान. इति तर्कणायाम्.

જૈન સાઇટ JAINSITE.com જયતુ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂરતતાઃ રૂપાદિકસંગતિ,

અમૂર્તતાઃ તદભાવો જી.

દસ સામાન્ય ગુણા, પ્રત્યેકઇં

આઠઃ આઠઃ એ ભાવો જી. ૧૮૩.

અવિભાગી પુદ્ગલ યાવત્ ક્ષેત્રઈ રહઇ, તાવત્ક્ષેત્રવ્યાપી-પણું, તે–પ્રદેશત્વગુણઃ ૬.

ચેતનત્વઃ તે આત્માનો અનુભવ રૂપ ગુણ કહિઈ. જેહથી– " अहं सुखदुःखादि चेतये: " એ વ્યવહાર થાઈ છઈ. જેહથી–જાતિઃ વૃદ્ધિઃ ભગ્ન–ક્ષત–સંરોહણાદિઃ જીવન–ધર્મ હોઇ છઇ ૭.

એહથી વિપરીત અચેતનત્વ–અજીવમાત્રનો ગુણ છઈ ૮.

મૂર્તતાગુણ–રૂપાદિસંનિવેશાભિવ્યંગ્ય પુદ્ગલદ્રવ્યમાત્ર–વૃત્તિ છઇં ૯.

અમૂર્તતાગુણઃ મૂર્તત્વાભાવસમનિયત છઇં ૧૦.

" अचेतनत्वामूर्तत्वयोश्चेतनत्वमूर्तत्वाभावरूपत्वान्न गुणत्वम् " इति नाशङ्कनीयम्, अचेतनामूर्तद्रव्यवृत्तिकार्यजनकतावच्छेदकत्वेन, व्यवहारविशेषनियामकत्वेन च, तयोरपि पृथग्गुणत्वात् । नञः पर्युदासार्थकत्वात्, नञ्पदवाच्यतायाश्च 'अनुष्णाशीतस्पर्शः' इत्यादौ व्यभिचारेण, परेषामप्यभावत्वानियामकत्वाद्, " भावान्तरमभावो हि, कयाचित्तु व्यपेक्षया । " इति नयाश्रयणेन दोषाभावाच्च. इति

એ ૧૦ સામાન્ય ગુણઃ છઈ, મૂર્તત્વઃ અમૂર્તત્વઃ ચેતનત્વઃ અચેતનત્વઃ પરસ્પર પરિહારઈં રહઈ; તે માટઈ–પ્રત્યેકઈ–એક એક દ્રવ્યનઇં વિષઇં ૮. ૮. પામિઇં. ઈમ–ભાવો–વિચારી લ્યો.[1] ૧૮૩.

---

[1] પાઠા૦ ૧ આત્મ બોધેં કરીને જાણવા. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩

ज्ञानः दृष्टिः सुखः वीर्यः फरसः रसः
गंधः वर्णः ए जाणो जी.
गतिः-थितिः-अवगाहनः-वर्तनाः-
हेतुभावः मनि आणो जी.
चेतनतादिकः च्यारइ भेलावि,
विशेषगुणः ए सोलइं जी.
षट पुद्गल-आतमनइं, तीनह
अन्य द्रव्यनइं टोलइं जी. १८४.

ज्ञानः दर्शनः सुखः वीर्यः ए ૪ આત્માના, સ્પર્શઃ રસઃ ગંધઃ વર્ણઃ એ ૪ પુદ્ગલના વિશેષગુણ. શુદ્ધ દ્રવ્યઇં—અવિકૃત રૂપઃ એ—અવશિષ્ટ રહઇં, તેમાટિં—એ ગુણ કહિયા. વિકૃતસ્વરૂપઃ તે—પર્યાયમાં ભલઇં. એ—વિશેષ જાણવો. ૮. ગતિહેતુતા ૧ઃ સ્થિતિહેતુતા ૨ઃ અવગાહનાહેતુતા ૩ઃ વર્તનાહેતુતા ૪ઃ એ ૪ઃ—ધર્માસ્તિકાયઃ અધર્માસ્તિકાયઃ આકાશાસ્તિકાયઃ કાલઃ દ્રવ્યના પ્રત્યેકિં વિશેષગુણ. ૧૨ ગુણમાં ચેતનત્વઃ અચેતનત્વઃ મૂર્તત્વઃ અમૂર્તત્વઃ એ ૪ઃ ગુણ ભેલિઇં, તિવારઇં—૧૬ વિશેષગુણ થાઇં. તે મધ્યે—પુદ્ગલ દ્રવ્યનઇં—વર્ણઃ ગંધઃ રસઃ સ્પર્શઃ મૂર્ત્તત્વઃ અચેતનત્વઃ એ ૬ હોઇં. આત્મ દ્રવ્યનઇં—જ્ઞાનઃ દર્શનઃ સુખઃ વીર્યઃ અમૂર્તત્વઃ અચેતનત્વઃ એ ૭ હોઇં. બીજા દ્રવ્યનઇં ટોલઇં—સમુદાયઇં—૩. ગુણ હોઇ, એક—નિજગુણઃ ૨.—અચેતનત્વઃ અમૂર્તત્વઃ ઇમ—ફલાવીનઇં ધારવું. ૧૮૪.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચેતનત્વાદિ ૪ઃ સામાન્યગુણમાંહિં પણિ કહિયા, અનઇં-વિશેષ-ગુણમાંહિં પણિ કહિયાઃ તિહાં-સ્યૂં કારણ ? તે-કહઈ છઈ-

૪

ચેતનતાદિક ચ્યારઃ સ્વજાતિ
ગુણ સામાન્યઃ કહાઈ જી.
વિશેષ ગુણઃ પરજાતિ અપેક્ષા
ગ્રહતાં ચિત્તિ સુહાઈ જી.
વિશેષ ગુણ છઈ સૂત્રઈ ભાખિઆ,
બહુસ્વભાવ આધારે જી.
અર્થ તેહ કિમ ગણિઆ જાઈ,
એહ થૂલ વ્યવહારે જી. ૧૮૫.

ચેતનત્વાદિ ૪.- સ્વજાત્યપેક્ષાઇં:- અનુગત વ્યવહાર કરઈ છઈ, તે માટઇં-સામાન્યગુણ કહિઇં. પરજાતિની અપેક્ષાઇં:- ચેતનત્વાદિકઃ અચેતનત્વાદિકઃ દ્રવ્યથી સ્વાશ્રયવ્યાવૃત્તિ કરઇં છઇં, તે માટિં-વિશેષ ગુણ કહિઇં. " परापरसामान्यवत् सामान्यविशेगुणत्वमेषाम् " इति भावः ।

" જ્ઞાનઃ દર્શનઃ સુખઃ વીર્યઃ એ-૪. આત્મવિશેષગુણ, સ્પર્શ રસઃ ગંધઃ વર્ણઃ એ-૪. પુદ્ગલ વિશેષગુણ." એ જે-કહિઉં, તે-સ્થૂલ-વ્યવહારઇં જાણવું, જે માટિં " अष्टौ सिद्धगुणाः, एकत्रिंशत् सिद्धादिगुणाः, एकगुणकालकादयः, पुद्गला अनन्ताः" ઇત્યાદિ સૂત્રાર્થ-વિચારણાઇં વિશેષગુણ અનંતા થાઈં, તે છદ્મસ્થ કિમ ગણી સકઇં ?

પા૦૮૦ ૧. सिद्धगुणाः तर्कणायाम्.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तस्माद्–"धर्मास्तिकायादीनां गतिस्थित्यवगाहनावर्त्तनाहेतुत्वोपयोगग्रहणाख्याः षडेव, अस्तित्वादयः सामान्यगुणास्तु विवक्षयाऽपरिमिताः" इत्येव न्याय्यम्, "षण्णां लक्षणवतां लक्षणानि षडेव" इति हि को न श्रद्दधीत ?।

नाणं च दंसणं चेव, चरित्तं च तवो तहा।
वीरियं उवओगो य, एयं जीवस्स लक्खणं ॥ १ ॥
सद्दंधकारउज्जोआ, पभा छाया तहेव य।
वण्णरसगंधफासा, पुग्गलाणं तु लक्खणं ॥ २ ॥

इत्यादि तु–स्वभावविभावलक्षणयोरन्योन्यनान्तरीयकत्वप्रतिपादनाय"इत्यादि पण्डितैर्विचारणीयम् ॥ १८५.

५

ધર્મ અપેક્ષાઇં ઇહાં અલગા,
સ્વભાવ ગુણથી ભાખ્યા જી.
નિજ નિજ રૂપમુખ્યતા લેઈ,
ગુણ સ્વભાવ કરી દાખ્યા જી.
અસ્તિ સ્વભાવઃ તિહાં નિજ રૂપઇં,
ભાવરૂપતા દેખો જી.
પર અભાવ પરિ નિજ ભાવઇં,
પણિ અરથ અનુભવી લેખો જી. ૧૮૬.

અનુવૃત્તિ–વ્યાવૃત્તિ સંબંધઇં ધર્મમાત્રની વિવક્ષા કરીનઇં ઇહાં–સ્વભાવઃ ગુણથી અલગા પંડિતે ભાષ્યા, નિજ નિજ ૬૦

પાઠા૦ ૧. ધયાર. ભા૦ પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આપ-આપણા રૂપની મુખ્યતા લેઇ. અનુવૃત્તિ સંબંધ માત્ર અનુસરીનઈં સ્વભાવ છઈં, તે જ-ગુણ કરી દાખ્યા-દેખાડયા.

તે માટિ-ગુણવિભાગ કહીનઈં, સ્વભાવવિભાગ કહિઇ છઈં:-

તિહાં-પ્રથમ-અસ્તિસ્વભાવઃ તે-નિજરૂપઇ-સ્વ-દ્રવ્યઃક્ષેત્રઃ કાલઃભાવઃ સ્વરુપઈં, ભાવરૂપૈતા દેખો. જિમ-પર અભાવઈં નાસ્તિત્વસ્વભાવ અનુભવિઈં છઇં, તિમ-નિજભાવઈં અસ્તિત્વસ્વભાવ પણિ અનુભવિઈં છઈં; તે માટિ-અસ્તિસ્વભાવ લેખઇ છઈં. ૧૮૬.

૬

નહિં તો-સકલશૂન્યતા હોવઇં.

નાસ્તિભાવ પરભાવઇં જી.

પરભાવઇં પણિ સત્તા કહતાં,

એક રૂપ સવિ પાવઇં જી.

સત્તા જેમ અસત્તા ન ફુરઇં,

વ્યંજકુ અમિલન વશથી જી.

છતો શરાવગંધ નવિ ભાસઇં,

જિમ વિણુ નીર ફરસથી જી. ૧૮૭.

જો-અસ્તિસ્વભાવ ન માંનિઇં, તો-પરભાવાપેક્ષાઈઃ જિમ-નાસ્તિતા, તિમ-સ્વભાવાપેક્ષાઈઃ પણિ નાસ્તિતા થતાં, સકલશૂન્યતા થાઈ. તે માટિ-સ્વદ્રવ્યાદ્યપેક્ષાઈઃ અસ્તિસ્વભાવ સર્વથા માનવો. ૧.

પાઠા૦ ૧. ભાવરૂપ રૂપતા-પાલિ૦ ભાવરૂપ તે. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પરભાવઇં–પરદ્રવ્યાદ્યપેક્ષાઇં: નાસ્તિસ્વભાવ** કહિઈં. **પર-ભાવઇં: પણિ–સત્તા**–અસ્તિ સ્વભાવ કહતાં–સર્વં સર્વસ્વરૂપઇં અસ્તિ થયું; તિવારિં–જગ એકરૂપ થાઇ. તે તો–સકલશાસ્ત્રવ્ય-વહારવિરૂદ્ધ છઇ, તે માટિ–પરાપેક્ષાઈં નાસ્તિસ્વભાવ છઇ. ૨.

"**સત્તા:** તે-સ્વભાવઇં વસ્તુમાંહિં જણાઇં છઈ, તેમાટિં–સત્ય છઈ. **અસત્તા:** તે-સ્વજ્ઞાનઇં પરમુખનિરીક્ષણ કરઇ છઇ, તેમાટિં–કલ્પનાજ્ઞાનવિષયપણઇં અસત્ય છઈ." એહવું–બૌદ્ધ મત છઇ, તે ખંડવાનઈં કહઇ છઈ—

**સત્તાની** પરિં તત્કાલ **અસત્તા** જે નથી **સ્ફુરતી**, તે–વ્યંજક અણમિલ્યાના વશથી, પણિ–તુચ્છપણા થકી નહીં; જિમ–છતોઇ શરાવનો ગંધ નીરસ્પર્શ વિના જણાઈ નહીં, એતાવતા–અસત્ય નહી. કેટલાઇક–વસ્તુના ગુણ: સ્વભાવઇં જ જણાઈ છઇ: કેટલાઈક–પ્રતિનિયતવ્યંજકવ્યંગ્ય છઇ: એ વસ્તુ-વૈચિત્ર્ય છઈ. પણિ–એકઈની તુચ્છતા કહિંઇ, તો–ઘણો વ્યવહાર વિલોપાઈ. **उक्तं चास्माभिर्भाषारहस्यप्रकरणे—**

ते हुंति परावेक्खा, वंजयमुहदंसिणो त्ति ण य तुच्छा ।
दिट्ठमिणं वेचित्तं, सरावकप्पूरगंधाणं ॥ १ ॥ इति ॥ १८७.

૭

# નિજ નાના પર્યાયઇં "તેહ જ
# દ્રવ્ય એહ" ઈમ કહિઈં જી.
# નિત્ય સ્વભાવ અનિત્ય સ્વભાવઇં,
# પજજયપરિણતિ લહીઈં જી.
# છતી વસ્તુનઇં રૂપાંતરથી નાશઇં,
# દ્વિવિધા ભાસઇં જી,

---

પાઠા૦ ૧. वि. तर्कणायाम्.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિશેષનઈં સામાન્યરૂપથી,**

**થૂલત્થંતર નાશઈં જી. ૧૮૮.**

**નિજ** ક૦ આપણા, જે–ક્રમભાવી **નાના પર્યાયઃ** શ્યામત્વઃ રક્તત્વાદિકઃ, તે–ભેદક છઈ. તહીં હુતઈ, પણિ–"એ દ્રવ્યઃ તેહ જ, જે–પૂર્વિં અનુભવિઉં હુતું." એ જ્ઞાન, જેહથી થાઈ છઇ, તે **નિત્ય-સ્વભાવ** કહિઇં.

" तद्भावाव्ययं नित्यम् ५. ३०. " इति . सूत्रम्, " प्रध्वंसाप्रतियोगित्वं नित्यत्वम् " इत्यस्याप्यत्रैव पर्यवसानम्, केनचिद् रूपेणैव तल्लक्षणव्यवस्थितेः ॥ ३.

**અનિત્ય-સ્વભાવઃ પર્યાય પરિણતિ** લહિઇં. જેણઇ રૂપઈં–ઉત્પાદઃ વ્યયઃ છઈ, તેણઇ–**અનિત્ય સ્વભાવ** છઇ. છતી **વસ્તુનઇ રૂપાંતરથી**–પર્યાયવિશેષથી **નાશ** છઇ, તેણઇ કરી–એ દ્વિવિધા–"આ રૂપઈં–નિત્યઃ આ રૂપઈં–અનિત્યઃ" એ વૈચિત્રી ભાસઇ છઈ. **વિશેષનઇઃ સામાન્ય રૂપથી** અન્વયઈં નિત્યતા, જિમ–**ઘટ નાશઈં,** પણિ–મૃદ્દ્રવ્યાનુવૃત્તિ.તથા–સામાન્યનઈંઃ મૃદાદિકનઈં પણિ–સ્થૂલાર્થાન્તર–ઘટાદિક નાશઇ અનિત્યતા, " घटरूपेण मृन्नष्टा "इतिप्रतीतेः । ૧૮૮.

૮

**જો નિત્યતા ન છઈ તો,**

**અન્વય વિના ન કારય હોવઈં જી,**

**કારયકાલે અછતું કારણ,**

**પરિણતિરૂપ વિગોવઇ જી.**

---

પાઠા૦ ૧. અનિત્યત્વમ્, तर्कणायाम्. અને નિત્યતા. ભા૦ થી નિત્યતા. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અનિત્યતા જો નહીં સર્વથા,**
**અર્થક્રિયા તો ન ઘટઈ જી,**
**દલનિ કારયરૂપ પરિણતિ,**
**અનુત્પન્ન તો વિઘટઇ જી. ૧૮૯.**

**જો–નિત્યતા નથી,** અનઇ–એકાંતક્ષણિક જ સ્વલક્ષણ છઇ, તો–કારણના **અન્વય વિના** કાર્ય ન નીંપજઈ.જે માટિં–કારણક્ષણ કાર્યક્ષણોત્પત્તિકાલઇં નિર્હેતુકનાશ અનુભવતો અછતો છઈ, તે-કાર્યક્ષણપરિણતિ કિમ કરઈ ? અછતોઇં કારણક્ષણ કાર્યક્ષણ કરઈ, તો ચિરનષ્ટકારણથીઃ અથવા–અનુત્પન્ન કારણથીઃ કાર્ય નીંપનું જોઈઈ. ઇમ તો–કાર્યકારણભાવની વિડંબના થાઇં. "અવ્યવહિત જ કારણક્ષણ કાર્યક્ષણ કરઈ" ઇમ કહિઈ, તોઈ–રૂપાલોકમનસ્કારાદિકનઈં વિષઇંઃ ઉપાદાન આલોકાદિકનઈં વિષઈઃ નિમિત્ત, એ-વ્યવસ્થા કિમ ઘટઇ ? જે માટઈં–અન્વયવિના શક્તિમાત્રઈં ઉપાદાનતા નિમિત્તમાંહિં પણિં કહી[2] સકાઇં, તે માટઇ–ઉપાદાન તે અન્વયી માનવું. અન્વયિપણુંઃ તે જ–નિત્યસ્વભાવ.

હિવઈં **જો-સર્વથા** નિત્યસ્વભાવ માનિઈં, અનઈ-**અનિત્ય** સ્વભાવ **સર્વથા** ન માનિઇં તો–**અર્થ–ક્રિયા** ન ઘટઇ. જે માટઈં–**દલનઇ**–કારણનઇં, **કાર્યરૂપતાપરિણતિ**–કથંચિત્ ઉત્પન્નપણું જ આવ્યું, **સર્વથા અનુત્પન્નપણું વિઘટિઉં.** અનઈં જો ઇમ કહિઈ–"કારણઃ તે–નિત્ય જ, તદ્વૃત્તિ કાર્યઃ તે–અનિત્ય જ." તો–કાર્ય-કારણનઈં અભેદસંબંધ કિમ ઘટઈ ? ભેદ સંબંધ માનિઇં, તો–તત્સંબંધાન્તરાદિગવેષણાઈં અનવસ્થા થાઈ. તેમાટિં–કથંચિત્ અનિત્ય-સ્વભાવ પણિ માનવો. ૪. ૧૮૯.

---

પાઠા૦ ૧. કક્ષણરૂપાદિકનઇ. **તર્ક૦ પાલિ૦ ભા૦** ૨. નિશ્ચિતમ્. **તર્ક૦ પાલિ૦** ૩. કહી ન સકાઈ. **પાલિ૦. તર્ક૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯

**સ્વભાવનઇં એકાધારત્વઇં**
**એક સ્વભાવ વિલાસો જી,**
**અનેક દ્રવ્ય–પ્રવાહ એહનઇં,**
**અનેક સ્વભાવ પ્રકાશો જી.**
**વિણ એકતા વિશેષ ન લહિઇં,**
**સામાન્યનઇં અભાવઇં જી,**
**અનેકત્વ વિણ સત્તા ન ઘટઇ,**
**તિમ જ વિશેષ અભાવિં જી. ૧૯૦.**

**સ્વભાવ**–જે સદ્ભાવી ધર્મ, તેહનઇં–**આધારત્વઇં, એકસ્વ-ભાવઃ** જિમ–રૂપઃ રસઃ ગંધઃ સ્પર્શઃ નો આધાર ઘટાદિઃ એક કહિઇં. નાનાધર્માધારત્વઇં એક સ્વભાવતાઃ નાનાક્ષણાનુગતત્વઇં નિત્યસ્વભાવતાઃ એ વિશેષ જાણવો. ૫.

મૃદાદિક દ્રવ્યનો સ્થાસઃ કોશઃ કુશૂલાદિકઃ **અનેક દ્રવ્ય પ્રવાહ** છઇં, તેણઇં–**અનેક સ્વભાવ** પ્રકાસઇં. પર્યાયપણિ આદિષ્ટદ્રવ્ય કરિઇં, તિવારઇં–આકાશાદિદ્રવ્યમાંહિં પણિ–ઘટાકાશાદિભેદઇંઃ એ [અનેકત્વ] સ્વભાવ દુર્લભ નહીં.

એકસ્વભાવ વિના, **સામાન્યાભાવઇં, વિશેષ ન પામિઇં. વિશેષાભાવઇં** અનેકસ્વભાવ વિના **સત્તા** પણિ **ન ઘટઇ,** તેમાટિં–એકાનેક ૨. સ્વભાવ માન્યા જોઈઇં;[1] ૬. ૧૯૦.

---

પા૰ઠા૰ ૧. તિમ જ–વિશેષ વસ્તુનો અભાવ તોપણિં માન્યું જ જોઈએ, તે માટેં કહઈ છઈ. પાલિ૰

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦

ગુણ-ગુણિનઈં સંજ્ઞાઃસંખ્યાદિકભેદઈં
ભેદસ્વભાવોઃ જી,
અભેદવૃત્તિ સુલક્ષણ ધારી હોઇ
અભેદ સ્વભાવોઃ જી.
ભેદ વિના એકત્વ સર્વનિં તેણું,
વ્યવહાર વિરોધો જી.
વિણ અભેદ કિમ નિરાધારનો,
ગુણપજજવનો બોધો જી. ૧૯૧.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

ગુણ–ગુણિનઈં: પર્યાય–પર્યાયિનઈં: કારક-કારકિનઈં, સંજ્ઞાઃ સંખ્યાઃલક્ષણાદિકઃભેદઈં કરી, ભેદ સ્વભાવઃ જાણવો. અભેદની જે–વૃત્તિ, તે–લક્ષણવંત અભેદ સ્વભાવ જાણવો.

ભેદસ્વભાવ ન માનિઈં, તો–સર્વ દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ નેઈં એક પણું હોઇ. તેણઈં કરી–" इदं द्रव्यम्, अयं गुणः, अयं पर्यायः " એ વ્યવહારનો વિરોધ હોઈ. અનઈં–અભેદ સ્વભાવ ન કહિઈં, તો–નિરાધાર ગુણ–પર્યાયનો બોધ ન થયો જોઈઈં. આધારાધેયનો અભેદ વિના બીજો સંબંધ જ ન ઘટઈં.

अत्र--प्रवचनसारगाथा—

पविभत्तपदेसत्तं पुधत्तमिदि सासणं हि वीरस्स ।
अण्णत्तमतब्भावो ण तब्भवं भवदि कधमेगं ॥ २. १४. ॥

॥ इति ॥ ७. ८. १९१.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧

શકતિ અવસ્થિત નિજરૂપાન્તર
ભવનિ ભવ્ય-સ્વભાવોઃ જી.
ત્રિહું કાલિં મિલતા પરભાવિં
અભવન અભવ્ય-સ્વભાવોઃ જી.
શૂન્યભાવ વિણુ ભવ્ય સ્વભાવિં
કૂટ કાર્યનઈં યોગઈં જી.
અભવ્યભાવ વિણુ દ્રવ્યાન્તરતા
થાઈં દ્રવ્ય સંયોગઈં જી. ૧૯૨.

અનેક કાર્યકરણશક્તિક જે-અવસ્થિત દ્રવ્ય છઈં, તેહનઈં-ક્રમિક વિશેષાન્તરાવિર્ભાવઈં અભિવ્યંગ્ય-ભવ્ય સ્વભાવઃ કહિઇં. ત્રિહું કાલિં-પર દ્રવ્યમાંહિ ભિલતાં પણિ-પરસ્વભાવઈં ન પરિણમવું, તે-અભવ્યસ્વભાવ કહિઈં.

अन्नोन्नं पविसंता देंता ओगासमण्णमण्णस्स ।
मेलंता विय णिच्चं सगसगभावं ण विजहंति ॥ १ ॥

ભવ્ય સ્વભાવ વિના, ખોટા કાર્યનઈં યોગઈં શૂન્યપણું થાઇં. પરભાવઈં ન હોઈ, અનઈં-સ્વભાવઈં-ન હોઈ, તિવારે-ન હોઈ જ. અનઈ-અભવ્ય સ્વભાવ ન માનિઈં, તો-દ્રવ્યનઈ સંયોગઈઃ દ્રવ્યાંતરપણું થયું જોઈ ઈ, જે માટિં-ધર્માધર્માદિકનઈંઃ જીવ-પુદ્ગલાદિકનઈંઃ એકાવગાહનાવગાઢકારણઈં કાર્યસંકર, અભવ્યસ્વભાવઈં જ ન થાઈં. તત્તદ્દ્રવ્યનેઈં તત્તત્કાર્યહેતુતાકલ્પન પણિ અભવ્યત્વસ્વભાવગર્ભ જ છઇં

પાઠા૦ ૧. સ્વભાવે હોઈ, તિવારે-ભવ્ય હોઈ. પાલિ૦ तर्क०



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

" आत्मादेः स्वद्रव्यनन्तकार्यजननशक्तिर्भव्यता, तत्तत्सहकारिसमवधानेन तत्तत्कार्योपधायकताशक्तिश्च तथाभव्यता तथाभव्यतयैवानतिप्रसङ्गः " इति तु हरिभद्राचार्याः । ૯. ૧૦ ૧૯૨.

૧૨

પરમભાવ પારિણામિકભાવઃ

પ્રધાનતાઈં લીજઈ જી.

એ વિણુ મુખ્યરૂપ કિમ દ્રવ્યઈં

પ્રસિદ્ધ રીતિં દીજઈ જી ?

એ સામાન્ય સ્વભાવ ઇગ્યારહ,

સકલ દ્રવ્યનઈં ધારો જી.

આગમ અર્થ વિચારીનઇં જગિ,

સુજસ-વાદ વિસ્તારો જી. ૧૯૩.

સ્વલક્ષણીભૂત પારિણામિકભાવઃ, પ્રધાનતાઈં પરમભાવ-સ્વભાવ કહિઇં. જિમ-જ્ઞાનસ્વરૂપ આત્મા.

એ પરમભાવ સ્વભાવ ન કહિઈં, તો-દ્રવ્યનઈં વિષઈં, પ્રસિદ્ધ રૂપ કિમ દીજઇ ? અનંતધર્માત્મક વસ્તુનઈં એક ધર્મપુરસ્કારઈં બોલાવિઇં, તેહજ-પરમભાવનું લક્ષણ. ૧૧.

એ-૧૧ સામાન્ય સ્વભાવ સર્વ દ્રવ્યનઇ ધારવા.

એહવા આગમ અર્થ વિચારીનઇં જગમાંહિ સુયશ વિસ્તારો. ૧૯૩.

હિવઈ-આગલીઢાળે ચેતનદ્રવ્યનું સ્વરૂપ વર્ણવઈ છઇ, તે જાણોજી:-

---

પાઠા૦ ૧. शवत्या भव्यः तर्क०

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઢાલ ૧૨ મી.

[ જી હો સંભવ નામ સુહામણું—એ દેશી ]

૧

જી હો ચેતનભાવઃ તે ચેતના,
લાલા ઉલટ અચેતન ભાવઃ
જી હો ચેતનતા વિણ જીવનઇં,
લાલા થાઇં કર્મ અભાવ. ૧૯૪
ચતુરનર ધારો અર્થ વિચાર.

જેહથી ચેતનપણાનો વ્યવહાર થાઇં, તે ચેતન સ્વભાવઃ, તેહથી-ઊલટો, તે-અચેતન સ્વભાવઃ જો-જીવનઇં ચેતનસ્વભાવ ન કહિઇં, તો-રાગદ્વેષચેતનારૂપકારણ વિના જ્ઞાનાવરણાદિ કર્મનો અભાવ થાઇં.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

यत उक्तम्—

स्नेहाभ्यक्तशरीरस्य रेणुना श्लिष्यते यथा गात्रम् ।
रागद्वेषक्लिन्नस्य कर्मबन्धो भवत्येवम् ॥ १ ॥ इति । ૧૯૪.

૨

જી હો જો ચેતનતા સર્વથા,
લાલા વિના અચેતનભાવ
જી હો ધ્યાન-ધ્યેયઃ ગુરુ-શિષ્યઃની,
લાલા સી ખપ શુદ્ધ સ્વભાવ? ૧૯૫. ચતુ૦

---

પાઠા૦ ૧ દ્વેષરૂપ. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો-જીવનઈં સર્વથા ચેતનસ્વભાવ કહિઈં, અચેતન સ્વભાવ ન કહિઈં, તો-અચેતન કર્મનો-કર્મદ્રવ્યોપશ્લેષજનિતચેતનાવિકાર વિના શુદ્ધ સિદ્ધ સદૃશપણું થાઇં, તિવારઈં-ધ્યાન-ધ્યેયઃ ગુરુ-શિષ્યઃની સી ખપ થાઈ? સર્વ શાસ્ત્રવ્યવહાર ઇમ ફોક થઇ જાઈં. શુદ્ધનઇં અવિદ્યાનિવૃત્તઇં પણિં સ્યો ઉપકાર થાઇ ? તે માટઈ-" अलवणा यवागूः " इति वत् " અચેતન આત્મા " ઇમ પણિ કથંચિત્ કહિઇં. ૧૯૫.

૩

જી હો મૂર્તભાવઃ મૂરતિ ધરઈં,
લાલા ઉલટ અમૂર્તસ્વભાવઃ
જી હો મૂર્તતા ન જીવનઇં,
લાલા તો સંસાર અભાવ. ૧૯૬. ચતુ૦,

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

મૂર્ત્તિ ક૦ રૂપઃ રસઃ ગંધઃ સ્પર્શાદિઃ સન્નિવેશઃ તે-જેહથી ધરિઈં, તે-મૂર્ત સ્વભાવઃ તેહથી વિપરીત તે-અમૂર્તસ્વભાવઃ જો-જીવનઇં કથંચિત્ મૂર્તતાસ્વભાવ નહીં, તો-શરીરાદિ સંબંધ વિનાઃ ગત્યન્તરસંક્રમ વિનાઃ સંસારનો અભાવ થાઇં. ૧૯૬.

૪

જી હો અમૂર્તતા વિણ સર્વથા
લાલા મોક્ષ ઘટઈં નહીં તાસ.
જી હો એક પ્રદેશ સ્વભાવતાઃ
લાલા અખંડ બંધ નિવાસ. ૧૯૭ ચતુર૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનઇં જો–લોકદૃષ્ટવ્યવહારઇં મૂર્તસ્વભાવ જ આત્માનઇં માનિઇં, તો–મૂર્તઃ તે–હેતુસહસ્રઇં પણિ અમૂર્ત ન હોઇ, તિવારઇં–મોક્ષ ન ઘટઇં. તે માટઇં–મૂર્તત્વસંવલિતજીવનઇં પણિં અંતરંગ અમૂર્તસ્વભાવ માનવો.

એક પ્રદેશ સ્વભાવઃ તે–તે કહિઇં, જે–એકત્વપરિણતિ અખંડાકાર બંધ ક૦ સન્નિવેશ, તેહનો–નિવાસ–ભાજનપણું. ૧૯૭.

૫

**જી હો અનેકપ્રદેશ સ્વભાવતાઃ**

**લાલા ભિન્ન પ્રદેશ સ્વભાવ.**

**જી હો જો નહીં એક પ્રદેશતા,**

**લાલા ભેદ હુઇ બહુભાવ. ૧૯૮ ચતુર૦**

અનેક પ્રદેશ સ્વભાવઃ તે કહિઇ, જે–ભિન્ન પ્રદેશયોગઇઃ તથા–ભિન્નપ્રદેશકલ્પનાઇં અનેક પ્રદેશ–વ્યવહાર–યોગ્યપણું.

જો–એક પ્રદેશ સ્વભાવ ન હોઇ, તો–અસંખ્યાત પ્રદેશાદિયોગઇં બહુ વચન પ્રવૃત્તિ–"એક ધર્માસ્તિકાય" એ વ્યવહાર ન હોઇ. "ઘણા ધર્માસ્તિકાય" ઇત્યાદિક થયું જોઈઇઃ ૧૯૮.

૬

**જી હો કિમ સકંપ નિઃકંપતા ?**

**લાલા જો ન અનેક પ્રદેશ.**

**જી હો અણુ સંગતિ પણિ કિમ ઘટઈ**

**લાલા દેશ–સકલ આદેશ ? ૧૯૯. ચતુર૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો—અનેક પ્રદેશ સ્વભાવ દ્રવ્યનઈં ન કહિઈં, તો—ઘટાદિક અવયવી—દેશથી—સકંપઃ દેશથી—નિષ્કમ્પઃદેખિઈં છઈ, તે કિમ મિલઈં ? " અવયવ કંપઈં પણિ અવયવી નિષ્કમ્પ." ઈમ કહિઈં, તો—ચલતિ એ પ્રયોગ કિમ થાઇ ? દેશવૃત્તિકંપનો જિમ પરંપરા સંબંધ છઇ, તિમ દેશવૃત્તિકંપાભાવનો પણિ પરંપરા સંબંધ છઈ. તે માટિં—" દેશથી ચલઈ છઈઃ દેશથી નથી ચલતોઃ " એ અસ્ખલિત વ્યવહારઇં અનેકપ્રદેશસ્વભાવ માનવો.

તથા—અનેક પ્રદેશસ્વભાવ ન માનિઇ, તો—આકાશાદિદ્રવ્યઈં, અણુસંગતિ કહિતા—પરમાણુ—સંયોગ, તે—કિમ ઘટઈ ? ૧૯૯.

એહજ યુક્તિ વિસ્તારી દેખાડઇ છઈ—

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

૭

જી હો દેશ-સકલભેદઇં દ્વિધા,
લાલા દીઠી જગમાં વૃત્તિ.
જી હો પ્રત્યેકઈં દૂષણ તિહાં,
લાલા બોલઇ सम्मतिवृत्ति. ૨૦૦ ચતુર૦

એકઃ– વૃત્તિ–દેશથી છઇઃ જિમ—કુંડઇં બદર; નઇં બીજીઃ સર્વથી છઈ, જિમ—સમાનવસ્ત્રદ્વયની. તિહાં—પ્રત્યેકઇં દૂષણ सम्मतिवृत्ति બોલઇ છઇ. પરમાણુનઈં આકાશાદિકઈં દેશવૃત્તિ માંનતાઃ આકાશાદિકના પ્રદેશ અનિચ્છતાં પણિ આવઈં. અનઇં—સર્વતોવૃત્તિ માંનતાઃ પરમાણુ આકાશાદિ પ્રમાણ થઈ જાઈ. ઉભયાભાવઇં તો—પરમાણુનઈં અવૃત્તિપણુંજ થાઈ.
" यावद्विशेषाभावस्य सामान्याभावनियतत्त्वात्–" इत्यादि। ૨૦૦.

૮

જી હો ભાવ સ્વભાવહ અન્યથા.
લાલા છઈ વિભાવઃ વડ વ્યાધિ.
જી હો એ વિણ ન ઘટઈં જીવનઈં
લાલા અનિયત કર્મ ઉપાધિ. ૨૦૧ ચતુર૦

સ્વભાવથી જ અન્યથાભાવઃ તે–વિભાવ સ્વભાવઃ કહિઈં. તે–મહા વ્યાધિ રૂપ છઇ. એ વિભાવ–સ્વભાવ માન્યા વિના જીવનઈં, અનિયત કહતાં–નાના દેશકાલાદિવિપાકી કર્મ ઉપાધિ ન લાગો જોઈઈ.

" उपाधिसम्बन्धयोग्यता हि विभावस्वभावः " ૨૦૧.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૯

જી હો શુદ્ધભાવ કેવલપણં
લાલા ઉપાધિકજ અશુદ્ધ.
જી હો વિણ શુદ્ધતા, ન મુક્તિ છઈ.
લાલા લેપ ન, વિગર અશુદ્ધ. ૨૦૨ ચતુર૦

કેવલપણું ક૦–ઉપાધિભાવરહિતાન્તર્ભાવપરિણતઃ તે–શુદ્ધ-સ્વભાવઃઉપાધિજનિતબહિર્ભાવપરિણામનેં યોગ્યતાઃ તે–અશુદ્ધ સ્વભાવઃ છઇ. જો–શુદ્ધ સ્વભાવ ન માનિઇ, તો–મુક્તિ ન ઘટઇ. જો–અશુદ્ધસ્વભાવ ન માનિઈં, તો–કર્મનો લેપ ન ઘટઈં. अत एव– " શુદ્ધસ્વભાવનઈં કદાપિ અશુદ્ધતા ન હોઇં, અશુદ્ધસ્વભાવનઈં પછઇં પણિ શુદ્ધતા ન હોઈ" એ वेदान्त्यादि મત નિરાકરિઉં. ઉભયસ્વભાવ માનિઈં, કોઇ દૂષણ ન હુઇ, તે વતી. ૨૦૨.

પાઠા૦ ૧. પરિણમન. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦

જી હો નિયમિત એક સ્વભાવ જે,
લાલા ઉપચરિઈં પરઠાણ.
જી હો તે ઉપચરિત સ્વભાવ છઈં,
લાલા એ વિણ કિમ પરનાણ ? ૨૦૩ ચતુર૦

નિયમિત—એકસ્થાનિ નિર્દ્ધારિઉં, જે—એક સ્વભાવ, પરસ્થાનકિ ઉપચરિઇં, તે—ઉપચરિત સ્વભાવ હોઈ. તે-ઉપચરિત સ્વભાવ ન માનિઇં, " સ્વ-પરવ્યવસાયિજ્ઞાનવંત આત્મા " કિમ કહિઈ ? તે માટઇં—જ્ઞાનનઇં સ્વવિષયત્વઃ તો—અનુપચરિત છઇ, પણિ—પરવિષયત્વઃ તે—પરાપેક્ષાઈં પ્રતીયમાનપણઈંઃ તથા—પરનિરુપિતસંબંધપણઈં ઉપચરિત છઇ. ૨૦૩.

૧૧

જી હો કર્મ:સહ:જ બિ ભેદ તે,
લાલા મૂર્ત અચેતન ભાવ.
જી હો પ્રથમ જીવનિ સિદ્ધનઇં,
લાલા અપર પરજ્ઞસ્વભાવ. ૨૦૪. ચતુ૦

તે—ઉપચરિતસ્વભાવ ૨. પ્રકાર છઇ, એક—કર્મજનિતઃ એક—સ્વભાવજનિતઃ તિહાં—પુદ્ગલ સંબંધઈં જીવનઈં મૂર્તપણું:—અનઈં—અચેતનપણુંઃ જે કહિઈં છઇ, તિહાં—ગૌર્વાહીકઃ એ રીતિં ઉપચાર છઈ, તે—કર્મજનિત છઈ. તે માટિં—તે કર્મજ ઉપચરિતસ્વભાવ છઈ. તે જીવને અપર કહતાં—બીજો, જે—સહજ ઉપચરિતસ્વભાવ, તે—સિદ્ધનઇં પરજ્ઞપણું, તિહાં—કોઇ કર્મોપાધિ છઈ.

૧. પાઠા૦ છઈ નહીં. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तदुक्तमाचारसूत्रे—

" अकम्मस्स ववहारो ण विज्जइ, कम्मुणा उवाही जायति "

त्ति ॥ २०४.

૧૨

જી હો દસઈં વિશેષસ્વભાવ એ,

લાલા સબ ઇકવીસ સંભાલિ.

જી હો સવિહું પદ્ગલઃ જીવઃ નઈં,

લાલા પન્નરભેદ છઇં કાલિ. ૨૦૫. ચતુ૦.

એ દસઈં વિશેષસ્વભાવ, નિયતદ્રવ્યવૃત્તિ માટઈં. એ મધ્યે પૂર્વોક્ત ૧૧. સામાન્યસ્વભાવ ભેલિઈં, તિવારઈં-સર્વં મિલીનઈં એકવીસ સ્વભાવ થાઈ. પુદ્ગલઃ જીવઃ નઈં એ ૨૧. ઈં સ્વભાવ હોઈ. તથા-કાલ દ્રવ્યનઇં વિષઈં ૧૫ સ્વભાવ હોઇ, ૨૧. માંહિથી ૬. કાઢિઇં, તિ વારઈં. ૨૦૫.

જૈનમ્ જયતિ શાસનમ્

તે કિમ છઇં ? તે-કહઈ છઇ—

૧૩

જી હો બહુ પ્રદેશઃ ચિતઃ મૂર્તતાઃ,

લાલા વિભાગ શુદ્ધઃ અશુદ્ધઃ.

જી હો ટાલી આદિમ સંજુઆ.

લાલા સોલ ધરમ મુખ બુદ્ધ. ૨૦૬. ચતુ૦.

બહુપ્રદેશ કહતાં-અનેકપ્રદેશસ્વભાવ ૧. ચિત્ ક૦-ચેતનસ્વભાવ ૨. મૂર્તત્વસ્વભાવ ૩. વિભાગસ્વભાવ ૪. શુદ્ધસ્વભાવ ૫. અશુદ્ધસ્વભાવ ૬. એ ૬. કાઢિઈં, તિવારઇં-કાલનઈં ૧૫ સ્વભાવ

૧૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાઈં. ધર્માસ્તિકાયઃ અધર્માસ્તિકાયઃ આકાશાસ્તિકાયઃ નઈં, આદિમ કહતાં–અનેકપ્રદેશસ્વભાવઃ, તે સંયુત કરિઈં, બીજા ૫. ટાલિઈં, તિવારઈં–૧૬ સ્વભાવ થાઈં.

एकविंशतिभावाः स्युर्जीव–पुद्गलयोर्मताः ।
धर्मादीनां षोडश स्युः, काले पञ्चदश स्मृताः ॥ १ ॥. २०६.

૧૪

જી હો પ્રમાણઃ નયઃનઈં અધિગમઈં,
લાલા જાણી એહ સ્વભાવ.
જી હો સુજસવિબુધજનસંગતિં,
લાલા ધરો ચિત્તિ શુભ ભાવ. ૨૦૭. ચતુર૦

એ ૨૧. સ્વભાવ પ્રમાણઃ નયઃ નઈં અધિગમઈં કહતાં–જ્ઞાનઈં જાણીનઈં, સુજસ–શોભન અનુયોગ પરિજ્ઞાન–યશવંત જે–વિબુધ–પંડિત, તેહની–સંગતિં કરી, સર્વ શંકાદોષ ટાલી, ચિત્તમાંહિં શુભ ભાવ ધરો. ૨૦૭

હવઈ–સ્વભાવનો અધિગમ નયઈં કરી દેખાડઈ છઇ—

ઢાલ ૧૩.

( રાગ ધોરણી–નયરી અયોધ્યા વતી રે. એ દેશી. )

૧

સ્વદ્રવ્યાદિકગ્રાહકઈં રે,
અસ્તિસ્વભાવ વખાણિ.
પરદ્રવ્યાદિકગ્રાહકઈં રે,
નાસ્તિસ્વભાવ મનિ આણિઆ રે. ૨૦૮
ચતુર વિચારિઇં. એ આંચલી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસ્તિસ્વભાવ દ્રવ્યનો છઈ, તે–સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનયઇં વખાણ્યાઈ ૧[1]. નાસ્તિસ્વભાવ છઈ, તે–પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક નયઇં ૨. उक्तं च--

"सर्वमस्ति स्वरूपेण, पररूपेण नास्ति च।" ૨૦૮

૨

ઉત્પાદ–વ્યયગૌણતારે,
સત્તાગ્રાહકિ નિત્ય.
કોઇક પર્યાયાર્થિકઇં રે.
જાણો સ્વભાવ અનિત્યો રે. ૨૦૯ ચતુર૦

ઉત્પાદ:વ્યય:ગૌણત્વઇં સત્તાગ્રાહક દ્રવ્યાર્થિકનયઈં નિત્ય સ્વભાવ કહિઇં ૩. કોઇક પર્યાયાર્થિક નય–ઉત્પાદ: વ્યય: ગ્રાહક હોઈ, તેણઈં કરી–અનિત્યસ્વભાવ જાણો. ૪. ૨૦૯

જૈનમ્ જયતિ શાસનમ્

૩

ભેદ કલ્પનારહિતથી રે,
ધારો એક સ્વભાવ.
અન્વયદ્રવ્યાર્થિકનયઇં રે,
અનેક દ્રવ્ય સ્વભાવો રે. ૨૧૦. ચતુર૦

ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધદ્રવ્યાર્થિકનયઈં–એકસ્વભાવ જાણો ૫. અન્વયદ્રવ્યાર્થિનયઇં અનેક સ્વભાવ ૬.

"कालान्वये सत्ताग्राहको देशान्वये चान्वयग्राहको नयः प्रवर्त्तते॥" ૨૧૦.

---

પાઠાન્તર–૧. તિહાં અસ્તિ સ્વભાવ કહિઇં. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪

સદ્ભૂતવ્યવહારથી રે,

ગુણગુણ્યાદિકભેદ.

ભેદ કલ્પના રહિતથી રે,

જાણો તાસ અભેદો રે. ૨૧૧. ચતુર૦

સદ્ભૂતવ્યવહારનયથી ગુણ-ગુણીઃ પર્યાય-પર્યાયીનો ભેદ-સ્વભાવ ૭. ભેદકલ્પના રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી અભેદ સ્વભાવ ૮.

यत्र कल्प्यमानस्यान्तर्निगीर्णत्वेन ग्रहः, तत्रैकेस्वभावः, यथा 'घटोऽयम्' इति। यत्र विषयविषयिणोर्वैविक्त्येन ग्रहः, तत्राभेदस्वभावः, यथा-'नीलो घटः' इति। सारोपासाध्यवसानयो-र्निरूढत्वार्थमयं प्रकारभेदः ८। प्रयोजनवत्यौ तु ते यदृच्छानिमित्तकत्वेन, न स्वभावभेदसाधके, इति परमार्थः (?) ॥ २११.

૫

પરમભાવ ગ્રાહકનયઈં રે,

ભવ્ય-અભવ્યપરિણામ.

શુદ્ધ અશુદ્ધહ તેહથી રે.

ચેતન આત્મારામો રે. ૨૧૨. ચતુર૦

ભવ્ય સ્વભાવઃ અનઈં-અભવ્ય સ્વભાવઃ એ-૨. પરમ-ભાવગ્રાહકનયઈં જાણવા. ભવ્યતાસ્વભાવ નિરૂપિત છઈ; અભવ્યતાઃ ઉત્પન્ન સ્વભાવનીઃ તથા-પરભાવનીઃ સાધારણ છઈ. તે માટિં-ઈહાં

પાઠાન્તર-૧. सारोपाध्यवसानयो. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસ્તિઃ નાસ્તિઃ સ્વભાવનીપરિંઈં સ્વ-પરદ્રવ્યાદિગ્રાહક નય ૨. પ્રવૃત્તિ ન હોઇ. શુદ્ધાશુદ્ધપણુઇ [1]સંમુગ્ધ જે પરમ ભાવ ગ્રાહક નયઃ તેણુંઈં કરી-આત્મારામનઇ ચેતન સ્વભાવ કહિઇં.

૬

અસદ્ભૂતવ્યવહારથી રે,
ચેતન કર્મઃ નો-કર્મઃ
પરમભાવગ્રાહકનયઇં રે,
તેહ અચેતન ધર્મા રે. ૨૧૩ ચતુર૦

અસદ્ભૂત વ્યવહાર નયથી-કર્મઃ જ્ઞાનાવરણાદિક, નોકર્મઃ મન-વચન-કાયા, પણિ-ચેતન કહિઇં, ચેતનસંયોગકૃત પર્યાય તિહાં છઇ, તે માટઇ. " इदं शरीरमावश्यकं जानाति" इत्यादिव्यवहारो-ऽत एव भवति, 'घृतं दहति' इतिवत्" પરમભાવગ્રાહકનયઈં-તે-કર્મઃ નોકર્મઃ અચેતન સ્વભાવ કહિઇં, જિમ-ઘૃત અનુષ્ણ સ્વભાવ. ૨૧૩.

जैन शासन JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

૭

અસદ્ભૂતવ્યવહારથી રે,
જીવ અચેનધર્મ.
પરમભાવગ્રાહકનયઈં રે,
મૂરત કર્મઃ નોકર્મઃ રે. ૨૧૪ ચતુર૦

અસદ્ભૂતવ્યવહારનયથી-જીવઃ અચેતનસ્વભાવ કહિઇં. अत एव-"जडोऽयम्, अचेतनोऽयम्" ઇત્યાદિ વ્યવહાર છઇ.

एतेन 'मां न जानामि' 'इति प्रतीत्या विलक्षणाज्ञानसिद्धि-र्वेदान्तिनामपास्ता, सद्भूतव्यवहारनयग्राह्येणाचेतनस्वभावेनैव तदुपपत्तेः॥"

---

પાઠાન્તર-૧. સંબદ્ધ. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમભાવગ્રાહકનયઈં કર્મ:નોકર્મ: નઈં મૂર્ત્તસ્વભાવ કહિઈં. ૨૧૪.

૮

અસદ્ભૂત વ્યવહારથી રે,
જીવ મૂર્ત્ત પણિ હોઈ.
પરમનયઈં પુદ્ગલ વિનારે.
દ્રવ્ય અમૂર્ત્ત તું જોયો રે. ૨૧૫ ચતુર૦

અસદ્ભૂતવ્યવહારનયથી:જીવનઈં મૂર્ત્તસ્વભાવ પણિ કહિઈં. अत एव " अयमात्मा दृश्यते, अमुमात्मानं पश्यामि " એ વ્યવહાર છઈં. એ સ્વભાવેજ " रक्तौ च पद्मप्रभ–वासुपूज्यौ " ઇત્યાદિ વચન છઈં. પરમભાવગ્રાહકનયઈં: પુદ્ગલ દ્રવ્ય વિના, બીજા સર્વ દ્રવ્યનઈં અમૂર્ત્તસ્વભાવ કહિઈં. ૨૧૫.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૯

ઉપચારઈં પણિ પુદ્ગલિં રે,
નહીં અમૂર્ત્ત સ્વભાવ.
ઉપચરિઇં અનુગમવશિં રે,
વ્યવહારિઈં જે ભાવો રે. ૨૧૬ ચતુર૦

ચેતનસંયોગઈં દેહાદિકનઈં વિષઈં જિમ ચેતનત્વ ઉપચરિઈં છઈં, તિમ–અમૂર્ત્તત્વ ઉપચરતા નથી. તે માટિં–અસદ્ભૂતવ્યવહારથી પણિ પુદ્ગલનઈં અમૂર્ત્ત સ્વભાવ ન કહિઈં.

" પ્રત્યાસત્તિદોષઈં–અમૂર્તત્વ તિહાં–કિમ ન ઉપચરિ ? "
તે ઉપાર કહઈ છઈ–

અનુગમવશિં–એક સંબંધ દોષઈં, જેહ સ્વભાવ વ્યવહરિઈં, તે–ઉપચરિઈં, પણિ–સર્વ ધર્મનો ઉપચાર ન હોઈ.

तथा च—

आरोपे सति निमित्तानुसरणम्, न तु–'निमित्तमुरुरीकृत्यारोपः' इति न्यायोऽत्राश्रयणीयः, इति भावः । २१६.

१०

એ ભાવિં સંમતિ ભણિઉં રે,
અનુગત અર્થ અસેસ.
જલ–પય જિમ નવિ વિભજિઇં રે,
યાવત અંત્ય વિસેસા રે. ૨૧૭ ચતુર૦

એ ભાવિં–એ અભિપ્રાયઇં, **સમ્મતિગ્રંથમાંહિ** કહિઉં છઇ, જે–**અનુગત**–અત્યંત સંબદ્ધ, **અશેષ** કહિતાં–સર્વ, **અર્થ**, **જલઃપયઃજિમ**–ખીરઃનીરઃ પરિં, વિભજિઇં નહીં–પૃથક્ કરિઇં નહી. કિહાંતાંઇ **અંત્ય વિશેષતાંઇ**–અંત્ય વિશેષઇં–શુદ્ધ પુદ્ગલઃ જીવઃ લક્ષણઇંઃ વિભજિઇં. યથા—

"औदारिकादिवर्गणानिष्पन्नाच्छरीराद्ज्ञानघनासंख्येयप्रदेश आत्मा भिन्नः" इति । अत्र गाथा—

अन्नुन्नाणुगयाणं 'इमं व तं व' त्ति विभयणमजुत्तं ।
जह दुद्धपाणियाणं जावंत विसेसपज्जाया ॥१.४७ इति॥२१७.

ઇમ કહતાં–"મૂર્તતાઃ જો–પુદ્ગલદ્રવ્ય વિભાજક અંત્ય વિશેષ છઇ, તો–તેહનો ઉપચાર આત્મ દ્રવ્યઇં કિમ હોઇ? અનઇ–જો તે–વિશેષ નહીં, તો–અન્યોન્યાનુગમઇં અમૂર્તતાનો ઉપચાર પુદ્ગલદ્રવ્યઇં કિમ ન હોઇ?" એહવી–શંકા કોઇકનઇં હોઇ છઇ, તે–ટાલવાનઇં કહઇ છઇ—

૧૧

અનભિભૂત જિહાં મૂર્ત્તતા રે,
અમૂર્ત્તતા તિહાં નાંહિં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિહાં અભિભૂત અમૂર્ત્તતા રે,
મૂર્તિ અનંત્ય તેમાહિં રે. ૨૧૮. ચતુર૦

જિહાં—પુદ્ગલદ્રવ્યઈં મૂર્ત્તતા અભિભૂત નથી, કિંતુ—ઉદ્ભૂત છઈ, તિહાં—અમૂર્ત્તતા સ્વભાવ ન હોઈ. તે માટિં—અમૂર્ત્તતા અપુદ્ગલ[1] દ્રવ્યનો અંત્ય વિશેષ. અનઈં જિહાં—આત્મદ્રવ્યઈં કર્મ-દોષઈં અમૂર્ત્તતા અભિભૂત છઈ, તિહાં—મૂર્ત્તતા અનંત્ય અનુ-ગમજનિત સાધારણ ધર્મરૂપ હોઈ. तथा च—

अन्योऽन्यानुगमाविशेषेऽपि क्वचिदेव किञ्चित् केनचित् कथञ्चिदनु[1]भूयते, इति यथागम—व्यवहारमाश्रयणीयम्. २१८

१२

પુદ્ગલનઈં ઇકવીસમો રે,
ઈમ તો ભાવ વિલુત્ત.
તેણિ અસદ્ભૂત નયઈં રે,
પરોક્ષ અણુઅં અમુત્તો રે. ૨૧૯ ચતુર૦

"ઉપચારઈં પણિ—અમૂર્ત્ત સ્વભાવ પુદ્ગલનઈં ન હોઈ" ઈમ કહતાં તો એકવીસમો ભાવ લોપાઈં, તિરવાઈં—एकविंशतिभावाः स्युर्जीवपुद्गलयोर्मताः । એ વચન વ્યાઘાતથી અપસિદ્ધાંત થાઈ. તે ટાલવાનઈં કાજિં— અસદ્ભૂતવ્યવહારનયઈં: પરોક્ષ જે પુદ્ગલ પરમાણુ છઈ, તેહનઈં—અમૂર્ત્ત કહિઈં.

व्यावहारिकप्रत्यक्षागोचरत्वममूर्त्तत्वं परमाणौ भाक्तं स्वीक्रियते, इत्यर्थः । २१९.

---

પાઠા૦ ૧. પુદ્ગલદ્રવ્ય. ભા૦ मिभूयते. पालि० भा०

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૩

કાલ-પુદગલાણૂતણો રે,

એક પ્રદેશ સ્વભાવ.

પરમનયઈં પરદ્રવ્યનઈં રે,

ભેદ-કલપના અભાવો રે. ૨૨૦ ચતુર૦.

કાલાણુનઈં તથા પુદ્ગલાણુનઈં, પર ભાવ ગ્રાહક નયઈં: એક પ્રદેશ સ્વભાવ કહિયઈં. પરદ્રવ્યનઈં—એ ૨. ટાલી, બીજાં દ્રવ્યનઈં ભેદ કલ્પના રહિત, શુદ્ધ દ્રવ્યાર્થિંકઈં: એક પ્રદેશસ્વભાવ કહિઈં. ૨૨૦.

૧૪

ભેદ-કલ્પના-યુત નયઈં રે,

અનેક પ્રદેશ સ્વભાવ.

અણુ વિન પુદ્ગલ અણુતણો રે,

ઉપચારઈં તેહ ભાવો રે. ૨૨૧, ચતુર૦.

ભેદ-કલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિંક નયઈં, અણુ ક૦ પર-માણુ વિના સર્વ દ્રવ્યનઈં અનેક પ્રદેશસ્વભાવ કહિઈં. અનઈં—પુદ્ગલ પરમાણુનઈં અનેક પ્રદેશ થાવાની યોગ્યતા છઈં, તે માટઈં—ઉપચારઈં અનેક—પ્રદેશસ્વભાવ કહિઇં. કાલાણુમાંહિં તે ઉપચાર કારણ નથી, તેમાટઈં—તેહનઈં સર્વથા એ સ્વભાવ નહીં. ૨૨૧.

૧૫

શુદ્ધાશુદ્ધ દ્રવ્યાર્થિંકઈં રે,

જાણિ વિભાવ સ્વભાવ.



જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુદ્ધઇં શુદ્ધ સ્વભાવ છઇં રે,
અશુદ્ધઇં અશુદ્ધ સ્વભાવો રે. ૨૨૨. ચતુર૦.

શુદ્ધાશુદ્ધ દ્રવ્યાર્થિક નયઇ સંમુગ્ધઇં—વિભાવસ્વભાવઃ છઇ. શુદ્ધ દ્રવ્યાર્થિક નયઇં—શુદ્ધ સ્વભાવઃ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયઇં—અશુદ્ધ સ્વભાવઃ જાણવો. ૨૨૨.

૧૬

અસદ્ભૂત વ્યવહારથી રે.
છઇં ઉપચરિત સ્વભાવ.
એ સ્વભાવ નય યોજના રે,
કીજઇં મનિ ધરિ ભાવો રે. ૨૨૩ ચતુર૦

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

અસદ્ભૂતવ્યવહાર નયથી ઉપચરિત સ્વભાવ. એ ભાવ ચિત્તમાંહિં ધરી સ્વભાવ—નય યોજના કીજઇ. ૨૨૩.

એ દિગંબર પ્રક્રિયા કિહાં કિહાં સ્વસમયઇં પણિ ઉપસ્કૃત કરી છઇ, એહમાંહિં—ચિંત્ય છઇ, તે દેખાડઇં છઇં—

૧૭

અનુપચરિત નિજ ભાવ જે રે,
તે તો ગુણ કહવાય.
ઈક દ્રવ્યાશ્રિત ગુણ કહિયા રે,
ઉભયાશ્રિત પજ્જાયો રે. ૨૨૪ ચતુર૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વભાવઃ તે– ગુણ–પર્યાયથી ભિન્ન ન વિવખિઈં, જે માટિં–જે અનુપચરિત ભાવઃ તે–ગુણ જ, ઉપચરિતઃ તે–પર્યાય જ. अत एव–એક દ્રવ્યાશ્રિત–ગુણ, ઉભયાશ્રિત–પર્યાય કહિયા, तथोक्तम्–उत्तराध्ययनेषु—

" गुणाणमासओ दव्वं एगदव्वस्सिआ गुणा ।

लक्खणं पज्जवाणं तु उभओ अस्सिआ भवे ॥ १ ॥"

"यदि च 'स्वद्रव्यादिग्राहकेणास्तिस्वभावः, परद्रव्यादिग्राहकेण नास्तिस्वभावः' इत्यभ्युपगम्यते, तदोभयोरपि द्रव्यार्थिकविषयत्वात्, सप्तभङ्ग्यामाद्यद्वितीययोर्भङ्गयोर्द्रव्यार्थिक–पर्यायार्थिकाश्रयणे प्रक्रिया भज्येत" इत्याद्यत्र बहु विचारणीयम् ॥ २२४.

૧૮

સ્વભાવ ભેદ સહિત કહિયા રે,

ઇમ એ ગુણહ પ્રકાર.

હવઈં ભેય પજ્જાયના રે,

સુણિઇં સુજસ ભંડારે રે. ૨૨૫. ચ૦

ઇમિ–એ સ્વભાવભેદસહિત ગુણના પ્રકાર કહિયા. હવઈ–પર્યાયના ભેદ સાંભલો. સુયશના ભંડાર–એહવા શ્રોતા-પુરુષો. ૨૨૫.

ઢાલ ૧૪.[1]

૧

સુણો ભેદ પજ્જાયના, તે દોઈ પ્રકાર.

વ્યંજનઃ અર્થઃ વિભેદથી,

૧. [ રાગ મલ્હાર–મારગ વહિં રે ઉતાવળા–એ દેશી. મૂ૦. છોડી સીમંધર સ્વામીઆ. એ દેશી પા૦ ]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સંખેપઈં સાર. ૨૨૬.

### શ્રી જિનવાણી આદરો.

હવઈ–પર્યાયના ભેદ[1] સાંભલો. તે–પર્યાયઃ સંક્ષેપઈ–૨. પ્રકારઈ હોઈ. એક–વ્યંજન પર્યાયઃ બીજો–અર્થ પર્યાયઃ[2] સંક્ષેપઈ કહ્યા. ૨૨૬.

૨

અનુગત કાલકલિત કહિયો,
વ્યંજન પર્યાય.
વર્ત્તમાન સૂષિમ તિહાં,
અત્થહ પજ્જાય. ૨૨૭. શ્રી જિન૦

જે–જેહનો ત્રિકાલસ્પર્શી પર્યાય, તે–તેહનો વ્યંજનપર્યાય કહિઈ, જિમ–ઘટાદિકનઈ મૃદાદિ પર્યાય. તેહમાં–સૂક્ષ્મ વર્ત્તમાન–કાલવર્ત્તી અર્થપર્યાય. જિમ–ઘટનઈં તત્તત્ક્ષણવર્તી[3] પર્યાય. ૨૨૭.

૩

દ્રવ્ય–ગુણઈં બિહું ભેદ તે,
વલી શુદ્ધઃ અશુદ્ધઃ.
શુદ્ધ દ્રવ્ય વ્યંજન તિહાં,
ચેતનનઈં સિદ્ધ. ૨૨૮. શ્રી જિન૦

---

પાઠા૦–૧ अधुना क्रमागतपर्यायलक्षणं वक्ष्यामः इतिन्यायात्. હવે પર્યાયના ભેદ કહે છે, તે ભવિ પ્રાણી સાંભળો. પા૦ ૨. જાણવો. શ્રી વીતરાગવાણી ધારો. ભા૦ હે ભવિક પ્રાણી શ્રી વીતરાગ કથિત વચન સમ્યગ્ પ્રકારે કરીને સાંભળીને આદરો. પાલિ૦ ૩. તે પર્યાય. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પ્રત્યેકઈ—૨. પ્રકારઇં હુઈ. એક દ્રવ્યપર્યાયઃ ગુણપર્યાયઃ ઈમ ભેદથી. તે વલી—શુદ્ધઃ અશુદ્ધઃ ભેદથી ૨. પ્રકારે હોઈ. તિહાં —શુદ્ધ દ્રવ્યઃ વ્યંજન પર્યાય કહિઈં. ચેતન—દ્રવ્યનેં સિદ્ધપર્યાય જાણવો, કેવલભાવથી. ૨૨૮.

૪

અશુદ્ધ દ્રવ્ય વ્યંજન બહૂ,
મનુજાદિક ભેદ.
ગુણથી વ્યંજન ઇમ દ્વિધા,
કેવલ મઇ ભેદ. ૨૨૯. શ્રી જિન૦.

અશુદ્ધ—દ્રવ્યઃ—વ્યંજન પર્યાય—મનુષ્યઃ દેવઃ નારકઃ તિર્યગાદિઃ બહુ ભેદ જાણવા, જે માટિં—તે દ્રવ્યભેદ પુદ્ગલ સંયોગજનિત છઈ. ઈમ—શુદ્ધ ગુણવ્યંજન પર્યાય કેવલજ્ઞાનાદિરૂપ. અશુદ્ધગુણ—વ્યંજનપર્યાય—મતિજ્ઞાનાદિરૂપ જાણવા. ૨૨૯.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૫

ઋજુસૂત્રાદેશઈં કરી,
ક્ષણપરિણત એહ.
કહો અર્થ પજાય એ,
અભ્યંતર જેહ. ૨૩૦. શ્રી જિન૦.

ઈમ—ઋજુસૂત્રાદેશઇઃ ક્ષણપરિણત—જે—અભ્યંતર પર્યાય, તે—શુદ્ધાર્થ પર્યાય. અનઈ—જે જેહથી અલ્પકાલવર્ત્તી પર્યાય, તે—તેહથી અલ્પત્વ વિવક્ષાઇં—અશુદ્ધ અર્થપર્યાય કહવા. ૨૩૦.

ઈહાં—વૃદ્ધવચન સમ્મતિ દેખાડઈ છઈ—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬

પુરુષશબ્દ જિમ પુરુષનઈં,

વ્યંજન પર્યાય.

સમતિગ્રંથિં અર્થથી,

બાલાદિ કહાય. ૨૩૧. શ્રી જિન૦

જિમ–પુરુષશબ્દવાચ્યઃ જે–જન્માદિ મરણકાલપર્યંત એક અનુગત પર્યાય, તે પુરુષનો વ્યંજન પર્યાય, सम्मति ગ્રંથઈ કહિઓ છઈ. તથા– બાલ તરુણાદિપર્યાયઃ તે–અર્થપર્યાય કહિયા. તિમ–સર્વત્ર ફલાવી લેવું. अत्र गाथा—

" पुरिसम्मि पुरिससद्दो जम्माई मरणकालपज्जंतो ।
तस्स उ बालाइआ पज्जवभेया बहु विगप्पा ॥ १. ३२ ॥

" કેવલજ્ઞાનાદિક શુદ્ધગુણવ્યંજન પર્યાય જ હોઈ, તિહાં–અર્થ પર્યાય નથી." એહવી–કોઈક दिक्‌पटाभासની શંકા ટાલઈ છઈ—

JAINSITE.com

૭

ષડ્‌ગુણહાણી–વૃદ્ધિથી,

જિમ અગુરુલહુત્ત.

નવ નવ તિમ ખિણ ભેદથી.

કેવલપણિ વૃત્ત. ૨૩૨. શ્રી જિન૦

" षड्‌गुणहानिवृद्धिलक्षणागुरुलघुपर्यायाः सूक्ष्मार्थपर्यायाः " એ જિમ–કહિઉં છઇ, તિમ–ક્ષણભેદથી કેવલજ્ઞાનપર્યાય પણિ ભિન્ન ભિન્ન દેખાડ્યા છઇં, पढमसमयसजोगिभवत्थकेवलनाणेः अपढम-

समयसजोगिभवत्थकेवलनाणे." इत्यादिवचनात्। તે માટિં–ઋજુસૂત્રાદેશઇં શુદ્ધગુણના પણિ અર્થ પર્યાય માનવા. ૨૩૨

૮

શુદ્ધદ્રવ્ય વ્યંજન અણૂ,
પુદ્ગલ પર્યાય.
અશુદ્ધ દ્વયકાદિક ગુણા,
નિજગુણ પજ્જાય. ૨૨૩. શ્રી જિન૦

પુદ્ગલ દ્રવ્યનો શુદ્ધદ્રવ્ય વ્યંજન પર્યાયઃ અણુ ૬૦–પરમાણુઓ જાણવો. તે પરમાણુનો કહિઇં નાશ નથી, તે ભણી. દ્વયણુકાદિક દ્રવ્યઃ તે–પુદ્ગલદ્રવ્યના અશુદ્ધવ્યંજનપર્યાય. સંયોગજનિત છઇં, તેમાટિં. ઇમ–ગુણા કહતાં–પુદ્ગલદ્રવ્યના શુદ્ધગુણ વ્યંજન પર્યાયઃ અશુદ્ધ ગુણવ્યંજન પર્યાયઃ તે–નિજ નિજ ગુણાશ્રિત જાણવા. પરમાણુનો ગુણઃ તે–શુદ્ધ ગુણવ્યંજનપર્યાય, દ્વિપ્રદેશાદિકનો ગુણઃ તે–અશુદ્ધગુણવ્યંજનપર્યાય કહિઇં. ૨૩૩.

૯

સૂક્ષ્મ અર્થ પર્યાય તે,
ધર્માદિક એમ.
નિજપર પ્રત્યયથી લહો,
છાંડી હઠ પ્રેમ. ૨૩૪. શ્રી જિન૦

"ધર્માસ્તિકાયાદિકના શુદ્ધદ્રવ્ય વ્યંજનપર્યાય જ છઇં." એહવો–જે હઠ કરઇં છઇ, તેહનઇં કહિઇં જે–ઋજુસૂત્રાદેશઇં કરી–ક્ષણ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિણતિરૂપઃ [1]અર્થપર્યાય પણિ કેવલજ્ઞાનાદિકની પરિ હઠ છાંડીનઇં તિહાં કિમ નથી માનતા ? ૨૩૪.

" તે ધર્માસ્તિકાયાદિકમાંહિં અપેક્ષાઇં અશુદ્ધપર્યાય પણિ હોઈ, નહીં તો, પરમાણુપર્યંતવિશ્રામઈ[2] પુદ્ગલદ્રવ્યઇં પણિ ન હોઇ " એહવઇ અભિપ્રાયઈં–કહઈ છઇ—

**જિમ આકૃતિ ધર્માદિની,**
**વ્યંજન છઇં શુદ્ધ.**
**લોક દ્રવ્ય સંયોગથી,**
**તિમ જાણિ અશુદ્ધ. ૨૩૫. શ્રી જિન૦**

૧૦

[3]જિમ ધર્માસ્તિકકાયાદિકની આકૃતિ લોકાકાશમાનસંસ્થાનસ્તથ શુદ્ધદ્રવ્ય વ્યંજન પર્યાય કહિઈં, પરનિરપેક્ષપણામાટઈં. તિમ–લોકવર્ત્તિ દ્રવ્ય સંયોગરૂપ અશુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાય પણિ તેહનો પરાપેક્ષપણઈં કહતાં, અનેકાંત વિરોધ નથી. ૩૩૫.

" આકૃતિઃ તે–પર્યાય હુસ્યઈં, સંયોગઃ પર્યાય નહીં હોઈ " એહવી આશંકા ટાલઈ છઈ—

૧૧

**સંયોગઇં આકૃતિપરિ,**
**પજજય કહવાય.**
**ઉત્તરાધ્યયનઇં ભાષિઆં,**
**લક્ષણ પજજાય. ૨૩૬. શ્રી જિન૦**

---

પાઠા૦ ૧. અર્થપર્યાય રૂપ પાલિ૦ ૨. વિશ્રામ પુદ્ગલ પાલિ૦ ૩. શુદ્ધ દ્રવ્ય જિમ૦ ભા૦

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંયોગ પણિ આકૃતિની પરિં પર્યાય કહવાઈ છઈ. જે માટિં-પર્યાયનાં લક્ષણભેદરૂપ ઉત્તરાધ્યયનઇ એ રીતિં કહિયાં છઈ. ૨૩૬.

૧૨

એકત પૃથકત તિમ વલી,
સંખ્યા સંઠાણિ.
વલિ સંયોગ વિભાગ એ,
મનમાં તૂ આણિ. ૨૩૭. શ્રી જિન૦

[1]एगत्तं च पुहत्तं च संखा संठाणमेव य।
संजोगा य विभागा य, पज्जवाणं तु लक्खणं॥[2]

૧૩

ઉપચારી ન અશુદ્ધ તે,
જે પરસંયોગ.
અસદ્ભૂત મનુજાદિકા,
તો ન અશુદ્ધ જોગ. ૨૩૮. શ્રી જિન૦

હવઈ-જે ઇમ કહસ્યો જે-"ધર્માસ્તિકાયાદિકનઈં પરદ્રવ્ય-સંયોગ છઈં, તે-ઉપચરિત પર્યાય કહિઈં; પણિ-અશુદ્ધપર્યાય ન કહિઇં, દ્રવ્યાન્યથાત્વ હેતુનઈં વિષઈંજ અશુદ્ધત્વ વ્યવહર છઇ." તે વતી તો-મનુજાદિ પર્યાય પણિ અશુદ્ધ ન કહો. અસદ્ભૂત વ્યવહારનયગ્રાહ્ય માટઈં અસદ્ભૂત કહો.[3] ૩૩૮.

---

પાઠા૦ ૧ તેહજ વર્ણવીને કહે છે. उत्तराध्यन गाथा એગત્તં ૨. એ ગાથાર્થનું મનમાંહે આણિ-અર્થરૂપેં કરીને ધારો, જિમ મન સંદેહ દૂરિ ટલે. પાલિ૦ ૩ પણિ અશુદ્ધ ન કહો. એ પરમાર્થ. પાલિ૦



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વિતંતુકાદિપર્યાયની પરિં એકદ્રવ્યજનકાવયવસંઘાતનઈં જ અશુદ્ધદ્રવ્યવ્યંજનપર્યાયપણું જ કહતાં રુડું લાગઇ, "तस्मात्-अपेक्षानपेक्षाभ्यां शुद्धाशुद्धानेकान्तव्यापकत्वमेव श्रेयः" તેહ જ દેખાડઈ છઇ—

૧૪

ધર્માદિક પરપજજયઈં,

વિસમાઈ એમ.

અશુદ્ધતા અવિશેષથી,

જિઅ-પુદ્ગલિ જેમ. ૨૩૯. શ્રી જિન૦

ધર્માદિકનઈં પરપર્યાયઇં સ્વપર્યાયથી વિષમાઈ—વિલક્ષણતા ઇમ જાણવી. જે માટિં—પરાપેક્ષાઇં અશુદ્ધતાનો વિશેષ નથી. જિમ—જીવદ્રવ્યઃ પુદ્ગલ દ્રવ્યનઈં વિષઇં. ૨૩૯.

હવઈં—પ્રકારાન્તરઈં ચતુર્વિધ પર્યાય નયચક્રઇં કહિયા, તે દેખાડઈ છઈ—

૧૫

ઇમ જ સજાતિઃવિજાતિઃથી,

દ્રવ્યઇં પજજાય.

ગુણઇં સ્વભાવઃ વિભાવઃથી,

એ ચ્યાર કહાઈં. ૨૪૦. શ્રી જિન૦

ઈમ—સજાતીયદ્રવ્યપર્યાયઃ વિજાતીય દ્રવ્યપર્યાયઃ સ્વભાવગુણપર્યાયઃ વિભાવગુણપર્યાયઃ ૪ ભેદ પર્યાયના કહવા. ૨૪૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદાહરણ દેખાડઈં છઈં—

૧૬

**દ્વયણુકઃ મનુજઃ કેવલઃ વળી**

**મતિમુખ હિંદુંત.**

**એ પ્રાયિક જેણિ દ્રવ્યથી,**

**અણુપજજવ સંત. ૨૪૧. શ્રી જિન૦**

દ્વયણુક ક૦ દ્વિપ્રદેશિકાદિ સ્કન્ધ, તે સજાતીય દ્રવ્યપર્યાય કહિઈં. ૨. મિલી એક દ્રવ્ય ઉપનૂં, તેમાટિં.

મનુજાદિપર્યાયઃ તે–વિજાતીય દ્રવ્યપર્યાયમાંહિં. ૨. મિલી પરસ્પર ભિન્નજાતીય દ્રવ્યપર્યાય ઉપનો, તે વતી.

કેવલજ્ઞાનઃ–તે સ્વભાવ ગુણપર્યાયઃ, કર્મરહિતપણામાટઈં.

મતિજ્ઞાનાદિકઃ–તે વિભાવ ગુણપર્યાયઃ કર્મ પરતંત્રપણા માટિં.

એ ચાર ભેદ પણિ–પ્રાયિક જાણવા; જે માટઈં–પરમાણુરૂપ-દ્રવ્યપર્યાયઃ તે–એ ચારમાંહિ ન અંતર્ભવઈં. પર્યાયપણું તેહનઈં વિભાગજાતં શાસ્ત્રિં કહિઉં છઈ..

तदुक्तम् सम्मतौ—

अणुदुअणुएहिं दव्वे आरद्धे "तिअणुंय"ति तस्स ववएसो ।
तत्तो अ पुण विभत्तो, अणु त्ति जाओ अणू होइ ॥३.३९॥

इत्यादि २४१.

૧૭

**ગુણવિકાર પજજવ કહી,**

**દ્રવ્યાદિ કહંત,**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૫૬

સ્યૂં જાણઈ મનમાંહિં તે

देवसेन મહંત. ૨૪૨. શ્રીજિન૦

"गुणविकाराः पर्यायाः" ઈમ કહીનઈં, તેહના ભેદનઈં અધિકારઇં–"તે પર્યાય દ્વિભેદઃ–દ્રવ્યપર્યાયઃ ગુણપર્યાયઃ" ઇત્યાદિક કહતો **नयचक्रकर्ता दिगंबर देवसेन** મનમાંહિં સ્યૂં જાણઇ છઈ? અર્થાત્ –કાંઈ જાણતો નથી, પૂર્વાપર વિરુદ્ધ ભાષણથી. તે માટિં–દ્રવ્યપર્યાય જ કહવા, પણિ–ગુણપર્યાય જુદો ન કહવો. એ પરમાર્થ. ૨૪૨.

૧૮

ઇમ દ્રવ્યાદિક પરખિઆ,

રાખી ગુરુઆણ,

ઊવેખી બહુ તનુમતિ,

અવગણિઅ અજાણ. ૨૪૩. શ્રીજિન૦

ઇમ–દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ પરખ્યા, સ્વરુપઃ લક્ષણઃ ભેદાદિકઃઇં કરી. ગુરુઆણ ક૦–પરંપરાની આજ્ઞા રાખીનઈં, ઘણા તનુમતી જે–તુચ્છ બુદ્ધિના ધણી, તેહનઇં–ઊવેખીનઈં, અજાણ–જે કદાગ્રહી, તેહનઈં–અવગણીનઈં–નિરાકરીનઈં. ૨૪૩.

૧૯

જે દિન દિન ઈમ ભાવસ્યઈં,

દ્રવ્યાદિ વિચાર.

તે લહસ્યઈં જસ સંપદા,

સુખ સઘલાં સાર. ૨૪૪. શ્રીજિન૦

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેહ એ અર્થ દિન દિન પ્રતિં દ્રવ્યઃ ગુણઃ પર્યાયઃ વિચાર-રૂપ ભાવસ્યઈં, તે-યશની સંપદા પ્રતિ પાંમસ્યઇં. તથા-સઘલાં સુખ પ્રતિ પામસ્યઈ નિશ્ચયે. ૨૪૪.

દૂહા.

૧

ગુરુ-શ્રુત-અનુભવબલથકી,
કહિઓ દ્રવ્યઅનુયોગ.
એહ સાર જિન વચનનૂં,
એહ પરમપદભોગ. ૨૪૫.

ગુરુ ક૦-ગુરુઉપદેશઃ શ્રુત-શાસ્ત્રાભ્યાસઃ અનુભવબલ-સામર્થ્ય યોગઃ તેહથી એ દ્રવ્યાનુયોગ કહિઓ. એ સર્વ જિનવ-ચનનું સાર છઈ. એહ જ પરમપદ કહિઈં-મોક્ષ, તેહનો-ભોગ છઇ. જે માટિં-એ દ્રવ્યાદિ વિચારઇ શુક્લધ્યાનસંપદાઈં મોક્ષ પામિંઇ.[1] ૨૪૫.

૨

મધ્યમ કિરિયારત હુઈં,
બાલક માનઈં લિંગ.
षोडशकइं ભાષિઉં ધુરઈં,
ઉત્તમ જ્ઞાન સુરંગ. ૨૪૬.

" એહ દ્રવ્યાનુયોગમાંહિ જ રંગ ધરઈ, તેહજ પંડિત કહિઈ. " એહવું અભિયુક્ત સાખિં સમર્થઈ છઈ. षोडशक-वचनं चेदम्—

પાઠા૦ ૧. તે સત્યાર્થ. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

बालः पश्यति लिङ्गं मध्यमबुद्धिर्विचारयति वृत्तम् ।
आगमतत्त्वं तु बुधः परीक्षते सर्वयत्नेन ॥ १ ॥

૩

નાણુરહિત જે શુભ ક્રિયા,
ક્રિયારહિત શુભ નાણુ.
યોગદૃષ્ટિસમુચ્ચય કહિઉં,
અંતર ખજુઆ-ભાણુ. ૨૪૭.

જ્ઞાનરહિત જે શુભ ક્રિયાઃ ક્રિયારહિત શુભ જ્ઞાનઃ યોગદૃષ્ટિસમુચ્ચયમાં ગ્રન્થનઇં વિષઇં કહિઉં છઇ, જે-આંતરઉં જેતલઉ-ખજુઆ, અનઇં-ભાણ કહિઈ-સૂર્ય. ૨૪૭.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૪

ખજૂઆસમી ક્રિયા કહી,
નાણુ ભાણુ-સમ જોઈ.
કલિયુગ એહ પટંતરો,
વિરલા બૂઝઇં કોઇ. ૨૪૮.

तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ॥
इत्यादि योगदृष्टिसमुच्चये ॥[1]

---

પાઠા૦ ૧. કલિયુગ માંહે પટંતર હોઇ, વિરલા કોઈ જાણે,—બુદ્ધિવંત પ્રાણીજ જાણઈ, निर्बुद्धि नैर्वजानाति इति परमार्थः પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૫

ક્રિયામાત્રકૃત કર્મખય,

દદ્દુરચુન્ન સમાન.

ગ્યાન કિઉ ઉપદેશપદિ,

તાસ છાર સમ જાન. ૨૪૯.

मंडुक्कचुन्नकप्पो किरियाजणिओ खओ किलेसाणं ।
तद्दड्ढचुन्नकप्पो नाणकओ तं च आणाए ॥ १ ॥

इति उपदेशरहस्ये एतदर्थसंग्रहः ॥[२]

૬

મિથ્યાત્વાદિકકર્મથિતિ,

અકરણ નિયમઈ ભાવિ.

અપ્રતિપાતી ગ્યાનગુણ,

મહાનિસીથહ સાખિ. ૨૫૦

જ્ઞાન, તે–સમ્યગ્દર્શનસહિત જ આવઇ. તે પામ્યા પછી મિથ્યાત્વમાંહિં આવઇં, તો પણિ કોડાકોડિ ૧ ઉપરાંત કર્મબંધ જીવ ન કરઈ. " बंधेण न वोलइ कयात्रि " त्ति वचनात्. એ અભિપ્રાયઈ–નંદિષેણનઈ અધિકારઈ––મહાનિશીથઇં જ્ઞાનગુણઇં અપ્રતિપાતી કહિઓ છઈ.

उत्तराध्ययनेऽप्युक्तम्––

सूई जहा ससुत्ता, ण णस्सई कयवरम्मि पडिआवि ।
इय जीवो वि ससुत्तो, ण णस्सइ गओ वि संसारे ॥१॥

---

૨. ઉપદેશપદાદિ ગ્રન્થ જોતાં, જ્ઞાન એવ પ્રધાનમિત્યર્થઃ પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭

ગ્યાનવંતનઈં કેવલી,

દ્રવ્યાદિકઅહિનાણિ.

બૃહત્કલ્પગાથાના ભાષ્યમાં,

સરિખા ભાખ્યા જાણિ. ૨૫૧.

बृहत्कल्पगाथा चेयम्—

किं गीयत्थो ? केवली चउव्विहे, जाणणे य कहणे य।

तुल्ले रागद्दोसे, अणंतकायस्स वज्जणया ॥ १ ॥ इति.[२] २५१

૮

નાણ પરમ ગુણ જીવનો,

નાણ ભવજલવપોત.

મિથ્યામતિ તમભેદવા,

નાણ મહા ઉદ્યોત. ૨૫૨.

જ્ઞાન તે જીવનો પરમગુણ છઈ, અપ્રતિપાતીપણા માટે. જ્ઞાન તે ભવાર્ણવમાં–ભવસમુદ્રમાં પોત–વહાણ સમાન છઈ, તરણ–તારણ સમર્થ. મિથ્યાત્વમતિરૂપ જે તિમિર–અંધકાર, તેહનેં ભેદવાનેં અર્થે જ્ઞાન તે મહાઉદ્યોત છઈ, મોટા અજુઆલા સરખો કહ્યો છે. ૨૫૨

---

પાઠા૦ ૧. જ્ઞાનવંતને કેવળી સરિખો કહ્યો છઈ, "શ્રુતકેવળી" ઈતિ. ૨. કેવલીઃ ને–શ્રુતકેવલીઃ એ બે સરિખા કહિયા છઈ. પાલિ૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિવઇ, આગલી ઢાલેં—જ્ઞાનાધિકાર દૃઢ કરઈ છઇ, દૃષ્ટાન્તે કરીનેં—

ઢાલ ૧૫ મી

[ ઋષભનો વંશ રયણાયરો—એ દેશી. ]

૧

નાણુ સહિત જે એ મુનિવરા,
કિરિયાવંત મહંતો રે.
તે મૃગપતિ જિમ પાખરિઆ,
તેહના ગુણનો ન અંતો રે. ૨૫૩.
શ્રી જિનશાસન સેવિઈં. આંકણી.

*જ્ઞાન સહિત જે મુનિવર—સાધુ, ચારિત્રીયા—ક્રિયાપાત્ર, છે. મહંત—તે મોટા ચિત્તના ધણી છઈ; તે મૃગતિ જીમ—સિંહ: અને—પાખરિયા—તે—જીમ—મહા પરાક્રમી હોય, તેહના ગુણનો અંત નથી, પરમાર્થે—બહુ ગુણના ભાજન છઈ. તેહની પ્રશંસા કહી ન જાય, એ પરમાર્થ:

એહવા જ્ઞાનારાધક સુસાધુ જેહમાં છઈ, એહવું—શ્રી જિનશાસન સેવીઈ, ભક્તિ—ભાવપૂર્વક આરાધિયે. ૨૫૩.

૨

વશ નિરુપક્રમ કર્મનઈં,
જે પણિ જ્ઞાનવિહીના રે.

---

× જેના ઉપરથી પ્રેસકોપી કરવામાં આવેલી છે, તેમાં અહીંથી સ્તબકાર્થ નથી. મા૦ વાળો પ્રતમાં પણ ક્યાંક ક્યાંક સ્તબકાર્થ નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે પણિ મારગમાં કહિયા,

જ્ઞાની ગુરુપદલીના રે. ૨૫૪. શ્રીજિન૦

તાદશ સત્ ક્રિયા[1]–વસત્યાદિક, દોષ સહિત છઈ, તે પણિ–અજ્ઞાનક્રિયા સહિત છઈ. તાદશ જૈન પ્રક્રિયાનો અવબોધ નથી પામ્યા, **તે પણિ-માર્ગ માંહે કહ્યા** છઇ. સ્યા પરમાર્થે ? **જ્ઞાની**–તે જ્ઞાનવંત, જે **ગુરુ**, તેહના ચરણ કમલને વિષે એકાન્તે રક્ત પરિણામ છઈ, તે માટઈ–શ્રી જિનમાર્ગનેહિ જ સેવીયે. ૨૫૪.

૩

નાણરહિત હિત પરિહરી,

અજ્ઞાન જે હઠરાતા રે.

કપટ ક્રિયા કરતા યતી.

ન હુઈ નિજમતિમાતા રે. ૨૫૫. શ્રીજિન૦

જે પ્રાણી **જ્ઞાનરહિત** છઈ–સ્વહિત દશા ચિંતન પરિહર્યો છે, જેણે. **અજ્ઞાનરૂપ** જે **હઠવાદ**, તેહમાં–તે **રાતા** છઈ, એકાંતે સ્વાભિગ્રહીત હઠવાદમાં રક્ત પરિણામી છઇ. બાહ્ય કપટ ક્રિયા કરીને અનેક લોકને રીઝવઇ, એહવા–જે **યતિ**–સાધુ,વેશ ધારીયા, ન હોઈ–**નિજમતને વિષે**–તે જૈન મતનઈ વિષઈ, **માતા ન હોઇ**–પુષ્ટ ન હોઇ. ૨૬૫.

૪

કપટ ન જાણઇ રે આપણૂં,

પરનાં ગુહ્ય તે ખોલઈ રે.

---

પાઠા ૧ તાદશ ક્રિયાદિ વસત્યાદિક પાલિ૦.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગુણનિધિ ગુરુથકી બાહિરા.
## વિરુઉં નિજમુખિં બોલઈરે. ૨૫૬.શ્રીજિન૦

જે પ્રાણી પોતાની કપટ દશાને જાણતા નથી, સ્યા પરમાર્થે ? —અજ્ઞાનરૂપ પડલઈ કરીનેં. અને વલી—પરનાં ગુહ્ય—પારકા અવર્ણવાદ મુખથી બોલઈ છઇ. ગુણનિધિ—ગુણનિધાન, એહવા—જે ગુરુ, તેહથી—બાહિર રહીનેં, વિરુઓ તે—કહેવા યોગ્ય નહિ, એહવું—નિજમુખથી બોલઇ છઈ, અસમંજસપણું ભાખે છે, તે પ્રાણીનઈં. ૨૫૬.

૫

## બાહિર બકપરિ ચાલતાં.
## અંતર આકરી કાતી રે,
## તેહનઈં જેહ ભલા કહઈં,
## મતિ નવિ જાણઈં તે જાતી રે.૨૫૭.શ્રીજિન૦

જે બાહ્યવૃત્તિ [1]બકની પરે ચાલતાં રહે છે.

शनैर्मुञ्चति पादान् जीवानामनुकम्पया ।
पश्य लक्ष्मण ! पम्पायां बकः परम-धार्मिकः ॥१॥ इति वचनात् ।
सहवासीव जानाति सहजं सहवासिनाम् ।
मन्त्रं पृच्छयसे राजन् येनाहं निष्कुलीकृतः ॥ २ ॥

અને—અંતરંગમાં આકરી કાતી—માયારૂપ રાખેં. તેહને-જે ભલા કહઇ છઈ, તે પણ—દુર્બુદ્ધી જાણવા. પણિ—તેહની મતિ, તેણે જાતી ન જાણી, अत एव—“ निर्बुद्धिको पुरुषो ज्ञेयः ” इति भावः ૨૫૭.

[1] પાઠાં૦ ૧ ચક્રની પરે પાલિ૦ ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી—એહજ દ્રઢઈ છઈ—

૬

બહુવિધ બાહ્ય ક્રિયા કરઇં,
જ્ઞાનરહિત જેહ ટોલઇં રે,
શત જિમ અંધ અદેખતા,
તે તો પડિઆ છઈં ભોલઇં રે.૨૫૮.શ્રીજિન૦

બહુ વિધ—ઘણા પ્રકારની, બાહ્યક્રિયા કરઇ છઈ, જ્ઞાનરહિત—જે અગીતાર્થ, તેહનેં—ટોલે—સંઘાડે, મીલીનઈં, તે, જિમ—શતઅંધ અણદેખતા જિમ મિલ્યા હોઈ, તે જિમ—શોભા ન પામઈ, તિમ—તે તો ભોલઇ પડયા છઈ, " आत्मार्थ-साधने अकुशलाः " इति परमार्थः २५८.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

૭

નિજ ઉતકરષથી હરષિયા.
નિજઅવગુણ નવિ દાખઇં રે.
જ્ઞાનજલધિગુણ અવગણી,
અવગુણલવ બહુ ભાષઇં રે.૨૫૯.શ્રીજિન૦

જે—નિજ ક૦—પોતાનો, ઉત્કર્ષ—હઠવાદ, તેહથી—હર્ષવંત છઈ, કેમ—તે"જે અમ્હે કહું છું, તે ખરું; બીજું—સર્વ ખોટું." નિજ ક૦—પોતાના, અવગુણ—ક્રિયા રહિતપણું, તે તો દાખતા પિણ નથી. જ્ઞાન રૂપ જે જલધિ ક૦—સમુદ્ર, તે પ્રત્યે-અવગણીને પ્રકર્ષે, જ્ઞાનવંતના અવગુણ, તદ્રૂપ જે લવ, તે પ્રતે બહુ ભાખે છઈ. ૨૫૯.

૮

ગુણપ્રિય આગઇં અણછૂટતા,
જે ગુણ અલ્પસ્યો ભાષઇં રે.
તે પણિ અવગુણ પરિણમઇ,
માયા-શલ્ય મનિ રાખઇં રે. ૨૬૦.શ્રીજિન૦

વલી-જે ગુણપ્રિય પ્રાણી છે, તે આગેં અણછુટતા થકાં-અવકાશ અણ-પામતાં, જે અલસ્યો-થોડોઈક ગુણ ભાષણ કરેઇ છઇ, તે પણિ-તે હવે અવગુણ રૂપ થઇને પરિણમઈ છઈ, જણે-માયા-શલ્યરૂપ આત્મ પરિણામ રાખ્યો છઈ, તે પ્રાણીનઈ. ૨૬૦.

૯

જ્ઞાનરહિત જેહ એહવા,
જિનશાસન ધન ચોરઈ રે.
તેહ શિથિલપરિ પરિહરું,
ગચ્છાચારનઇં જોરઇં રે. ૨૬૧.શ્રીજિન૦

એહવા જે જ્ઞાનરહિત પ્રાણીને-અજ્ઞાનવંત પ્રાણી જે છઈ, તે જિનશાસનનું ધન-તે સત્ય ભાષણ: ક્રિયા વ્યવહારરૂપ: ચોરે છે.

गच्छाचारवचनं चेदम्—

अगीयत्थकुसीलेहिं, संगं तिविहेण वोसिरे ।
मुक्खमग्गसिमे विग्घं, मगम्मि तेणगो जहा ॥ १ ॥

इतिवचनात् તે-શિથિલતાને પરિહરું છું, ગચ્છાચારને જોરે કરીને. ૨૬૧.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦

જ્ઞાનીવચન વિષ અમૃત છઇં,
ઉલટી મૂરખવાણી રે.
આગમવચન એ આદરી,
જ્ઞાન ગ્રહો ભવિ પ્રાણી રે. ૨૬૨. શ્રીજિન૦

गीयत्थस्स वयणेणं, विसं हालाहलं पिबे ।
अगीयत्थस्स वयणेणं, अमियं पि न घुण्टए ॥ १ ॥

ઇત્યાદિ વચન શાસ્ત્રઇં છઇં, જ્ઞાની વચન તે અમૃત સમાન છઇં, મૂર્ખની વાણી તે વિપરીત પ્રરૂપણારૂપ ઉલટી છઇં. તે માટિં-ભવ્ય પ્રાણી-ધર્માર્થી જ્ઞાનપક્ષ દૃઢ આદરો. જેમાટિં-જ્ઞાનપક્ષનો હવણાં દૃઢાધિકાર છઇં. "पढमं नाणं तओ दया" इति वचनात् [1]ભવિ પ્રાણી આદરવું જ્ઞાન.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

૧૧

ચરણ-કરણગુણહીણડા,
જ્ઞાનપ્રધાન આદરિઇં રે.
ઇમ કિરિયાગુણ અભ્યાસી,
ઇચ્છાયોગથી તરિઇં રે. ૨૬૩. શ્રીજિન૦

[2]જ્ઞાનઃ ને-ચરણ-તે ચારિત્રઃ તેહના ગુણથી જે હીણા પ્રાણી છે, તેહને સંસાર સમુદ્ર તરવો દુર્લભ છઇં, માટઇં જ-જ્ઞાનનું પ્રધાનતાપણું આદરીઇં. યતઃ

૧-૨ પાલિ૦ માં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

कर्त्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः ।
कालादिविकलो योगः, इच्छायोगः [1]स उच्यते ॥ १ ॥
इतीच्छायोगलक्षणं ललित–विस्तरादौ ।

[2]ઇમ ક્રિયાનો જે યોગ, તદ્રૂપ જે ગુણ, તેહનો અભ્યાસ કરીને ઇચ્છાયોગે તરઇ–ભવાર્ણવ પ્રતઇં. ૨૬૩

૧૨

**ચરણપતિત વલી શ્રાવકો,**
**તનુધર્મા વલી જેહા રે.**
**તેહનઇં જ્ઞાન પ્રધાન છઇં,**
**મુનિનઇં બે ગુણ ગેહા રે. ૨૬૪. શ્રીજિન૦**

[3]ચરણ પતિત-ચારિત્ર રહિત, એહવો શ્રાવક, વલી, તે-તનુ-ધર્મા હોઇ–લઘુ ધર્માભ્યાસી હોઇ, તેહનો તિપણિ-જ્ઞાન, તેહિજ–પ્રધાન છઇ, મુનિને તો–બેઇ–ચારિત્ર ક્રિયા સહિતઃ અને જ્ઞાનઃ એ બેઉ, પદાર્થ મુખ્ય છઇ.

अत्र–आवश्यक–गाथा—

दंसणपक्खो सावय, चरित्तभट्ठे य मंदधम्मे य ।
दंसणचरित्तपक्खो, समणे परलोगकंखिम्मि ॥ १ ॥
[4]इति वचनात्–ज्ञान-प्रधानत्वमादरणीयम्, इति भावः॥२६४

૧૩

**આવશ્યકમાંહિ ભાષિઉં,**
**તિણિ ગહી જ્ઞાન પ્રધાનો રે.**

---

૧ उदाहृतः પાલિ૦ ૨–૩–૪ પાલિ૦ માં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચરણાપથિ ચાલતાં,

લહિઇં જસ બહુમાનો રે. ૨૬૫.શ્રીજિન૦.

**આવશ્યક સૂત્ર** માંહે–કહીઉં છઇ–પ્રવચનદ્વારે પ્રરૂપ્યું છે. તેણે-અર્થું જ્ઞાને પ્રધાનત્વપણું, “ज्ञान मेव परं मोक्षः” इति वचनात्. **આચરણા–પથ**, તે–શુદ્ધ માર્ગો, તે આચરણા ક્રિયા વ્યવહારરૂપ માર્ગે ચાલતાં, **લહીયે**–પામીઇ, **યશ** અને બહુમાન ઈહલોકે: પહલોકે-સર્વથાનીકે: અનેક જ્ઞાનનો અભ્યાસક પ્રાણી સઘલેં પૂજાઇ.

**યતઃ શ્લોકઃ**—

विद्वत्त्वं च नृपत्त्वं च नैव तुल्यं कदाचन ।
स्वदेशे पूज्यते राजा विद्वान् सर्वत्र पूज्यते ॥ १ ॥
वली–पलितकायोपि कर्तव्यः श्रुत-संग्रहः (?) ।
न तत्र धनिनो यान्ति यत्र यान्ति बहुश्रुताः ॥ २ ॥ २६५

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ઢાલ ૧૬ મી.

[ સમરવી સમરથ સારદા ય વર દાયક દેવી––એ દેશી ]

૧

આતમ અર્થિનઇં અર્થિ પ્રાકૃત વાણી,

ઈમ એ મઇં કીધી હિયડઇ ઉલટ આણી;

મિથ્યાદૃષ્ટિનઈં એહમાં મતિ મુંઝાણી.

સમ્યગ્દૃષ્ટિને લાગે સાકરવાણી, ૨૬૬

હિવે–શિષ્ય પ્રશ્ન કરઈ છઇ–જે–“ હે સ્વામિ ! એહવો જ્ઞાન-માર્ગ દૃઢયો, તો–પ્રાકૃત વાણીઇં કિમ ગ્રન્થ કીધો ? ”

ગુરુ કહે છે–પ્રશ્નોત્તર પ્રત્યેઃ––

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આત્માર્થી–જે પ્રાણી જ્ઞાનરુચિ, अत एव–મોક્ષાર્થિને અર્થિ–અર્થે, એ મેં પ્રાકૃત વાણીઇ રચના કીધી છઈ, સમ્યગ્ પ્રકારે બોધાર્થે यतः—

काव्यं गीर्वाण–भाषासु विशेषबुद्धिस्तथापि भाषारसलम्पटोऽहम्।
यथा सुराणाममृतं प्रधानं दिव्याङ्गनानामधरासवे रुचिः ॥ १ ॥

पुनरपि—

बाल–स्त्री–मन्द–मूर्खाणां नृणां चारित्रकाङ्क्षिणाम् ।
अनुग्रहार्थं तत्त्वज्ञैः सिद्धान्तः प्राकृतः कृतः ॥ १ ॥

प्रकृतिः संस्कृतम्, तस्माद् भवम्:–प्राकृतम्, इति व्युत्पत्तिः

મિથ્યાત્વી–તે અજ્ઞાની પ્રાણી, સમકિત દૃષ્ટિને એ સાકર-વાણી–સાકર સમાન મિઠાસની દેણહારી, એહવી વાણી છઇ.

મિથ્યાત્વીઃ તે–રોગ સહિત છઈ, તેહને–રોગકારી, રુચિવંતને હિતકારી. ૨૬૬.

ગુરુ પાસઇ શીખી, અર્થ એહના જાણી,
તેહનઈ એ દેજ્યો–જેહની મતિ નવિ કાણી.
લઘુને નય દેતાં, હોઇ અર્થની હાણી,
યોગ દૃષ્ટિ સમુચ્ચય એહવી રીતિ વખાણી. ૨૬૭

એતલા માટે–સદ્ગુરુ પાસે–ગીતાર્થ સંગે, એહના અર્થ સમજીને લેવા, જિમ–ગુરુ અદત્તઃ એ દોષ ન લાગઈ. શુદ્ધ વાણી, તે –ગુરુ સેવાઇ પ્રસન્ન થાઇ.

તેહને–તેહવા પ્રાણીને, એ–શાસ્ત્રાર્થ આપવો, જેહની મતિ કાણી–છિદ્રાળી, ન હોઇ, છિદ્ર સહિત જે પ્રાણી, તેહને–સૂત્રાર્થ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન દેવો. કાચું ભાજન, તે[1]—પાણીમાં રાખીઈ, તિહાંસુધી—ભર્યું દિસઇ, પછે—ખાલી થાઈ.

અને—લઘુને પણિ **નયાર્થ** દેતાં **અર્થ**ની હાણી થાઈ.

તે માટે—સુરુચિ જ્ઞાનાર્થિનેજ દેવો, પણ—મૂર્ખને ન જ દેવો. **એહવી રીત યોગદૃષ્ટિસમુચ્ચયગ્રન્થે** વખાણી છઇ—વર્ણવી છઈ, **હરિભદ્ર સૂરિજીયે.** ૨૬૭.

૩

**સામાન્ય મ જાણો, એ તો-જિન બ્રહ્માણી,**
**ભલી પરિ સાંભલો તત્ત્વ રચણની ખાણી.**
**એ શુભમતિ માતા, દુર્મતિ-વેલી-કૃપાણી,**
**એ શિવ-સુખ-સુર-તરુ-ફલ-રસ-સ્વાદ-**
**નિસાણી. ૨૬૮.**

અને એ નયાર્થ વ્યાખ્યાનને "**સામાન્ય**" એમ **મ-જાણો.** એ તો **જિન** પ્રણિત **બ્રહ્માણી.** यतः—" भगवता श्री ऋषभदेवेन ब्राह्मया दक्षिणकरेणोपदिष्टा, सा " ब्रह्माणी " इत्युच्यते.

**ભલીપરિ સાંભલો**—ધારો, **તત્ત્વરૂપ** જે રત્ન, તેહની એ—**ખાણી** છઇ—ઉત્પત્તિ સ્થાનક છઇ. **એ શુભમતિ**—ભલી જે મતિ, તેહની—**માતા** છઈ—રૂડી મતિની પ્રસવનહારી. **દુરમતિ**—મિથ્યાત્વાદિ, તદ્રૂપ જે—**વેલી,** તેહને છેદવાને **કૃપાણી**—તુલ્ય છઈ.

**એ શિવસુખ** તે—મોક્ષ સુખ, તદ્રૂપ જે—**સુર—તરુ**—કલ્પવૃક્ષ, તેહના જે—**ફળ,** તેહનો જે—**સ્વાદ,** તેહની—**નિશાની** છઈ,યાદગારી છઈ મોક્ષ સુખની. ૨૬૮.

---

**પાઠા૦** ૧ તેમાં પાણી રાખઇ. **ભા૦**

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪

એહનઈં સુપસાયઈં ઉભા જોડી પાણિ,
સેવઈં નર-કિન્નર-વિદ્યાધર-પવિ-પાણિ.
એ અમિય દૃષ્ટિથી જેહની મતિ સિંચાણી,
તેમાંહિ ઉલ્લસઈં સુરુચિ વેલી કરમાણી. ૨૬૯.

એહને સુપસાયઇ—એહના—વાણીના, પ્રસાદથી, ઉભા, પાણિ જોડી—હાથ જોડી, સેવા કરે છે; સેવામાં ભક્તિવંત—નર તે—ચક્રવર્ત્યાદિક, કિન્નર—તે—વ્યંતરાદિ, વિદ્યાધરાદિક, અને પવિ-પાણિ—ઈન્દ્ર પ્રમુખ, કેઈ દેવતાની કોડાન કોડી. એ અમૃતદષ્ટિથી જે—ભવ્ય પ્રાણી શુદ્ધવંતની, મતિ સિંચાણી, તે મતિ: નવ પલ્લવ-પણાને પામી, તેહ માંહે—તેહના હૃદય કમળમાંહે ઉલ્લાસ પામી. ભલી રુચિ રૂપ જે—વેલી, આગેં—મિથ્યાત્વાદિ સંસર્ગે કરમાણી હુંતી, પણિ—શુદ્ધ નૈયાયિકી વાણી સાંભળીને ઉલ્લાસ પામીઈ છઈ. ૨૬૯.

જૈનમ્ જયતિ શાસનમ્

૫

બહુ ભાવ એહના જાણઇં કેવલનાણી,
સંખેવઇં એ તો ગુરુમુખથી કહવાણી.
એહથી સંભારી જિનગુણ શ્રેણિ સુહાણી,
વચનાનુષ્ઠાનઇં સમાપત્તિં પરમાણી. ૨૭૦.

એહના બહુ—ભાવ છઇં, તે—કેવળ જ્ઞાની: તેહિજ એહના ભાવ સંપૂર્ણ જાણઈ; પણિ—સામાન્ય છદ્મસ્થ જીવ એહના ભાવ સંપૂર્ણ ન જાણઈ. તે માટઇ—સંક્ષેપથી એ મેં ગુરુ મુખથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંભળી હતી, તેહવી–કહવાણી કહતાં-વચન વર્ગણાઇં આવી, તિમ કહઈ છઈ.

એહિજ–દ્રવ્યાનુ યોગ વિચારે–ક્રિયા માર્ગમાંહે પણિ–આદિ પ્રવર્તક ભગવંત [1]ધ્યાને ભગવંત સમાપત્તિ હુઈ, તેણે કરી–ક્રિયા સાફલ્ય હોઈ. उक्तं च—

अस्मिन् हृदयस्थे सति हृदयस्थस्तत्त्वतो मुनीन्द्रः ।
इति हृदयस्थिते च तस्मिन् नियमात्सर्वार्थसिद्धिः ॥१॥

चिन्तामणिः परोऽसौ तेनेयं भवति समरसापत्तिः ।
सैवेह योगि–माता निर्वाण–फला [ बुधैः] प्रोक्ता ॥ २ ॥

समापत्तिलक्षणं चेदम्—

मणेरिवाभिजातस्य क्षीणवृत्तेरसंशयम् ।
तात्स्थ्यात्तदञ्जनत्वाच्च समापत्तिः प्रकीर्तिता ॥ १ ॥

વચનાનુષ્ઠાનઈં સમાપત્તિપણે પ્રમાણ ચઢી [?] ૨૭૦,

જૈનમ્ જયતિ શાસનમ્

૬

એહથી સવિ જાઈ પાપશ્રેણિ ઉજાણી,
ગુણશ્રેણિ ચઢતાં લહઈ મુગતિ પટરાણી.
ઘન ઘાતિ કર્મનઈં પીલઈં જિમ તિલ ઘાણી,
નિરમલ ગુણ એહથી પામિઆ બહુ ભવિ
પ્રાણી. ૨૭૧.

એહથી સર્વ જે–પાપની શ્રેણિ, તે–ઉજાણી–નાઠી જાઇ. ગુણશ્રેણિ ચઢતાં લહઇ–પામઇ, મુગતિ રૂપ પટરાણી–પ્રતેં:

---

પાઠાની ૨-૧. ભગવદ્ ધ્યાને ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘનઘાતી સકલ કર્મને પીલે, જિમ-ઘાણી તલ પીલાઇ, તિમ-કર્મક્ષય થાઈ.

અનેક ક્ષાન્ત્યાદિક નિર્મળ ગુણ પામઈ, ભવિ પ્રાણી-નિર્મળ વીતરાગ વચનનો આસ્થાવંત જે-જીવ. ૨૭૧.

૭

**ખલ જન જો એમાં દ્વેષ ધરઇં અભિમાણી,**
**તોપણિ-સજ્જનથી એહની ખ્યાતિ મચાણી.**
**ગુણ-મણિ-રયણાયર જગિ ઉત્તમ ગુણઠાણી,**
**જસ દ્દિઇ ગુણિ સજ્જનનઇં સંઘ અનંત કલ્યાણી. ૨૭૨.**

ખલજન-તે-નીચ જન, એહમાં દ્વેષ ધરસ્યે:, यतः—खल-लक्षणम्—

नौश्च खल-जिह्वा च प्रतिकूलविसर्पिणी ।
जनः प्रतारणायेव दारुणा केन निर्मिता ? ॥ १ ॥

इति खल-लक्षणम्.

જે અભિમાની છઈ: પોતાનું બોલ્યું મિથ્યાત્વાદિક મૂંકતા નથી, તોપણિ-સજ્જનની સંગતિથી એહ વાણીને ખ્યાતિ-તે પ્રસિદ્ધતાપણું, મચાણી-વિસ્તારપણાને પામે છે.

ગુણ-મણિ-ગુણરૂપ જે મણિ, તેહનો-રત્નાકર તે-સમુદ્ર, જગમાંહે તે ઉત્તમ ગુણ થાનક છે. ગુણિ જણ-જે સત્સંગતિક પ્રાણી, તેહને યશને દેણહારી, એહવી જે વાણી, તે સજ્જનના અને અનંત કલ્યાણી સંઘને મહારી યશ સુસૌભાગ્યની આપણહારી, એહવી ભગવદ્ વાણી છઈ. ૨૭૨.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હિવઈ—આગલી ઢાલેં પરંપરાગત માર્ગની પ્રરૂપણા દ્વારે કોણે એ જોડયો ? કેહા આચાર્યની વારે ? તે કહઈ છઈ:—

ઢાલ ૧૭ મી

[ હમચડીની—દેશી ]

૧

તપ--ગચ્છ નન્દન–સુર–તરુ,
પ્રકટિઓ હીરવિજય સૂરિંદો.
સકલ સૂરિમાં જે સોભાગી,
જિમ તારામાં ચંદો રે. ૨૭૩. હમચડી.

તપગચ્છ રૂપ જે નંદનવન, તે માંહે સુરતરુ સરિખો પ્રગટયો છે. શ્રી હીરવિજયસૂરીશ્વર. તે કેહવા છે ? સકલ સૂરીશ્વરમાં જે સોભાગી છે–સૌભાગ્યવંત છે.

सुभगाओ सव्वजण–इट्ठो. इतिवचनात्.

જિમ તારાના ગણમાં ચંદ્રમા સોભે, તિમ–સકલ સાધુ સમુદાયમાંહે દેદીપ્યમાન છે.

कस्मात् ?

सूरिमन्त्राराधकत्वात्. ૨૭૩

૨

તાસ પાટિં વિજયસેનસૂરીસર,
જ્ઞાન રયણનો દરિયો.
સાહિ સભામાં જે જસ પામિયો,
વિજયવંત ગુણ ભરિયો રે ૨૭૪, હ૦

તાસ–પાટે તેહનો પટ્ટ પ્રભાકર–શ્રી વિજયસેન સૂરીશ્વર, આચાર્યની છત્રીશ છત્રશીઈં વિરાજમાન, અનેક જ્ઞાનરૂપ, જે રત્ન, તેહનો અગાધ સમુદ્ર છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાહિ, તે-પાતસ્યાહ, તેહની સભામાંહે વાદવિવાદ કરતાં, જયવાદ રૂપ જે જસ, તે-પ્રત્યેં પામ્યો-વિજયવંત છે, અનેક ગુણે કરી ભર્યો છે. ૨૭૪.

૩

**તાસ પાટિ વિજયદેવ સૂરીસર,**
**મહિમાવંત નિરીહો,**
**તાસ પાટિ વિજયસિંહ સૂરીસર,**
**સકલ સૂરિમાં લીહો[1] રે. ૨૭૫. હો૦**

તાસપાટક૦ તેહને પાટે શ્રી વિજયદેવ સૂરીશ્વર થયા, અનેક વિદ્યાનો ભાજન. વળી મહિમાવંત છે, નિરીહ-તે નિઃસ્પૃહી, જે છે.

તેહને પાટે આચાર્ય શ્રીવિજયસિંહ સૂરીશ્વર થયા, પટ્ટ પ્રભાવક સમાન. સકલ સૂરીશ્વરના સમુદાય માંહે લીહવાલી (?) છઈ,-અનેક સિદ્ધાન્તઃ તર્કઃ જ્યોતિઃ ન્યાયઃ પ્રમુખ ગ્રન્થે મહા પ્રવીણ છે. ૨૭૫.

૪

**તે ગુરુના ઉત્તમ ઉદ્યમથી,**
**ગીતારથ ગુણ વાધ્યો.**
**તસ હિત સીખતણઈ અનુસારઈ.**
**જ્ઞાન યોગ એ સાધ્યો રે. ૨૭૬. હો૦**

તે-જે શ્રી ગુરુ, તેહનો ઉત્તમ ઉદ્યમ-જે ભલો ઉદ્યમ, તેણે કરીનેં ગીતાર્થ ગુણવાધ્યો—

गीयं जानन्ति, इति गीतार्थाः, गीतं शास्त्राभ्यास-लक्षणम्

---

[1] પાઠા૦ ૧ હીલો રે. ભા૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેહની જ–હિતશિક્ષા, તેહને–અનુસારે, તેહની–આજ્ઞા માફ્-ક્પણું,તેણે કરી-એ જ્ઞાન યોગ–તે દ્રવ્યાનુયોગ[1]–એ શાસ્ત્રાભ્યાસ, સાધ્યો–સંપૂર્ણ રૂપે થયો. ૨૭૬.

૫

**જસ ઉદ્યમ ઉત્તમ મારગનો.**
**ભલઈ ભાવથી લહઇ,**
**જસ મહિમા મહીમાંહે વિદિતો,**
**તસ ગુણ કેમ ન ગહિઈ રે. ૨૭૭. હ૦**

**જસ ઉદ્યમ,** તે **ઉત્તમ માર્ગનો** જ ઉદ્યમ, તે કિમ પામિયે ? **ભલે ભાવ**–તે શુદ્ધાધ્યવસાયરૂપ, તે–**લહીયે** કહતાં પામિયે.

**જસ મહિમા**–જેહનો મહિમા, તે **મહીમાંહે**–પૃથ્વીમાંહે, **વિદિતો** છે–પ્રસિદ્ધ છે. **તસગુણ**–તે તેહવા આચાર્ય જે સુગુરુ, તેહના ગુણ **કેમ ન કહિયે ?** એતલે–અવશ્ય કહવાઇ જ. ઇતિ પરમાર્થઃ ૨૭૭.

૬

**શ્રી कल्याणविजय વડ વાચક,**
**हीरविजय ગુરુ સીસો.**
**ઉદયો જસ ગુણ સંતતિ ગાવઈ,**
**સુર કિંન્નર નિસ દીસો રે, ૨૭૮. હ૦**

**શ્રી कल्याण विजयनामा** વડ વાચક–મહોપાધ્યાય વિરુદ પામ્યા છે, **શ્રી हीर विजयसूरीश्वर**ના શિષ્ય જ છે, **ઉદયો**–જે ઉપના છે. **જસ ગુણ સંતતિ**–તે શ્રેણિ, ગાઈ છે. **સુર કિન્નર** પ્રમુખ **નિસદીસ**–રાત્રિ દિવસ, ગુણ શ્રેણિ સદા કાલે ગાય છે. ૨૭૮.

---

પાઠા૦ ૧ યોગરૂપ. **પાલિ૦**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭

ગુરુ શ્રી લાભવિજય વડ પંડિત,
તાસ સીસ સોભાગી.
શ્રુતઃ વ્યાકરણુદિકઃ બહુ ગ્રંથિ,
નિત્યઈં જસ મતિ લાગી રે. ૨૭૯. હ૦

તેહના શિષ્ય ગુરુ શ્રી લાભવિજય વડ પંડિત છે–પંડિત પર્ષદામાં મુખ્ય છે. તાસ શિષ્ય–તેહના શિષ્ય મહા સોભાગી છે. શ્રુત વ્યાકરણાદિક બહુ ગ્રંથમાંહિ નિત્ય જેહની મતિ લાગી છઈ–એકાંતે–વાચનાઃ પૃચ્છનાઃ પરાવર્તનાઃ અનુપ્રેક્ષાઃ ધર્મકથાઃ લક્ષણ પંચવિધિ સજ્ઝાય ધ્યાન કરતાં રહે છે. ૨૭૯.

૮

શ્રી ગુરુ જીતવિજય તસ સીસો,
મહિમાવંત મહંતો.
શ્રી નયવિજય વિબુધ ગુરુ ભ્રાતા,
તાસ મહા ગુણવંતો રે. ૨૮૦. હ૦

ગુરુ શ્રી જીતવિજય નામે તેહના શિષ્ય પરંપરાયે થયા. મહા મહિમાવંત છે, મહંત છે. " ज्ञानादिगुणोपेता महान्तः " इति वचनात्.

શ્રી નયવિજય પંડિત તેહના ગુરુભ્રાતા–ગુરુભાઈ સંબંધે થયા, एकगुरु-शिष्यत्वात्. ૨૮૦.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯

જે ગુરુ સ્વ-પર-સમય-અભ્યાસઈ
બહુ ઉપાય કરી કાસી,
સમ્યગ્દર્શન સુરુચિ સુરભિતા,
મુઝ મતિ શુભ ગુણ વાસી રે. ૨૮૧.હ૦

જેણે-ગુરુયે, સ્વ-સમયઃ તે-જૈનશાસ્ત્ર, પર સમયઃ તે-વેદાન્ત-તર્ક પ્રમુખ, તેહના અભ્યાસાર્થઃ

બહુ ઉપાયે કરીને કાસીયે સ્વશિષ્યને ભણવાને કાજે મૂકયા. તિહાં-ન્યાય વિશારદઃ એહવું બિરુદ પામ્યા.

સમ્યગ્દર્શનની જે સ્વરુચિ, તદ્રૂપ જે સુરભિતા-સુગંધ, જસ સેવાપણું, તેણે મુઝ મતિ-મારી જે મતિ, શુભ ગુણે કરીને વાસી-આસ્તિકય ગુણેં કરી અંગોઅંગ પ્રણમી, તેહની સ્વેચ્છા રુચિ રૂપેઈ છઈ. ૨૮૧.

૧૦

જસ સેવા સુપસાયઈ સહજિં,
ચિંતામણિ મેં લહિઉં.
તસ ગુણ ગાઈ શકું કિમ સઘલા ?
ગાવાનઈં ગહ ગહિઓ રે. ૨૮૨. હ૦

જસ સેવા-તેહની સેવા રૂપ જે સુપ્રસાદ, તેણે કરીને સહજ માંહે ચિંતામણિ-શિરોમણિ નામે મહા ન્યાય શાસ્ત્ર, તે લહ્યા-પામ્યો, તસગુણ-તેહ જે મારા ગુરુ, તેહના સપૂર્ણ ગુણ, એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિહ્વાએ કરીને કિમ ગાઈ સકાઈ ? અને માહરું મન તો **ગાવાને** ગહગહી રહ્યું છે,—આતુર થયું છઇ. ૨૮૨.

૧૧

**તે ગુરુની ભગતિ શુભ શકતિં,**
**વાણી એહ પ્રકાશી.**
**કવિ જસવિજય ભણુઈ–"એ ભણિયો,**
**દિન દિન બહુ અભ્યાસી રે." ૨૮૩. ૯૦**

**તે ગુરુની ભક્તિ**–ગુરુ પ્રસન્નતા લક્ષણે **શુભ ભક્તિ, તે**–આત્માની અનુભવ દશા, તેણે કરીને **એહ વાણી** દ્રવ્યાનુયોગ રૂપ **પ્રકાશી**–પ્રરૂપી; વચન દ્વારે કરીને. **કવિ જસવિજય ભણુઈ** ક૦ કહે છે. **"એ ભણજ્યો,** હે આત્માર્થિયો ! પ્રાણિયો ! એ ભણજ્યો. **દિન દિન**–દિવસે દિવસે **બહુ** અભ્યાસ કરીને, ભણજ્યો–અતિ અભ્યાસે." ૨૮૩.

કલશઃ

૧

**ઇમિ દ્રવ્ય ગુણ–પર્યાયે કરી જેહ વાણી વિસ્તરી,**
**ગતપાર ગુરુ સંસાર સાગર,**
**તરણ તારણ વરતરી,**
**તે એહ ભાખી સુજન-**
**મધુકર રમણ સુરતરુ મંજરી;**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શ્રી નય વિજય વિબુધ ચરણ-**
**સેવક જસ વિજય બુધ જય કરી. ૨૮૪.**[1]

**ઇમિ-દ્રવ્ય : ગુણ : પર્યાયે :** કરીને જે વાણી-દ્રવ્યનું લક્ષણઃ ગુણનું લક્ષણઃ અને પર્યાયનું લક્ષણઃ તેણે કરીને જે વાણી, વિ-સ્તારપણે પામી છે,

ગત પાર તે-પ્રાપ્ત પાર, એહવા ગુરુ, તે-કહેવા છે ? **સંસાર** રૂપ સાગર, તેહના-તરણતારણ વિષે, **વર** કહેતાં-પ્રધાન, **તરી** સમાન છઇ.

" તરી " એહવો નામ જિહાજનો છઈ.

**તેહ-મેં ભાખી,** તે-કેહને અર્થે ? તે કહે છે-**સુજન** જે ભલા લોક, સત્સંગતિક૦ આત્મદ્રવ્યે ષટ્ દ્રવ્યના ઉપલક્ષણ ઓલખ-ણહાર, તેહને-**રમણિક સુરતરુ**-જે કલ્પવૃક્ષ, તેહની-**મંજરી** સમાન છે.

**શ્રી નયવિજય પંડિત-શિષ્ય**-ચરણ સેવક સમાન-**જસ-વિજય બુધને જયકરી**-જયકારણી-જયની કરણહારી-અવશ્ય જસ-સૌભાગ્યની દાતા છે. એહવી-" **भगवद् वाणी चिरं जीयात्**" **इत्याशीर्वादवचनम्.** ૨૮૪.

**काव्यम्.**

**इयमुचितपदार्थोल्लापने अन्यशोभा**
**बुध-जन-हित-हेतुर्भावना-पुष्प-वाटी।**

---

१ इतिश्री द्रव्यगुण-पर्याय-रासः, उपाध्याय जसविजय पण्डित कृतः संपूर्णः भा० इतिश्री द्रव्य-गुण-पर्याय रासः संपूर्णः, उपाध्याय श्री यशोविजयगणिकृतः स्वोपज्ञटबार्थरासः संपूर्णम् [ : ] लिखितं ऋखितं (?) भारमल. सं. १८०९ वर्षे, मास चैत्रे, वदि ३, गुरुवासरे, अवरंगाबादमध्ये लिपिकृतोऽस्ति. श्रीरस्तुः कल्याणमस्तुः शुभं भवतुः पालि०

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

अनुदिनमित्त एव ध्यानपुष्पैरुदारै-
र्भवतु चरण-पूजा जैन-वाग्देवतायाः ॥ १ ॥

# ઇતિશ્રી ઉપાધ્યાય શ્રી જસવિજયગણિ કૃત દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ સંપૂર્ણ.

સંવત્ ૧૭૨૯ વર્ષે ભાદ્રવા વદિ ૨ દિને લિખિ
સાહા-કપૂર સુત, સાહા-સુરચંદે લિખાવિતમ્ ॥છ॥

---

१. इतिश्री द्रव्यः गुणः पर्यायः रास-टबार्थः संपूर्णः। ग्रन्थाग्रं सर्व-मिलने सहस्र-३०००, न्यूनाधिकं जिनो वेत्ति.

लि० पं. लक्ष्मीमाणिक्यमुनयः। सं. १८४१ रा मिती मृगशिर शुदि चतुर्दश्यां गुरौ।

श्री नवलखा-पार्श्व-प्रासादात्कल्याणमस्तु लेखक-पाठकयोः, इति श्रीः स्तात्। भा०

પરત દ્રવ્ય-ગુણ-પર્યાય રાસ. પત્ર ૬૧. અંબાલાલ ચુનિલાલના જ્ઞાન ભંડારની જૈનમ્ જયતિ શાસનમ્ ભા०

इति पद्यम्।

इतिश्री महोपाध्याय श्री यशोविजयगणिना कृतः
सूत्र-टबार्थरूपरासः संपूर्णतामगमत्।
ग्रन्थाग्रं श्लोक-संख्या-२८६३ सूत्र-अर्थ मिलने.

याद्दशं पुस्तके दृष्टं तादृशं लिखितं मया।
यदि शुद्धमशुद्धं वा मम दोषो न दीयते ॥१॥
तैलाद्रक्षेज्जलाद्रक्षेद्रक्षेच्छिथिल-बन्धनात्।
परहस्तगताद्रक्षेदेवं वदति पुस्तिका ॥ २ ॥

શાહ ભવાનીદાસજી શાહ શ્રી તાપીદાસજી પુત્રી શુભકુંવર લિખાવિતમ્-इदं शास्त्रं पुण्यार्थम्, श्रीरस्तु.

સં. ૧૮૦૯ વર્ષે માસ ચૈત્ર વદિ ૧૧, રવિવાસરે, સંપૂર્ણ बभूव. પાલિ०

પરત દ્રવ્ય-ગુણ-પર્યાય-રાસ, પત્ર ૬૯, અંબાલાલ ચુનીલાલના જ્ઞાનભંડારની. પાલિ०

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[ પાલિતાણા વાળી પ્રતની પાછળ પ્રાચીન કાઇ ગાથાઓ ટાંકેલી છે, તે અહીં ઉતારી લેવામાં આવેલી છે. ]

[1]थूलं थूलं [2]थूलं [3]थूलं सुहुमं च [4]सुहुमं थूलं च ।
[5]सुहुमसुहुमं सुहुमं पुग्गल–दव्वस्स पज्जाया ॥ १ ॥

कायनाम–इंदीकाए, बंभी, सभी, सीखि, आवली, जरकाय ।
पपूदउ कमसो जाव जल–वण–विगला पणिंदिआ चेव ।
दउपूपा पुढवी–दउसम तेउपूपासु कमा ॥ १ ॥ (?)

पपूउदासु वाउ सत्तेण जंबुत्तरेण मानसरं ।
पच्छम गोयमदीवो अइ मग्गमादाहीणे झूसरं ॥२॥ (?)

जैन साईट JAINSITE .com जयति शासनम्

૧. કાષ્ટ. ૧. દૂધ. ૩. આતપ. ૪. અંધારું. ૫. કાર્મણવર્ગણા. ૬. ધ્વનુકાદિ (?)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી મન્મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર વિરચિત–

## દ્રવ્ય–ગુણ–પર્યાયના રાસના

# છુટા બોલ

૧

૧. વિશ્વ – જગત્:–

૧ કથઞ્ચિત્ : દ્રવ્ય : પર્યાય : રૂપ છે.

અથવા

૨ ઉત્પાદ : વ્યય : ધ્રૌવ્ય : રૂપ છે.

૨. એ ત્રણેય કથંચિત્ પરસ્પર—

૧ ભિન્ન : અને ૨ અભિન્ન : છે.

૨

૩. દ્રવ્ય :–સ્કન્ધ : દેશ : અને પ્રદેશ : એ ત્રણ પ્રકારે છે.

૪. દ્રવ્ય : ગુણ : પર્યાય : એ ત્રણેય ઉપચારથી–
સ્કંધ : દેશ : અને પ્રદેશ : રૂપ હોવાથી નવ પ્રકારે છે.

૫. દ્રવ્ય : ગુણ : પર્યાય : એ ત્રણેય ઉત્પાદ : વ્યય : ધ્રૌવ્ય : રૂપ લક્ષણ વાળા છે.

૩

૬. ૧ દ્રવ્ય : સામાન્ય ધર્મ છે. ૨ ગુણ : પર્યાય : વિશેષ ધર્મો છે.

૪

૭. સામાન્ય:—

૧ ઊર્ધ્વતા પ્રચય સામાન્ય ધર્મ. ૨ તિર્યક્ પ્રચય સામાન્ય ધર્મ.

www.jainsite.com For Private & Personal Use Only. info@jainsite.com

## ૮. ઉર્ધ્વતા પ્રચય સામાન્ય ધર્મ :—

૧ ઓઘ શક્તિ ઉર્ધ્વતા સામાન્ય : ૨ સમુચ્ચય શક્તિ ઉર્ધ્વતા સામાન્ય:

૫

## ૯. કેટલીક પરસ્પર ભિન્નતા :—

૧ દ્રવ્યઃ તે સામાન્ય છે. ગુણઃ પર્યાયઃ તે વિશેષ છે,

૨ એક દ્રવ્યમાં–ગુણોઃ અને પર્યાયોઃ અનેક હોય છે.

૩ દ્રવ્યઃ આધાર છે. ગુણોઃ અને પર્યાયોઃ આધેય છે.

૪ ગુણોઃ અને પર્યાયોઃ એકેક ઇન્દ્રિય ગ્રાહ્ય પણ હોય છે. દ્રવ્યઃ બે ઇન્દ્રિયથી પણ ગ્રાહ્ય હોય છે.

૫ દ્રવ્યોના–જીવઃ વિગેરે, અને ગુણોનાઃ જ્ઞાન–વિગેરે, પર્યાયોના દેવાદિઃ નામો છે.

૬ દ્રવ્યોઃ છ છે. ગુણોઃ અને પર્યાયોઃ અનંત અનંત છે.

૭ ગુણ અને પર્યાય યુક્ત–દ્રવ્યઃ<br>સહભાવી ધર્મ–ગુણઃ<br>ક્રમ ભાવી ધર્મ–પર્યાયઃ } આમ લક્ષણો પણ ત્રણેયના જુદા જુદા છે.

## ૧૦. કેટલીક પરસ્પર અભિન્નતાઃ—

૧ ગુણ–ગુણિભાવ અખંડ રહે છે.

૨ અનવસ્થા દોષ લાગતો નથી.

૩ એક દ્રવ્યના અનેક અવસ્થા ભેદો ઘટી શકે છે.

૪ દ્રવ્યમાં ભાર વધતો નથી.

૫ અનેક દ્રવ્યના સમૂહ રૂપ પર્યાય પણ એક તરીકે જણાય છે.

૬ ત્રણેય એક આકારે મળી ગયેલા જણાય છે.

૭ કારણમાં કાર્યની ઉત્પત્તિ અભેદથી ઉત્પન્ન થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧. ભેદ: અભેદ: અને ભેદાભેદના પક્ષકાર દર્શનો:—

નૈયાયિકો:—એકાન્ત ભેદ : માને છે.

સાંખ્યો:—એકાન્ત અભેદ : માને છે.

જૈનો:—ભેદ: અને અભેદ: બન્ને ય કથઞ્ચિત્ માને છે.

૬

૧૨. જગત્માં નયવ્યવસ્થાનું બીજ:—

દ્રવ્ય: ગુણ: અને પર્યાય: એ ત્રણેયની પરસ્પર ભેદ અને અભેદની અપેક્ષાએ જુદા જુદા દ્રવ્યો: ક્ષેત્રો: કાળો: અને ભાવો: ને આશ્રયીને અનેક અભિપ્રાયભેદો–વિચારણાના ભેદો પડે છે, તે સઘળા નય પ્રકારો ગણાય:

૧૩. દરેક નયોવાર સપ્તભંગીઓ પણ કરોડો ઉત્પન્ન થાય છે.

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

૭

૧૪. સપ્ત ભંગીઓ બે પ્રકારે છે:—

૧. નય સપ્તભંગી. ૨. પ્રમાણ સપ્તભંગી.

૧૫. નય સપ્તભંગી:—

વસ્તુના કોઈપણ એક અંશી જ્ઞાન સાથે સંબંધ ધરાવતી સપ્તભંગી.

૧૬. પ્રમાણ સપ્ત ભંગી:—

વસ્તુના સર્વાંશી જ્ઞાન સાથે સંબંધ ધરાવતી સપ્તભંગી.

૧૭. પદાર્થના મુખ્ય: અને ગૌણ: તરીકે વિચારવા ધારેલા ધર્મોની વક્તવ્યતા અને અવ્યક્તતાની એકી સાથે અને અનુક્રમે અર્પણા કરવાથી સપ્તભઙ્ગી ઉત્પન્ન થાય છે,

૧૮. સપ્તભંગીના પ્રસિદ્ધ બે દૃષ્ટાન્તો:—



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| સત્ સપ્તભંગી:- | ભેદ સપ્તભંગી:- |
|---|---|
| ૧ સ્યાદ્ સત્ | ૧ સ્યાદ્ ભિન્નઃ |
| ૨ સ્યાદ્ અસત્: | ૨ સ્યાદ્ અભિન્નઃ |
| ૩ સ્યાદ્ સદ્ અસદ્: | ૩ સ્યાદ્ ભિન્નઃ અભિન્નઃ |
| ૪ સ્યાદ્ અવક્તવ્યઃ | ૪ સ્યાદ્ અવક્તવ્યઃ |
| ૫ સ્યાદ્ સદ્-અવક્તવ્યઃ | ૫ સ્યાદ્ ભિન્ન અવક્તવ્યઃ |
| ૬ સ્યાદ્ અસદ્-અવક્તવ્યઃ | ૬ સ્યાદ્અભિન્ન-અવ્યક્તવ્ય. |
| ૭ સ્યાદ્ સદ્-અસદ્-અવ્વક્તવ્યઃ | ૭ સ્યાદ્ ભિન્ન-અભિન્ન-અવક્તવ્યઃ |

૮.

૧૯. નયો:—

૧ દ્રવ્યાર્થિક : ૨ પર્યાયાર્થિક :

૧ દ્રવ્યાર્થિક :

૧ મુખ્ય વૃત્તિથી – અભેદ પક્ષગ્રાહી.

૨ ઉપચાર વૃત્તિથી – ભેદ પક્ષગ્રાહી.

૨ પર્યાયાર્થિક :

૧ મુખ્ય વૃત્તિથી – ભેદ પક્ષગ્રાહી.

૨ ઉપચાર વૃત્તિથી – અભેદ પક્ષગ્રાહી.

૨. દિગંબર પ્રક્રિયાથી નયના ભેદો :

૧ તર્ક શાસ્ત્રની દૃષ્ટિથી. ૨ અધ્યાત્મ શાસ્ત્રની દૃષ્ટિથી.

૧ તર્ક શાસ્ત્રની દૃષ્ટિથી:—

૧ નયો : ૨ ઉપનયો :

અધ્યાત્મ શાસ્ત્રની દૃષ્ટિથી

૧ નિશ્ચય : ૨ વ્યવહાર :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧. નયો નવઃ–**

૧ દ્રવ્યાર્થિક–૧૦ ૪ સંગ્રહ–૨ ૭ શબ્દ–૧
૨ પર્યાયાર્થિક–૬ ૫ વ્યવહાર–૨ ૮ સમભિરુઢ–૧
૩ નૈગમ– ૩ ૬ ઋજુસૂત્ર-૨ ૯ એવંભૂત–૧

**૧ દ્રવ્યાર્થિક–૧૦**

**૧ શુદ્ધ :**

૧ કર્મોપાધિ રહિત :
૨ સત્તા ગ્રાહક :
૩ ભેદ કલ્પના રહિત :

**૨ અશુદ્ધ :**

૧ કર્મોપાધિ સાપેક્ષ :
૨ ઉત્પાદ : અને વ્યય : સાપેક્ષ :
૩ ભેદ કલ્પના સાપેક્ષ :

**૩ મિશ્ર :**

૧ અન્વય :
૨ સ્વદ્રવ્યાદિ ગ્રાહક :
૩ પરદ્રવ્યાદિ ગ્રાહક :
૪ પરમભાવ ગ્રાહક :

**૨ પર્યાર્થિક : ૬**

**૧ શુદ્ધ :**

૧ અનાદિ નિત્ય :
૨ સાદિ નિત્ય :
૩ અનિત્ય :

**૨ અશુદ્ધ :**

૧ નિત્ય :

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨ કર્મોપાધિ રહિત નિત્ય :
૩ કર્મોપાધિ સાપેક્ષ નિત્ય :

**૩ નૈગમ : ૩**

૧ ભૂતનો વર્તમાનમાં આરોપ :
૨ ભાવિનો ભૂતમાં આરોપ :
૩ ભૂત અને ભાવિનો વર્તમાનમાં આરોપ :

**૪ સંગ્રહ : ૨**

૧ ઓઘ સંગ્રહ : ૨ વિશેષ સંગ્રહ :

**૫ વ્યવહાર : ૨**

૧ સામાન્ય સંગ્રહ ભેદક : ૨ વિશેષ સંગ્રહ ભેદક :

**૬ ઋજુ સૂત્ર : ૨**

૧ સ્થૂલ ઋજુસૂત્ર : ૨ સૂક્ષ્મ ઋજુસૂત્ર :

**૭. શબ્દ. ૮. સમભિરૂઢ. એવંભૂત. કુલ ૨૮**

**૨. ઉપનયો ત્રણ:**

**૧ સદ્ભૂત વ્યવહાર : ૨**

૧ શુદ્ધ : ૨ અશુદ્ધ :

**૨ અસદ્ભૂત વ્યવહાર : ૯**

૧ દ્રવ્યનો દ્રવ્યમાં ઉપચાર : ૫ પર્યાયનો દ્રવ્યમાં ઉપચાર :
૨ ગુણનો ગુણમાં ઉપચાર : ૬ દ્રવ્યનો ગુણમાં ઉપચાર:
૩ પર્યાયનો પર્યાયમાં ઉપચાર: ૭ દ્રવ્યનો પર્યાયમાં ઉપચાર :
૪ ગુણનો દ્રવ્યમાં ઉપચાર: ૮ પર્યાયનો ગુણમાં ઉપચાર :
૯ ગુણનો પર્યાયમાં ઉપચાર :–

**૩ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર : ૬**

**૧ શુદ્ધ ઉપચરિત : ૩**

૧ સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર :

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨ વિજાતિ અસદ્ભૂત વ્યવહાર :
૩ સ્વજાતિ–વિજાતિ–અસદ્ભૂત વ્યવહાર :

**૨ ઉપચરિતોપચરિત–અસદ્ભૂત વ્યવહાર : ૩**

૧ સ્વજાતિ ઉપચરિત–અસદ્ભૂત વ્યવહાર :
૨ વિજાતિ ઉપચરિત–અસદ્ભૂત વ્યવહાર :
૩ સ્વજાતિ–વિજાતિ ઉપચરિત–અસદ્ભૂત વ્યવહાર:

**૨ આધ્યાત્મિક નયો : ૨**

**૧ નિશ્ચય : ૨**

૧ શુદ્ધ નિશ્ચય નય : ૨ અશુદ્ધ નિશ્ચય નય :

**૨ વ્યવહાર : ૨**

૧ સદ્ભૂત વ્યવહાર: ૨ ૨ અસદ્ભૂત વ્યવહાર :

**૧ સદ્ભૂત વ્યવહાર : ૨**

૧ ઉપચરિત સદ્ભૂત : ૨ અનુપચરિત સદ્ભૂત :

**૨ અસદ્ભૂત વ્યવહાર : ૨**

૧ ઉપચરિત–અસદ્ભૂત–૨ ૨ અનુપચરિત–અસદ્ભૂત

**૧ ઉપચરિત–અસદ્ભૂત : ૨––**

૧ અસંશ્લેષિત યોગ. ૨ સંશ્લેષિત યોગ.

---

### ૩. શ્વેતામ્બર પ્રક્રિયાથી નયના ભેદો :

૧ પાંચ: **અને** **પાંચસો.:**

**અથવા–**

૧ સાત: **અને** **સાતસો :**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧ નયના ભેદો :--

૧ દ્રવ્યાર્થિક નયો:—  ૨ પર્યાયાર્થિક નયો :

૧ દ્રવ્યાર્થિક નયો:--

૧ તાર્કિક મતે:--

૧. નૈગમ :  ૨. સંગ્રહ :  ૩. વ્યવહાર :

૨ સૈદ્ધાન્તિકમતે:--

૧. નૈગમ : ૨ સંગ્રહ : ૩. વ્યવહાર : ૪. ઋજુસૂત્ર :

૨ પર્યાયાર્થિક નયો:--

૧ તાર્કિકમતે:--

૧. ઋજુસૂત્ર: ૨. શબ્દ : ૩ સમભિરુઢ : ૪ એવંભૂત :

૨ સૈદ્ધાન્તિકમતે:--

૧. શબ્દ : ૨ સમભિરૂઢ : ૩. એવંભૂત :

નયોના સંબંધમાં કેટલીક વિશેષ સમજ.

[ ૧. અર્થ નયો :  ૨. શબ્દ નયો :

૧ અર્થ નયો:–૪

૧. નૈગમ : ૨. સંગ્રહ : ૩. વ્યવહાર : ૪. ઋજુસૂત્ર :

૨ શબ્દ નયો :–૫

૧. શબ્દ : ૨. સમભિરૂઢ : ૩. એવંભૂત :

સામાન્ય વિશેષ ઉભય સંચારી :– નૈગમ :

સામાન્ય સંચારી નય:—સંગ્રહ :

વિશેષ સંચારી નય :—

વ્યવહાર : ઋજુસૂત્ર: શબ્દ : સમભિરૂઢ : એવંભૂત :

ૈકાલિક નય :  નૈગમ : સંગ્રહ : વ્યવહાર :

વર્તમાન કાલિક નય: ઋજુ ત્ર: શબ્દ: સમભિરૂઢ: એવંભૂત:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વ નિક્ષેપ ગ્રાહી :—નૈગમ : સંગ્રહ : વ્યવહાર : ઋજુસૂત્ર :
ભાવ નિક્ષેપ ગ્રાહી :—શબ્દ : સમભિરૂઢ : એવંભૂત :
પાંચ ભાવ ગ્રાહી :—નૈગમ : સંગ્રહ : વ્યવહાર : ઋજુસૂત્ર :
એક ભાવ ગ્રાહી :—એવંભૂત નય :
શબ્દ: અર્થ: ઉભયગ્રાહી:—નૈગમ: સંગ્રહ: વ્યવહાર: ઋજુસૂત્ર:
લિંગાદિ ભેદે ભેદગ્રાહી :—શબ્દ : સમભિરૂઢ : એવંભૂત:
પર્યાય ભેદે ભેદગ્રાહી :—સમભિરૂઢ : એવંભૂત :
યથાર્થ, તથા ગ્રાહી :—એવંભૂત :
ઉત્તરોત્તર વિસ્તૃત વિષય ગ્રાહી :—
એવંભૂત: સમભિરૂઢ, શબ્દ: ઋજુસૂત્ર: વ્યવહાર: સંગ્રહ: નૈગમ:
ઉત્તરોત્તર સંક્ષિપ્ત વિષય ગ્રાહી :—
નૈગમ: સંગ્રહ: વ્યવહાર: ઋજુસૂત્ર: શબ્દ: સમભિરૂઢ: એવંભૂત:
ઉત્તરોત્તર સ્થૂલતાગ્રાહી: —
એવંભૂત: સમભિરૂઢ: શબ્દ: ઋજુસૂત્ર: વ્યવહાર: સંગ્રહ: નૈગમ:
ઉત્તરોત્તર સૂક્ષ્મતાગ્રાહી: —
નૈગમ: સંગ્રહ: વ્યવહાર: ઋજુસૂત્ર: શબ્દ: સમભિરૂઢ: એવંભૂત:

તત્ત્વાર્થાધિગમ સૂત્રને આધારે નયોના ભેદો:—

નૈગમ: સંગ્રહ: વ્યવહાર: ઋજુસૂત્ર: શબ્દ:

નૈગમ:—

૧ દેશ સંગ્રહી: ૨ સર્વ સંગ્રહી:

શબ્દ:—

૧ સામ્પ્રત: ૨ સમભિરૂઢ: ૩. એવંભૂત:

પ્રમાણ-નય-તત્ત્વાલોકાલઙ્કારને આધારે નયોના ભેદો:—

૧ નયો:—૨.

૧ દ્રવ્યાર્થિક: ૨ પર્યાયાર્થિક:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧ દ્રવ્યાર્થિકઃ—૩**

૧ નૈગમઃ ૨ સંગ્રહઃ ૩ વ્યવહારઃ

**૧ નૈગમઃ—૩**

૧ બે ધર્મની પરસ્પર ગૌણ મુખ્ય ભાવ વિવક્ષા

૨ બે ધર્મિની પરસ્પર ગૌણ મુખ્ય ભાવ વિવક્ષા.

૩ ધર્મ અને ધર્મિની પરસ્પર ગૌણ મુખ્ય ભાવ વિવક્ષા.

**૨ સંગ્રહઃ—૨**

૧. પર સંગ્રહ. ૨ અપર સંગ્રહ.

**અર્થ નયોઃ—**

નૈગમઃ સંગ્રહઃ વ્યવહારઃ ઋજુસૂત્રઃ

**શબ્દ નયોઃ—**

શબ્દઃ સમભિરૂઢઃ એવંભૂતઃ

**નયાભાસ દર્શનો—**

૧ નૈગમ નયાભાસ દર્શનઃ— **નૈયાયિકઃ અને વૈશેષિકઃ**

૨ સંગ્રહ નયાભાસ દર્શનઃ— **અદ્વૈત દર્શનોઃ અને સાંખ્યદર્શન**

૩ વ્યવહાર નયાભાસ દર્શનઃ—**ચાર્વાક દર્શનઃ**

૪ ઋજુસૂત્ર નયાભાસ દર્શનઃ—**બૌદ્ધ દર્શનઃ**

૫ શબ્દ નયાભાસ દર્શનઃ— **[શબ્દાદ્વૈત વાદી]**

૬ સમભિરૂઢ નયાભાસ દર્શનઃ— **[પ્રતિ શબ્દ વ્યુત્પત્તિ વાદી]**

૭ એવંભૂત નયા ભાસ દર્શન :—

---

નયઃ ઉપનયઃ ઉપચરિતઃ સદ્ભૂતઃ અસદ્ભૂતઃ વિગેરે પ્રકારો મૂળ ભેદોમાં સમાતા હોવાથી શ્વેતાંબર પ્રક્રિયાએ જુદા બતાવ્યા નથી. તેમજ—

દ્રવ્યાર્થિકઃ પર્યાયાર્થિકઃ એ બે પ્રકારના મૂળનયો કહેવાતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી નયોના જુદા ભેદો તરીકે તે બેને ગણાવવા નકામાં છે, તેથી– પાંચ કે સાત નયો છે, નવ નયો નથી.

## ૨૦ ઉત્પાદ: વ્યય: ધ્રૌવ્ય:

૧ ઉત્પાદના ભેદો :–

૧ પ્રયોગજનિત: ૨ વિશ્રસાજનિત:

૧ પ્રયોગજનિત

૧ સમુદયવાદ: ૨ અવિશુદ્ધ:

૨ વિસ્રસા ઉત્પાદ:—

૧ સમુદય જનિત: ૨ ઐકત્વિક:

૨ વ્યયના ભેદો :—

૧ રૂપાન્તર પરિણામ વ્યય: ૨ અર્થાન્તરગમન વ્યય:

[ સમુદય વિભાગ વ્યવ્ય. ]

૩ ધ્રૌવ્યના ભેદો :–

૧ સૂક્ષ્મ ધ્રુવ ભાવ: ૨ સ્થૂલ ધ્રુવ ભાવ:

## ૨૧ દ્રવ્ય: ગુણ: પર્યાય: ના ભેદો:—

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૧ દ્રવ્યના ભેદો:—

૧ અસ્તિકાય દ્રવ્ય: ૨ ઔપચારિક દ્રવ્ય:

૧ અસ્તિકાય ૨:—

૧ જીવાસ્તિકાય: ૨ અજીવાસ્તિકાય:

૨ અજીવાસ્તિકાય ૪:—

૧ ધર્માસ્તિકાય: ૨ અધર્માસ્તિકાય:

૩ આકાશાસ્તિકાય: ૪ પુદ્ગલાસ્તિકાય:

૨ ઔપચારિક દ્રવ્ય:–૧ કાળ દ્રવ્ય:

૧ ધર્માસ્તિકાયના ભેદો—૧ સ્કંધ: ૨ દેશ: ૩ પ્રદેશ:

૨ અધર્માસ્તિકાયના ભેદો—૧ સ્કંધ: ૨ દેશ: ૩ પ્રદેશ:

૩ આકાશાસ્તિકાયના ભેદો–૧ સ્કંધ: ૨ દેશ: ૩ પ્રદેશ:

૨ દેશ આકાશાસ્તિકાયના ભેદો :—

૧ લોકાકાશ દેશ: ૨ અલોકાકાશ દેશ:



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩ પ્રદેશના ભેદો:—

૧ લોકાકાશ પ્રદેશો: ૨ અલોકાકાશ પ્રદેશો:

૪ જીવાસ્તિકાયના ભેદો:—

૧ જીવાસ્તિકાય વ્યક્તિ: ૨ જીવાસ્તિકાય સમુદાય:

૧ વ્યક્તિ જીવાસ્તિકાયના ભેદો:—

૧ સ્કંધ: ૨ દેશ: ૩ પ્રદેશ:

૨ જીવાસ્તિકાય સમુદાયના ભેદો—

૧ ભેદ: ૨ ભેદ: ૩ ભેદ: ૪ ભેદ: ૫ ભેદ: ૬ ભેદ: ૭ ભેદ: ૮ ભેદ: ૯ ભેદ: ૧૦ ભેદ: ૧૧ ભેદ: ૧૨ ભેદ: ૧૩ ભેદ: ૧૪ ભેદ: ૧૫ ભેદ:

૩૨ ભેદ: ૫૬૩ ભેદ: વિગેરે—સંખ્યેય: અસંખ્યેય: અનંત:

૧. ચેતન્યવાળા.

૨. સંસારી: અને સિદ્ધ: સયોગી: અને અયોગી:
છદ્મસ્થ: અને કેવળી: જ્ઞાની: અને અજ્ઞાની:

૩ ભવ્ય: અભવ્ય: દુર્ભવ્ય: ત્રસ: સ્થાવર: સિદ્ધ:
સૂક્ષ્મ: બાદર: અરૂપ: સમ્યગ્દૃષ્ટિ: મિશ્રદૃષ્ટિ: મિથ્યાદૃષ્ટિ:
અવિરતિ: દેશવિરતિ: સર્વવિરતિ:

૪ પુલ્લીંગ: સ્ત્રી લિંગ: નપુંસક લિંગ: અલિંગ:

૫ ક્રોધી: માની: માયી: લોભી: અકષાયી:
દેવ: નારક: મનુષ્ય: તિર્યંચ: સિદ્ધ:

૬ એકેન્દ્રિય: દ્વીન્દ્રિય: ત્રીન્દ્રિય: ચતુરિન્દ્રિય: પંચેન્દ્રિય:
અનિન્દ્રિય:

૭ પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય, અકાય: વિગેરે—

૫. પુદ્ગલાસ્તિકાયના ભેદો:—

૧ સ્કંધ: ૨ દેશ: ૩ પ્રદેશ: ૪ પરમાણુ:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧ સ્કંધના ભેદો :–**

૧ જઘન્ય સ્કંધ : ૨ મધ્યમ સ્કન્ધ : ૩ ઉત્કૃષ્ટ [મહા] સ્કન્ધ :

**૨ દેશના ભેદો :–**

૧ જઘન્ય દેશ : ૨ મધ્યમ દેશ : ૩ ઉત્કૃષ્ટ દેશ:

[દ્વયણુક:] [જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેના:] [મહાસ્કંધમાં:]

**૨. ઔપચારિક દ્રવ્ય:–કાળના ભેદો:–**

૧ નૈશ્ચયિકકાળ ૨. વ્યાવહારિકકાળ.

**૧ નૈશ્ચયિક કાળના ભેદો :**

૧ વર્તના : ૨ ક્રિયા: ૩ પરિણામ : ૪ પરત્વ : ૫ અપરત્વ :

**૧ વર્તના :––**

૧ ઉત્પતિ : ૨ સ્થિતિ : ૩ પ્રથમ સમયની ગતિ :

**૨ પરિણામ :––**

૧ આદિમાન્: ૨ અનાદિ:

**૩ ક્રિયા:––**

૧ પ્રયોગગતિ: ૨ વિસ્રસાગતિ: ૩ મિશ્રગતિ:

**૪–૫ પરત્વ–અપરત્વ:––**

[પ્રશંસાકૃત] [ક્ષેત્રકૃત:] કાળકૃત:

**૨ વ્યાવહારિક કાળના ભેદો:–**

૧– સમય : પલ્યોપમ:
આવલિ : સાગરોપમ:
મુહુર્ત : ઉત્સર્પિણી: અવસર્પિણી:
દિવસ : કાળચક્ર:
માસ : સંખ્યેય કાળચક્ર:
વર્ષ : અસંખ્ય કાળચક્ર:
યુગ: વિગેરે : અનંત કાળચક્ર:

**૨. ૧ ભૂત: ૨ ભવિષ્ય: ૩ વર્તમાન:**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૨ ગુણના ભેદો :--**

| | |
|---|---|
| ૧ સામાન્ય ગુણો: | ૨ વિશેષ ગુણો: |

**૧ સામાન્ય ગુણો :**

| | |
|---|---|
| ૧ પરસ્પર અવિરોધિ. | ૨ પરસ્પર વિરોધિ: |

| | |
|---|---|
| **૧ પરસ્પર અવિરોધિ :--** | **૨ પરસ્પર વિરોધિ:** |
| ૧ અસ્તિત્વ: | |
| ૨ વસ્તુત્વ: | ૧ ચેતનત્વ: |
| ૩ દ્રવ્યત્વ: | ૨ અચેતનત્વ: |
| ૪ પ્રમેયત્વ: | ૧ મૂર્તત્વ: |
| ૫ અગુરુલઘુત્વ: | ૨ અમૂર્તત્વ: |
| ૬ સપ્રદેશત્વ | |

**૧ પરસ્પર વિરોધિ ગુણોના આશ્રયભૂત દ્રવ્યો:-**

**જીવોમાં**--અચેતનત્વ અને મૂર્તત્વ શિવાયના-૮

**પુદ્ગલોમાં**—ચેતનત્વ અને અમૂર્તત્વ શિવાયના-૮

**ધર્માસ્તિકાયમાં**--ચેતનત્વ અને મૂર્તત્વ શિવાયના-૮

**અધર્માસ્તિકાયમાં**--,, ,, ,, ,, ૮

**આકાશાસ્તિકાયમાં**-,, ,, ,, ,, ૮

**૨ પરસ્પર વિરોધી ગુણોના આશ્રયભૂત દ્રવ્યો :--**

**જીવોમાં**--ચેતનત્વ અને અમૂર્તત્વ હોય,

**પુદ્ગલોમાં**---અચેતનત્વ અને મૂર્તત્વ હોય,

**ધર્માસ્તિકાયમાં**—અચેતનત્વ અને અમૂર્તત્વ હોય,

**અધર્માસ્તિકાયમાં**—અચેતનત્વ અને અમૂર્તત્વ હોય,

**આકાશાસ્તિકાયમાં**--અચેતનત્વ અને અમૂર્તત્વ હોય,

**૨ વિશેષ ગુણો—**

| | | | |
|---|---|---|---|
| ૧ જ્ઞાન | ૫ વર્ણ. | ૯ ગતિહેતુતા. | ૧૩ ચેતનત્વ. |
| ૨ દર્શન. | ૬ ગંધ. | ૧૦ સ્થિતિહેતુતા. | ૧૪ અચેતનત્વ. |
| ૩ સુખ. | ૭ રસ. | ૧૧ અવગાહનાહેતુતા | ૧૫ મૂર્તત્વ. |
| ૪ વીર્ય. | ૮ સ્પર્શ. | ૧૨ વર્તનાહેતુતા. | ૧૬ અમૂર્તત્વ. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## વિશેષ ગુણોના આશ્રયભૂત દ્રવ્યોઃ—

| | આત્મ દ્રવ્યમાં | પુદ્ગલાસ્તિકાય | ધર્મ૦ | અધર્મ | આકાશ૦ | કાળ | કુલ દ્રવ્યો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ જ્ઞાન | ૧ | × | × | × | × | × | ૧ |
| ૨ દર્શન | ૧ | × | × | × | × | × | ૧ |
| ૩ સુખ | ૧ | × | × | × | × | × | ૧ |
| ૪ વીર્ય | ૧ | × | × | × | × | × | ૧ |
| ૫ વર્ણ | × | ૧ | × | × | × | × | ૧ |
| ૬ ગંધ | × | ૧ | × | × | × | × | ૧ |
| ૭ રસ | × | ૧ | × | × | × | × | ૧ |
| ૮ સ્પર્શ | × | ૧ | × | × | × | × | ૧ |
| ૯ ગતિહેતુતા | × | × | ૧ | × | × | × | ૧ |
| ૧૦ સ્થિતિ હેતુતા | × | × | × | ૧ | × | × | ૧ |
| ૧૧ અવગાહના હેતુતા | × | × | × | × | ૧ | × | ૧ |
| ૧૨ વર્તના હેતુતા | × | × | × | × | × | ૧ | ૧ |
| ૧૩ ચેતનત્વ | ૧ | × | × | × | × | × | ૧ |
| ૧૪ અચેતનત્વ | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| ૧૫ મૂર્તત્વ | × | ૧ | × | × | × | × | ૧ |
| ૧૬ અમૂર્તત્વ | ૧ | × | ૧ | ૧ | ૧ | ૧ | ૫ |
| કુલ ગુણો | ૬ | ૬ | ૩ | ૩ | ૩ | ૩ | ૨૪ |

**દરેકમાં મળીને કુલ ગુણો ૨૪:—**

૧૦ સામાન્ય ગુણો — ચેતનત્વઃ મૂર્તત્વઃ
૧૬ વિશેષ ગુણો — અચેતનત્વઃ અમૂર્તત્વઃ

૨૬ ગુણોઃ—તેમાંના ચેતનત્વ, અચેતનત્વ, મૂર્તત્વ અને અમૂર્તત્વઃ એ બન્ને જોડકામાંનો ગમે તે એક હોય, બન્નેય સાથે ન હોય. માટે તે બે બાદ જતાં ૨૪ ની સંખ્યા થશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સ્વભાવોઃ—

### ૧૧ સામાન્ય સ્વભાવોઃ—

૧ અસ્તિ સ્વભાવ.
૨ નાસ્તિ સ્વભાવ.
૩ નિત્ય સ્વભાવ.
૪ અનિત્ય સ્વભાવ.
૫ એક સ્વભાવ.
૬ અનેક સ્વભાવ.
૭ ભેદ સ્વભાવ.
૮ અભેદ સ્વભાવ.
૯ ભવ્ય સ્વભાવ.
૧૦ અભવ્ય સ્વભાવ.

૧૧ પારિણામિક સ્વભાવ—જેનું બીજું નામ—પરમભાવ સ્વભાવ.

### ૧૦ વિશેષ સ્વભાવોઃ—

ચેતનત્વ સ્વભાવ

અચેનતત્વ સ્વભાવ

મૂર્તત્વ સ્વભાવ

અમૂર્તત્વ સ્વભાવ

એક પ્રદેશિત્વ સ્વભાવ

અનેક પ્રદેશિત્વ સ્વભાવ

વિભાવ સ્વભાવ

શુદ્ધ સ્વભાવ

અશુદ્ધ સ્વભાવ

ઉપચરિત સ્વભાવ — કર્મજન્યઃ (સંસારીને) — સ્વભાવજન્યઃ (સિદ્ધને)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કુલ ૨૧ સ્વભાવોના આશ્રય સ્થાનનો કોઠો.

| | જીવ | પુદ્ગલ | ધર્મા૦ | અધર્મ | આકાશ | કાળ | કેટલા દ્રવ્યમાં |
|---|---|---|---|---|---|---|---|
| ૧ અસ્તિત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૨ નાસ્તિત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૩ નિત્યત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૪ અનિત્યત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૫ એક સ્વભાવત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૬ અનેક સ્વભાવત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૭ ભેદત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૮ અભેદત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૯ ભવ્યત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૦ અભવ્યત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૧ પરમભાવત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૨ ચેતનત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૧૩ અચેતનત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૪ મૂર્તત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૧૫ અમૂર્તત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૬ એક પ્રદેશત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| ૧૭ અનેક પ્રદેશત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | + | ૫ |
| ૧૮ વિભાગત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૧૯ શુદ્ધત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૨૦ અશુદ્ધત્વ | ૧ | ૧ | + | + | + | + | ૨ |
| ૨૧ ઉપચરિતત્વ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૬ |
| કેટલા ગુણ ? | ૨૧ | ૨૧ | ૧૬ | ૧૬ | ૧૬ | ૧૫ | ૧૦૫ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સ્વભાવો ઉપર નયાવતાર.

| સ્વભાવોના નામ | |
|---|---|
| ૧ અસ્તિત્વ | સ્વ-દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ ગ્રાહક દ્રવ્યાર્થિક નયથી. |
| ૨ નાસ્તિત્વ | પર દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ ભાવઃ ગ્રાહક દ્રવ્યાર્થિક નયથી. |
| ૩ નિત્યત્વ | ઉત્પાદવ્યયની ગૌણુતા કરીને સત્તાગ્રાહક દ્રવ્યાર્થિક નયથી. |
| ૪ અનિત્યત્વ | ઉત્પાદવ્યયની મુખ્યતાએ સત્તાગ્રાહક પર્યાયાર્થિક નયથી. |
| ૫ એકત્વ | ભેદ કલ્પનારહિત-શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી. |
| ૬ અનેકત્વ | ભેદ કલ્પનાથી અન્વય દ્રવ્યાર્થિક નયથી. |
| ૭ ભેદત્વ | ગુણુ-ગુણિના ભેદની અપેક્ષાએ સદ્‌ભૂત વ્યવહારથી. |
| ૮ અભેદત્વ | ભેદ કલ્પનારહિત, શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી. |
| ૯ ભવ્યત્વ | પરમભાવ ગ્રાહક નયથી. |
| ૧૦ અભવ્યત્વ | પરમભાવ ગ્રાહક નયથી. |
| ૧૧ પરમભાવત્વ | શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી. |
| ૧૨ ચેતનત્વ | અસદ્‌ભૂત વ્યવહાર નયથી કર્મોનો. ચેતન સ્વભાવિ આત્માને ચેતનત્વ પરમભાવ ગ્રાહક નયથી. |
| ૧૩ અચેતનત્વ | અસદ્ વ્યવહાર નયથી જીવમાં અચેતનત્વ છે. અને પરમભાવ ગ્રાહક નયથી પુદ્‌ગલાદિ અચેતન છે. |
| ૧૪ મૂર્તત્વ | પરમભાવ ગ્રાહક નયથી અજીવની મૂર્તતા. અને અસદ્‌ભૂત વ્યવહારથી જીવની મૂર્તતા. |
| ૧૫ અમૂર્તત્વ | પરમભાવ ગ્રાહક નયથી જીવાદિક અમૂર્ત છે. અસદ્‌ભૂત વ્યવહાર નયથી પુદ્‌ગલ પરમાણુ વિગેરે અમૂર્ત છે |
| ૧૬ એક પ્રદેશિત્વ | પરમભાવ ગ્રાહક નયથી કાળ અને પુદ્‌ગલાણુની એક પ્રદેશતા. ભેદ કલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ બાકીના ચારમાં એક પ્રદેશત. |
| ૧૭ અનેક પ્રદેશિત્વ | શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી જીવાદિ ૪ અનેક પ્રદેશી, અને પુદ્‌ગલ પરમાણુ અસદ્‌ભૂત વ્યવહારથી અનેક પ્રદેશી. |
| ૧૮ વિભાગત્વ | શુદ્ધ અશુદ્ધ દ્રવ્યાર્થિક નયથી વિભાવ. |
| ૧૯ શુદ્ધત્વ | શુદ્ધ દ્રવ્યાર્થિક નયથી. |
| ૨૦ અશુદ્ધત્વ | અશુદ્ધ દ્રવ્યાર્થિક નયથી. |
| ૨૧ ઉપચરિતત્વ | અસદ્‌ભૂત વ્યવહારનયથી. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩ પર્યાયના ભેદો :—

૧ વ્યંજન પર્યાય: ૨ અર્થપર્યાય:

૧ ત્રિકાલ સ્પર્શી પર્યાય, તે–વ્યંજન પર્યાય:

૨ સૂક્ષ્મ વર્તમાન કાળ સ્પર્શી, તે–અર્થ પર્યાય:

૧ વ્યંજન પર્યાયના ૨ ભેદ :—

૧ દ્રવ્યથી: ૨ ગુણથી:

૧ દ્રવ્ય વ્યંજન પર્યાયના ૨ ભેદ :—

શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય: ૨ અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય:

૨ ગુણ વ્યંજન પર્યાયના ૨ ભેદ :—

૧ શુદ્ધ ગુણ વ્યંજનપર્યાય: ૨ અશુદ્ધ ગુણ વ્યંજન પર્યાય:

૨ અર્થ પર્યાયના બે ભેદ :—

૧ શુદ્ધ અર્થ પર્યાય: ૧ અશુદ્ધ અર્થ પર્યાય:

૧ પુરુષ ઉપર વ્યંજન પર્યાય અને અર્થપર્યાય–

૧ વ્યંજન પર્યાય:— ૨ અર્થ પર્યાય:

૧ જન્મથી મરણ પર્યંત: બાળ–તરુણ વિગેરે પર્યાયો:

કેવળ જ્ઞાન ઉપર :–

૧. શુદ્ધ વ્યંજન પર્યાય:—

૧ શુદ્ધ આત્મગુણત્વ:

૨ અર્થપર્યાય–(ઋજુસૂત્રાદેશથી) :—

૧ ભવસ્થત્વ: ૨ સિદ્ધસ્થત્વ:

પુદ્ગલ દ્રવ્ય ઉપર—

૧ શુદ્ધ વ્ય વ્યંજન પર્યાય:–૨ અશુદ્ધ દ્રવ્યવ્યંજન પર્યાય:

પરમાણુત્વ: દ્વયણુકાદિકત્વ:



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૩ શુદ્ધ ગુણ વ્યંજન પર્યાયઃ—**

પરમાણુના ગુણો.

**૪ અશુદ્ધ ગુણ વ્યંજન પર્યાયઃ—**

૨ દ્વયણુકાદિકના ગુણોઃ

ધર્માસ્તિકાયાદિકમાંઃ—

**૧ શુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાય—**

૧ લોકાકાશમાન સંસ્થાનાકૃતિત્વઃ

**૨ અશુદ્ધ દ્રવ્ય વ્યંજન પર્યાયઃ—**

૧ લોકવર્તિદ્રવ્યસંયોગત્વઃ

બીજી રીતે પર્યાયના ચાર પ્રકાર—

[ નવ ચક્રના અભિપ્રાયથી– ]

૧ **સજાતીય દ્રવ્ય પર્યાય**–દ્વિપ્રદેશાદિક સ્કંધો.

૨ **વિજાતીય દ્રવ્ય પર્યાય**–આત્મ–પુદ્ગલ સંયોગે–મનુષ્યત્વાદિ પર્યાય.

૩ **સ્વભાવ ગુણ પર્યાયઃ**–કેવળ જ્ઞાન.

૪ **વિભાવ ગુણ પર્યાય**–મતિજ્ઞાન વિગેરે.

આ ચાર ભેદ પણ ખરી રીતે તો **પ્રાયઃ** જાણવા, કેમકેઃ—

પરમાણુરૂપ દ્રવ્યપર્યાય–આ ચારમાં સમાતો નથી. કેમકે–પરમાણુપણાને પણ શાસ્ત્રમાં વિભાગ જાત [भेदादणुः] પર્યાયપણું કહ્યું છે.

સંપૂર્ણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્રવ્ય શબ્દની વ્યુત્પત્તિઓ અને લક્ષણો.

૧ સદ્:–દ્રવ્યમ્—

सीदति स्वकीयान् गुण–पर्यायान् व्याप्नोति इति सद्.

उत्पाद–व्यय–ध्रौव्ययुक्तं सत्

अर्थ–क्रियाकारि च सत्.

यदेवार्थ–क्रियाकारि, तदेव परमार्थ–सद्.

यच्च नार्थ–क्रियाकारि, तदेव परतोऽप्यसद्–इति.

निज–निज–प्रदेश–समूहैरखण्डवृत्त्यात्स्वभाव–विभाव–पर्यायाद्-द्रवति, द्रोष्यति, अदुद्रुवत्, इति–द्रव्यम्.

गुण–पर्यायवद् द्रव्यम्, गुणाश्रयो द्रव्यं वा।

दवए दूयते दोरवयवो विकारो गुणाण ॥

संदावो दव्वं भव्वं भावस्स भूयभावं च जोगं ॥ १ ॥

द्रवति ताँस्तान्पर्यायान् प्राप्नोति मुञ्चति वा।

२–दूयते स्वपर्यायैरेव प्राप्यते मुच्यते वा।

३–४ द्रुः–सत्ता. तस्या एव अवयवो विकारो वा,इति द्रव्यम्।

५–अवान्तरसत्तारूपाणि द्रव्याणि महासत्ताया अवयवो विकारो भवत्येवेति भावः

६–भवनं भावसत्तिर्भविष्यति इति भावः, तस्य भाविनः पर्यायस्य योग्यं यद्द्रव्यं तदपि द्रव्यम्, राजपर्यायार्हकुमारवत्।

७–तथा–भूतं हि पश्चात्कृतो भावः पर्यायो यस्य, तदपि द्रव्यम्, इति दिक्।

तदेव द्रव्यमर्थः प्रयोजनं यस्यासौ द्रव्यार्थिकः

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ગ્રંથો-ગ્રંથકારો અને મતોની યાદી.

## ૧ ગ્રંથ-સુચિ.


આકર. ૭૯

આગમ. પેઈજ

અનુયોગદ્વાર સૂત્ર ૭૪, ૭૮

અનેકાન્તવ્યવસ્થા ૪૧

અન્યયોગવ્યવચ્છેદકદ્વાત્રિંશિકા ૩૧,૩૨,૮૩

આચારાઙ્ગ સૂત્ર ૩, ૩૩

આવશ્યક ૭૨, ૧૬૭, ૧૬૮

ઉપદેશપદ ૫, ૧૫૯

ઉપદેશરહસ્ય ૧૫૯

ઉપદેશમાલા ૬

ઉત્તરાધ્યયન સૂત્ર ૧૧૦, ૧૪૭, ૧૫૨, ૧૫૩, ૧૫૯

કલ્પ ૮

જીવાભિગમ ૧૧૦

ગણિતશાસ્ત્ર ૧૯

ગચ્છાચાર ૧૬૫

ગીતા ૧૬

ચન્દ્રપ્રજ્ઞપ્તિ ૩

ચિંતામણિ ૧૭૭

તર્કશાસ્ત્ર ૪૮, ૧૭૮

તત્ત્વાર્થાધિગમ સૂત્ર ૩, ૧૯, ૧૧, ૭૧. ૭૨, ૭૯, ૯૦, ૧૧૧, ૧૧૨

દૃષ્ટિવાદાધ્યયન ૮

દ્રવ્ય સંગ્રહ ૪૮, ૧૧૩

દ્વાદશારનય ચક્રવાલ ૩૭

દ્વાત્રિંશિકા ૩૧, ૩૨, ૮૩

ધર્મસંગ્રહણી ૧૧૧

નયચક્ર ૭૦, ૭૧, ૮૨, ૧૫૪, ૧૫૬,

નિશિથસૂત્ર ૮

નિશ્ચિય દ્વાત્રિંશિકા ૧૧૨

પ્રજ્ઞાપના વૃત્તિ ૧૦૦

પ્રવચનસાર ૭, ૧૨૮

પ્રશરતિ ૬, ૧૦૫

પંચકલ્પ ભાષ્ય ૫

બૃહત્કલ્પ ૮૬, ૧૬૦

ભાષા રહસ્ય ૧૨૪

ભગવતીસૂત્ર ૧૧૧, ૧૧૫

મહાનિશિથ ૧૫૯

યોગદૃષ્ટિ સમુચ્ચય ૧૫૮, ૧૬૯

યોગશાસ્ત્ર ૧૧૩, ૧૧૬

વિંશિકા ૧૬, ૧૦૪

વિશેષાવશ્યક ૪૬, ૭૩, ૮૦

વ્યવહાર સૂત્ર ૮

રત્નાકરાવતારિકા

લલિત વિસ્તરા ૯, ૧૬૭

ષોડશક ૫, ૧૫૭

શિરોમણિ ૧૭૭

જ્ઞાતા ૩

સૂત્રકૃતાંગ-બીજુઅંગ ૩, ૫

સમ્મતિ ૩,૪,૮,૯,૧૮,૧૯,૩૫, ૪૬,૮૧,૯૩,૯૪,૯૬,૯૭,૯૮, ૧૦૦,૧૦૧,૧૪૩,૧૫૦,૧૫૫

સમ્મતિવૃત્તિ ૧૩૪

સૂત્ર ૭૮, ૧૦૮, ૧૧૫, ૧૧૫

સિદ્ધાન્ત ૮૧

શતારનયચક્રાધ્યયન ૩૭, ૩૨, ૮૩


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૩. વિશેષ નામો.


| | | | |
|---|---|---|---|
| અરમાભિ: | ૧૨૪ | શ્રી જીનભદ્રગણિ ક્ષમાશ્રમણ | ૭૩, ૧૫૬ |
| શ્રી ઋષભદેવ ભગવાન | ૧૪૦ | શ્રી નયવિજય પંડિત | ૩ |
| કવિજસવિજય | ૧૭૯ | શ્રી પદ્મપ્રભ | ૧૪૨ |
| કાસી | ૧૭૭ | બુદ્ધ | ૨૯ |
| શ્રી કલ્યાણ વિજયવાચક | ૧૩૬ | બ્રાહ્મી | ૧૭૦ |
| શ્રી જીતવિજય પંડિત | ૩,૧૭૭ | દેવસેન | ૭૧, ૭૨, ૭૭, ૮૨, ૧૫૬ |
| શ્રી મલ્લ વાદી | ૭૩ | શ્રી વિજયસેનસૂરિ | ૧૭૪ |
| શ્રી મહાવીર | ૫૭ | શ્રી શિવપુર | ૫૩ |
| શ્રી રત્નપ્રભાચાર્ય | ૫૪ | શ્રી સિદ્ધસેન | ૧૧૨ |
| શ્રી લાભવિજય | ૧૭૭ | શ્રી સિદ્ધસેન દીવાકર | ૭૩ |
| શ્રી વાસુપૂજ્ય | ૧૪૨ | શ્રી હરિભદ્રસૂરિ | ૧૧૨, ૧૩૦, ૧૭૦ |
| શ્રી વિજયદેવસૂરિ | ૧૭૪ | શ્રી હીરવિજય | ૧૭૪, ૧૭૬ |
| શ્રી વિજયસિંહસૂરિ | ૧૭૪ | | |


## ૨. મતોની સુચિ.


| | | | |
|---|---|---|---|
| અદ્વૈતવાદ | ૧૩ | નૈયાયિક મત | ૨૨, ૨૮, ૩૧, ૮૩, ૮૯, ૯૮, ૧૧૮ |
| એક આચાર્ય | ૧૪૦ | | |
| ક્ષણિકવાદી બૌદ્ધ | ૧૩ | પરવાદી | ૫૧ |
| જિનરાજ | ૮૩ | પ્રાચીન નૈયાયિક | ૩૫ |
| જિનવાણી | ૧૦૮ | બોટિક | ૭૯ |
| જૈનાભાસ | ૧૧૩ | બૌદ્ધ | ૨૯, ૮૭ |
| જૈનશાસન | ૮૩, ૧૦૪ | માધ્યમિક બૌદ્ધ | ૮૮ |
| જૈન | ૩૧, ૩૬, ૪૨, ૫૪ | યોગાચાર | ૨૯ |
| તપાગચ્છ | ૧૭૯ | વેદાન્ત દર્શન | ૮૧, ૧૩૫, ૧૭૮ |
| દિગંબરાનુ-સારિ-યાયિન્ | ૧૪, ૧૭ | શૂન્યવાદ | ૮૮ |
| દિક્પટાભાસ | ૧૫૦ | શ્વેતાંબર | ૭૧-૮૨ |
| દિગંબર | ૪૭. ૪૯, ૫૮, ૧૧૩, ૧૧૨, ૧૫૬ | શ્વેતાંબર પ્રમાણશાસ્ત્ર | ૪૭ |
| | | સદદ્વૈતવાદ | ૧૩ |
| દિગંબર પક્ષ | ૧૧૪ | સિદ્ધાન્તવાદી | ૭૪ |
| દિગમ્બર-પ્રક્રિયા | ૧૧,૧૧૨,૧૪૬ | સર્વ શૂન્ય વિજ્ઞાનવાદી | ૮૮ |
| દ્રવ્યાદ્વૈત પક્ષ | ૨૨ | સાંખ્ય | ૩૧ |
| નયવાદી | ૪૩ | સ્યાદ્વાદી | ૩૧, ૮૮ |
| નવાનૈયાયિક | ૨૫ | | |


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સ્યાદ્વાદ અને સર્વજ્ઞતા

[ "જૈન સત્ય પ્રકાશ." અંક ૭મા ઉપરથી ]

લેખક

**શ્રીયુત પ્રભુદાસ બેચરદાસ પારેખ**

**" જૈનદર્શન બહુ જ ઉંચી કોટીનું દર્શન છે. આનાં મુખ્ય તત્ત્વો વિજ્ઞાન-શાસ્ત્ર [ સાયન્સ–Science ] ના આધાર ઉપર રચાયેલાં છે. આ મારું કેવળ અનુમાન જ નથી, પણ મારો સંપૂર્ણ અનુભવ પણ છે. જેમ જેમ પદાર્થ વિજ્ઞાન આગળ વધતું જાય છે, તેમ તેમ જૈન ધર્મના સિદ્ધાંતો પણ સિદ્ધ થતા જાય છે."**

**—સ્વર્ગસ્થ ડૉ૦ એલ૦ પી૦ ટેસીટરી [ ઇટલી ]**

**" જૈનધર્મ એક વૈજ્ઞાનિક ધર્મ છે."**

**—દરબારી લાલજી.**

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

ઉપર જણાવેલા બન્નેય જૈનધર્મના અભ્યાસીઓના અભિપ્રાય કરતાં જૈનધર્મના એક અભ્યાસી તરીકે મારો અભિપ્રાય કંઇક જુદો પડે છે. તે આ લેખમાં વિદ્વાનો સમક્ષ નમ્રતા પૂર્વક રજુ કરવા રજા લઉં છું.

જૈનધર્મને એક સામાન્ય આચાર વિચારવાળો ધર્મ માની લઇ જેઓ તેને જગતનો એક અમૂલ્ય વારસો નથી સમજતા. તેઓને તે બન્નેય લેખકો સમજાવવા માગે છે કે—"જૈનધર્મ એક સામાન્ય વસ્તુ નથી, પરંતુ તેનું ચણતર વિજ્ઞાનના વિચારો ઉપર રચાયેલું છે." પરંતુ આ સ્વરૂપ પણ ખરી રીતે જૈનધર્મ માટે ન્યૂનોક્તિવાળું જણાય છે. જૈનધર્મ વિજ્ઞાન શાસ્ત્રસિદ્ધ નથી એટલે વૈજ્ઞાનિક નથી, પણ "તત્ત્વજ્ઞાનશાસ્ત્રસિદ્ધ છે, તત્ત્વજ્ઞાનમય છે."

તત્ત્વજ્ઞાન શબ્દઃ અને વિજ્ઞાન શબ્દઃ નીચે પ્રમાણે જુદા જુદા અર્થમાં પ્રચલિત છે. એટલે બન્નેયમાં અર્થ ભેદ છે: તે નીચે પ્રમાણે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજ્ઞાન શબ્દનો અર્થ કોઈ પણ એક સાયન્સ—કોઇ પણ એક વિષયનું પદ્ધતિસર શાસ્ત્ર, એવો થાય છે. દાખલા તરીકે:—યંત્ર વિજ્ઞાન, શબ્દ વિજ્ઞાન, ભૂમીતિ વિજ્ઞાન, ભૂસ્તર વિજ્ઞાન, ભૂતલ વિજ્ઞાન, ભૂગર્ભ વિજ્ઞાન, ખગોળ વિજ્ઞાન, સુતારી શિલ્પ વિજ્ઞાન, બાંધકામ શિલ્પ વિજ્ઞાન, ચિત્ર વિજ્ઞાન, આરોગ્ય વિજ્ઞાન, પ્રમાણ વિજ્ઞાન, માનસ વિજ્ઞાન, અધ્યાત્મ વિજ્ઞાન; વિગેરે નાના મોટા વિજ્ઞાનોનું એક મોટું લિસ્ટ થવા જાય, પરંતુ આમાં દરેક વિજ્ઞાન મુખ્યપણે સ્વતંત્ર હોય છે. અને એવા સંખ્યાબંધ વિજ્ઞાનો જગતમાં હોય છે.

તત્ત્વજ્ઞાન તો જગતમાં એક જ હોઈ શકે, કેમ કે--તત્ત્વજ્ઞાનનો વિષય જ એટલો બહોળો છે, કે જે આખા વિશ્વ ઉપર ફરી વળે છે. તત્ત્વજ્ઞાન જગતના સર્વ વિજ્ઞાનોનો પરસ્પર સંબંધ, સમન્વય, અને ગૌણ મુખ્ય ભાવનું પ્રતિપાદન કરે છે. સંપૂર્ણ વિશ્વદર્શનનું નામ તત્ત્વજ્ઞાન [ ફીલોસૉફી-Philosoyhy ] છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ ઉપરથી સમજી શકાશે કે—તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનમાં મોટો તફાવત છે, તત્ત્વજ્ઞાન વ્યાપક છે, અને લાખો વિજ્ઞાનો તેના પેટામાં સમાય છે.

હાલના સંશોધકો અનેક વિજ્ઞાનોની શોધો ચલાવી રહ્યા છે. અને દરેકમાં દરરોજ નવું નવું શોધ્યાની જાહેરાત કરે છે, છતાં એટલું તો કહે જ છે કે–" હજુ કોઈ પણ વિજ્ઞાન પૂરું શોધી શકાયું નથી. દરેકમાં નવી શોધ થાય છે, કે જુની શોધ ખોટી પડે છે. અથવા કેટલીક જુની શોધ વધારે સ્પષ્ટ પણ થાય છે. પરંતુ દરેકનો છેડો આવી ગયો છે, એમ સમજવાનું નથી. હજુ પાશેરામાં પહેલી પુણી કંતાઈ છે. શોધાયું માનીએ છીએ, તેના કરતાં કંઇક ગણું હજુ અણશોધ્યું રહ્યું છે. "

આ ઉપરથી આપણે એમ તો સમજી શકીશું જ કે:–જ્યારે એક પણ વિજ્ઞાન સંપૂર્ણ શોધાયું નથી, ત્યારે સંપૂર્ણ વિજ્ઞાનો શોધવાની તો વાત જ શી ? અને જ્યારે સંપૂર્ણ વિજ્ઞાનો શોધાયાં નથી, તો તત્ત્વજ્ઞાન શોધાયાની તો વાત જ શી ? અને જ્યારે તત્ત્વજ્ઞાનના સંશોધનની વાત પણ થઇ શકતી નથી, તો પછી જગત્ માટે અબાધ્યઃ સાંગોપાંગઃ અને શુદ્ધઃ જીવનમાર્ગ શોધી આપવાની તો વાત જ ક્યાં રહી ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છતાં "કાન્ટ" વિગેરે ફીલસુફોએ તત્ત્વજ્ઞાનના અભ્યાસની પાઠશાળામાં પાટી ઉપર ધૂળ નાંખી જ છે, એમ કહેવું જ પડશે. અને બીજા પણ અનેક આધુનિક વિદ્વાનો એ દિશામાં પ્રયત્નો કરી રહ્યા છે.

પ્રાચીન કાળના દર્શનો અને ધર્મ તરફ જોઇશું, તો તે પણ બધા વૈજ્ઞાનિક ધર્મો જણાશે. આગળની ભૂમિકા ઉપર કોઇ ચડેલા જણાતા નથી. એટલું ખરૂં છે કે કેટલાક ધર્મો સામાન્ય ભૂમિકા કરતાં ઉપરની ભૂમિકા ઉપર હશે. ત્યારે કેટલાક એક કરતાં વધુ વિજ્ઞાનોના પાયા ઉપર રચાયેલા માલૂમ પડશે.

દાખલા તરીકઃ—**વેદાંત,** "જગતમાં કેવળ એકલું બ્રહ્મ છે—જગત્ માત્ર બ્રહ્મમયજ છે," એમ કહીને જગતના **એકીકરણનું વિજ્ઞાન** પૂરું પાડે છે. ત્યારે **વૈશેષિક દર્શન** વિગેરે **પૃથક્કરણ** સમજાવે છે. **ન્યાયદર્શન પ્રમાણશાસ્ત્રનું** વિજ્ઞાન સમજાવેછે. ત્યારે **મીમાંસકો શબ્દપ્રમાણના** વિજ્ઞાનને દઢ કરે છે. **સાંખ્ય પ્રકૃતિ પુરૂષમાં** જગતને વહેંચેછે. અને **યોગદર્શન** યોગવિદ્યાનું વિજ્ઞાન પૂરું પાડેછે. **બૌદ્ધદર્શન** જગતની **અનિત્યતા** અને **વૈરાગ્ય ભાવનાનું** વિજ્ઞાન **પૂરું** પાડે છે. ત્યારે **વેદાન્ત** માત્ર **જગત્ નિત્ય** જ છે, એમ કહીને નિત્યતાનું વિજ્ઞાન પૂરું પાડે છે. ત્યારે **ચાર્વાક સાંસારિક જીવનનું** વિજ્ઞાન પૂરું પાડે છે. **ઝંદ અવેસ્તા મન વચન કાયાની પવિત્રતા** ઉપર ભાર મૂકે છે. ત્યારે **ખ્રિસ્તીધર્મ સહનશીલતા** અને **પરદુઃખભંજન પરોપકારની નીતિનું** માત્ર જ્ઞાન આપે છે. **કુરાનેશરીફ શ્રદ્ધા** અને **મક્કમતા** દઢ કરે છે.

**ચાણકયનું અર્થશાસ્ત્ર, ચરકનું આરોગ્યશાસ્ત્ર, પાણિનિનું વ્યાકરણશાસ્ત્ર; મમ્મટનું કાવ્યપ્રકાશ, ભરતનું નાટયશાસ્ત્ર, વિશ્વકર્માનું શિલ્પશાસ્ત્ર,** એ વિગેરે પણ જુદાં જુદાં વિજ્ઞાનો જ છે, એ તો સ્પષ્ટ જ દેખાય છે. એક વિજ્ઞાનને બીજા વિજ્ઞાનનો કેટલોક આધાર હોય છે. એક વિજ્ઞાન સાથે બીજું વિજ્ઞાન અમુક જાતનો થોડો ઘણો સંબંધ ધરાવતું હોય છે. એક વિજ્ઞાનના પેટા વિજ્ઞાનો ઘણાં હોય છે. અને એક મુખ્ય વિજ્ઞાન પણ બીજા કોઇ મોટા વિજ્ઞાનનું પેટા વિજ્ઞાન હોય છે.

પરંતુ જગતમાં કોઇ પણ એવો ધર્મ—એવું દર્શન, કે એવી શોધ નથી કે જે તત્ત્વજ્ઞાનરૂપે હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ જગત્‌માં તત્ત્વજ્ઞાન તરીકે કોઇ પણ દર્શન હોય, તો તે કેવળ જૈનદર્શન છે. એટલે કે જગત્‌માં સંભવિત સર્વ વિજ્ઞાનોના સમન્વયમય જે તત્ત્વજ્ઞાન છે, તે જિનોએ બતાવ્યું છે, માટે જૈન તત્ત્વજ્ઞાન કહેવાય છે. જૈન શબ્દ કાઢી નાંખીએ તો પણ તે તત્ત્વજ્ઞાન જ છે, તે જ તત્ત્વજ્ઞાન છે, તે સિવાય કોઇ કાળે બીજું તત્ત્વજ્ઞાન સંભવી શકતું નથી, સંભવી શકશે નહિ, સંભવી શકયું નથી. આધુનિક વૈજ્ઞાનિકોની તો શક્તિ બહારનુંજ એ કામ છે. અને તેને સંપૂર્ણ કરતાં કેટલો વખત જાય, તે કહી શકાય તેમ છે જ નહિ. માટે કોઇથી હાલમાં સંપૂર્ણ શોધી શકાય તેમ છેજ નહીં કેમકે કોઇ પણ દુન્યવી સાધનો સંપૂર્ણ શોધને માટે–હમ્મેશને માટે અપૂર્ણ જ છે.

આ બાબતની સાબીતી માટે નીચેની વિચારસરણી ઉપયોગી થશે.

આજે સર્વ વિદ્વદ્ મંડળમાં એ તો પ્રસિદ્ધ છે કે—જૈનોનો સિદ્ધાંત સ્યાદ્વાદ છે. સ્યાદ્વાદ એટલે શું ? આ જગત્ એવું અટપટું છે કે—તે કેવું છે ? તે સંપૂર્ણપણે કહેવું મુશ્કેલ છે, એટલું જ નહિ પણ અશક્ય છે. ઉપનિષદ્‌કારો પણ नेति नेति કહીને જગતનું નિરૂપણ અશક્ય છે—એમ કહે છે. જૈનો પણ એમ જ માને છે—છતાં તે એટલું તો કહે જ છે કે–જગતનું સંપૂર્ણ સ્વરૂપ કહેવાને માટે અશક્ય જ છે, છતાં કેટલુંક સ્વરૂપ આપણે સૌ બોલીએ છીએ, માટે તેનો સ્યાદ્વાદ થઇ શકે છે. સ્યાદ્વાદ એટલે કથંચિત્ વાદ. અને પક્ષે કથંચિત્ અવાદ રહે છે. અર્થાત્ જગત્ સ્યાદ્ વક્તવ્ય છે, અને સ્યાદ્ અવ્યક્તવ્ય છે. જગત્ સર્વ વિજ્ઞાનોમય કેવી રીતે છે, તે જાણવામાં આવવા છતાં સ્યાદ્ [ કથંચિત્ ] વાદ કહી શકાય છે. જે કાંઈ બોલાય છે તે મૂળ વસ્તુનો કોઇ અમુક જ ભાગ હોય છે. જે કાંઇ બોલાય છે, તેના સિવાય પણ એ વસ્તુ વિષે બીજું કાંઇક હોય છે ખરું. પણ બોલાતું નથી. અથવા એ બોલાતું હોય તે વખતે પણ પ્રથમનું જે બોલાયલું છે તે પણ એ વખતે બોલી શકાયું નથી. તેથી આ જગતનો સ્યાદ્‌થી જ વાદ થઇ શકે છે. સ્યાદ્ વિના વાદ થઇ શકતો નથી. બોલી શકાતું નથી.

આ રીતે જૈનદર્શનમાં જગતનું નિરુપણ સ્યાદ્‌થી કરવામાં આવ્યું છે, તે પણ ઘણું જ વિવિધ છે. એકીકરણની દૃષ્ટિથી, પૃથક્કરણની દૃષ્ટિથી, વિશેષ, નિત્ય, અનિત્ય, એક, અનેક, ભેદ, અભેદ, સત, અસત, વિગેરે દૃષ્ટિબિંદુઓથી એ ઉપરાંત એક રીતે, બે રીતે, ત્રણ રીતે, ચાર રીતે, પાંચ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે, ૭ રીતે, સાત રીતે. આઠ રીતે, નવ રીતે, એમ અનેક રીતે જગત્ સમજાવ્યું છે. અને તે દરેક રીતમાં પરસ્પર એક–બીજી પદ્ધતિને ગૌણ–મુખ્યભાવ આપેલો છે. ઉપરાંત, ચૈતન્ય વિજ્ઞાન, પ્રાણિ વિજ્ઞાન, પરમાણુ–વિજ્ઞાન, ભૂતલ, ભૂસ્તર, વિગેરે વિજ્ઞાનો, રાજ્યનિતિ, શિલ્પ, જ્યોતિષ, ગણિત, શબ્દશાસ્ત્ર, યોગ, વિગેરે લાખો વિજ્ઞાનો બતાવ્યા છે. તેનો પરસ્પર સંબંધ બતાવી, જીવનમાં ઉપયોગ, અને તત્ત્વજ્ઞાનમાં સમન્વય બતાવેલો છે. માટે બહુ જ સારી રીતે અભ્યાસ કરનારને આ દર્શન તત્ત્વજ્ઞાન દર્શન જ લાગશે, જ્યારે બીજું કોઈ પણ દર્શન જ્ઞાન સંગ્રહે વિજ્ઞાનરૂપ ભાસશે. **વેદાન્ત એટલે વેદાનો સાર**, પણ વેદો તત્ત્વજ્ઞાનમય નથી. **મીમાંસકો** પણ માત્ર "વિચારકો જ છે, અર્થાત્ સાંગોપાંગ તત્ત્વ પ્રાપ્ત કરી શકયા નથી." વિગેરે.

જૈનોના નયો તે તે વિજ્ઞાનના અભિપ્રાયો વ્યક્ત કરે છે. અને જૈનોનું પ્રમાણ તત્ત્વજ્ઞાનદૃષ્ટિનો અભિપ્રાય વ્યક્ત કરે છે. બીજાની પ્રમાણ વ્યવસ્થા કરતાં જૈનોની પ્રમાણ વ્યવસ્થા આ રીતે જુદી પડે છે. આ ઉપરથી જોતાં વેદાન્ત દર્શન, ન્યાય દર્શન વિગેરે દર્શન શબ્દો નય દૃષ્ટિથી એકાદ બે કે તેથી વધારે વિજ્ઞાનો સૂચવે છે. ત્યારે સ્યાદ્વાદ શબ્દ તત્ત્વજ્ઞાન સૂચવે છે. સ્યાદ્વાદ શબ્દનો પ્રયોગ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી છે. અને તે દૃષ્ટિથી જ પ્રયોગ થઇ શકે, માટે સ્યાદ્વાદ શબ્દનો પ્રયોગ જ તત્ત્વજ્ઞાનપણું સૂચવે છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

એ શબ્દ તત્ત્વજ્ઞાનશાસ્ત્રનો પારિભાષિક શબ્દ છે. તત્ત્વજ્ઞાનશાસ્ત્રનેજ નયો હોઈ શકે. બીજા દર્શનો તો એક એક નય રૂપજ છે, એટલે તેમનામાં નય સંબંધિ વિચાર ન હોય, એ સ્વાભાવિક છે. તેઓના પ્રમાણની વ્યાખ્યાઓ પણ એકદેશીય જ હોય છે.

આ ઉપરથી જુદાં જુદાં વિજ્ઞાનોના જ્ઞાતાઓ સર્વજ્ઞ ન હોઈ શકે, એ દેખીતું જ છે. અને જ્યાં સુધી જૈનદર્શનને પણ વૈજ્ઞાનિક માનીએ ત્યાં સુધી તેના પ્રતિપાદક સર્વજ્ઞ હોઈ જ શકે, એમ કહેવું વધારે પડતું છે. થીયેરીઓ ( Theory ) નો જ્ઞાતા પોતાના વિજ્ઞાન વિષે થીયેરી ( Theory ) થી સૂક્ષ્મ હકીકતો સમજાવી શકે ખરો, પણ એટલા પુરતો તેને સર્વજ્ઞ કહી ન શકાય. અલબત્ત, માન આપવા માટે આલંકારિક ભાષામાં તેઓને ઉપમાથી સર્વજ્ઞ કહેવામાં વાંધો નથી. જેમ કે–ભા સર્વજ્ઞ, કપિલ સર્વજ્ઞ, વિગેરે. અને એટલી વાત સાચી પણ ખરી કે–પોતાના વિષયના બીજા બધા વિદ્વાનો કરતાં તેઓ વધારે-સર્વ જાણનારા, માટે–સર્વજ્ઞ ખરા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ તત્ત્વજ્ઞાનનું–સ્યાદ્વાદનું નિરુપણ સંપૂર્ણ સર્વજ્ઞ વિના થઇ જ ન શકે. જો જૈનદર્શનને વૈજ્ઞાનિક દર્શનને બદલે તત્ત્વજ્ઞાન દર્શન માનીએ તો તેના બતાવનારા સર્વજ્ઞ સિવાય સંભવી શકે જ નહી. સર્વ વિજ્ઞાનો ધ્યાનમાં આવે, તેના સંબંધો ધ્યાનમાં આવે અને તે ઉપરથી જીવન માર્ગ સમજાય, ત્યારે તત્ત્વજ્ઞાનનું સંપૂર્ણ પ્રતિપાદન કરી શકાય. એટલે સર્વ વિજ્ઞાનોના અને તત્ત્વજ્ઞાનના જ્ઞાતા તે જ સર્વજ્ઞ. એટલે કાં તો જગતમાં સ્યાદ્વાદ નથી, અનેક વિજ્ઞાનો નથી, તત્ત્વજ્ઞાન નથી, અને સર્વજ્ઞ પણ નથી; અને જો લાખો કરોડો વિજ્ઞાનો હોય, અને તે સર્વનો સમન્વય કરનારું તત્ત્વજ્ઞાનશાસ્ત્ર હોય, અને તે સ્યાદ્વાદથી ગોચર કરાવનાર પણ હોય, તો અવશ્ય જગત્‌માં સર્વજ્ઞ સંભવિ શકે છે.

એટલે કેઃ–તત્ત્વજ્ઞાનને જાણનારા સિવાયના માત્ર વૈજ્ઞાનિકો સર્વજ્ઞ ન જ હોઇ શકે. સર્વજ્ઞ હોય તે જ તત્ત્વજ્ઞાની હોઈ શકે, અથવા તો–તત્ત્વજ્ઞાની હોય તે સર્વજ્ઞ હોય જ. અને તેથી હું માનું છું કે જૈન દર્શન તત્ત્વજ્ઞાનમય છે; કેવળ વિજ્ઞાનમય નથી.*

---

* આ જ વાત આચાર્ય મહારાજશ્રી હરિભદ્રસૂરિ પણ કહે છેઃ—

दृष्टशास्त्राऽविरुद्धार्थं सर्वसत्त्वसुखावहम् ।
मीतं गभीरमाह्लादि वाक्यं यस्य, स सर्वविद् ॥ १ ॥
एवं भूतं तु यद्वाक्यं जैनमेव, ततः स वै ।
सर्वज्ञो, नान्यः, एतच्च स्याद्वादोक्त्यैव गम्यते ॥ २ ॥
पक्षपातो न मे वीरे, द्वेषो न कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥ ३ ॥

જેનું વાક્ય જગત્ અને શાસ્ત્રો (થીએરીઓ–Theory),) કરતાં વિરુદ્ધ અર્થ ન સમજાવતું હોય, સર્વ પ્રાણીઓને હિતકર હોય, માપસર હોય, ગંભીર અને આનંદદાયક હોય, તે સર્વજ્ઞ સમજવા. ૧.

એવા પ્રકારનું જે વાક્ય તે તો કેવળ જૈન વાક્ય જ છેઃ તેથી તે જ સર્વજ્ઞ છે, બીજા કોઇ સર્વજ્ઞ હોઈ શકે જ નહિ. આ વાત સ્યાદ્વાદની ઉક્તિથી જ સાબિત કરી શકાય છે. ૨.

મને મહાવીર ઉપર પક્ષપાત નથી, અને કપિલ વગેરે ઉપર દ્વેષ નથી. છતાં એટલું તો ખરું જ છે કે—જેની વાત યુક્તિયુક્ત હોય, તેનો તો સ્વીકાર કરવો જ પડે ને? ૩.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્યાદ્વાદને આજે ખરા અર્થમાં સમજવો એ સ્વાદ્વાદની પહેલી પૂજા છે. તેમ જ "જેમ જેમ આધુનિક વિજ્ઞાન ખીલતું જાય છે, તેમ તેમ જૈન સિદ્ધાન્તો સાબિત થતા જાય છે," તે પણ અર્ધ સત્ય કે ખોટું છે. કેમકે એક નક્કી થઇ ગયેલી બાબતને ફરીથી શોધવા માટે શક્તિ, ધન અને સમયનો વ્યય કરવો એ જગતને સત્યથી વંચિત રાખે છે. એટલે કે જગત્‌માં તેટલું નુકશાન થાય છે, એ દેખીતું જ છે. એટલે હાલની શોધોથી જૈન સિદ્ધાન્તનાં કેટલાંક તત્ત્વો સાબિત થતા હોય, તેટલા ઉપરથી જૈન દર્શનનું તત્ત્વજ્ઞાન-દર્શનનું-માન સચવાતું નથી. **મી. ટેસીટેરી** એ વાક્યો ઉચ્ચારીને જૈનોને પણ હાલના વિજ્ઞાનની ખીલવણીમાં સામેલ કરવાની યુક્તિ વાપરે છે. "પોતાના શાસ્ત્રના સિદ્ધાંતો સાબિત કરવાની લાલચથી પણ જો તેઓ આકર્ષાય તો હાલના વિજ્ઞાનને સારો ટેકો મળે." એ આશયથી જૈન દર્શનના વખાણ કરે છે, બાકી તેમાં કશી ખાસ વિશેષતા નથી. અને એવા વખાણથી આપણે ભોળવાવાનું યે નથી જગતે મિથ્યા પ્રયાસ છોડીને એ [1]**સિદ્ધ મત**ને વળગીને આગળ ચાલવું જોઇએ, તેને બદલે આજની યુરોપીય દુનીયા ભાંગફોડમાં પડેલી છે. અને તત્ત્વજ્ઞાન-દર્શનને વળગેલાઓને પણ વિજ્ઞાનની આકર્ષક અને ઉત્તેજક વાતો કરીને તત્ત્વજ્ઞાનઃ અને તેને અનુસારતા યોગ્ય આર્ય જીવનથી દૂર કરે છે!

JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્

१ सिद्धे भो ! पयओ णमो जिणमए०—

पुक्खवरदीसूत्र.

હે લોકો! સિદ્ધ-ચોક્કસ તરીકે સાબિત થઈ ચૂકેલા શ્રી જિનમતને પ્રયત્નપૂર્વક નમો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૨
# આધુનિક વિજ્ઞાનઃ અને જૈન તત્ત્વજ્ઞાનની અબાધ્યતાઃ

**જૈન શાસ્ત્રોમાં** ૭ દ્રવ્યો અને તેના સ્વભાવોઃ ગુણોઃ વિગેરે જે વર્ણવ્યા છે, તે ત્રણુ કાળને માટે એક સરખાજ હોય છે, તેમાં કદી ફેરફાર થઇ શકતો નથી. ૭ દ્રવ્યમાંના જીવઃ અને પુદ્ગલ દ્રવ્યઃ એ બે દ્રવ્યોના કાર્યો દરેક માણુસો પોતાના અનુભવમાં લઇ શકે છે. બીજા ૪ દ્રવ્યોની અસર એકાએક સામાન્ય માણુસના ખ્યાલમાં આવી શકે તેમ નથી.

પુદ્ગલ દ્રવ્યના અનેક પરિણામો, અને એ ચેતનશક્તિના અનેક કાર્યો સૌ સમજી શકે છે.

ચેતનાશક્તિની વિવિધતા વિષે તો હાલનું વિજ્ઞાન લગભગ અંધારામાં આથડે છે. વિવિધ પ્રાણીઓ ઉપરથી પોતાની પ્રાણી વિદ્યા તેમણે ઉત્પન્ન કરી છે, અને તેના ઉપરથી ઇંદ્રિય વિજ્ઞાન શાસ્ત્ર પણુ ઉત્પન્ન કર્યું છે. તથા માનસશાસ્ત્રના પણુ અનેક પ્રયોગોની નોંધો રાખવા માંડી છે. એ બધાની પાછળ રહેલી ચૈતન્ય નામની વ્યાપક શક્તિ શું છે ? તેનો પત્તો હજુ લાગેલો જ નથી. ત્યારે ચૈતન્ય અને તેના અધિષ્ઠાનરૂપ આત્માઃ તથા તેના કાર્યોનાં વિશાળ વૈવિધ્ય વિષે ગ્રંથોના ગ્રંથો જૈન દર્શનમાં ભર્યા છે. અને તે પણુ માત્ર છુટક નોંધરૂપે નથી, પરંતુ શાસ્ત્રીય પદ્ધતિ ઉપર રચાયેલ યોગ્ય પદ્ધતિસર તેનું વિસ્તૃત–અતિવિસ્તૃત વર્ણુન છે. અનુભવગમ્યઃ અતિવિપુલ ધન હોય તો–પ્રયોગગમ્યઃ અને બુદ્ધિગમ્યઃ કરી શકાય તેવું પણુ વર્ણુન છેઃ

પુદ્ગલ દ્રવ્ય વિષે પણુ હાલનું વિજ્ઞાન ઘણું આગળ વધ્યું હોય એમ કહેવામાં આવે છે, પરંતુ આધુનિક વિજ્ઞાનના ઈતિહાસના લેખકો જ તેને "પાશેરામાં પહેલી પૂણી" કહીને તેની અલ્પતા જણાવે છે. અને વાત પણુ ખરી છે કે–એ ક્ષેત્ર પણુ એટલું બધું વિશાળ છે કે–તેનો પાર સામાન્ય બુદ્ધિથી કરોડો વર્ષે પણુ માનવ જાત લાવી શકે એમ નથી જ.

જૈન દર્શનમાં પુદ્ગલ દ્રવ્યના પાંચ વર્ણોઃ બે ગંધઃ પાંચ રસઃ આઠ સ્પર્શ. વિગેરે પરમાણુ અને સ્કન્ધગત પરિણામોઃ તથા ૬ પ્રકારના શબ્દઃ ત્રણુ પ્રકારનો બંધઃ બે પ્રકારનું સૌક્ષ્મ્યઃ બે પ્રકારનું સ્થૌલ્યઃ અનેક પ્રકારની આકૃતિઓઃ પાંચ પ્રકારનો ભેદઃ અંધકારઃ છાયાઃ આતપઃ અને ઉદ્યોતઃ વિગેરે સ્કન્ધગત પરિણામો બતાવેલા છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુદ્ગલમાંથી શરીર બંધાય છે. ભાષાઃ મનઃ અને શ્વાસોશ્વાસઃમાં પુદ્ગલ દ્રવ્યો ઉપયોગી છે. મરણઃ જીવનઃ સુખઃ દુઃખઃ પણ તેને લીધે થાય છે.

આ કહ્યા પછી તે દરેકના એટલા બધા પેટા ભેદો સમજાવે છે કે-જ્યાં-આપણી બુદ્ધિ કામજ ન કરે. દાખલા તરીકેઃ પાંચ વર્ણ એટલે રંગ તો સમજ્યા. હવે કોઇપણ એક લાલ વિગેરે રંગ લઇએ. તેનો એક નાનામાં નાનો અંશ, તે-વર્ણ પરિચ્છેદ કહેવાય. એવા અમુક રંગના પરિચ્છેદો ભેગા થાય, ત્યારે એક વર્ગણા ગણાય. અને એવી અનંત વર્ગણાનો એક રંગ-સ્પર્ધક થાય. એવા વર્ણસ્પર્ધકો જગતમાં અમુક સંખ્યામાં કુલ છે. વ્યવહારમાં તેનો વિચાર જૈન શાસ્ત્રકારો આ પ્રમાણે કરે છેઃ-જગત્માં જેટલી લાલ ચીજો હોય, તેને એકઠી કરો. લાખો કરોડો બલ્કે અનંત એવી લાલ ચીજો આપણને મળી શકશે. દરેક ચીજો એક લાલ રંગની જ ગણાવાની. પરંતુ તે દરેકનો લાલ રંગ પણ એક સરખો હોય જ નહીં. કોઇમાં ઘેરો લાલ હશે, કોઈમાં સામાન્ય લાલ હશે, કોઇમાં ખુલતો લાલ હશે, કોઇમાં ઝાંખો લાલ હશે. તેનું કારણ શું? તેનું કારણ એટલું જ કે-લાલ વર્ણના સ્પર્ધકોની સંખ્યા ઓછીવત્તી. જેમાં લાલવર્ણના ઓછા સ્પર્ધકો હોય, તેમાં લાલાશ કમી હોય, અને વધુ સ્પર્ધકો હોય, તેમાં લાલાશ વધારે હોય. એજ પ્રમાણે ગંધ વિગેરે વિષે પણ સમજી શકાય.

આમ કરવાથી, જગત્માંની ત્રણેય કાળની તમામ લાલાશનું માપ અને ઓચ્છાવત્તાપણાનું શાસ્ત્રીય ધોરણ નક્કી કરી આપ્યું. શું બાકી રહે છે, કે જેથી તે શોધવા જુદી મહેનત કરવી પડે? હાલનું વિજ્ઞાન આ પ્રમાણેઃ પોતાની સ્વતંત્ર શક્તિથી સાંગોપાંગ ત્રણેય કાળના રંગનું તો માપ આપી શકશે જ નહીં.

આ પ્રમાણે જ બાકીના બીજા બધા પુદ્ગલ પરિણામો વિષે સમજવું. સંસ્થાન વિષે-ગોળમટોળ, પ્રતરગોળ, સમચોરસ, ઘનચોરસ, ત્રિકોણ, વિગેરે આકૃતિઓની શરૂઆત, પરમાણુને બિંદુ તરીકે રાખીને પરમાણુવૃદ્ધિથી એટલા બધા અસંખ્ય પ્રકાર પાડી બતાવ્યા છે, કે જગત્માંની કોઈ પણ આકૃતિ તેની બહાર રહી શકતી નથી. તમામ સંભવિત આકૃતિઓનો તેમાં સમાવેશ થઇ જાય છે. હવે બીચારાં આધુનિક ભૂમિતિ શાસ્ત્રનો તેની આગળ શો હિસાબ?

યથાયોગ્ય યોજેલા સ્થાન, પથારી, ભોજન, વિગેરે સામગ્રી જીવનકર અને આયુષકર રહે છે, અને એ બધા વિપરીત હોય, તથા ઝેર, શસ્ત્ર, અગ્નિ વિગેરેથી મરણ નીપજે છે. ઈષ્ટ વર્ણાદિ સુખ આપે છે, અને અનિષ્ટ દુઃખ આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ દરેક વિષે એટલા બધા વિગતવાર શાસ્ત્રીય વર્ણનો છે કે-જેમાં કાંઇ પણ બાકી રહેવા પામતું નથી.

પરમાણુઓ ભેગા કેમ થાય છે? છુટા કેમ પડે છે? એક પરમાણુમાં અનંત શક્તિઓ કેવી રીતે છે? તેનું વર્ણન ૨૮ વર્ગ વર્ગણાઓઃ ગ્રાહ્ય-અગ્રાહ્ય વર્ગણાઓઃ અચિત્ત મહાસ્કન્ધોઃ પરિણામોઃ તેની જુદી જુદી અનંત અસરોઃ ચેતન સાથેના સંબંધોથી પુદ્ગલો ઉપર થતા નવા નવા પરિણામોઃ આ બધાનું શાસ્ત્રીય વર્ણન એટલું બધું વિસ્તાર પૂર્વકઃ પદ્ધતિસરઃ સૂક્ષ્મ વિચારથી ભરેલુંઃ જૈનશાસ્ત્રોમાં છે કે-જે જગત્‌ના કોઇ પણ ગ્રંથમાં નથી. કોઇ પણ વૈજ્ઞાનિક શોધી શકે તેમ નથી. તેમાં આજની ઇલેકટ્રી, રેડીયમ, ટેલીવીઝમ, ફોનોગ્રાફ વિગેરેના તત્ત્વોનો ક્યાંયનો ક્યાંય સમાવેશ થઇ જાય છે. કોઇ બાબતમાં સંજ્ઞાભેદઃ નામભેદઃ વ્યાખ્યાભેદઃ ઉપયોગભેદઃ જણાય, તેટલા ઉપરથી તેની શાસ્ત્રીય વ્યવસ્થાને ક્ષતિ આવતી નથી. વખત જતાં હાલનું વિજ્ઞાન પણ એવા ઘણા ભેદોમાંથી પર થઇ ઘણી બાબતમાં એકમત થતું જાય છે.

પ્રાચીન ગ્રંથોમાં મોટા મોટા સિદ્ધાંતો-વૈજ્ઞાનિક નિર્ણયો, ઘણા જ ટુંકાણમાં અને સૂત્રાત્મક રીતે લખેલા હોય છે. ત્યારે હાલના પુસ્તકોમાં એક સૂત્ર જેટલી વાતને માટે મોટું ચાલીશ પચ્ચાસ રૂપિયાનું વોલ્યુમ હોય છેઃ એવા સૂત્રાત્મક વાકયોના પણ જ્યાં સંખ્યાબંધ ફકરાઓથી વસ્તુઓનું વર્ણન કરેલું છે, તેમાં કેટલી બધી બાબતો સમાતી હશે? જરૂરી નકશાઃ જરૂરી ચિત્રોઃ જરૂરી સમજનાં દૃષ્ટાન્તોઃ પણ તેમાં સંખ્યાબંધ હોય છે. વાંચ્યા વિના, વિચાર્યા વિના, તુલના કર્યા વિના, સમજ્યા વિના, "આવું કંઇ છે જ નહીં." એવું બોલતા, માત્ર હાલના વિજ્ઞાન પર રીઝી થતા આ દેશના યુવાનોને જોઇને બહુ જ ગ્લાનિ થઈ આવે છે કે-"અરે! આ બિચારા પોતાના ઘરની વસ્તુ સમજ્યા વિના બીજી તુચ્છ વસ્તુ ઉપર કેવા મુગ્ધ બની ગયા છે?" બાળક, જેમઃ માત્ર-ચળકતા રમકડા ઉપર રાજી રાજી થાય, અને ઉંચુ નીચું થાય, તેમાં ઉમર લાયકને માત્ર હાસ્યવિનોદ શિવાય કંઇ પણ ન જણાય. અહીં તો હાસ્યવિનોદનો પણ અવકાશ નથી. કારણ કે પોતાના બંધુઓનો બુદ્ધિભ્રંશ થવાથી તેઓ અવળે માર્ગે દોરાઇ જઈ પોતાનું હિત બગાડે છે, તેની ગ્લાનિ થાય છે.

ભારતના જૈનઃ બૌદ્ધઃ વૈદિકઃ તથા બીજા છુટક સાહિત્યમાં વર્ણવાયેલ વિજ્ઞાનનો જ બરાબર ખ્યાલ કરી લે, તેને પછી આધુનિક વિજ્ઞાન તરફ જરા પણ આશ્ચર્ય રહેતુંજ નથી. બાકી તો કારીગરોની કરામતો

અનેક હોય, તે કાંઇ વૈજ્ઞાનિક સિદ્ધાન્તો ગણાતા નથી. એલ્યુમેન્યુમનો, કોલસાનો, વીજળીનો હજાર હજાર રીતે ઉપયોગઃ એતો કારીગરની કરામત છે. ધનઃ સંપત્તિઃ અનુકુળ સાધનોઃથી કારીગરો જેવી ધારે તેવી કરામતો બનાવી શકે છે. એમાં વૈજ્ઞાનિક આવિષ્કાર શો? છાપાંમાં રોજ નવા નવા અખતરાઃ પ્રયોગોઃ ચમત્કારિક વર્ણનોઃ વાંચવા છતાં અમારા દિલ ઉપર તેથી લેશ માત્ર પણ આશ્ચર્ય થતું નથી. પરંતુ એજ વાતોને જ્યારે જ્ઞાનિઓના વચનોમાં ભવ્ય સ્વરૂપે જોઇએ છીએ, ત્યારે જરૂર આશ્ચર્ય થાય છે, અને તેવા મહાજ્ઞાનિઓ તરફ પૂજ્ય ભાવ પણ જરૂર થાય છે. કેટલાક લોકો જૈન ભૌગોલિક પદાર્થોઃ પ્રાણીઓના આયુષ્યોઃ અને ઉંચાઇઓઃ ઉપરથી જૈન તત્વજ્ઞાનનો ઉપહાસ કરે છે. પરંતુ તે ઉપહાસ કરનારા સમજુ લોકોની દૃષ્ટિમાં સવિશેષ ઉપહસનીય છે, યા તો દયાપાત્ર છે.

કેમકે–વિશ્વરચના કેવા પ્રકારની છે? પ્રાણીજ સૃષ્ટિ કયારની છે? વિશ્વરચનાના એક ભાગ રૂપ ભૂરચના કેવા પ્રકારની ભૂતકાળમાં હતી? હાલ કેવી છે? હાથી કરતાં દોઢા બમણા ગેંડાની જાતના પ્રાણીઓના હાડકાની શોધ ઉપરથી મોટામાં મોટું પ્રાણી કેવડું હોઇ શકે? દક્ષિણ અમેરિકાથી માંડીને મધ્ય હિંદ સુધિના અર્ધ ચન્દ્રકારના સમુદ્રમાં દબાઇ ગયેલા દેશની શોધઃ વિગેરે ઉપરથી કોઇ પણ બાબતમાં હાલનું વિજ્ઞાન કોઇ પણ ચોક્કસ ધોરણ ઉપર જ નથી. જ્યાં સુધી તે કોઇ પણ ચોક્કસ ધોરણ ઉપર ન આવી શકે, ત્યાં સુધી શાસ્ત્રીય પદ્ધતિસર વર્ણવાયેલા જૈન શાસ્ત્રના વિધાનો કયા આધારથી કયા માપથી ખોટા ઠરાવવા? વિજ્ઞાન વિષે પ્રસિદ્ધ થતા જુદા જુદા લેખો વાંચતાં તો કેટલીક એટલી બધી વિચિત્ર વાતો આવે છે કે શાસ્ત્રની વાતો માનવાને કાંઇ પણ આનાકાની કરવાની રહેતી જ નથી. એક તારાનું અમુક વર્ષે તેજ અહીં આવે છે, એક તારો અમુક કરોડ વર્ષે અમુક પ્રમાણમાં આપઘાત કરતો જાય છે. એક પરમાણુ એક રજકણનો અમુક કરોડમો ભાગ છે. વિગેરે.

સારાંશ કે—ત્યાં પણ કરોડો, અબજો અને સંખ્યાત–અસંખ્યાત તથા અનંતથી વાતો કરવી પડે છે.

હાલના વૈજ્ઞાનિકો વિષે પણ ઉપર ચોટીયું સમજનારાઓને અહીંના શાસ્ત્રમાંના વિશાળતા પ્રતિપાદક ખરા વર્ણનો વાંચીને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. પરંતુ જેને બન્નેયનો અને બન્નેયની ખુબીયોનો ખ્યાલ હોય, તેઓને બેમાંથી એકેયમાં આશ્ચર્ય થાય તેમ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ફક્ત આપણી હાલની ઉચ્છરતી પ્રજાને આપણા વિધાનો ઉપર જે અશ્રદ્ધા થાય છે, તેનું કારણ શાસ્ત્રના વિશાળ વર્ણનો નથી, હાલના વિજ્ઞાનની શ્રેષ્ઠતા પણ નથી. તેઓની મનોવૃત્તિ પણ નથી. પરંતુ કારણ માત્ર એક જ છે કે–શિક્ષણ સંસ્થાઓમાં વર્તમાન પત્રોમાં, અને જાહેર સભાઓમાં અહીંના જ્ઞાન-વિચાર તરફ અણગમો ઉત્પન્ન કરવાની અને ત્યાંના વિજ્ઞાન તરફ આકર્ષણ ઉત્પન્ન કરવાની યુક્તિયુક્ત ખુબી ભરેલી ગુપ્ત કે પ્રગટ, સાક્ષાત્ કે પરંપરાએ અવશ્ય ગોઠવણ હોય છે. એ ગોઠવણ શાળા–કોલેજોનું શિક્ષણ લેતા યુવાનો ઉપર અજબ અસર કરે છે, જેને પરિણામે એ વર્ગ કાયમ અહીંના ઘટક તત્ત્વોની સામે રહે છે, અને ત્યાંના ઘટક તત્ત્વોની કાયમ તરફેણ કરે છે. તેમાંના જ જે વધારે મોટી ઉમ્મરના અને દેશ સેવાને નામે બહાર પડેલા હોય, તેજ દેશનાયકો. તેની અને તેના સૈન્ય રૂપ યુવકોની પ્રગતિમાં વેગ એટલે આધુનિક વિજ્ઞાનને વેગ. આધુનિક વિજ્ઞાનને વેગ એટલે ગૌરાંગ યુરોપી પ્રજાની પ્રગતિને વેગ, અને જગતમાંની કોઇ પણ પ્રજાની વિશેષ પ્રગતિ એટલે કોઇ પણ બીજી પ્રજાઓની વિશેષ અવનતિ. એ તેઓ ભૂલી જાય છે.

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

યુવકોને આગળ વધારવાની હિલચાલનું મૂળ આ રીતે ગોઠવાયેલું છે. એ સૂક્ષ્મ બુદ્ધિથી જ સમજાશે,

અહીં એક એ પ્રશ્ન થશે કે–ભલે મોઘમ રીતે દરેક પદાર્થનું વિગતવાર વર્ણન જૈન શાસ્ત્રોમાં કરેલું હોય, પરંતુ તેટલાથી તે વ્યવહારોપયોગી ન થાય. દરેકે દરેક વસ્તુને વ્યવહારોપયોગી બનાવ્યા વિના તે બધું નકામું પડે છે. વળી વ્યવહારોપયોગી વસ્તુઓમાં પણ હલકી જાત તથા ચડીયાતી જાત હોય છે. તેના કરતાં પણ સારી જાતની વસ્તુ જોઇતી હોય, તે શોધખોળથી મેળવી શકાય છે. માટે શોધોની જરૂર પડે છે. શાસ્ત્રોમાં બતાવેલું શાસ્ત્રીય વિજ્ઞાન વ્યવહારમાં ઉપયોગી થઇ શકતું નથી.

આ પ્રશ્નનો જવાબ આપતાં પહેલાં તમારી સાથે એક વાત નક્કી કરી લઇએ કે–શાસ્ત્રીય વિજ્ઞાનની શોધની તો આપણને જરૂર ન હતી. કેમકે આપણા શાસ્ત્રોમાં તે સાંગોપાંગ છે. એ તો તમે કબૂલ કરી લ્યો છો.

હવે તમારા વ્યવહારોપગીતા માટેના પ્રશ્નનો જવાબ આપીએ. એ વિષે પણ શાસ્ત્રમાં બહુ સુંદર ઉલ્લેખો છે. જૈન શાસ્ત્રના સૂત્રોની વર્ણન શૈલી એવી સુંદર છે કે–જગતમાં કોઈપણ તે એક ચીજ ઉતરતામાં ઉતરતી કેવી હોઇ શકે ? અને ચડીયાતામાં ચડીયાતી કેવી હોઈ શકે ? તેનું વર્ણન આપેલું છે.

**દાખલા તરીકેઃ–શ્રી કલ્પસૂત્રમાં–સિદ્ધાર્થ મહારાજા** ન્હાવા

જાય છે. ત્યારે ન્હાવામાં કેવી કેવી ચીજો વાપરે છે ? અને કેવી રીતે ન્હાય છે ? તથા કેવી રીતે તેમને ન્હવરાવવામાં આવે છે ? તથા દેવોના સ્નાન, તીર્થંકરોના સ્નાત્ર. એ વાંચતા અને તેનો વિચાર કરતાં આપણા મનમાં થાય છે કે—આથી ઉંચી રીતે ન્હાવાનું જગત્માં સંભવિત નથી.

આજ પ્રકારે સુંદરમાં સુંદર પુરુષ કેવો હોય, સુંદરમાં સુંદર સ્ત્રી કેવી હોય, સુંદરમાં સુંદર શરીર કેવું હોય, સુંદરમાં સુંદર મોઢું કેવું હોય, સુંદરમાં સુંદર મહેલ કેવો હોય. સુંદરમાં સુંદર ચિત્ર કેવું હોય, સુંદરમાં સુંદર સંગીત કેવું હોય, સુંદરમાં સુંદર નાટક—નૃત્ય કેવું હોય ? (દાખલા તરીકે સૂર્યાભ દેવના क ख-વિગેરે અક્ષરોના આકારના તથા બીજા અનેક પ્રકારના નૃત્યના વર્ણનના પાનાના પાના ભરેલા છે.) તે દરેક વર્ણનના વ્યવસ્થિત સૂત્રો છે. જેમાં તે તે વસ્તુનું સર્વોત્કૃષ્ટ વર્ણન કરેલું હોય છે, તેમજ હલકામાં હલકી વસ્તુના પણ વર્ણનના જુદા સૂત્રો હોય છે. એ પ્રકારે રચાયેલા સૂત્રોના ટુકડાઓ જ્યાં જરૂર પડે ત્યાં जहा કહીને જોડી દેછે. એમ કરીને આખા વિશ્વની ઘટનોને વર્ણવવાને સૂત્રાત્મકતા ઉત્પન્ન કરી લીધી છે. એમ કરીને સાહિત્યમાં જે ખુબી દેખાય છે, તેનો તો વિચાર અહીં નહીં કરીએ. પરંતુ વ્યવહારમાં આવતા, આવી શકતા, આવી શકે તેવા અનેક પદાર્થો ઘણીજ ભવ્ય ભાષામાં બતાવ્યા છે. જેમાંના અનેક પ્રકારો આજનું વિજ્ઞાન પણ વાપરી શકતું નથી, વાપરી શકશે પણ નહીં.

એટલે વ્યવહારુ ઉપયોગ વિષે પણ આ રીતે આપણને જૈન શાસ્ત્રોમાંથી અનેક પ્રયોગો મળી શકે તેમ છે. પ્રજાના જેવા દેશઃ કાળઃ અને સ્થિતિઃ તે પ્રમાણે તેનો તે ઉપયોગ કરી શકે છે.

એ વાત પણ તમારી ખરી માની લઇએ, પરંતુ એ વર્ણન તો શાસ્ત્રોમાં છે ને ? તેથી રંધાય શું ? એવી ચીજો કોઈ બનાવી જાણતું ન હોય, કોઇને ત્યાં મળે નહીં, કોઇ તેનો ઉપયોગ જાણે નહી, તો શા કામનું ?

એ બરાબર છે, તેનો જવાબ પણ આપતાં પહેલાં એટલું તો તમારી પાસે કબૂલ કરાવી લેવુંજ પડશે કે—અમારા પૂર્વ પુરુષોની જાણ બહાર એ વસ્તુઓ નહોતી જ. એટલું કબુલ કરો, એટલે તમને તમારા એ પ્રશ્નનો પણ જવાબ આપવા તૈયાર છીએ. અને જવાબ એ છે કે—

એવી વસ્તુઓ મેળવવાનો આધાર કારીગરો અને તે તે બાબતના ધંધાર્થીઓ ઉપર છે.

ઇતિહાસ પાકી સાક્ષી પૂરે છે કેઃ-આ દેશમાં પરદેશીઓના આવવા પહેલાં દરેકે દરેક વસ્તુઓના બનાવનારા અને વેચનારા દુનિયાના કોઇ પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ કરતાં મોટી સંખ્યામાં અને સારી કુશળતાવાળા અહીં હતા. આ દેશમાં રહેતા પ્રજાજનોની જરૂરની દરેકે દરેક ચીજો તેઓ બનાવતા હતા. એટલું જ નહીં પરંતુ દેશાવરના લોકોની રુચિ અનુસાર તેઓને વપરાશની ચીજો પણ તેઓ બનાવતા હતા. કારીગરોમાં ચડતા ઉતરતા દરજ્જાના પણ અનેક વર્ગો હતા. એકજ ધંધાને લગતા સામાન્ય કળાવાળા કારીગરો જેમ હતા, તેમજ એજ ધંધામાં પારંગત અને પરમ નિષ્ણાત કાર્યકરો પણ હતા. જાડાં ખાદીના વેજા વણનારા હતા, ત્યારે બીજી તરફ ઢાંકાની મલમલ વણનાર પણ હતા. ગામડાઓમાં પૂતળીઓ વાળા કોર છેડા નાંખનારા હતા, ત્યારે બીજી બાજુ પટોળા વણનાર પણ હતા. એમજ સુતાર, દરજી, લુહાર, સોની, તથા બીજા અનેક કારીગર વિષે હતું. જયપુર, દિલ્હી, બંગાળના અમુક શહેરો કારીગરીમાં પ્રખ્યાત હતા. જુદી જુદી કારીગિરી માટે જુદા જુદા ખાસ મથકો હતા, અને મથક રૂપ સ્થળો આખા ભારતમાં અનેક હતા. એ રીતે પ્રજાને વ્યવહારોપયોગી અનેક ચીજો મળતી હતી. જો કે આ દરેક ચીજો પ્રાચીન કાળના વર્ણન કરતાં ઉતરતા પ્રકારની હતી. કારણ માત્ર પ્રજાની શક્તિ ઉત્તરોત્તર એટલી ઘટી હતી તેના પ્રમાણમાં કળા અને કારીગરીમાં ફેર પડતો ગયો હતો. પરંતુ આજના કરતાં પરદેશીઓના આવવા પહેલાં ઘણીજ ચીજો દરેકે દરેક દેશો કરતાં ઉત્તમ ઉત્તમ મળતી હતી. આખી દુનિયા કરતાં ચડીયાતી વસ્તુઓ હતી, અને પ્રજા જીવન પણ એ ચીજોથી પોતાની જરૂરીઆત પૂરીને ચલાવી શકાય તેવું વ્યવસ્થિત અને મર્યાદિત હતું. આ બાબતમાં થોડા સૈકા પહેલાનો પ્રજાજીવનનો ઇતિહાસ જોવાથી એ વાત કોઈપણને કબૂલ કરવી પડે તેમ છે.

પરદેશીઓના આગમન પછી તેઓએ યુક્તિપ્રયુક્તિ કરીને આ વિશાળ દેશમાં એવી રીતે પ્રવેશ કર્યો કે—જેથી કરી અહીંની કળા–કારીગરીને કદી ન લાગેલો અસાધારણ ફટકો પડ્યો.

જો એ ફટકો પડ્યો ન હોતતો, આજે પણ આ આર્યપ્રજાની કળા કારીગિરી અને જરૂરીઆતની ઉત્તમ ચીજો ઉત્પન્ન કરવાનું કૌશળ અજોડજ હોત.

પરદેશના કારીગરોને ઉત્તેજન આપવા માટે પ્રથમ અહીંના માલ માટે ત્યાં વિચિત્ર જકાતી ધોરણ ગોઠવવામાં આવ્યા. અહીં જેમ જેમ રાજકીય લાગવગ વધતી ગઇ, તેમ તેમ અહીં પણ જકાતી ધોરણ બદલાતી નાંખવામાં આવ્યું. જેમ જેમ સત્તા વધી તેમ તેમ અહીંના કારીગરો વધુનેવધુ મુશ્કેલીમાં મૂકાતા યા. ત્યાંના કારીગરોને વધુ ઉત્તેજના મળતી ગઇ ને તેઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પગભર થતા ગયા. તે તે કારીગર પોતપોતાના ધંધામાં વગર હરીફાઇએ નવું નવું શોધતા ગયા. અને જેમ જેમ વકરાનું ક્ષેત્ર તેમને મળતું ગયું, તેમ તેમ તેઓ આગળને આગળ વધતા ગયા. અને સાથે સાથે શોધખોળને નામે આપણી ઘણીખરી કળાઓના હેવાલો ત્યાં પૂરા પાડવામાં આવતા ગયા, તેમ તેમ તેઓ આગળ વધતા ગયા. પરંતુ એમને એમ એ દેશોમાં પણ એકાએક મહાન કારીગરો ઉત્પન્ન થતા ગયા છે, એમ સમજવાનું નથી.

જેમ સુતાર, લુહાર, સોની, રંગારા, ચિતારા વિગેરે અહીં હતા. તેમજ ત્યાં પણ હોય જ, એ સ્વાભાવિક છે. તેમાં પણ ચડતી ઉતરતી હોંશીયારીવાળા હોય, એ પણ સ્વાભાવિક છે. પરંતુ એટલું ચોક્કસ છે કે તેઓ ભારતવર્ષના કારીગરો કરતાં તે વખતે ઉતરતી શક્તિવાળા હતા. પરંતુ તેને પુષ્કળ—અતિપુષ્કળ ઉત્તેજન આપવામાં આવ્યું છતાં તેઓ આગળ વધી શકે તેમ નહોતું, પરંતુ રાજકીય અને બીજી લાગવગ વધારીને અહીંના કારીગરો ઉપર સીધો કે આડકતરો અંકુશ મૂકાતો ગયો. પછી ત્યાંના એ ધંધાર્થીઓ પૂરા જોરમાં આવી ગયા. બસ, હવે એક વખત હરીફાઇમાં આગળ વધી ગયા પછી ઉપર પ્રમાણે બન્નેય તરફના રાજકીય રક્ષણને લીધે તેઓની પ્રગતિ ખૂબજ વધી ગઇ. વકરા વધતા ગયા. નવાનવા અખતરા થતા ગયા. અને તેમાંથી વિજ્ઞાન જન્મતું ગયું. વિજ્ઞાન માત્ર વિચારમાંજ વધ્યું હોત અને તે કારીગરો મારફત વ્યવહારૂ ન બનાવ્યું હોત, તો તે માત્ર સમજવા વાંચવા પૂરતુંજ રહેત.

આ હરીફાઇમાં પડેલા માણસોમાંના કેટલાકો જેમ જેમ વધારે બુદ્ધિ ચલાવતા ગયા તેમ તેમ તેના ધ્યાનમાં જે નવાનવા અખતરા આવતા ગયા, તેમ તેમ તે લખી રાખતા ગયા. તેને માટે પછી રાજ્યે સંસ્થાઓ સ્થાપી આપી. એવા લખાણોનો સંગ્રહ વધતો ગયો. ઉત્તરોત્તર શોધકો થતા ગયા. કારખાનાઓ થયા. એમ યંત્રવાદ ઉત્પન્ન થયો. અનેક દેશમાં ફરતા મુસાફરો નવાનવા અનુભવોનો ઉમેરો તેમાં કરતા ગયા. આ હાલના વિજ્ઞાનની ઉત્પત્તિનું મૂળ છે. થોડા ઘણા પ્રાચીન વિચારકોના વિચારોને વિશેષ પુષ્ટિ આપી સિદ્ધાંત તરીકે નક્કી કર્યા એટલે વિજ્ઞાન ઉભું થયું.

ઇંગ્લેન્ડ અને યુરોપની સામાન્ય બુદ્ધિની પ્રજા ભારત અને ચિન જેવી સંસ્કૃતિવાળી મોટી મોટી પ્રજાઓ સાથે એકલે હાથે હરિફાઇ કરી શકે તેમ હતું જ નહી. એટલે યંત્રોની મદદ વિના તેઓને ચાલે તેમ હતુંજ નહીં. આ હરિફાઇમાંથી ઉત્પન્ન થયેલી યંત્રવાદની તીવ્ર ભૂખમાંથી યંત્રવાદ ઉભો થઇ ગયો. અને તે શાસ્ત્રીય સ્વરૂપ લેતો ચાલ્યો. તેની સાથે જોડાયેલ અનેક વસ્તુઓમાં શોધખોળ શરૂ થઇ. દુનિયાની કોઇપણ જાણવાની એવી શાખા નહીં હોય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે જે એક એકમાં તે જાણવા માટે તે ગૌરાંગ પ્રજાના માણસો તે વખતથી રોકાઈ ગયેલ ન હોય.

હવે તમે સમજી શકશો, કે વિજ્ઞાન અને યંત્રવાદ એટલે યુરોપના કળા અને કારીગરોને આગળ વધવાનું અને આ દેશના કળા અને કારીગરોને પાછળ વધવાનું એક સાધન.

આ દેશમાં સુધારક શબ્દ ધારણ કરનાર એક વર્ગ પરદેશીઓએ ઘણા વખતથી ઉત્પન્ન કરેલો છે. તે વર્ગ મારફત તે પ્રજાઓ આ દેશમાં પોતાના કારીગરોની જાહેરાત ફેલાવી શકે છે, અને તેઓના માલના વકરાના ક્ષેત્રો ઉઘાડી શકે છે. એ વર્ગમાં તેઓની પ્રતિષ્ઠા ટકી રહે માટે નવું નવું આકર્ષક તત્ત્વ મૂકયે જાય છે, તેમ તેમ એ વર્ગ કાયમ ત્યાંની કળાના ટેકામાં ઉભો રહે છે, તેમાં કોણ કોણ માણસો હોય છે, એ સમજવું જરૂરનું નથી. પણ એક સંખ્યા જાણ્યે અજાણ્યે કાયમ તે વર્ગ તરીકે ટકી રહેલી છે. અને તેનો વિરોધ કરનાર એક વર્ગ પણ ઉત્પન્ન થતો જાય છે. જેમ જેમ વિરોધિ વર્ગ ઉત્પન્ન થતો જાય છે, તેમ તેમ સુધારક વર્ગ વધારે વધારે સાવચેત રહે છે, અને તે હરિફાઈમાં ઉભો રહી વધુ આગળ વધવા તત્પર રહે છે. પરદેશી લોકો બન્નેયને ઉત્તેજે છે. સુધારક વર્ગ જેમ જેમ જાહેરમાં આવે તેમ તેમ પોતાના માલનો વકરો વધે અને વિરોધિવર્ગ જેટલા જોરથી વિરોધ કરે તેટલા જોરથી સુધારક ગણાતો વર્ગ વધુ વધુ મક્કમ થવા મહેનત કરે. બસ. આ બે વર્ગની હરિફાઈ ચાલ્યા કરે. એટલે પરદેશી ઉસ્તાદો નિશ્ચિંતપણે મજુતરી કરીને વચ્ચેથી પોતાનો ધંધો વધાર્યે જાય. તેઓને માત્ર આ બે વર્ગની હરિફાઈ છાપાંઓ મારફત હમેશાં ટકાવી રાખવી પડે, એટલે પછી બેડો પાર.

દાખલા તરીકે—એક વખત સુધારક વર્ગ એવો હતો કે "વિલાયતી માલ જોઈએ. અસલ વિલાયતી જોઇએ. નકલ નહી. બસ ફેન્સી જોઇએ. ફેશનેબલ જોઇએ." ત્યારે વિલાયતી માંગનારા સારા ગણાતા હતા, વિલાયતી વેચનારા સારા ગણાતા હતા, અને વધુ પૈસા પેદા કરી શકતા હતા. વિલાયતી પસંદ કરનારા સમજુ ગણાતા હતા. અને તેની વાત કરનારા વિદ્વાન શિરોમણિ ગણાતા હતા. આ આખું વાતાવરણ વિદેશી માલના વકરા માટે બસ હતું.

હવે, ભારતભૂમિમાંજ પરદેશી મૂડીના કારખાના ઉભા કરી, તે મારફત આગળ વધવાની યોજનાને અમલમાં મૂકવા અહીં સ્વદેશીની ભાવના ફેલાવવામાં આવી. અને પરદેશી ભાવનાને ધિક્કારાવવામાં આવી. "સ્વદેશી" "સ્વદેશી" ની બૂમ ઉઠી રહી. પરદેશીનો બોયકૉટ થવા લાગ્યો. એટલે પેલા સુધારક ગણાતા વર્ગનો ઉપયોગ સ્વદેશી હીલચાલમાં કરવામાં આવ્યો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજ સુધી જે માલ બનાવવા માટે કારખાના વિલાયતમાં હતા તેવોજ માલ બનાવવાનાં કારખાનાં આ દેશમાં કરવાં. તેમાં પરદેશી મુડી,દેશી કાચો માલ, દેશી મજુરી, અને પરદેશી શોધના યંત્રોથી માલ ઉત્પન્ન કરવો. પરંતુ એ માલનું વકરાનું ક્ષેત્ર ક્યાંથી કાઢવું? એ માલનું વકરાનું ક્ષેત્ર ઉભું કરવા સ્વદેશી હિલચાલને મોટા પ્રમાણમાં ઉત્તેજન આપવામાં આવ્યું. એટલેત્યાંની વધી પડેલી મૂડીને રોકવાનું અહીં ક્ષેત્ર ખડું થઈ ગયું. ત્યાંના કારખાનાઓની જમીન છુટી થઈ, ઘણી મૂડી છુટી થઇ, કામ કરનારા છુટા થયા, જેથી હવે પછીના નવા નવા અખતરાઓ માટે તે બધું રોકવા માટે તે ગોઠવણ ત્યાં થઈ શકે. અને ઉતરતા દરજ્જાના કારીગરો, વધારાની મૂડી, વિગેરે અહીં રોકવાની ગોઠવણ પણ થઇ શકી. બેકારીની બૂમ ઉપાડીને ત્યાંના કારીગરો અને મજુરોને અહીં પણ આયાત કરવાનો માર્ગ ખુલ્લો કર્યો. દેશી લોકો તેનાં યંત્રોના ધંધામાં ભળે તેવી સગવડો થઈ. વ્યવસ્થિત મજુરો મળે માટે મજુર સંઘો સ્થપાય છે. મોટી સંખ્યામાં સસ્તા મજુરો મળે માટે સ્રીવર્ગને આર્થિક સ્વતંત્રતાને નામે દેશનાયકો મારફત ઉશ્કેરવામાં આવે છે. જેમ જેમ આ દેશની જમીન ઉપર ચાલતાં યંત્રોથી ઉત્પન્ન થયેલો માલ બજારમાં આવતો જાય, તેમ તેમ સ્વદેશી કહીને પ્રજા "મેઈડ ઇન ઇંડિયા" નો–ઘણીજ દૃષ્ટિઓથી નક્કી કરેલો–માર્કો જોતી જાય ને ખરીદ કરતી જાય,

હવે અહીં કેટલાક કહેશે કે–"તમારી આ કલ્પના ભૂલભરેલી છે. કેમકે દેશના આગેવાનોએ તો **શુદ્ધ સ્વદેશી** માલ વાપરવાની જ ભલામણ કરી છે. આપણા દેશના લોકો એવા અણસમજુ છે, કે મીલનો માલ સ્વદેશી સમજીને ખરીદે છે."

અમારી કલ્પના ભૂલ ભરેલી નથી. દેશના આગેવાનો શુદ્ધ સ્વદેશીની ભલામણ કરે, અથવા તેમની પાસે એવી ભલામણ કરાવવામાં આવે, તોજ શુદ્ધ કે અશુદ્ધ પણ કોઇપણ પ્રકારના સ્વદેશી ઉપરજ પ્રજાનું મન કેન્દ્રિત થાય. "મોતને વળગવામાં આવે તો તાવ આવે" એવી આપણી કહેવત છે, તે અહીં બરાબર લાગુ પડે છે. મુત્સદ્દીઓ દરેક કામ એ રીતે જ કરે છે.

અર્થાત્ " પરદેશથી આવતા માલને બદલે આપણે આપણા દેશમાં બનતો શુદ્ધ સ્વદેશીજ માલ વાપરવો જોઈએ " એવી દેશમાં ઘોષણા કરતા જાય, તેમ તેમ એક વર્ગ એવો તેમાં ભળતો પણ જાય, કે–(એવો વર્ગ ઉત્પન્ન કરવો પણ જોઇએ) જે સ્થળે સ્થળે શુદ્ધ સ્વદેશીનો સંદેશો પહોંચાડે, પરંતુ તે વર્ગ પણ કાપડ શિવાય કોઇપણ વસ્તુ શુદ્ધ સ્વદેશી વાપરતો હતોજ નહીં, કેમકે તેમની પણ જરૂરીઆતો અને માનસ તો વિલાયતી જ હતા. માત્ર તેમનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિલાયતી લોકોએ આ રીતે ઉપયોગ કર્યો. પેન્સીલને બદલે તેઓએ કલમ વાપરી નથી. મોટરઃ રેલ્વેઃ ને બદલે તેમણે ગાડાનોજ ઉપયોગ કર્યો નથી. બહારના ચશ્માને બદલે તેમણે ખંભાતના ચશ્માનો ઉપયોગ કર્યોજ નથી. ઈત્યાદિ. અને કદાચ દેશના ચીજોનો ઉપયોગ કર્યો હશે, તો તે આ દેશમાં ચાલતા દેશી કે પરદેશી માલિકીના યંત્રથી ઉત્પન્ન થયેલા માલનોજ કર્યો હશે. આથી આ પ્રજાની અંદર સહેજસાજ જે યંત્રવાદ ઘુસ્યો હતો, તે વધારે પગભર થયો. આજે ઈંડસ્ટ્રી માટે, ઔદ્યોગિક ખીલવણી માટે, કાચા માલને પાકો બનાવવા માટે આ દેશમાં પુષ્કળ હીલચાલ ચાલી રહેલી છે. આના પુરાવા માટે સરકારી ઔદ્યોગિક ખાતાઓ, કાઠિયાવાડ ઔદ્યોગિક પરિષદ્ વિગેરેના હેવાલો વાંચો. અહીંના ઉદ્યોગો રુંગળાવવા કરેલા કાયદા હવે કાઢી નાંખવાના છે, પ્રજા તરફથી પરિષદો દ્વારા તેવી માંગણીઓ કરાવવામાં આવે છે. શુદ્ધ સ્વદેશી તો માત્ર નામનો શબ્દજ રહ્યો છે.

પરદેશી બુદ્ધિશાળીઓને મન શુદ્ધ સ્વદેશીની ઘોષણા ઈષ્ટ હતી, તેમાં એ હેતુ સમાયેલા હતા. "શુદ્ધ સ્વદેશીની હિલચાલ દેશનાયકોએ પોતાની સમજથી અને બુદ્ધિથી ઉપાડેલી છે, અને આપણી મૂળ પ્રાચીન કારીગિરીની ખીલવટ માટે છે." એવી પ્રજામાં ભ્રમણા ફેલાય અને પ્રજા એ હિલચાલ તરફ વિશ્વાસ કરતી થાય. દેશ નાયકો દંડાતા જાય, લાઠી ખાતા જાય, જેલમાં જાય, તેમ તેમ એ હિલચાલમાં વેગ આવતો જાય, પ્રજા તેના તરફ મોટા પ્રમાણમાં વળતી જાય, તેમ તેમ સ્વદેશી માટે વકરા ક્ષેત્ર સારા પ્રમાણમાં તૈયાર થતું જાય. પરંતુ તેઓના ખ્યાલમાંજ હતું કે " ભલે હમણા શુદ્ધ સ્વદેશીની ભાવના ફેલાય, તેમાંથી આપણે સ્વદેશીની " મેઈડ ઈન ઇંડિયા "ના માર્કા ઉપર પ્રજાનું મન કેન્દ્રિત કરી દઈશું. અને એ બાબતનું સ્પષ્ટ બીજ આપણને " નેહરૂ યોજનામાં " મળશે.

અર્થાત્ "દેશનાયકો વિગેરે સુધારક વર્ગ એટલે=પરદેશીઓના હેતુઓ પાર પાડી આપનાર પરદેશીઓએ ગોઠવવા ધારેલ ભાવિ કાર્યક્રમોની જાહેરાત ફેલાવનાર—તેઓએ જ આ દેશમાં ઉત્પન્ન કરેલ—એક વર્ગ" આ વ્યાખ્યા એટલી બધી વ્યાપક છે કે—તેને જ્યાં લાગુ પાડવી હશે ત્યાં લાગુ પાડી શકાશે. પરદેશીઓ આ દેશમાં આવ્યા પછી અનુક્રમે પ્રજાજીવનના અનેક અંશોમાં પોતાના સ્વાર્થો ગોઠવ્યે જાય છે. તેની જાહેરાત કરનારો કાયમ એ વર્ગ તેને મળી રહે છે તેનું નામ સુધારકોઃ દેશનાયકોઃ સ્વયંસેવકોઃ કોન્ગ્રેસ વાદીઓઃ પ્રધાનોઃ કોમ્યુનિસ્ટઃ સામ્યવાદીઃ વિગેરે જુદા જુદા વખતે પડેલા જુદા જુદા નામો છે, મૂળ વર્ગ એકજ છે. પરદેશી વ્યાપાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેળવણી, રેલ્વે, મ્યુનિસીપાલીટીના જમાનામાં તેને ટેકા આપનારા એક વખત હતા. તેજ વર્ગ આજે ખેતી, ગ્રામ્યોદ્યોગ, ડેરી કંપનીઓ, વિશ્વધર્મ વિગેરે પ્રોગ્રામો માટે પ્રધાનો અને દેશનાયકોના સ્વરૂપમાં પરદેશીઓને મળી ગયો છે.

લંબાણુ ભયથી ખેતી, હસ્તોદ્યોગની ખીલવટ, કેળવણી, ગ્રામ્યોદ્ધાર વિગેરેમાં તે કેવી રીતે મદદગાર છે, તે અત્રે લાગુ પાડી બતાવતા નથી.

સારાંશ કે-શુદ્ધ સ્વદેશી એટલે "મેઈડ ઈન ઇંડિયા" ના માલની જાહેરાત માટેનું ઉત્તમોત્તમ સાધન. આ હીસાબે—

૧ મારવાડ વિગેરે પ્રદેશના ખેડુતો હાથે કાંતીને જે ખાદી પહેરે છે, તે શુદ્ધ સ્વદેશી.

૨ વિલાયતી માલ શુદ્ધ પરદેશી.

૩ દેશની મીલનો માલ દોઢ શુદ્ધ પરદેશી

૪ અને કોંગ્રેસની ખાદી, તે ડબલ શુદ્ધ પરદેશી

આવો વિચિત્ર અર્થ થાય છે. આ ઘણોજ વિચિત્ર કોયડો છે. ન સમજાય તેવો, ન ધ્યાનમાં આવે તેવો, ન ગળે ઉતરે તેવો છે, પરંતુ બરાબર સમજાવવામાં આવે, તો સમજાય તેવો છે. અને અર્થશાસ્ત્રના નિયમોથી સમજ્યા પછી માણસ અજબ થઈ જાય તેવો છે. [ આને સ્પષ્ટ સમજાવવા માટે એક સ્વતંત્ર નિબંધ લખવો જોઈશે. ]

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ શુદ્ધ સ્વદેશી ફેલાવનારા શરૂઆતમાં આપણા દેશનાજ આગેવાનો નથી. પણ તેમની સાથે, પરદેશીઓ ભળેલા છે. તેમના મિત્ર તરીકે તેમની સાથે રહ્યા છે, તેમની સાથે આ દેશના ગરીબોના ઉદ્ધારની વાતો લાગણી પૂર્વક કરી છે. અને છેવટે તેમને "રેંટીયો એજ પ્રજાની સ્વતંત્રતાનું હથિયાર" ઠસાવ્યું છે. અને દેશ નાયકના ધ્યાનમાં એ વાત ઉતર્યા પછી—ઠસ્યા પછી તેઓ સાહેબો બીજા કામમાં પડ્યા છે. પછી ગતિ મળી ગઈ. ભારતમાં યંત્રવાદનો વિશેષ પ્રવેશ કરાવવા માટે આ યોજના વિના તત્કાળસ્થિતિજ્ઞ તેઓની સામે તે વખતે બીજો ઉપાય નહોતો. તે સમજીને જ એવી ભાઇબંધીઓ વધારવામાં આવી હતી, તે હવે સમજાશે. આ ભાઇબંધીમાં અને લાગણીભરી હિલચાલમાં દીનબંધુ એન્ડ્રુઝ, મી. પૉલૉક વિગેરે—પોતાના દેશના ભલા માટે અસાધારણ પ્રયત્ન કરનારા અને એ દેશના બાહોશ સેવકોના નામ લઇ શકાય તેમ છે.

આ ચર્ચા આટલે રહેવાદઇ હવે મૂળ વિષય ઉપર આવીશું:—

સ્વદેશી એટલે આ દેશમાં યંત્રથી ઉત્પન્ન થયેલ માલનો વપરાશ. એ સિદ્ધાંત સ્થિર થાય છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારાંશ કે–પરદેશમાં દૂર દૂર રહેલો જે યંત્રવાદ આજસુધી આ દેશની હસ્તોદ્યોગની પ્રાચીન કારીગિરીને રુંધતો હતો, તેની સાથે સાથે હવે આ દેશની છાતી ઉપર સ્વદેશીને નામે ચડી બેઠેલો તે યંત્રવાદ વધુને વધુ તેને રુંધી નાંખશે, તેમાં આશ્ચર્ય શું? તેનું આખરી પરિણામ એ છે કે–રડ્યા ખડ્યા પણ પ્રાચીન હસ્તોદ્યોગ જમીનદોસ્ત. જો કે પ્રથમના એ કારીગરો પણ પ્રથમના જેવી ચીજો બનાવી જાણે તેવા હવે તો રહેવા દીધા નથી. તેઓની કોઈ સ્થિતિજ સ્થિર રહી નથી. એટલે તેઓ ન ટકે, એ પણ સ્વાભાવિકજ છે. સાણંદ વિગેરે પ્રદર્શનોમાં દેશી કારીગરીને ઉત્તેજન આપવાની વાતો કરી તેવા પ્રદર્શનો તાલુકાઓમાં પણ વ્યાપક કરીને પછી તેને યંત્રોથી ઉત્પન્ન થયેલા માલોની જાહેરાતના મથકો બનાવવાની યુક્તિઓ છે.

હવે જે વસ્તુ મોટા કારખાનાથી બનાવી શકાય તેમ ન હોય, તેમાં યંત્રવાદનો શી રીતે પ્રવેશ કરાવી શકાય? તેને માટે **ગૃહોદ્યોગની–હસ્તોદ્યોગની, ગ્રામ્યોદ્યોગની** હિલચાલ શરૂ કરવામાં આવી છે.

દાખલા તરીકે–શાક સમારવું હોય, છાશ ઝેરવી હોય, સોપારીનો ભૂકો કરવો હોય, બીડી સળગાળવી હોય, નખ કાપવા હોય, એવા પ્રસંગમાં પણ યંત્રથી જ કામ લેવું. અને તેવા યંત્રો ઉત્પન્ન થઈ ચૂકેલા છે. તેનો મોટા પ્રમાણમાં પ્રચાર કરવા માટે ગૃહોદ્યોગ અને હસ્તોદ્યોગની ખીલવણીની હિલચાલ છે. અને આ હીલચાલને મોખરે તો રેંટીયા દાદાજ બેસવાના. સરકારી ઉદ્યોગશાળાઓમાં પણ **રેંટીયા દાદાને** સરકારી પ્રધાનો પણ સ્થાન આપવાનાજ. તેની પ્રતિષ્ઠાની આડ નીચે મોટા પ્રમાણમાં પરદેશી યંત્રવાદ સ્થાન પામવાનો છે. અને રેંટીયા દાદા બેઠા બેઠાં જોકાં ખાધા કરશે, કે એકાદ ખૂણો સંભાળીને ખૂણો પાળતા બેઠા હશે. તેનું પૂજન પણ થતું હશે, તેને રંગ બેરંગી કદાચ શણગાર પણ પહેરાવવામાં આવ્યા હશે. કારણ કે–હવે પછીના યંત્રવાદને પગભર કરનાર એ દાદાનો પોતાના ઉપર ઉપકાર છે. એટલું તેનું માન જરૂર એ યંત્રવાદ રાખવાનોજ. આ રીતે હવે પરદેશી યંત્રવાદને આ દેશમાં મજબૂત સ્થાન આપવા છતાં આ દેશના શુદ્ધ સ્વદેશી વાદી સુધારકો આ વાત કબૂલ કરશે નહીં. પરંતુ તેઓ પરદેશી વસ્તુઓના કટ્ટા વિરોધિ રહેવાના, એ વાત તો સ્પષ્ટજ છે. પરદેશી માલના વિરોધિ રહેવાના, પણ પરદેશી માલના આત્માના વિરોધિ નહીંજ રહેવાના. પરદેશી માલ કે પરદેશી યંત્રવાદનો આત્માઃ તે હાલનું વિજ્ઞાનઃ પરદેશી માલના કે પરદેશી યંત્રવાદના વિરોધિઓ છતાં હાલના વિજ્ઞાનના તે ભક્ત રહેવાનાજ. હાલના વિજ્ઞાનના ભક્ત તે પરદેશી માલના અને પરદેશી યંત્રવાદના મોટામાં મોટા ભક્તઃ એ વાત જરા સૂક્ષ્મ બુદ્ધિથી વિચારી જોવાથી તરતજ સમજાઇ જશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરદેશી વિજ્ઞાનના ભક્ત તેના ગુણ ગાવાનાજ. એ ગુણગાવામાંજ પરદેશી માલ અને પરદેશી યંત્રવાદની અજબ જાહેરાત પડી છે. માલની જાહેરાત કરતાં પણ એ સીધી વધારે સજ્જડ આડકતરી જાહેરાત છે.

"હાલનું વિજ્ઞાન સુંદર છે, સરસ છે, ઉત્તમ છે, ઉપકારક છે." આ ભાવનાનો એ અર્થ થાય છે કે–તે ખીલવું જોઈએ. તે કયારે વધે ? તેના જોર ઉપર ઉત્પન્ન થતો માલ વધુ પ્રમાણમાં ખપે. તેમાંથી નફો મળે, મૂડી વધે અને તે મૂડી વિજ્ઞાનની વધુ ખીલવટમાં રોકાય, તોજ વિજ્ઞાન આગળ ખીલે ને ? એમને એમ તો ખીલી શકેજ નહીં. આ રીતે હાલના વિજ્ઞાનની જાહેરાત કરનારા પરદેશી સંસ્કૃતિ, માલ, અને કારીગિરીના ઉસ્તાદી પૂર્વક જાહેરાત કરનારા છે. આ દેશમાં આવો વર્ગ પોતાને માટે ઉત્પન્ન કરી લેવાનું માન તો એ કુશળ પરદેશીઓનેજ આપવું જોઇએ. એવા માણસો જાહેર સભાઓમાં, છાપાઓમાં, મ્યુનિસીપાલીટીઓમાં અને અનેક ઠેકાણે માન પામે, એ પણ એટલુંજ સ્વાભાવિક છે. આ ઉપરથી દેશનાયકો, સુધારકો, અને હાલનું વિજ્ઞાન, એટલે શું ? "મેઇડ ઇન ઇન્ડિયા" એટલે શું ? તે બરાબર વાચકોના સમજવામાં આવ્યું હશે. એક ડૉકટર થાય એટલે ત્યાંના દવાના કારખાનાને રોજનો વાર્ષિક પાંચ-પંદરહજારનો વકરો, એક મ્યુનિસીપાલીટી એટલે નળ, ગટરો, ઇલેકટ્રીકના સામાનના લાખોનો વકરો, પછી પગારો માનપાન આપવા કેમ ભારે પડે ?

તમારા પ્રશ્નનો જવાબ એ છે કે–સુધારક ગણાતા વર્ગે–આ દેશની કારીગિરીને મોટો દગો દીધો છે. એ વર્ગ કાયમ પ્રજાની વસ્તુ સ્થિતિથી અજાણ રહ્યો છે. અને છાપાંઓના વલણ ઉપર દોરાયે ગયો છે. કેમકે–તેઓએ શિક્ષણ એવું લીધું છે, અને બહારના સંજોગો પણ તેઓને તેવાજ આપ્યે રાખવામાં આવેલા છે. દેશનાયક તરીકે ગણાતો વર્ગ પણ વિદેશી કેળવણી પામેલોજ વર્ગ છે. તેને દેશના જ્ઞાન–વિજ્ઞાન, સાચા અર્થ શાસ્ત્ર, સાચા સમાજ શાસ્ત્ર, સાચા ઇતિહાસ, સાચી ભૂગોળનું જ્ઞાનજ મળ્યું નથી. એટલે એ બાજુજ તેઓને માટે તદ્દન અજાણી છે.

આજે પણ તે લોકોમાંના બુદ્ધિમાન માણસો જૈન–બૌદ્ધ અને વૈદિક સાહિત્યમાં પ્રવેશ કરે, તેનો સંપૂર્ણ અભ્યાસ કરે, અને દેશમાં વારસા રૂપે પણ જે છુટું છવાયું વેરાયેલું પડયું છે, તેનોયે સંગ્રહ કરે. ઘણી મિલ્કત તેમાં રોકવામાં આવે, તો આધુનિક વિજ્ઞાન કરતાં લાખોગણી મિલ્કત મેળવી શકે તેમ છે. પરંતુ આ તરફ કોઇનું ધ્યાન જાય તેમ નથી. જાય તો તેને માટે પૈસા મળે તેમ નથી. કેમકે–રાજા મહારાજાઓની મૂડી પણ પરદેશી યંત્રવાદ અને કારીગિરીના ઉપયોગમાં અને હાલના વિજ્ઞાનની ખીલવટમાં ગોઠવાઇ ગઈ છે. શિખવા–શીખવવાના સ્થાનો પણ નથી. જે છે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે બીજુંજ શીખવે છે. કેળવણી અને દેશસેવાને નામે સૌ ખર્ચ કરે છે, પણ તે બીજી રીતે. એટલે પણ દેશની મૂડી તેમાં કામમાં આવતી નથી. બુદ્ધિમાન વર્ગ પણ પગારદાર તરીકે-પેન્શનર તરીકે કે સુધારક તરીકે પરદેશીઓથી ખરીદાઇ ગયેલો છે. લાખો કરોડો વર્ષે ઘડાયેલી આ દેશની બુદ્ધિ અને શોધો કાંઈ પાંચ પચ્ચીસ વર્ષમાં હાથ ન કરી શકાય, તેમાં વળી તેની સામે પાછી આવી જબ્બર પરદેશી હરીફાઇ. એટલે ભારતીય વિજ્ઞાનનો ચમત્કાર ન દેખાતો હોય, તેનું કારણ પરદેશી સ્વાર્થો અને તેની સાથે સંકળાયેલ સુધારક,દેશનાયક વિગેરે વર્ગો છે. જેથી કરીને અહીંના મૂળ ધંધાર્થીઓ તૂટતા જાય છે. તેમ તેમ અહીંના વિજ્ઞાનની ખુબી અદષ્ટ થતી જાય છે. પરંતુ એટલું ધ્યાનમાં રાખવું કે પ્રથમ અહીંની મૂળ કારીગિરીને ગ્રહણ કરી લીધા પછીજ યુરોપ તે મૂળ ધંધાનો અહીંથી નાશ કરે છે. અને પાછી એજ વસ્તુ પોતાની મારફત પોતાના વિજ્ઞાન તરીકે ખીલવી પ્રચાર કરી તેમાંથી ધન કમાય છે.

**દાખલા તરીકે-કથકલિક નૃત્ય**—એ અદ્ભુત કળાવાળું નૃત્ય છે. આ જાતની કળા જાણનારો એક વર્ગ દક્ષિણ ભારતમાં જીવે છે. અને અમુક પ્રજાજનોમાં પોતાની કળા બતાવીને આજીવિકા ચલાવે છે. આ તરફથી કેટલાક કેળવાયેલા માણસો તેમાં રોકાયા. તેઓએ યુરોપમાં તે કળા બતાવી; તેની સાથે યુરોપના પણ શિખનારા થયા. લાગવગ, સગવડ, પૈસા વિગેરે સાધનોથી એ તૈયાર થાય એટલે સીનેમાની ફીલ્મોમાં તે મોટા પ્રમાણમાં દેખાય, એ ફીલ્મો જે પ્રદેશમાં કથકલિક નૃત્યના મૂળ ધંધાદારીઓ રળીખાય છે, ત્યાં પહોંચે, એટલે એ વર્ગની દશા જોયા જેવી થાય. અત્યારે એ નૃત્ય કરનારાઓને છાપાઓમાં માન મળે, જાહેરાત મળે, સુધારકો પણ એ નૃત્યની કદર પીછાણે-એટલે ધીરે ધીરે હાલનું વિજ્ઞાન તેને પડખે ચડે, સોએ વર્ષે તો-હજારો વર્ષ સુધી જીવીને એ કળાને જીવતી રાખનારો મૂળ વર્ગ તો-જોવા જ મળે નહીં. તેઓની અત્યારની વાહ વાહ અને વખાણનું આ ભાવિ પરિણામ.

હજુ પણ સુધારક ગણાતો વર્ગ સમજે. હાલના વિજ્ઞાનની જાહેરાત મૂકી દે. ખોટા શુદ્ધ સ્વદેશીને બદલે વાસ્તવિક રીતના મહા શુદ્ધ સ્વદેશી તરફ વળે. તોજ ભારતના તત્ત્વ જ્ઞાનની ખુબી સમજાય.

પરંતુ વાસ્તવિક સ્થિતિ જ એવી છે કે-એ વર્ગ એવા સંજોગોમાં ફસાયેલો છે કે-તેમાંથી તે છુટી શકે તેમ નથી. એટલે હજુ પણ પ્રજાજનો જે કાંઈ મૂળ જીવન મોટી સંખ્યામાં જીવી રહેલ છે. તેમાંજ ભારતીય સભ્યતા, કળા, કારીગિરી, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાનનો આત્મા છુપાયેલો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે-સ્વદેશી, હાલના શુદ્ધ સ્વદેશી, હાલનું વિજ્ઞાન, દેશ નાયકો, સુધારકો, કેળવાયેલા, એ વિગેરેમાં પરદેશી લાગવગનો આત્મા ગોઠવાયેલો છે.

પ્રાચીન કળાઃ–ખરું શુદ્ધ સ્વદેશીઃ ભારતીય તત્ત્વજ્ઞાનઃ–ચાલુ ભારતીય આર્ય જીવનઃ વિગેરેમાં ભારતનો આત્મા છુપાયેલો છે.

શાસ્ત્રોમાં જે-ભવ્ય વર્ણનો છે, તેને વ્યવહારમાં જીવન્ત રાખવાનું કાર્ય કારીગરો અને તે તે ધંધાર્થીઓનું છે. અને તે તે ધંધાર્થીઓ ટકી શકવાનો આધાર પ્રજા તરફના ઉત્તેજન ઉપર છે. વિજ્ઞાનને નામે વ્યવહારમાં પોતાના કારીગરો અને ઉદ્યોગોને પ્રગતિમાં મૂકવાની યોજના શિવાય બીજો કાંઇ પણ અર્થ હાલના વિજ્ઞાનની જાહેરાતમાં નથી. વિજ્ઞાનની બાબતમાં ખરી રીતે ભારતના તત્ત્વજ્ઞાનને અને વિજ્ઞાનોને તે કદી પહોંચી શકે તેમ છેજ નહીં. પરંતુ માત્ર, વ્યવહારમાં તો વચ્ચે પ્રવેશ કરવાને આજની બધી તૈયારીઓ છે. વળી વિજ્ઞાનના મૂળ સિદ્ધાંતો તો બહુજ થોડા હોય છે. પરંતુ કેટલીક કારીગરોની વિશિષ્ટતા હોય છે. જેમ કે–લોખંડઃ પદાર્થની સિદ્ધિ થયા પછી, ખાણમાંથી તે કેમ મેળવવો, અને તેનો વિવિધ ઉપયોગ કેવી રીતે કરવો ? એ તેના નિષ્ણાત કારીગરો ઉપર આધાર રાખે છે.

પ્રજા જીવનમાં–મહાત્માઓ–રાજાઓ, વ્યાપારીઓ, વિચારકો, વિગેરે વર્ગો હોય છે, તેમાંનો એક કારીગર વર્ગ પણ હોય છે. તેનું સ્થાન કાંઇ સર્વોત્તમ નથી હોતું. સંશોધકોને જે માન મળે છે, તે માન કારીગરોને નથી પણ મળતું. પરંતુ આખી પ્રજામાં સૌ સૌને સ્થાને સૌને મહત્ત્વ આપવામાં આવે તોજ વ્યાજબી ગણાય છે, અને દરેક પ્રજામાં એમ જ હોય છે. અનેક ધંધાર્થીઓની પોત પોતાના કાર્યોમાં વિશિષ્ટતાઓ હોય છે, તેટલા ઉપરથી કાંઇ તેઓ પ્રજાનો સર્વોપરિ વર્ગ ગણાતો નથી.

વિલાયતી માલ ખરીદ કરાવવાના જમાનામાં ત્યાંના કારીગરોની પ્રતિષ્ઠા આદેશમાં ઉત્પન્ન કરવામાં આવી હતી. આજે સ્વદેશી માલ ખરીદવાના વાતાવરણનો જમાનો ઉત્પન્ન કરવામાં, તથા તે દેશના વિજ્ઞાનને પ્રતિષ્ઠા આપવામાં આવે છે. આ દેશનો અમુક વર્ગ જાહેરમાં વિજ્ઞાનનો ભક્ત રહે, એટલે બસ છે, વિજ્ઞાનની પાછળ અનેક વસ્તુઓનો વકરો ચાલુ રહે જ. વળી વિજ્ઞાન સાથે ત્યાંના ધંધા અને સત્તાને જ ઉત્તેજન છે. અહીંની પ્રજાની સત્તા, ઉત્તેજન, અહીંના વિજ્ઞાનને મદદઃ વિગેરે બંધ જ પડતા જાય, તેમ તેમ અહીંની પ્રજા નબળી પડતી જાય.

આ પ્રમાણે આધુનિક વિજ્ઞાનને જાહેરાત આપનારા આ દેશના પ્રજાની મુશ્કેલીને આડકતરી રીતે વધુ નોતરે છે. તેનો તેઓને ખ્યાલ પણ રહેતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તેઓ ગણાય છે દેશનેતાઓ. તેનો અર્થ એમજ સમજવો જોઇએ કે—આ દેશને વધુ પરતંત્ર કરવા માટેના નેતા, તે હાલના દેશનેતા. કેમકે—વિજ્ઞાનની ગુલામી એ પણ ત્યાંની પ્રજાની ગુલામીજ છે. ઘરમાં ઇલેકટ્રીકની લાઈટ કરવાનો સામાન ભલે દેશમાં બનેલો હોય, પરંતુ તેમાં થતી શોધની ગુલામી કાયમ માટે આપણી પ્રજાને તેમાં રાખી જ મૂકે. કોડીયામાં દીવો કેમ કરવો ? એ બાબતમાં આપણે તેમને પૂછવું જ પડે તેમ નથી.

પરંતુ ઇલેકટ્રીક દીવાની વપરાશમાં કાયમ એ દેશ જ આપણા આચાર્ય તરીકે રહેવાનો જ. ગાડું બનાવવામાં આપણો વૈજ્ઞાનિક સ્વતંત્ર રહેવાનો. પરંતુ મોટર બનાવવામાં પરતંત્ર રહેવાનો જ. પેટ્રોલથી ચાલતી મોટર આપણે અહીં બનાવીએ, ત્યાંતો બીજા કોઈ પાવરથી ચાલતી મોટર ત્યાં ઉત્પન્ન થાય, વેગ વધે, સગવડ વધે, એટલે વળી એ વિજ્ઞાન જાણવું પડે. જાણ્યા પછી અહીં બનાવી શકાય. તે પણ આપણે બનાવીએ, એટલે વળી એ આગળ વધે. પરિણામે આપણી ગુલામી વધતી જ જાય. માટે વિજ્ઞાનની પ્રતિષ્ઠા કરનારા આ દેશની પ્રજાનો મોટામાં મોટો અપકાર કરે છે. એ, બહુ જ સૂક્ષ્મતાથી સમજ્યા વિના સમજાય તેમ નથી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

મી. ટેસીટેરીએ જે વાક્ય ઉચાર્યું છે, તેમાં આપણા જૈન વિજ્ઞાનની પ્રશંસા કરી છે. એમ આપણને ઉપર ઉપરથી દેખાય છે, પરંતુ વાસ્તવિક રીતે તેમણે પોતાની ગૌરાંગ પ્રજાની એ વાકય મારફત અદ્ભુત સેવા કરી છે. એ પણ સૂક્ષ્મતાથી સમજીશું તો જ સમજાશે. એ ઉત્તરાર્ધમાં એમ કહેવા માંગે છે કે "જેમ જેમ આધુનિક વિજ્ઞાન શોધાતું જાય છે, તેમ તેમ જૈન શાસ્ત્રકથિત વૈજ્ઞાનિક તત્ત્વો સાબિત થતા જાય છે." સારાંશ કે—

" તમારે જૈનોએ પણ તમારા શાસ્ત્રોની અંદરની વાતો સાબિત કરવી હોય, તો આધુનિક વિજ્ઞાનની શોધો આગળ વધારવામાં તમારે પણ ટેકો આપવો જોઇએ." એ ભાવ ઉત્પન્ન કરીને—"આખા જગત્‌માં દીર્ઘદૃષ્ટિ ભરી બુદ્ધિયુક્ત જે જૈન વર્ગ છે, કે જેઓમાંનો મોટો ભાગ આધુનિક વિજ્ઞાન તરફ ઉદાસીન છે, તેમાંનો જેટલો ભાગ આવી દલીલોથી પણ તેના તરફ ખેંચાઇ આવે તો ઠીક," એવો તેને ખેંચવાનો તેમાં પ્રયત્ન છે. એમ કહીને જૈનોમાં પણ આધુનિક વિજ્ઞાનની પ્રતિષ્ઠા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરે છે. આ તેના વાકયમાં ખુબી ભરેલી છે.

" ભલે—આધુનિક વિજ્ઞાન એ દેશોની પ્રજાઓને આગળ વધારતું હોય, અને આપણને પાછળ પાડતું હોય, તોપણ એટલું તો કબુલ કરવું જ પડશે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે–જ્યારે અદ્દ્ભુત શોધખોળથી ભરેલું વિજ્ઞાન કુદરતી રીતે ઉત્પન્ન થઈ ચૂક્યું છે, આપણે તેની સામે ટકી શક્યા નથી, ટકી શકીએ તેમ નથી, તો પછી તેના લાભથી વંચિત રહેવું એ કેટલી મૂર્ખતા છે ?

એ વિજ્ઞાનની ઉત્પત્તિ સામે આપણે પ્રથમથી જ કાંઇ પણ કરી શક્યા નથી. અને જાપાન વિગેરે તેની મદદથી અસાધારણ પ્રગતિ કરી રહેલ છે. તો પછી આપણા બાપના કુવામાં બુડી મરવાનો જ વિચાર રાખીશું તો શું બૂડી મર્યા વિના રહીશું ? માટે જો આપણે આપણી પ્રજાનો ઉદ્ધાર ચાહતા હોઇએ, તો આપણે પણ હાલના વિજ્ઞાનનો સ્વીકાર કર્યે જ છુટકો છે, તેમજ તેણે પણ આપણા જીવનમાં ઘણી રીતે પાકેપાયે પ્રવેશ કરેલ છે, તે કોઇ રીતે હવે નીકળી શકે તેમ નથી. ગમે તેટલા ધમપછાડા કરવામાં આવે, પણ તમારૂં કાંઇ પણ હવે વળે તેમ નથી, શાહમૃગને શીકારી મારવા આવે, ત્યારે બચાવ માટે રેતીના ઢગલામાં માથું ઘાલે, તે શી રીતે બચી શકે ? "અમારૂં સારૂં છે," "અમારૂં જુનું સુંદર હતુ," "ઘણું ઉત્તમ છે." "તેમાં ઘણી અદ્દ્ભુતતા છે." એવાં એવાં ગાણાં ગાવાથી હવે શું વળવાનું છે ? તમો પોતે પણ જીવનની ઘણી ખરી જરૂરીઆતો હાલના વિજ્ઞાનની મદદથી પૂરી કરો છો. એ નિર્વિવાદ સિદ્ધ છે. તો પછી તેની સામે બખાળા કાઢવા અને–" એ ખોટું, એ ખોટું" એમ બોલ્યા કરવું એમાં ડહાપણનો ક્યાં અંશ છે ? તે સમજી શકાતું નથી. વધારે સ્પષ્ટ ભાષામાં કહીએ, તો એ મૂર્ખાઓનો જ પ્રલાપ છે. તે શિવાય બીજું કાંઇ પણ નથી."

તમારા આ શબ્દો તમોએ પોતે ઉપજાવી કાઢેલા નથી, પરંતુ આધુનિક વિજ્ઞાનની આ દેશમાં પ્રતિષ્ઠા ઉત્પન્ન કરવાને પ્રયત્ન કરનારા વર્ગે કોલેજોમાં, વર્તમાન પત્રોમાં, જાહેર ભાષણોમાં, પાઠ્ય પુસ્તકોમાં, આજ સુધી ફેલાવ્યે રાખેલા દલીલોની ધીરે ધીરે થયેલી એક સામટી અસરને પરિણામે તમે આમ બોલી શકો છો. તમારા આ દરેક શબ્દો ઉછિના લેવાયેલા છે. સ્વયં વિચાર શક્તિથી જન્મેલા નથી. એ પ્રચાર કરનારા પ્રચાર કરે, તેની સામે અમારે કાંઈ પણ કહેવાનું હોય જ નહીં, તેનો જવાબ પણ આપવાનો હોય નહીં. પરંતુ અમારા ભાઈઓ ઉપર તેની અસર થઈ હોય છે, એટલે તેમાંના જે કોઇ નિખાલસ દિલના હોય, તેની સમજ માટે અમારે જવાબ આપવો પડે છે. પરંતુ જેઓ તેમાં રૂઢ વિચારના અને માત્ર ચુસ્ત બની બેઠેલા અંધશ્રદ્ધાળુ હોય છે, તેને માટે કાંઈ પણ પ્રયત્ન કરવો નકામો થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરદેશી પ્રજાઓ પોતાના સ્વાર્થ માટે જે કાંઇ પ્રયત્નો કરે, તે ક્ષમ્ય છે, અને તેની અસર નીચે અમારા થોડા ઘણા જે ભાઇઓ આવી જાય, તેથી જે કાંઈ નુકશાન આ મહા પ્રજાને થવું જોઈએ, તે થવાનું જ છે. તે અમે કલ્પીને જ બેઠા છીએ. એવા થોડા ઘણા આ દેશની સંસ્કૃતિ, વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કળા, ધર્મ અને તેને અનુસરતા રીતરીવાજની નિંદા કરવાના જ છે. રૂઢિને નામે, ખોટા વ્હેમોને નામે, જુલમને નામે, સામાજિક જુલમને નામે, ધાર્મિક જુલમને નામે, ધર્માન્ધતાને નામે તેઓ પરદેશીઓની સાથે ઉભા રહેવાના જ છે. અને આ પ્રયત્નથી જ તેઓને સારા પગારો, મોટી આવકો, આ જમાનાની ઉંચા પ્રકારની પ્રતિષ્ઠા, એશઆરામ અને સુખ સગવડ મળી રહ્યા છે, અને મળશે. પરદેશીઓની સેવાઓનો એ બદલો છે. પરંતુ પરદેશીઓની ખુબી એ છે કે-તે વર્ગ એ વાત સમજી શકે નહીં, તેઓ તો એમજ સમજે છે કે-" અમે તો અમારા દેશનો ઉદ્ધાર કરીએ છીએ." પરદેશી લોકો આ દેશમાં પોતાની લાગવગ અનેક રીતે ઉભી કરી શકે છે. પ્રથમ પ્રજામાં સારી લાગવગ ઉભી કરી. ૧૮૫૭ના બળવા પહેલાં રાજાઓમાં લાગવગ સારી ઉત્પન્ન કરી લીધી હતી. પછી અમલદાર સ્વરૂપના આ દેશના પ્રજાજનોની લાગવગ ઉભી કરી કામ ચલાવ્યું હતું. અને હાલમાં દેશનાયક તરીકે ગણી કાઢેલા પ્રધાનોના સ્વરૂપમાં પોતાની લાગવગ ઉભી કરીને આગળ વધવા માટે પ્રયત્ન કરી રહ્યા છે. આ બધી પરિસ્થિતિને અંગે જે કાંઈ નુકશાન આ દેશની મૂળ પ્રજાને થવાનું હશે, તે થવાનું જ છે. તેના બચાવની આશા પણ અમે રાખી નથી.

પરંતુ, આવો વર્ગ તેત્રીશ કરોડમાં ગણ્યો ગાંઠ્યો છે, છાપાંઓમાં જે મોટા હેવાલો આવે છે, તે ઉપર ભરમાવાને કારણ નથી. આવા કેટલાક વર્ગ શિવાય બાકીનો પ્રજાનો મોટો ભાગ કરોડોની સંખ્યામાં રહેલો આ દેશની સંસ્કૃતિ પ્રમાણે જીવે છે. તેમાંથી ચલિત કરવાને પરદેશીઓને અનેક પ્રયત્નો કરવા પડે છે. તેજ સાબિત કરે છે કે-"હજુ અહીંના વિજ્ઞાન તથા તત્ત્વજ્ઞાનની પ્રજાના જીવન ઉપર મોટામાં મોટી અસર છે. ભારત વર્ષ એવો એક દેશ છે કે જેની પ્રજાનો મોટો ભાગ હજુ પોતાનું મૂળ જીવન જીવી રહેલ છે. અને પોતાની પ્રજા તરીકેની મહત્તા ટકાવી રહેલ છે.

જાપાન, ઇટાલી વિગેરે યુરોપીય રાષ્ટ્રોની મદદથી લડાઇમાં ઉતરે છે, તેનો અર્થ એ છે કે-તે પોતાની સ્વયં શક્તિ ગુમાવી બેઠેલ છે. અને એશીયાવાસીઓ અંદર લડીને નબળા પડે, તેમાં યુરોપને નુકશાન શું ? એબીસીનીયા ઉપર ઇટા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીનો છાપો એ તો માત્ર પ્રાથમિક શરૂઆત હતી. પરંતુ એશિયામાં લડાઇના બીજો નાંખીને સામસામી યુરોપવાસીઓએ મદદ કરીને, તે તે કાળી પ્રજાઓની સત્તાઓ ખોખરી કરી નાંખ્યા પછી હાથમાં આવે, તે વ્હેંચી લેવાની છુપી યુક્તિરૂપે ઇટલી, જર્મન, પ્રજાસંઘથી છુટા પડેલ છે, છુટા પડવા દીધેલ છે, અને પ્રજાસંઘ ખાલી ધુંધવાટ કરીને બેસી રહે છે. વખત જતાં જાપાન, ઇટલી વિગેરેના પૃષ્ઠબળથી, અને ચીન, ઇંગ્લાંડ વિગેરેના પૃષ્ઠબળથી થોડું ઘણું જોર કરશે. પરંતુ આખર એ બન્નેય એશીયાના રાષ્ટ્રોને યુરોપનાજ મુત્સદ્દીઓના હાથમાં રમવાનું રહ્યું. એ આગ સળગતી સળગતી ભારતમાં પણ કોઇ જુદાજ રૂપે કદાચ આવે, તો ભારતની પ્રજામાં જે કાંઇ સ્વતંત્રતા, જીવનની સ્વતંત્રતા ટકી છે, તેના ઉપર ફટકો લાગશે. આ દેશમાં રાજા તરીકે, જાગીરદાર તરીકે, ધર્મગુરુઓ તરીકે કે ધનિક સદ્ગૃસ્થો તરીકે થોડા ઘણા જે હિંદુ પ્રજાજનો સત્તામાં ટકી રહેવા પામ્યા છે, તેના ઉપર ફટકો કદાચ લાગે. એ બધું પાર પડયા પછી પ્રજાસંઘ ઇટલી વિગેરેને શાંત કરે. અને પાછા યુરોપીય રાષ્ટ્રોને ભેગા મેળવી લે. પરંતુ એવી ધમાચકડીમાં કાળી પ્રજાના રાષ્ટ્રો ખોખરા થયા હોય, તે મજબૂત નજ થાય. અને એકની યા બીજાની કોઇપણ યુરોપીય રાષ્ટ્રની જ સત્તા આજ કરતાં કેટલેક વધુ અંશે એ દેશોમાં સ્થાપિત થઇ ચૂકી હોય, પછી તે ઇટલીની કે જર્મનીની, કે—રૂશિયાની કે ફ્રાન્સની કે ઇંગ્લાંડની હોય. માત્ર પ્રજાસંઘના ગૌરાંગ આગેવાનોને એટલું જ જોવાનું હોય કે—"યુરોપીય રાષ્ટ્રોની એકંદર સત્તા આગળ વધી કે નહીં?" ગુરુઓ, રાજાઓ, જાગીરદારો, અને ધનિકોની સત્તા તોડવા પરદેશીઓએજ કોમ્યુનિસ્ટોને છૂટે રહીને ગોઠવ્યા છે, તે એ મારફત એ ચાર સત્તા તુટ્યા પછી, તે સત્તાઓ કોમ્યુનિસ્ટોના હાથમાં રહેવાની નથી એ સ્પષ્ટ છે. એ સત્તા પરદેશીઓનાજ હાથમાં આવવાની. પણ જ્યાં સુધી એ કામ પૂરૂં ન થાય ત્યાં સુધી અથડામણી ચાલવા દેવાની અને પરદેશીઓએ તટસ્થ ભાવે બેઠા બેઠા જોવાનું. સત્તાઓ તુટ્યા પછી માત્ર સત્તા સ્થાપિત કરવાનુંજ કામ બાકી રહે.

ચીનની અંદર તો રાજાની સત્તા અને પ્રજાસત્તાક એ બે ભાગ તો આજ સુધીના પરિચયથી પાડી દીધેલા છેજ. છતાં એ દેશની પ્રજા સ્વતંત્ર રહી છે. હવે તેને ખોખરી કરવા જાપાનને ઉશ્કેર્યા વિના કેમ ચાલે? અને ઇંગ્લાંડ તો દરેકને સમતોલ રાખવાની પોલીસી બહાર પાડનારૂં રહ્યું, એટલે લડાઈને સીધી ઉત્તેજના કેમ આપે? આ સ્થિતિમાં—ઇટલી વિગેરેને આ કાર્ય કરવા દેવામાં તેમને હરકત આવે નહીં. એટલે ચીનને ઇગ્લેંડ વિગેરેનું શરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લેવું પડે, એ શરણુ આપવાના બદલામાં ઈંગ્લેંડ કાંઇ પણુ શરતો કરાવ્યા વિના, ભવિષ્યનો પોતાને લાભ જોયા વિના, આજે શરણુ આપે ખરૂં કે ? વ્યવહારૂ બુદ્ધિથી એ સમજાય તેમ છે. હિંદુસ્થાન ઉપર તો કબજો યુરોપ વાસીઓનો છે. પણુ તેની જોડની મહાપ્રજા ચીન ઉપર કબજો નહોતો. હવે યુરોપની પ્રગતિને ધ્યાનમાં રાખીને આ કબજો લેવાને માટે યુરોપના પ્રયાસો છે. અને તેમાં છુપી રીતે પ્રજાસંઘ સમ્મત ન હોય, એમ માનવાને કાંઇપણુ વાસ્તવિક કારણુ નથી.

ઈટલી અને જર્મની વિગેરે ઈંગ્લાંડથી ભલે વિરુદ્ધ દેખાતા હોય, પરંતુ આધુનિક પ્રગતિના કાર્યમાં સૌનો એકધારો સાથ છેજ. આપણે મુદ્રા રાક્ષસ નામના નાટકમાં વાંચીએ છીએ કે—**આર્ય ચાણાકય છુપી પોલીસની** ડાયરીઓ મંગાવે છે, અને તેમાંથી **ભદ્રભટાદિક** સુભટોના ગુન્હાઓ વાંચે છે. વાંચીને તેઓને સજા ફરમાવે છે, **શકટદાસને** શુળીની સજા ફરમાવે છે. તેને તેના પક્ષના શુળી ઉપરથી નસાડી જાય છે. અને તે બધા **નંદોના રાક્ષસ** નામના મંત્રીના અંગત નોકરો તરીકે રહે છે. વાસ્તવિક રીતે તે બધા આર્ય ચાણાકયના જાસુસો જ હતા. પરંતુ આવી રીતે ગુન્હેગાર ઠરાવીને તેઓને કાઢી મૂકી સામા પક્ષમાં ભરતી કરાવી ને સામા પક્ષને ઉંધે રસ્તે દોરવવામાં તેનો ઉપયોગ કરે છે, ને આખર સામા પક્ષને નબળો પાડી, રાક્ષસ જેવા નંદના બુદ્ધિશાળી મંત્રીને સમ્રાટ્ ચંદ્રગુપ્તના મંત્રી બનાવી, પોતાની તપોવન તરફ જવાની તૈયારી કરવાની—પોતાની ધારણા પાર પાડે છે. રાજનૈતિક ભાષામાં એવા છુપા ચરોને બનાવટી શત્રુઓ તરીકે જાહેર કરેલા હોય છે, તેમને **કૃત્ય** કહેવામાં આવે છે.

મારી સમજ પ્રમાણે પ્રજાસંઘથી ઇટલી વિગેરે છુટા પડેલા જણાય છે, તે રાજનૈતિક પરિભાષા અનુસાર **કૃત્ય વર્ગ** હોવાનો સંભવ છે. પાછળથી બધા મળી જવાના ખરા. આ જો આખી કૃત્ય પોલીસી હોય, તો તેનો છેવટનો મોરચો ભારતની પ્રજા ઉપર છે, તેમાં પણુ ભારતની સંસ્કૃતિ ઉપર છે, તેમાં પણુ જૈન સંસ્કૃતિ ઉપર છે. અને તેમાં પણુ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ ઉપર છે. કારણુકે—આર્ય સંસ્કૃતિને ટકાવવાનો, વિશ્વની કલ્યાણુ ભાવનાનો, અને એકંદર ભારતના દરેક ધર્મોના ટકાવનો વાસ્તવિક આધાર તેના ઉપર છે.

આ બધું થવાથી આધુનિક વિજ્ઞાન આજ કરતાં ઘણું જ આગળ વધી ગયું હશે. પરંતુ વિજ્ઞાનનો ખજાનો એટલો બધો ઉંડો છે કે—એક એક બાબતમાં તેનો પાર પામવાને લાખો વર્ષ જોઇએ છીએ. વૈજ્ઞાનિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંશોધકો પણ આ વાત સમજે છે. પરંતુ હાલમાં વ્યાપારી હરીફાઇ વિગેરે કારણોથી તેમાં આગળને આગળ તેઓ વધ્યે જ જાય છે. અને દુનિયાની બીજી પ્રજાઓ ઉપર પોતાની સરસાઇ વધાર્યે જાય છે. જો છેવટ સુધી તેઓ એમને એમ ચાલુ રાખે, તો અંદરને અંદર કાપાકાપી ચાલશે. આ વિજ્ઞાનની ઉત્પત્તિ પરોપકાર બુદ્ધિમાંથી જન્મેલ નથી, પરંતુ પ્રજાકીય સ્વાર્થમાંથી જન્મેલ છે. એ બાબતમાં યુરોપના પણ મી. ગ્રેગ તથા ટૉલસ્ટોય અમારા વિચારને સમ્મત છે. એટલે આ વિજ્ઞાન નિર્મૂળ છે, અને શુભ છેડાવાળું જ નથી, માત્ર કામચલાઉ અને ક્ષણિક છે. એટલે અમુક વખત પછી તેને બંધ થયા વિના ચાલે તેમ છેજ નહીં.

અલબત્ત, વચલા કાળમાં દુનિયાની ગોરી પ્રજાઓને વસવાટ માટે–ખેતી માટે–ઘણા દેશો અપાવી દેશે. આ ભૂમિમાં પણ જેમ તેઓએ બીજા ટાપુઓમાં સંસ્થાનો સ્થાપેલા છે, તેમ સંસ્થાન સ્થાપશે. આ દેશના ઘણા લોકો કદાચ તેઓના હાથ નીચે ચાલ્યા ગયા હશે. છતાં–આ દેશના તત્ત્વજ્ઞાનમાંથી જન્મેલો સમ્યગ્દર્શનઃ સમ્યગ્જ્ઞાન સમ્યક્ચારિત્રનો માર્ગ ચાલતો જ હશે. આજે એ લોકો–કેળવણી અને ઉદ્યોગ એ બે શબ્દો મારફત પ્રજાઓને આકર્ષે છે. પરંતુ તેમાં સ્વાર્થ પડેલો છે–એટલે તે બહાર આવી જતાં તેના ઉપર પ્રજાઓનો વિશ્વાસ રહેશે જ નહીં. આ બધો ધાંધાટ બંધ પડતાં, ત્રણ રત્ન અને તેને અનુસરીને ગોઠવાયેલું તત્ત્વજ્ઞાન અને બીજા વિજ્ઞાનો તે વખતે પણ જીવંત રહેલા જોવામાં આવશે, અને એ રીતે તે અબાધ્ય છે. એમ વધારે સ્પષ્ટ સાબિત થઈ ચૂકશે.

હાલનું વિજ્ઞાન પ્રજામાં લોકપ્રિય કરવા માટે અનેક ઓજારરૂપે પ્રજાના ઉપયોગમાં આવતું દેખાય છે, પરંતુ તેનો આખર ઉપયોગ લડાઇઓ અને લશ્કરી તત્ત્વોમાં છે. જ્યાં સુધી પ્રજાઓના કેટલાક તત્ત્વો હાથમાં ન આવ્યા હોય, ત્યાં સુધી જીવનની સગવડ માટે એ વપરાય છે પછી તરતજ લશ્કરી સ્વરૂપમાં એકી ઝપાટે પ્રજાઓનો દાળાવાટો કાઢી શકે છે. હરિફાઇ વિના કોઇ પણ ક્ષેત્રમાં વિકાસ ન થાય. અને વૈજ્ઞાનિક લડાઇઓ એ હરિફાઈનું ક્ષેત્ર છે, ગમે તેવું સુંદર મશીન કે સાધન, સામો હરિફ તોડી નાંખે. એટલે તે નબળું સાબિત થાય. એટલે નબળાવાળો સામાનું અનુકરણ કરીને તેના કરતાં સરસ બનાવવાની મહેનત કરે. આજે ડૉકટરો સંહારક જંતુઓની શોધો કરે છે. એક સ્વર્ગસ્થ મિત્રે તો ત્યાં સુધી શંકા બતાવી હતી કે– "હાથલા થોરના નાશમાં કે મેનીનજાઇટીસ વિગેરે રોગોના જંતુઓ કેમ જાણે કોઈ તરફથી ફેલાવવામાં આવ્યા હોય?"

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારાંશ કે—જે પ્રજાઓ આધુનિક વિજ્ઞાનનો દરેક રીતે સારૂં સમજીને ઉપયોગ કરે છેઃ—તેઓ તેને આગળ વધારી, વકરો કરાવી તેને મજબૂત બનાવે છે, અને એમ મજબૂત બનેલું આધુનિક વિજ્ઞાન લશ્કરી સ્વરૂપમાં દેખાવ દઈને ક્યારે તે ટેકો આપનારનો જ કે તેના જાત ભાઈઓનો કચ્ચર ઘાણ નહીં વાળી નાંખે? તે કહી શકાય તેમ નથી. તેના અનેક ફાયદા જમે કરતાં ઉપર જણાવેલું એક જ નુકશાન એવડું મોટું ઉધાર થાય તેમ છે કે—જે લાભ કરતાં વધી જાય તેમ છે. હાલનું વિજ્ઞાન સંહારક અને મહા હિંસક છે. તેમાં અસાધારણ હિંસા પડેલી છે. આ ઉપરથી બરાબર સમજી શકાશે કે આ દેશના જે વર્ગને પરદેશીઓએ **સુધારક** નામ આપેલું છે, તે વાસ્તવિક રીતે આ દેશનો **બગાડેલો** વર્ગ છે. અને એવો જો કે થોડો વર્ગ છે, છતાં વધશે, ખરો, છતાં પણ તે એટલો બધો નહીંજ વધી શકે—તેવા આ દેશની સંસ્કૃતિમાં ઘણા મજબૂત તત્ત્વો છે.

આજે જાપાન ચિન ઉપર છાપો મારી રહ્યું છે. પરંતુ જે દેશો ચીનને મદદ કરશે, તેના હાથમાં ચીનને રમવું પડશે, અને કાંઈક ભાગ જાપાન-પક્ષના ગૌરાંગો પણ પડાવી જશે. છતાં ચીનની સંસ્કૃતિ એકાએક નાશ કરી શકાશે નહિ. એવા ઘણા હુમલા તેના ઉપર કરવા પડશે. અને બહુ લાંબા કાળ સુધી એ પ્રજા જીવંત રહી શકશે. એ જ એ પ્રજાનું જીવન છે.

અહીં દાખલો આપી શકાય તેમ છે કે—"જાપાનની જેમ ચીને હાલના વિજ્ઞાનની મદદ લીધી હોત, તો જરૂર સામનો કરી શકત, અને પોતાનો બચાવ પણ કરી શકત."

આ દલીલ ઘણી જ ક્ષુદ્ર છે. ચીનના કેટલાક પ્રદેશો જશે. કેટલાક જીવન તત્ત્વો જશે. પણ સર્વ તત્ત્વો જશે નહીં, સર્વ તત્ત્વોનો એકદમ નાશ કરી શકાશે નહિ.

પરંતુ જાપાન પોતાના મૂળ જીવનથી જેટલું ખસ્યું છે, તેના પ્રમાણમાં અત્યારે પરદેશીઓ આગળ વાહ વાહ પામે છે. પરદેશીઓના વખાણ સ્વાર્થ પૂર્વકના છે. પરંતુ જ્યારે જાપાન બરાબર આધુનિક વિજ્ઞાનના હાથમાં ફસાઈ ગયા પછી આધુનિક વિજ્ઞાનના આચાર્યોની સામે જ્યારે તેમને હરિફાઈમાં એકલે હાથે ઉતરવું પડશે, ત્યારે તેની દશા ચીનની પ્રજા કરતાં પણ વધારે ખોખરી થઈ જવાની. કારણ કે—જાપાન યુરોપનું વૈજ્ઞાનિક ગુલામ છે. યુરોપે જેવી પેન્સીલ, જેવો કાગળ, જેવું હોલ્ડર કાઢ્યું, તેના જ આકારનું તે કાઢે છે. તેની વૈજ્ઞાનિક શોધો સ્વતંત્ર નથી. નહીતર કાંઈ જુદું જ કરવું જોઈએ. શું કુદરતમાં યુરોપના વૈજ્ઞાનિકોએ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શીખ્યું છે, તેનાં કરતાં બીજું નથી જ ? ઘણું છે. પરંતુ તદ્દન સ્વતંત્ર વિચાર અને સાધનો ગોઠવવાની જાપાન પાસે એ શક્તિ નથી. યુરોપના રાષ્ટ્રો પોતાના વિજ્ઞાનને ભારત અને ચીન જેવા દેશોમાં પ્રતિષ્ઠા આપવાને જાપાનને વખાણે છે, અને વિજ્ઞાનમાં આગળ વધવા દે છે; પરંતુ જ્યારે આધુનિક વૈજ્ઞાનિકોની હરિફાઇ થવાની તે વખતે જાપાન સ્વતત્ત્વ કેટલું ટકાવી રહેશે કે ટકાવી રહેલ હશે ? તે વખતે ખરી કસોટી છે. આજના વખાણુથી અને ભવિષ્યમાં ક્ષયકર આજની દેખીતી ઉન્નતિથી જાપાનની પ્રજાએ રાજી થવા જેવું લાગતું નથી. એ જ સ્થિતિ, તુર્કની અત્યારની ઇસ્લામનીતિ [ વિષે પણ સમજવાની છે.

જે પ્રજાઓ આધુનિક વિજ્ઞાનને રસ્તે ચડી નથી, તેમની સાથે જુદી જાતની લડાઇઓ લડવી પડે, અને વિજ્ઞાનને રસ્તે ચડેલ સાથે વૈજ્ઞાનિક સાધનોથી લડાઇ ચાલે છે. એ હરિફાઇમાં આજ કરતાં પણ કાળી પ્રજાઓ અંદરખાનેથી વધારે ખોખરી થઇ જવાની એ વખત પણ એક વખત આવશે. માટે આધુનિક વિજ્ઞાનને રસ્તે નહીં ચડેલી શ્યામ પ્રજા ફાટે તુટે કપડે પણ આખર લાંબો કાળ જીવંત રહેશે. કારણ કે—

લશ્કરી દોરથી મારી મારીને પ્રજાને કેટલીકને મારી શકાય ? તેમજ જુલમથી સંસ્કાર પણ કેટલાક બદલી શકાય ? ગમે તેમ કરે, તો પણ કાંઇને કાંઈ રહી જ જાય. આમ આખર થાકતાં થાકતાં જે કાંઇ રહી જશે, એજ ભારતનો વિજય, ભારતના તત્ત્વજ્ઞાનનો વિજય. ભારતની સંસ્કૃતિનો વિજય. આ બધી ધમાલ વચ્ચે અને પછી પણ જે કાંઇ થોડો ઘણો વર્ગ પણ ભારતીયજીવન પ્રમાણે જીવતો રહેશે, એજ તેનો વિજય છે.

માત્ર આમાં ધીરજની ઘણી જ આવશ્યકતા રહેશે. ખરી ધીરજ રાખી શકશે તેજ વિજયી થશે. બાકી આધુનિક વિજ્ઞાનને જેઓ ટેકો આપી રહ્યા છે. તેઓ આ દેશના લોકોનો પ્રજાદ્રોહ, દેશદ્રોહ, સંસ્કૃતિદ્રોહ, ધર્મદ્રોહ, કરે છે. તેમાં સંશયને અવકાશ નથી.

અનિવાર્ય સંજોગોમાં ઉપયોગ કરવો એ જુદી વાત છે, અને હાર્દિક સારૂં માનવું, એ જુદી વાત છે.

૧. આર્ય સંસ્કૃતિ પ્રમાણે જીવવું એ આદર્શ હોય, છતાં કોઇ કોઈ વિદેશી વૈજ્ઞાનિક વસ્તુનો ઉપયોગ ન છુટકે કે દેખાદેખીથી કરવો પડે, તે નુકશાન તો કરેજ છે, પરંતુ એટલું નુકશાન તેથી નથી, થતું કે જેટલું—

૨. "આર્ય સંસ્કૃતિમાં હવે કાંઇ રહ્યું નથી. અથવા તેને તોડવા પ્રયત્ન કરવો." અને આધુનિક વિજ્ઞાન વિષે મનમાં પરમ આદર રાખવાથી પરિણામે જે નુકશાન થાય છે. આ નુકશાન વધી જાય તેમ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનથી જેઓ આધુનિક વિજ્ઞાનના ગુલામો છે, તેઓ ગમે તેવી ઉંચી છાતીએ ચાલતા હોય, પણ તેઓ પરદેશી પ્રજાઓના વિશેષ ગુલામો છે.

અને જેઓ આર્ય સંસ્કૃતિ પ્રમાણે જે પ્રમાણમાં સાંગોપાંગ જીવન જીવે છે, અને પોતાના કોઈ સ્વાર્થ માટે પરદેશીઓની ખુશામત કરતા હોય, તેમને રાજી રાખવા પ્રયત્નો કરતા હોય, છતાં પણ તેઓ તો એટલા ગુલામ નથી, એ તો સહજ રીતે સમજાય તેમ છે.

સુધારકો નવું ઉત્પન્ન કરી શકે તેમ નથી. નવું ઉત્પન્ન કરી શકયા નથી. તેઓ "રૂઢિ ચૂસ્તો" "જુનવાણી" "પ્રણાલીને વળગી રહેલા." વિગેરે રીતે દેશીઓને નિંદીને પરદેશી વસ્તુઓની જાહેરાત માટેની વકીલાત કરે છે.

માટે એ વર્ગનો લેશ માત્ર વિશ્વાસ કરવો જરૂરનો નથી. તેઓને નથી અહીંની સંસ્કૃતિનું જ્ઞાન, નથી તેઓને પરદેશીઓની પ્રગતિની જાળની વિશાળતાની માહિતી. તેઓ પ્રજાના કેટલાક ભાગનો વિશ્વાસ મેળવીને જે જે સંસ્થાઓ ચલાવે છે, તે દરેક પણ આખર તો નુકશાનમાં જ પરિણત થવાની છે.

શહામૃગનું દૃષ્ટાંત પણ ભ્રમ ફેલાવનારું છે. આપણે તેઓને કહીશું કે–એ દૃષ્ટાંત આપી તમે એમ કહેવા માંગો છો કે–"શિકારી જ્યારે સામે ઉભો છે, ને શાહમૃગ રેતીમાં માથું ઘાલે, એટલે શું તે બચી શકવાનું છે ?"

બરાબર છે કે–બચી શકે નહિ, પણ તો પછી શહામૃગે શું કરવું ?

એમ અમે તમને પૂછીએ છીએ ?

તમે કહેશો કે "બચવા માટે ન્હાસી છુટવું કે બીજા મજબૂત સ્થાનનો આશ્રય લેવો."

તેમ બની શકે તેમ ન હોય, તો શું કરવું ? શું શિકારીની સામે ગોળી ખાવા જવું કે–બીજું જે બને તે કરવું ?

એક શહામૃગ સામે ગોળી ખાવા જાય છે, અને બીજું રેતીમાં માથું ઘાલીને બચવાની ચેષ્ટા કરે છે. બેમાંથી વધારે ઠીક પ્રયત્ન કોનો છે ? જો કે બન્નેય મરી જવાના છે. પણ બેમાંથી અંશતઃ પણ વધારે બુદ્ધિ કોણ ચલાવે છે ?

તમારે કહેવું જ પડશે કે–"સામે ચાલનાર કરતાં રેતીમાં માથું ઘાલનારને મારવામાં શિકારીને કાંઇક વધારે મહેનત પડશે. સમય વધારે જશે, કે–લક્ષ્ય ભેદવામાં તેને કંઇક વધારે સાવચેત રહેવું પડશે."

આ રીતે જોતાં તમારૂં દૃષ્ટાંત કેટલું વિષમ છે ? તે તમેજ વિચારો.

અમારા પ્રજાજનો આધુનિક વિજ્ઞાનનો આશ્રય ન લેતાં અમારી આર્ય સંસ્કૃતિનો આશ્રય લઈ રહ્યા હોય છે, તેને–" આખર તો અમે તમને



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમારી સંસ્કૃતિના ઝપાટામાં લેવાના છીએ, તો પછી શા માટે જ્યાં ત્યાં ભરાઓ છો? મેદાનમાં સામા આવી જાઓ:" આ દલીલો પોતાની મહેનત ઓછી કરવા માટે શીકારીઓ કરે, તેને આપણા સુધારક ભાઇઓએ વગર સમજ્યે ઉપાડી લીધેલી છે.

એઓ જાણે છે, કે "આર્ય સંસ્કૃતિની હુંફમાં જ્યાં સુધી ભારતની પ્રજા ભરાયેલી હશે, ત્યાં સુધી તેના ઉપર સંપૂર્ણ વિજય અશકય છે, એટલે આવી દલીલથી ભોળવાઇને પણ જે કોઈ તેનો આશ્રય છોડી દે, તેટલો આપણને લાભ થાય." એ દૃષ્ટિથી એ દલીલ તેઓ ફેલાવે છે. અને જરૂર તેઓ તેમાંથી પણ કાંઇક ફાયદો તો મેળવેજ છે. અનેક પ્રયત્નોમાંનો આ પણ તેઓનો એક સ્વપ્રગતિમાટેનો પ્રયત્ન જરૂર છે.

ખરી રીતે આર્ય સંસ્કૃતિ રેતીનો ઢગલો નથી. તેને રેતીનો ઢગલો માનનારા મારા દેશ બંધુઓની મનોદશા જ કેટલી વિચિત્ર છે? તે આ ઉપરથી સમજાય છે.

તેઓ દેશ અને પ્રજાનો ઉદ્ધાર કરવાની, પ્રજાને સ્વતંત્ર કરવાની, સંસ્કૃતિ ખીલવવાની વાતો કરે છે. તે પણ માત્ર પ્રજામાં પ્રતિષ્ઠા ટકાવી, આધુનિક વિજ્ઞાનના પ્રચાર માટે છે. તેમને પોતાની વસ્તુઓ, ભાઇઓ, ઉપર સાચો પ્રેમ જ રહ્યો નથી. માત્ર પરદેશી સંસ્કૃતિના ગુલામ-હથિયાર તરીકે કામ કરી રહેલા છે.

जैन साहित्य JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આર્ય સંસ્કૃતિ રેતીનો ઢગલો નથી. આજ સુધી આ પ્રજાનું તેણે રક્ષણ કરેલું છે. અને હજુ અનેક વર્ષો સુધી તે જ રક્ષણ કરશે.

તેનો કોઈ પણ પ્રયોગ, વિજ્ઞાન અને વિચાર વિજ્ઞાનના પાયા ઉપર નથી રચાયેલો એમ નથી. કોઇ પણ રૂઢિરૂપ કે કુરૂઢિરૂપ નથી. પરંતુ દરેકે દરેક પ્રવૃત્તિ વિજ્ઞાનના પાયા ઉપર રચાયેલી છે. માત્ર તેના ખરા અભ્યાસીઓ નથી. અથવા જે કોઈ અભ્યાસીઓ થાય છે, તે પરદેશી અભ્યાસીઓની આંખે અભ્યાસ કરે છે. એટલે બુદ્ધિશાળી વર્ગ પગાર, પેન્શનો અને કમીશનોથી વેચાણ થઇ જાય છે. પ્રજાકીય તથા રાજ્યકીય નાણાના સાધનો પણ બીજા જ શિક્ષણ તરફ ખેંચાઇ જાય છે. ત્યાંના વિજ્ઞાન ઉપરથી પડેલા એક એક રીવાજનો હેતુ શાળા કૉલેજોમાં બાળકોને જાણવા મળે છે. ત્યારે અહીંના દરેક રીવાજોને રૂઢિ, કુરૂઢિ કહી નિંદવાનો રીવાજ ત્યાં વર્ષોથી ચાલુ છે.

ભારતીય તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનના પ્રયોગોએ પ્રજાના દ્રવ્યઃ ક્ષેત્રઃ કાળઃ અને ભાવઃ પ્રમાણે પકડેલું અમુક પ્રકારનું સ્વરૂપ, તે પ્રજાનું હાલનું જીવન. પરંતુ તેને રૂઢી અને કુરૂઢિ કહી નિંદા વિના, પરદેશીઓથી નવા તરીકે ગણાવેલા જીવનને સ્થાન શી રીતે આપી શકાય?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણીને બહાર પડેલાને છાપામાં એ જ વાંચવા મળે, સભામાં એ જ સાંભળવા મળે. તેથી તેઓ શી રીતે આર્ય સંસ્કૃતિની ખૂબી સમજી શકે ? આ વિષમતા યદ્યપિ છે, છતાં પ્રજાનો મોટો ભાગ આર્ય સંસ્કૃતિ પ્રમાણે આજે જીવે છે—અને કેળવાયેલા ગણાતા વર્ગને પણ અમુક અમુક બાબતમાં કોઇને કોઇ વખતે તે પ્રમાણે જીવવું પડે છે. એ જ આજે પણ આર્ય સંસ્કૃતિ જીવંત હોવાનો પુરાવો છે.

માટે તેનો આશ્રય એ રેતીનો ઢગલો નથી, પરંતુ ખરેખરૂં બચાવનું સાધન છે.

આર્ય સંસ્કૃતિ પ્રમાણે પ્રજા જો લાંબો કાળ જીવતી ટકી રહેશે, તો પોકળ પાયાપર ખડું થયેલું હાલનું વિજ્ઞાન આખર થાકી જશે. શિકારીઓને ભાગી જવું પડશે, અને આશ્રય સ્થાન છોડી દેવાની શિકારીઓની વતીજ શિખામણ આપનારા દેશબાંધવોને પણ ચૂપ થવું પડશે.

[ગર્ભાશયનું ઑપરેશન થયા પછી તે ભાગ કાયમ માટે નાશ પામે છે. અંગો કુદરત શિવાય કોઈ ઉત્પન્ન કરી શકતું નથી. ત્યારે ચરક વિગેરે આયુર્વેદિક વિજ્ઞાન કાય ચિકિત્સાથી તેમાંનો રોગ કાઢી નાંખે છે. સર્જરી એટલે વાઢ-કાપ, પણ કાય ચિકિત્સા=ફીઝીકસન તેનાથી વધારે ચડીયાતી વિદ્યા છે. જેને કાય ચિકિત્સા નથી આવડતી તે વાઢકાપ કરે છે. વાઢકાપ એ હાડવૈદ્યોનો ધંધો છે, યુરોપના એ ધંધાદારીઓને વિશેષ મોટું સ્વરૂપ આપવા માટે મોટી જાહે-રાત કરી. પણ વિજ્ઞાનમાં તેનું સ્થાન ઘણુંજ નજીવું છે. છતાં તે વખતે વકરા માટે મોટું સ્વરૂપ આપ્યું, અને તેને ટેકો આપનાર વર્ગ અહીં પણ ઉત્પન્ન કર્યો. ચરકની અદ્ભુત કાયચિકિત્સા હજુ તેઓને સમજાતી જ નથી. ત્યાંની કાયચિકિત્સા હજુ બાલ્યવયમાં છે. આર્યવિજ્ઞાન આગળ આધુનિક વિજ્ઞાન બાળક છે, તેના આવા અનેક પૂરાવા છે.]

જે પ્રજા શિકારીઓ અને તેના ભક્તો ઉપર વિશ્વાસ રાખી પોતાનું ખરૂં આશ્રય સ્થાન છોડશે નહીં, તે પ્રજાનો લશ્કરી દોરથી નાશ કરી શકાશે નહીં. વારંવાર એમ કરી શકાતું નથી. અસાધારણ ભય બતાવવામાં આવે, તેથી ચલિત થાય, તે થાય, ને બાકીના ટકી રહે, ને વળી લશ્કરી દોર મુલતવી રાખવો પડે. પ્રજાનું મન ભાવનાથી જેટલું સજ્જડ રીતે પલટી શકાય છે, તેટલું લશ્કરી દોરથી પલટી શકાતું નથી. માટે શિકારીઓથી આર્યોને બીવાને ખાસ કારણ રહેતું નથી.

માટે આર્ય સંસ્કૃતીને વળગી રહેનારા મૂર્ખ નથી, ડહાપણ વગરના નથી. પરંતુ દુનિયામાં સર્વોપરિ ડાહ્યા છે, અને સંપૂર્ણ સમજદાર છે. અલબત્ત, આજના છાપાંઓ અને કૃત્રિમ સાહિત્ય આ વાતની નોંધ લેતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તેઓ પ્રતિષ્ઠા પૂર્વક જગતમાં જીવી રહ્યા છે, તેજ તેમની ખરી નોંધ છે. પ્રધાનો અને દેશનાયકોને વશ કરવા જેટલા મુશ્કેલ નથી, તેટલા આર્યસંસ્કૃતિ પ્રમાણે જીવનારાઓને જીતવા મુશ્કેલ છે. પરદેશીઓનું ધ્યાન તેમના ઉપરજ હોય છે. બાકી પોતે ઉભા કરેલા સોગઠાઓને તો ક્યાં બેસાડવા અને ક્યાંથી ઉઠાવવા એ હસ્તગત વાત છે. કેમકે તેઓ વાસ્તવિક રીતે ગુલામ જ હોય છે. આઝાદીઃ સ્વતંત્રતાઃની બૂમો પાડ્યા કરે, અને દેશમાં ઘુમ્યા કરે. પરદેશી તંત્ર પ્રજામાં કાયદા કાનુનોથી વધુને વધુ મજબૂત બન્યે જાય, ને પ્રજા આઝાદીની ખોટી ધુનમાં રહ્યે જાય, તેના જેવી સત્તા આગળ વધારવાની પરદેશીઓને બીજી મજા કઈ ?

આર્ય સંસ્કૃતિમાં માનનાર વર્ગને ખસેડીને કોંગ્રેસમેનોને પ્રધાન બનાવવાનો હેતુ આ ઉપરથી બરાબર સમજાશે. અને ત્યારપછી આ દેશમાં વસવાટ કરી રહેલા પરદેશી પ્રજાજનોને તેજ સ્થાનો સુખેથી આપી શકાય, અને તેઓ ધારાસભાઓનો કબજો કરે, એટલે અહીં પાર્લામેન્ટ અને સંપૂર્ણ–પરદેશી–પ્રજાકીય સંસ્થાનિક સ્વરાજ્ય. સારાંશ કે–ભારતીય પ્રજા ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવનારી છે, અને રહેવાની, તેને પલટવાના અનેક પ્રયોગોમાં કોંગ્રેસ વિગેરેનું સ્થાન છે. આર્યસંસ્કૃતિની સામે જેમ પરદેશીઓ છે, તેમજ કોન્ગ્રેસવાદીઓ છે. બન્નેય તોડવામાં એક સામટા સામેલ છે. કોન્ગ્રેસમેનો તોડી રહે, એટલે તેઓ તો ઘેર બેસે, પરંતુ સત્તા તેનો લાભ લે. તોડવા ખાતર બળ કરવા માટે તેઓને પરદેશીઓ બળવાન અને કૃત્રિમ સત્તાધીશ બનાવે, એ સ્વાભાવિક છે. એ રીતે સત્તાધીશ બનાવાયેલા દેશીઓ, તે આજના પ્રધાનો.

જ્યાં સુધી પરદેશી પ્રગતિવાદનું જોર દુનિયા ઉપર રહેશે, ત્યાં સુધી આમ ચાલ્યા કરશે. પરંતુ પ્રાચીન ભારતના મહાત્માઓના પ્રતાપથી ત્રણ રત્નને આરાધનારા એકાદ બે પણ આખર સુધી નીકળ્યા કરશે, એટલે તેનો વિજય જ છે.

માટે જૈન તત્ત્વજ્ઞાન ત્રણેય કાળ માટે સદા અબાધ્ય જ છે. કેમકે–તેનો રત્નત્રયમય જીવન માર્ગ અબાધ્ય છે. તેમાં શંકાને સ્થાન છેજ નહીં. જુદા જુદા કાળક્રમે જુદા જુદા મગજના માણસો જુદી જુદી શોધો અને પોતાના વિજ્ઞાનો ઉભાં કરે છે, પરંતુ વખત જતાં એ અદૃશ્ય થાય છે, અને મૂળ તત્ત્વજ્ઞાન જગતમાં ચાલુ રહે છે. જૈન દર્શનના ઇતિહાસની સાથે વખતોવખત ઘણા વૈજ્ઞાનિકો પોતપોતાની અસરો મૂકતા ગયા છે. તેમ આધુનિક વૈજ્ઞાનિકો પણ થોડું ઘણું પોતાનું મૂકતા જશે. અને એ શાંત થયે, પરિણામે મૂળ વસ્તુ જ કાયમ રહેશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ૩
# એકાન્ત શાસનભક્ત નરવીરને—

યુરોપની પ્રજા પોતાની પ્રગતિ અનેક રીતે કરી રહેલ છે, અને તેને દુનિયાની પ્રગતિ કહી, તેમાં બીજી પ્રજાઓનો પણ સહકાર ખેંચી સ્વાર્થ-સિદ્ધિ કરે છે. યુરોપ શિવાયના પ્રદેશોમાં પણ પોતાના સંસ્થાનો સ્થાપ્યા છે, અને જ્યાં સંસ્થાનો સ્થાપી શકાયા નથી, ત્યાંની પ્રજા ઉપર રાજા તરીકે સત્તા ધરાવે છે, જ્યાં તેમ પણ બની શકે તેમ નથી, ત્યાં સલાહકાર અને હિતચિંતક મિત્રો તરીકે રહે છે. અને તેમ પણ જ્યાં બની શકે તેમ નથી હોતું, ત્યાં પરદેશી સનંદી વ્યાપારી તરીકે પોતાનું કાર્ય આગળ વધારે છે.

સંસ્થાનો અથવા તો સંસ્થાનિક સ્વરાજ્ય સ્થાપવા એટલે મૂળ પ્રજા ધીમે ધીમે નાશ પામતી જાય, અને યુરોપીય પ્રજા ત્યાં જેમ જેમ વસતી જાય, તેમ તેમ ત્યાંના વતની થઇ ગયા પછી સંપૂર્ણ રાજ્યતંત્ર પોતાની પાર્લામેન્ટ દ્વારા ચલાવે. અને માત્ર યુરોપના મુખ્ય રાષ્ટ્ર સાથે ઉપરી સત્તા તરીકે સંબંધ રાખે. તે પણ ખાસ મુશ્કેલી વખતે એક બીજાને મદદ કરવા માટે, બાકી જરૂર નહી.

તાબાનું રાજ્ય એટલે : મૂળ પ્રજાનો નાશ કરી શકાય એવી સ્થિતિમાં એ પ્રજા જ્યાં સુધી ન આવી હોય, ત્યાં સુધી માત્ર તેના ઉપર રાજ્યસત્તા તરીકે દેખરેખ રાખવી, તેના હિત જાળવવા, અને ધીમે ધીમે પોતાના હિત સિદ્ધ કરવા, અને પ્રજા નબળી પડયા પછી તેને પણ સંસ્થાનિક સ્વરાજ્યના રસ્તા ઉપર મૂકીને યુરોપીય લોકોથી એ પ્રદેશ વસાવી, પછી તેને સંપૂર્ણ સ્વરાજ્ય અપાય, તેનું નામ સંસ્થાનિક સંપૂર્ણ સ્વરાજ્ય પાડવું.

હિંદુસ્થાન આજ સુધી તાબાનું રાજ્ય હતું, અને છે. ન્યુઝીલાંડ વિગેરે દેશોમાં તો સંસ્થાનિક સ્વરાજ્ય સ્થપાઇ ગયા જેવું છે. પરંતુ ભારતને સંપૂર્ણ સંસ્થાનિક સ્વરાજ્યના પાયા ઉપર હવે સરકારે મૂકયું છે, અને તેમાં કોન્ગ્રેસ તથા દેશનાયકોની ઘણી મહેનત અને મદદ પણ મળેલ છે.

હિંદની સંસ્કારી પ્રજામાં એકદમ સંસ્થાનિક સ્વરાજ્ય સ્થાપવું મૂશ્કેલ હોવાથી આજ સુધી તેને તાબાનું રાજ્ય ગણવામાં આવેલ છે. હવે તેને સંસ્થાનિક સ્વરાજ્યના માર્ગમાં મૂકવામાં આવેલ છે. અમારી સમજ પ્રમાણે તાબાની પ્રજા તરીકે રહેવું વધારે સારૂં છે. પરંતુ સંસ્થાનિક સ્વરાજ્ય એટલે —મૂળ પ્રજાના મોટા ભાગનો નાશ અને ગોરાંગ પ્રજાનો વસવાટ અને સત્તા-એમ થતાં આ દેશની મૂળ પ્રજાને તે વધારે નુકશાનકારક થાય, એ સ્વાભાવિક છે.

પરંતુ સ્વરાજ્યની ધૂનમાં ચડેલાઓમાંના કોઇનેય, મુત્સદ્દીઓએ સ્વરા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**જયની** આગળ **સંસ્થાનિક** શબ્દ મૂકી રાખ્યો છે, તેનો તેમજ તેના અર્થનો, અને તેના પરિણામનો પણ ખ્યાલ નથી. અસ્તુ.

આ દેશ ને આજ સુધી તાબાનું રાજ્ય ગણવામાં આવ્યું, તેનું કારણ માત્ર આ દેશની પ્રજા ઉપર અંકુશ મૂકવામાં અને તેમના જીવનનો પલટો આણવામાં અહીંની સંસ્કૃતિ–જેને શ્રી મુન્શી **પ્રણાલિકાવાદ** કહે છે,–તેનું મોટું નડતર છે. અને સંસ્કૃતિનું કેન્દ્ર ધર્મો છે. અને ધર્મોમાં જૈન ધર્મ અને તેમાં પણ શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ બહુજ મજબૂત જડરૂપે છે.

એક વખત એવો હતો કે ધર્મોમાં જરા પણ હાથ નાંખવાથી પરદેશી પ્રજા અહીંની પ્રજાનો વિશ્વાસ ગુમાવે તેમ હતું. જેથી તેઓને તાત્કાલીન રાજ્યનીતિને અનુસરીને જાહેર કરવું પડેલ છે કે–"અમો કોઈના ધર્મોમાં હાથ ઘાલીશું નહીં. સૌને પોતપોતાના ધર્મ પ્રમાણે વર્તવાની છુટ રહેશે." અને આજે પણ બહારથી એ નીતિનું પાલન બરાબર કરવામાં આવે છે.

આમ જાહેર કરવા છતાંયે ધર્મોમાં આડકતરો પણ હાથ ઘાલ્યા વિના એ પ્રજા રહીજ નથી. બહુજ ધીરજથી, ખુબીપૂર્વક, દુરદેશીપણાથી, વિશાળ કાર્યક્રમની યોજનાથી, જેના ભાવિ પરિણામ વિષે તત્કાળ કશી કલ્પના ન કરી શકાય તેવી રીતે હાથ ઘાલવામાં આવેલ છે, તેમાં સંશયને અવકાશ નથી.

કારણકે–સંસ્કૃતિનું કેન્દ્ર તોડયા વિના સંસ્કૃતિ મરે નહીં, અને મૂળ સંસ્કૃતિ તોડયા વિના **સીવીલાઇઝની** સંસ્કૃતિનું સ્થાન જમાવી શકાય નહીં, અને તેના વિના યુરોપની પ્રગતિ થઇ શકે નહીં. યુરોપની કે ગૌરાંગ પ્રજાની વિશેષને વિશેષ પ્રગતિ કરવી હોય, તો સીવીલાઇઝની સંસ્કૃતિને આગળ વધારવી જોઇએ. અને તેને આગળ વધારવા હરીફ સંસ્કૃતિને ખસેડવી જોઈએ. અને તેને ખસેડવા તેના મૂળ મત્થકો પણ તોડવા જોઈએ.

તોજ યુરોપ પ્રગતિ કરી શકે, એ સ્વાભાવિક છે. તે રચનાત્મક યોજનાઓ મારફત કરવા માટે સૌથી પહેલાં અહીં કેળવણીનું ધોરણ બદલવામાં આવ્યું. ૧૮૧૩ માં ખ્રીસ્તી ધર્મના પ્રચારને પાર્લામેન્ટે કાયદો કરીને છુટ આપી. આર્યસમાજ વિગેરે, મૂળ ચુસ્તતાથી ખસી ગયેલા વર્ગો ઉભા થયા, તેને આડકતરો રાજ્યાશ્રય મળ્યો. અને તેણે એક ઝપાટે "વેદો શિવાય, ભારતીય બુદ્ધિથી રચાયેલા તમામ સાહિત્યોને જાહેરમાં ખોટું ઠરાવ્યું, અને મહા પાપ વ્હોર્યું. આ દેશમાં થઇ ગયેલા લાખો સાચા બુદ્ધિશાળી પુરુષોનું અપમાન થયું. એ રીતે પ્રાચીનને બદલ પોતાની શાળા કોલેજોમાં પણ નવી વિદ્યાના પુસ્તકોના પ્રચારને જગ્યા મળી. જુઓ સ્વદેશીપણું ! !

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, થીઓસોફીસ્ટ વિગેરે ખ્રીસ્તી ધર્મના કંઇક અનુકરણ રૂપ સિદ્ધાંતોના પ્રચાર કરનારા પણ એકાએક ઉત્પન્ન થયા.

"બધા ધર્મોને સરખું માન આપવું:" એ ભાવના ઉભી કરી પ્રજામાંથી પોતપોતાના ધર્મ વિષેની ચુસ્તતા ઢીલી કરવામાં આવી છે. છતાં પ્રજાને ધર્મરહિત રાખવાની ઇચ્છા છે એમ માનવાને કારણ નથી. "જુદા જુદા ધર્મોને બદલે જગત્માં એક ધર્મ હોય તો ઠીક" એવી ભાવના ઉભી કરી અમેરિકામાં **૧૮૯૩માં વિશ્વધર્મ પરિષદ્** ઉભી કરવામાં આવી હતી. એ પરિષદ્નું ધ્યેય—"આખી દુનિયાના તમામ ધર્મોવાળાઓ પાસે ધીમે ધીમે "જગત્માં એકજ વિશ્વધર્મ હોવો જોઇએ, અને માત્ર ખ્રીસ્તી ધર્મજ વિશ્વધર્મ થવાને લાયક છે. એવી કબુલાત કરાવવી," એ છે.

એ કબુલાત કરાવવા સુધીમાં યુરોપીયન લોકોએ જુદી જુદી સ્થાપેલી: અને તેના અનુકરણ રૂપે તે તે ધર્મવાળાઓએ પણ પોત પોતાના ધર્મની ઉન્નતિના ઉદ્દેશથી કોન્ફરન્સો વિગેરે સ્થાપેલી: એ બન્નેય પ્રકારની સંસ્થાઓ મારફત ધીમે ધીમે પ્રચાર કાર્ય કરીને એ ધ્યેયની સિદ્ધિ કરવાની છે. એટલે એ પરિષદ્નું કાર્ય હાલમાં ઘણુંજ ધીમું દેખાય છે. પરંતુ તેનો ઉદ્દેશ સિદ્ધ કરનારી એ અવાન્તર સંસ્થાઓ તો ઝપાટાબંધ કામ કર્યેજ જાય છે.

ખ્રીસ્તી ધર્મમાં ઉંચું તત્ત્વજ્ઞાન નથી. તેમજ તેમાં આધ્યાત્મિક જીવન વિષે ખાસ કાંઇ તત્ત્વો નથી. એટલે સામાન્ય રીતે પ્રજાને તે નીતિનો ઉપદેશ આપે છે. તેથીજ ભારતની આધ્યાત્મિક જીવનવાળી પ્રજાને પણ નૈતિક જીવનમાં વધારે આકર્ષવામાં આવે છે. કેવળ નૈતિકની પ્રતિષ્ઠા એટલે આધ્યાત્મિકનો હ્રાસ. ખ્રીસ્તી ધર્મ પાસે તત્ત્વજ્ઞાન જેવું પણ કાંઈ છેજ નહીં. એટલે હાલના વિજ્ઞાનની મદદ લેવા માટે વિજ્ઞાનની પ્રતિષ્ઠા ખાસ ઉત્પન્ન કરવામાં આવે છે.

વળી ખ્રીસ્તી ધર્મ પાસે તાત્ત્વિક ઉપદેશ નથી, એટલે સંખ્યાબળ ઉપર ધર્મની શ્રેષ્ઠતા ઠરાવવામાં આવે છે. પ્રજાકીય લાગવગ, ફેલાતી બેકારી, વિદેશી કેળવણી, પોતાના શાસ્ત્રો વિષે અજ્ઞાત લોકોને દરેક ધર્મવાળાઓમાંથી ખેંચવાની તેઓએ ગોઠવી રાખેલી યુક્તિઓ,થી તેઓ પોતાની સંખ્યા દિવસે દિવસે વધાર્યે જાય છે. આજે વધારીને ૫૫ કરોડની સંખ્યા કરી છે. અને તેઓ એમ કહે છે—" આ ધર્મ એટલો સારો છે કે—લોકો સુખેથી તે ગ્રહણ કરી શકે તેવો છે, તેની સંખ્યા સહજમાં વધ્યે જાયછે, ને વિશ્વમાં ફેલાઈ જશે. માટે તે ધર્મ વિશ્વધર્મ થવાને લાયક છે."

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ધર્મોમાં સડો પેઠો છે" એવી વાતો અહીંના લોકો મારફત ફેલાવાતી જાય છે. તેમ તેમ તે તે ધર્મોના બળને તોડવાનો માર્ગ મળે છે.

અને **બંધુભાવની** ભાવનાથી ઉદારતા બતાવાય, અને તે તે ધર્મવાળાઓને આકર્ષી પણ શકાય, બંધુ બનાવી શકાય. બંધુથી જુદા ખાવાનું કેમ બને ? ભેગા ખાવાપીવાનું થાય, એટલે હિંદુઓ તો—જેને વટલાવું માને છે—તે રીતે બંધુભાવની ભાવનાથી તેઓ સહેજે વટલાતા જાય. એમ લોહીની અને સંસ્કારની શુદ્ધિ જાળવવામાં ઢીલા થતાં બેટી અને રોટી વ્યવહારમાં પણ ઢીલા થાય. એમ સામાન્ય સિદ્ધાંતના સ્વીકાર માત્રથી ખ્રીસ્તી સંસ્થાઓ તેઓને ખ્રીસ્તી ધર્મના મેંબરો માની લે. અને સંખ્યાની વૃદ્ધિમાં ગણે.

૧૮૯૩ માં ભરવામાં આવેલી પ્રથમ **વિશ્વધર્મ પરિષદ્** જો કે અમેરિકામાં ભરાઇ છે, પરંતુ તેમાં ઇંગ્લાંડનો મુખ્ય હાથ છે. તે કેટલાક પુરાવાથી નક્કી થાય છે. ઇંગ્લૅંડનું રાષ્ટ્ર ભારતમાં બે રીતે કામ કરી શકે છે. ૧ તો વિશ્વધર્મ પરિષદ્ વિગેરે વ્યાપક સંસ્થાદ્વારા પ્રજાનો લોકમત **એક વિશ્વધર્મ** તરફ કેળવે છે. અને ૨ અહીંના લોકોમાં લાગવગ, કાયદા, વિગેરેથી વિશ્વધર્મને અનુકૂળ વાતાવરણ ઉત્પન્ન કરવા તે તે ધર્મોમાં સંસ્થાઓ સ્થાપે છે, આડકતરું ઉત્તેજન આપે છે, તેવા તેવા માણસોનો સુધારક વર્ગ ઉત્પન્ન કરે છે, અને તેને ઉત્તેજે છે. મૂળ વર્ગને પણ હાથમાં રાખીને પોતાને માટેનો માર્ગ સરળ થાય તેવા માર્ગ ઉપર લઈ જઇ શકે છે. સારાંશ કે—અંદરથીઃ અને બહારથીઃ એમ બન્નેય રીતે કામ કરી શકે છે.

પ્રથમ તો તે પરિષદ્ના ચૅરમૅન રેવરંડ (ખ્રીસ્તી પાદરી) છે. એ સભા કોણે ગોઠવી ? કયા કયા ધર્મના ગુરુઓએ મળીને એ સંસ્થા ગોઠવી ? તેમને ચૅરમૅન કોણે નીમ્યા ? એ બધું અંધારામાં છે. **પૂજ્ય આત્મારામજી મહારાજને** મેંબર થવાનું આમંત્રણ આવે છે, તેથી તેઓ ઉપરના પ્રશ્નો વગર પૂછયે મેંબર થઇ જાય છે. શ્રી જૈન શાસનને તન, મન, સર્વસ્વ અર્પી ચૂકેલા એ મહાત્મા એ સંસ્થાના મેંબર શી રીતે થવાને પ્રેરાયા ? તે એક જૈન મુનિ તરીકેના ધર્મો વિચારતાં સમજી શકાતું નથી. તેઓ પ્રતિનિધિ મોકલે છે. પણ તે મોકલવામાં પણ મુંબઇમાં સુધારક વર્ગ અને ચૂસ્ત વર્ગને મારામારી થઈ હતી. તે વખતે સુધારકવર્ગના આગેવાન **સુરતના** વતની **રતનચંદ માસ્તર** તરીકે જાહેર થયેલા કોઇ જૈન ગૃહસ્થ હતા. **જૈન એસોસીએશનમાં** પણ તે આગેવાન હતા. તે અંગ્રેજી ભણેલા હતા એટલે કે આપણી સમાજમાં સુધારાના કામો કરાવી લેવા માટે પરદેશી પ્રજાને તે વખતે તે ઘણા ઉપયોગી હતા. જેથી સરકારી મોટા મોટા ગવર્નર સાહેબ સુધીના અમલદારોમાં તેમનું માન બહુ

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સારૂં રાખવામાં આવતું હતું. સાંભળવા પ્રમાણે તે મારામારીને બીજે દીવસે યુરોપીય ઑફીસોમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે–"આમ તમારા તરફ મારામારી ચલાવનારાઓ ઉપર તમે કામ કેમ ન ચલાવ્યું ?" ત્યારે સાંભળવા પ્રમાણે તેમણે એ જવાબ આપ્યો હતો કે–" મારા ભાઈઓનો માર હતો. ને ?" કેમકે–જો કે તે સુધારાને પંથે ચડી ચૂકયા હતા. પણ તે વખતે તેમનામાંથી એટલા બધા સંસ્કાર લોપ નહોતા પામ્યા, કે–આજના સુધારકો તો સાધુ મુનિરાજ કે સંઘની બીજી મહાન્ વ્યક્તિઓ સામે યદ્વાતદ્વા બોલવા, લખવા કે ગમે તેમ વર્તવા સંકોચાતા નથી. જો કે એટલી સુધારાની આપણા સમાજમાં થયેલી પ્રગતિની એટલે કે પરદેશીઓની યોજનાઓના વિજયની નિશાની છે, એમ તો કબૂલ કરવું જ પડશે.

હિંદમાંથી પ્રતિનિધિઓ મોકલીને ખ્રીસ્તી ધર્મને વિશ્વધર્મ તરીકે ભવિષ્યમાં બનાવનારી એ વિશ્વધર્મ પરિષદ્‌ને ટેકો આપી, વધુ લોકપ્રિય કરવાની બાબતમાં ઈંગ્લંડની સરકારનો હાથ હતો જ. અને મેં૦વીરચંદ રાઘવજી ગાંધી તથા સ્વામી વિવેકાનંદ વિગેરે તેમની સહાયથીજ ત્યાં જઈ શકયા હતા.

એ પ્રથમ વિશ્વધર્મ પરિષદ્ વિષેનું પ્રથમ પુસ્તક પણ લંડનમાં જ બહાર પડે છે. પૂ. આત્મારામજી મહારાજની સ્તુતિ વિગેરેનું તાત્પર્ય પણ જૈન કોમને તેમાં ભાગ લેતી કરવાના ધ્યેયથી હતું. એ હવે બરાબર સમજાય છે. અહીંથી ગયેલા પ્રતિનિધિઓ વળતાં ઈંગ્લંડ જાય છે. અને ત્યાં તો જૈનધર્મ અંગીકાર કરવા મી. હર્બર્ટ વૉરન જેવા તૈયાર બેઠા હતા. તે ઝટ જૈન ધર્મી બની બેસે છે. તે શા માટે એ વખતે જૈન બનવા તૈયાર થયા ? તેનો ખુલાસો **ઋષભ મહાવીર સંઘ** સ્થપાતાં આપણને બરાબર મળી રહે છે.

આ અરસામાં થીઓસોફીસ્ટ સંસ્થાઓ સ્થાપનાર મી. બ્લેવેસ્કી (એવું નામ યાદ છે) તે ક્ષણિક બૌદ્ધ થાય છે. ભારતમાં પાંચ વર્ષ રહે છે, ને પોતાની સ્થાયી સંસ્થા સ્થાપી જાય છે. એ સંસ્થાના પ્રચારકાર્ય માટે મીસી. એનીબેસેંટ રૂદ્રાક્ષની માળા પહેરે છે, હિંદુધર્મના વખાણ કરે છે. તારક સંઘ સ્થાપે છે, ને એ સંસ્થાનું પ્રચાર કાર્ય કરે છે, મેંબરો બનાવે છે, સંસ્થાઓ સ્થાપે છે. ગીતાનું ભાષાંતર તથા રૂદ્રાક્ષની માળા તો માત્ર હિંદુ શ્રોતાઓનો વિરોધ ન રહે, અને પોતાના ભાષણો સૌ છુટથી સાંભળે, ત્યારે તેમાંથી થોડા થોડા મેંબરો મળી રહે, તે માટેની યુક્તિ હતી. ત્યારપછી કૃષ્ણ મૂર્તિ જગદ્ગુરુ બની બુદ્ધના ભગત બનવાનો દેખાવ કરે છે, ને ધર્મોની ગુલામીમાંથી નીકળી જવાનો યુવકોને બોધ કરે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ થીઓસોફીસ્ટોના બે ત્રણ સિદ્ધાંતો પણ લગભગ એવાજ જણાયા છે.

૧ બંધુભાવ ફેલાવવો.

૨ વિજ્ઞાનની મદદથી ધર્મોનું સંશોધન કરવું.

૩ સદાચારમાં પ્રજાને જાગ્રત્ કરવી. વ્હેમો ટાળવા વિગેરે.

તે દરમ્યાન ફ્રીમેશન વિગેરે ઘણી સંસ્થાઓ, કલબો, સોસાયટીઓ, વગેરે ખ્રિસ્તી સંસ્થાઓ આ દેશમાં સ્થપાયેલી છે. તેઓ ધીમે ધીમે એ કામ શરૂ રાખે છે.

૧૮૫૭ ના બળવા પછી મૂકેલી રાજદ્વારી સ્કીમને રદ કરી ફેડરેશન નામની નવી સ્કીમનો અમલ કરવા પ્રજા પાસેજ તેની માંગણી કરાવવા અસહકારની હીલચાલને બહારથી દબાવવાના પગલાં ભરીને વેગ આપવામાં આવ્યો, ત્યારે એક શંકરાચાર્યને પણ પકડવામાં આવ્યા હતા. અને તે અરસામાં એક હોમ મેંબર સાહેબ એવું બોલ્યા પણ હતા કે—"દેશના સામાન્ય હિતની વચ્ચે ધર્મ આડે આવશે તો ભગવા કપડાનું માન રહેશે નહી." લગભગ આવા તેમના શબ્દો હતા. ત્યારથી ધીમેધીમે કંઈક પ્રત્યક્ષ રીતે વિશ્વધર્મ પરિષદ્‌ને ટેકો અને અહીંના ધર્મો તરફ આડકતરૂં દબાણ શરૂ થયેલ જોવામાં આવે છે.

૧૮૩૩માં ચિકાગોમાં બીજી વિશ્વધર્મ પરિષદ્ થાય છે, તે પહેલાં ઇંગ્લાંડથી ઇંગ્લાંડના વડાપ્રધાન મેકડોલન સાહેબ અમેરિકામાં થોડા દિવસ ગયા હતા. તે વખતે મારૂં અનુમાન ચોક્કસ હતું કે "હિંદ માટેની કોઈ વિચિત્ર યોજના માટે ગયા હશે."

પહેલી ગોળમેજીના ભાષણમાં પણ "ધર્મના ઝઘડા બંધ પડો." એવું એક તેમનું સૂચક વાક્ય પણ પ્રાયઃ હતું એમ યાદ આવે છે.

અહીં શ્વેતામ્બર મુનિઓની સત્તા તોડવા માટેની હીલચાલ—દીક્ષા પ્રકરણના નામ નીચે શરૂ હતી. નામદાર ગાયકવાડ સરકારને મળવા જૈન આચાર્યો તથા મુનિઓ જાય છે. તેવામાં તેમને અતિ અગત્યના કામ માટે ઈંગ્લાંડ જવું પડે છે. અને તે અગત્યનું કામ તે બીજું કાંઇ નહીં—પણ અમેરિકામાં ચિકાગોની વિશ્વધર્મ પરિષદ્ તેમને હાથે ખુલી મૂકાવવાની હતી.

કોઈ ધર્મગુરુ નહીં, ને એક રાજ્યકર્તા ધર્મપરિષદ્ ખુલી મૂકે, એ આશ્ચર્ય ઘટના નથી ? છે, પણ બીજી રીતે નથીજ. નામદાર ગાયકવાડ સરકારને નાનપણથી તેવું શિક્ષણ આપેલું છે. પરિષદ્ ખુલ્લી મૂકતાં તેઓશ્રી સામાન્ય રીતે વેદાંતની સ્તુતિ કરે છે. જૈનોની અહિંસા પર જોકે જૈનોના નામ નિર્દેશ વિના પણ કટાક્ષ કરે છે. અને ખ્રિસ્તી ધર્મ તથા તેના પ્રચારકોની પ્રશંસા કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમની પાસે વાંચનાર રહે છે, તે પણ પ્રાયઃ હાલમાં ખ્રિસ્તી છે. એ બધું આગળ વધારવા માટે-જૈનોને દીક્ષા પ્રકરણમાં પાછળ પાડવામાં આવે છે, અને તેમાં જૈનોની જ નવા સ્વરૂપે સ્થપાયેલી સંસ્થાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

"જગત્‌માં એક ધર્મ કરી શકાય, માટે પૂર્વ દેશના યુવાનો શી મદદ કરી શકે?" એ વિષય ઉપર નિબંધ લખનારને ૫૦૦ ડોલરનું ઇનામ આપવાનું અમેરિકાથી એ વખતે જાહેર થાય છે. મુંબઇ વિગેરે વિશ્વધર્મ પરિષદ્‌ના એલચી=પ્રતિનિધિ આવી જાય છે. લગભગ તે વખતથી ને તેની પહેલાં કેટલાકજ વર્ષોથી આ દેશમાં પણ સર્વધર્મ પરિષદો ભરાય છે. અને એ જાતનું એકંદર વાતાવરણ દેશમાં ફેલાય છે. સંપ્રદાયો તોડી મૂળ ધર્મોની એકતાના વાયરા પણ ત્યારથી વાય છે.

"અંદર અંદરના ધર્મોવાળા પોતેજ પ્રથમ સંપ્રદાયો તોડે, તો પછી મૂળ ધર્મોને તોડીને એકજ મૂળ ધર્મને કાયમ કરવાનું કામ તો વિશ્વધર્મ પરિષદ્ કરવાની છે. પણ જ્યાં સુધી સંપ્રદાયો ન તુટે, ત્યાં સુધી મૂળને તોડવાની વાત શી રીતે બને? સંપ્રદાયો તુટે એટલે મૂળ તોડવાનું સહેલું થઇ પડે."

મૂળ ધર્મોની બ્રાન્ચ ઓફીસો તે સંપ્રદાયો, સંપ્રદાયોમાં મૂળ ધર્મો મનુષ્યોની સગવડ પ્રમાણે વ્હેંચાયેલા છે. એટલે સંપ્રદાયો એ મૂળ ધર્મની વિશેષ શક્તિઓ છે. વધારે બળવાન મૂળ પેઢીજ બ્રાન્ચો કાઢી શકે. બ્રાન્ચો સંકેલવી પડે, એજ મૂળ પેઢીની નબળાઇ. બ્રાન્ચો સંકેલાયા પછી બીજી મોટી હરીફ પેઢી મૂળ પેઢીને સહેલાઇથી ઉખેડી શકે. એવીજ સંપ્રદાયોના નાશની હીલચાલમાં નીતિ ગોઠવાયેલી છે.

સુધારક વર્ગને આડકતરૂં માનપાન અને આર્થિક ઉત્તેજન તો પરદેશીઓ તરફથી રહેજ છે. અને તેઓ પોતપોતાના ધર્મની ઉન્નતિની નવીન સંસ્થાઓ કાઢીને, તે મારફત એકતા વિગેરેની પ્રથમ વાતો કરીને પછી સંપ્રદાયો તોડવાની વાતો કરીને મળને વધારે આગળ લાવવાની લાલચો આપ્યે રાખે છે, ને વિનાશનો પંથ સરળ કરે છે.

આવું અનેકવિધ પ્રચારકાર્ય વિશ્વધર્મ પરિષદ્‌ની તરફેણમાં થઇ રહ્યું છે.

ત્યારપછી ત્રણજ વર્ષમાં ખુદ ઇંગ્લંડમાં ઇંગ્લેંડના ધર્માધિકારીની દેખરેખમાં નામદાર ગાયકવાડ સરકારના પ્રમુખપદે વિશ્વધર્મ પરિષદ્ ભરાય છે.

એ ધર્માધિકારીને બધા ધર્મોના તત્ત્વોનું તો સામાન્ય જ્ઞાન હોય છે, પરંતુ દુનિયામાં કેટલા ધર્મો છે? તેના પાળનાર કેટલા છે? કયા વધારે મજબુત છે? કયા વધારે ચુસ્ત છે? કયો ધર્મ વધારે પ્રજાને આકર્ષી રહ્યો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે ? કોની વધુ લાગવગ છે ? કોને કઇ લાગવગ વધુ આપવાથી તેના કેટલાક અનુયાયિઓ આપણને વિશ્વધર્મ પરિષદ્‌ના કાર્યમાં મદદ કરે ? કોણ કોણ એવા માણસો છે ? સામો પક્ષ કેવો બળવાન છે ? અને તેમાં કોણ કોણ મજબૂત માણસો છે ? બીજા હાથ ઉપર તેમને પણ કેવી રીતે રાજી રાખવાથી વિઘ્નરૂપ ન થઇ શકે ? વિઘ્નરૂપ થવા જતાં તેમના આર્થિક ધાર્મિક વિગેરે હક્કોની ચિંતા તેને કેમ ઉભી થાય ? વિગેરે વ્યવહારૂ પ્રશ્નોની બાબતોનું તેને વધારે સંગીન જ્ઞાન હોવાનો સંભવ છે.

નામદાર ગાયકવાડ સરકાર જેવા સત્તાધીશ રાજાની લાગવગથી પરિષદ્‌ના ધ્યેયોનો વધારે સારી રીતે પ્રચાર કરી શકાય, વળી જૈન ધર્મનું કેન્દ્ર ગુજરાત, તેમાં સત્તા નામદાર ગાયકવાડ સરકારની. તેમાં પ્રવેશ કરવા માટે જૈનોને દબાવ્યા પછી ઉછરતી પ્રજામાં સર્વધર્મના જ્ઞાનનો ફેલાવો નિશાળો મારફત કરવાને લાગવગવાળું દેશી રાજ્યજ જોઇએ. બ્રીટીશ સરકાર એકદમ એવી શરૂઆત કરી શકે નહી. ધારાસભામાં પસાર કરાવવું પડે. વિશાળ લોકમત કેળવાયા વિના હાલ તુરતમાં એમ બની શકે નહીં. નામદાર ગાયકવાડ સરકાર પોતાની નિશાળોમાં એ શિક્ષણ પ્રચારવાનું લગભગ વચન આપી ચુકયા જેવું છે. અને અહીં આવ્યા પછી તુરતજ **જગતના વિદ્યમાન ધર્મો** નામના ખ્રિસ્તી પાદરીના પુસ્તકનું ભાષાંતર પણ બહાર પડાવી દીધું છે !

એ ખ્રીસ્તી પાદરીએ વિચિત્ર મૂળ પુસ્તક લખ્યું છે. ડોળ જાણે દરેક ધર્મનું તત્ત્વ સમજાવવાનો કરેલ છે. અને સર્વધર્મ તરફ સમભાવ બતાવતા હોય એવો દેખાવ કરેલો છે. જે ધર્મ સહેલાઇથી તોડી શકાય તેવા છે, તેનો તો તેણે ઉલ્લેખજ કર્યો નથી. પણ જે તોડવા મુશ્કેલીવાળા છે, તેવા અગ્યાર ધર્મોના વખાણ કરી તેના તત્ત્વો સમજાવ્યા છે, અને ગુણદોષની મીમાંસા કરી છે. પરંતુ આખર-સંખ્યા, વિશ્વધર્મને લાયકના ગુણો, વિગેરે તત્ત્વોથી—

૧ ખ્રીસ્તી ધર્મજ વિશ્વધર્મ થવાને લાયક છે.

૨ ઇસુખ્રીસ્ત એજ એક સર્વગુણ સંપન્ન દેવ છે.

આ બે તત્ત્વોને ખૂબ સ્થિર કરેલ છે.

પ્રસ્તાવનામાં જગત્‌માં એક ધર્મ હોય તો સારૂં. પછી ગમે તે હોય, તેની સામે કેમ જાણે વાંધો નહોય, તેમ તટસ્થતા બતાવી છે. અને પ્રસ્તાવનાકાર દેશીબંધુએ **શ્રી સિદ્ધસેન દિવાકરજી**ની દ્વાત્રિંશિકામાંનો **સર્વસિન્ધવઃ**— એ શ્લોક ટાંકયો છે. એટલે કે—"એક મહાધર્મમાં બીજા ધર્મોરૂપી સર્વ નદીઓ આવી મળે છે." તે મહાધર્મ કયો ? ગ્રંથ લેખકને મહાધર્મ—તરીકે ખ્રીસ્તી ધર્મ અભિપ્રેત છે, શ્લોકકારને સ્યાદ્વાદમય તત્ત્વજ્ઞાન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીજી પરિષદ્માં **મી૦લાલન** પ્રતિનિધિ તરીકે ગયા. પણ તેમાં તેમને પ્રથમ ભાગ લેવા ન દીધો. લાગવગથી ઘુસવું પડયું. ભાગ લેવા ન દેવાનું કારણ માત્ર–"જૈનોની નાની સંખ્યાજ" જાહેરમાં બહાર આવ્યું હતું.

કેવું વિચિત્ર કારણ? પૂ. **આત્મારામજી મહારાજને** આગ્રહ કરીને બોલાવાય છે, ત્યારે ત્રીજી પરિષદ્ વખતે પ્રતિનિધિ પણ માંગવામાં આવતો નથી. પેસવા જાય છે, તેને પણ નકારવામાં આવે છે, ત્યારે તેમને લાગવગ લગાડવી પડે છે. સંખ્યાનું બ્હાનું શા માટે આગળ કર્યું હશે? એ એક કોયડો છે. ત્યારે શું નાની સંખ્યાને લીધે જૈનોને ન પેસવા દેવાનો તેઓનો પાકે પાયે વિચાર ખરો?

બન્ને ય નહી.

સંખ્યાનું બ્હાનું આગળ ધરવાનું કારણ તો "જૈનો પોતાની સંખ્યા વધારવાની ભૂલ ભૂલામણીમાં પડે." "જો આપણે સંખ્યા વધારી શું નહીં તો, આપણું વિશ્વધર્મ પરિષદ્માં સ્થાન રહેશે નહીં." એવી બીકથી કેટલાક ભોળા જૈનો સંખ્યા વધારવાની હરિફાઇમાં પડે.

અને વિશ્વધર્મ પરિષદ્નું ધ્યેય "છેવટ કોઇપણ એકજ ધર્મ દુનિયામાં સ્થિર કરવો. અને તે પણ ખ્રીસ્તીજ." કેમકે–સંખ્યા ઉપર આધાર મૂકવામાંજ અહીં તેમની પૉલીસી પણ સ્પષ્ટજ થઇ જાય છે.

એ કામમાં જે જે ધર્મવાળા સહકાર આપે તે લેવામાં વાંધો શો? ન આપે તો પણ લેવો જોઇએ. "એક ધર્મ કરવો એટલે બીજા છુટક નષ્ટ કરવા" એ અર્થ સ્પષ્ટજ છે. "જૈનો બુદ્ધિશાળી વર્ગ છે. તેઓ એક ધર્મ કરવાની હિલચાલમાં જોડાય, તો તેણે પોતાના ધર્મના નાશમાં પણ સહકાર આપ્યો તો ગણાયજ. એવું પગલું એ ભરે નહિ. પરંતુ ખરી વસ્તુસ્થિતિથી અજ્ઞાન એક સુધારક વર્ગ ઉભો કર્યો છે. તે આગળ પડવા ભરાતો ફરે છે, તેને ના પાડે, એટલે વધારે ઘુસવા તે પ્રયત્ન કરે. એટલે ભવિષ્યમાં કહી શકાય, કે "અમે તો ના પાડતા હતા, પણ તમે લાગવગથી આવ્યા, માટે પેસવા દીધા, એટલે કે–તમે તમારી ઇચ્છાથી આવ્યા છો." એક વાત પકડયા પછી છોડાય નહીં, એટલે પછી એ સંસ્થાના ઉદ્દેશને એ વર્ગ બરાબર વેગ તો આપેજ. એટલે ચુસ્ત વર્ગ જોર કરી શકે નહી. અને જેમ જેમ તે નબળો પડતો જાય, તેમ તેમ ધર્મ પણ નબળો પડતો જાય.

આ બધું થયા પછી, પાછા મી. હર્બર્ટ વૉરન વિગેરે આગળ આવી મી. લાલનને આગળ કરીને, ઋષભ મહાવીર જૈન સંઘ સ્થાપે છે. એટલે જૈન ધર્મને નામે યથેચ્છ પ્રચારકાર્ય માટે એક સંસ્થા તેઓએ ઉભી કરી લીધી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે ભારતમાં પ્રભુ મહાવીરે સ્થાપેલો પરંપરાનો સંઘ, અને યુરોપનો ઋષભ મહાવીર સંઘ બન્નેની અથડામણી ચાલુ રહેવાનીજ. એ સંઘ નવા જૈનો દાખલ કર્યે જશે, સંખ્યા વધારશે. અને જૈનોની મોટી સંખ્યા લઈને ભવિષ્યમાં વિશ્વધર્મ પરિષદ્‌માં જશે. અને ત્યાં બહુમતીમાં હારીને આવશે. ને ખ્રીસ્તી વિશ્વધર્મ તરીકે દુનિયાના જૈનોને પણ બંધનકર્તા થાય, તેવી રીતે સ્વીકાર કરતા આવશે. ને પછી અહીંના સંઘનો વાંક કાઢશે કે-"તમોએ જૈનોની સંખ્યા વધારી નહીં, એટલે અમારે હારી જવું પડયું. જૈનોની જેમ એક અંગ્રેજ ગૃહસ્થ મી. જેરામદાસ નામ ધરીને હિંદુ થયા છે. મી. ધર્મપાલ (ઇટાલીના ગૃહસ્થ છે) જે બોદ્ધ આચાર્ય થયા છે. યુરોપના ગૃહસ્થો તે તે ધર્મમાં પેસીને તે તે ધર્મને નવું સ્વરૂપ આપીને તે તે ધર્મનો પ્રચાર કરશે. જુનું સ્વરૂપ આપોઆપ તુટેજ, અને નવું સ્વરૂપ જમાનાને એટલે ખ્રીસ્તી ભાવનાને, વિજ્ઞાનને, કૃત્રિમ બંધુભાવનાને અને માત્રનીતિમય જીવનનેજ અનુકૂળ ઘડતા જશે. તેમ તેમ ખ્રીસ્તી ધર્મનું વિશ્વધર્મ તરીકેનું કાર્ય વધારે સફળ થાય, એ સહજ જ છે.

દરેક ધર્મવાળાના મુખ્ય પુરુષોની આંતરિક ઇચ્છા ન છતાં, તે તે ધર્મમાં દાખલ થયેલ વિદેશી હિતચિંતકો તે તે ધર્મના થોડા સુધારકોની સહાયથી વધુને વધુ પોતપોતાનો ધર્મ ફેલાવવા પ્રયત્ન કરશે. અને તેથી ખ્રીસ્તી ધર્મવાળાઓને પણ એ હક્ક રહેવાનો જ. તે તે ધર્મમાંથી ખ્રીસ્તીમાં કેમ ખેંચાઇ આવે, તેને માટે તે તે ધર્મનો અભ્યાસ કરનારા, તેમાંજ તદ્દનુકૂળ રહીને પ્રચાર કરનારા, કયા તત્ત્વ ઉપર વધારે ભાર મૂકવાથી તે ધર્મોવાળા ધીરે ધીરે મૂળ ચુસ્તતા ઉપરથી ખસશે? વિગેરે પ્રકારની ગોઠવણ કરી લીધી છે. એટલે દરેક ધર્મવાળા પોતપોતાની સંખ્યા વધારવાની ધમાચકડીમાં પડે, અને પછી એ કાર્ય બંધ કરવામાં આવે. કેમકે "જગત્‌માં વિશ્વધર્મ એકજ જોઇએ." એ ભાવનાજ ધમાચકડી બંધ પાડી દેશે. અને "તે માટે કયો ધર્મ લાયક છે?" એ પ્રશ્ન પછી આત્રીજ રીતે નવી હીલચાલનું અંગ બની જતાં-ધમાધમી બંધ પડતાં-ખ્રીસ્તી ધર્મમાં મોટી સંખ્યા ચાલી ગયેલી માલૂમ પડશે. બીજા ધર્મમાંથી તે તે બીજા ધર્મોમાં થોડા થોડા કે ઘણા કામચલાઉ દાખલ થયા હોય, પરંતુ તે તે ધર્મોના ચૂસ્ત લોકો ખ્રીસ્તીમાં કે બીજા જેમાં જેમાં દાખલ થઇ ગયા હોય, તે બધું ઢીલું થતાં દરેક ધર્મોમાં ખરા ચુસ્ત લોકો ઘણાજ ઓછા રહે, એ સ્વાભાવિક છે. લાગવગ, એકારી, પૈસાની છુટ, કાયદા, પ્રચારની યુક્તિ, બહોળા સાધનો, જાહેરસભાઓ વિગેરેથી ખ્રીસ્તી ધર્મવાળા ખૂબ વધી જાય, એ સ્વાભાવિક છે. રાજામહારાજાઓ, મોટા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમલદારો વિગેરે પણ એ તરફ દોરાય. એવા લોકો ખાસ અમલદાર બને, કેટલાક વ્યામૂઢ ધર્મગુરુઓ પણ મનથી તો દોરાયા હોય, એટલે પ્રજાનો કેટલોક ભાગ પણ દોરાયજ.

માટે સંખ્યા વધારવાની ધમાધમમાં પડવું એટલે "વંશવારસાથી અસ્થિમજ્જા–ચુસ્તોની સંખ્યા ગુમાવવી, ને અચુસ્તોની અધ્રુવ સંખ્યા ઉમેરવી." સગવડીયા દૃષ્ટિથી ધર્મમાં દાખલ થયેલા બીજેથી સગવડ મળે, તો બીજે ચાલ્યા જાય, એ પણ સ્વાભાવિક છે.

એમ થોડા પણ ચુસ્ત રહે તો શો વાંધો ? એ પ્રશ્ન વિચારવા જેવો છે.

વાંધો એ છે કે–બહુમતીવાદ એવો છે, કે પછી તેમાં લઘુમતી કાયદેસર ટકી શકે નહીં. રાજસત્તાઓ અને રાષ્ટ્રો પણ બહુમતીને ટેકો આપવાના. "લઘુમતી એટલે કાંઇ નહીં, એવો અર્થ થાય, એટલે તે તે ધર્મોના ચુસ્તોને પણ પોતપોતાનો ધર્મ છોડવો પડે અથવા મહા મુશ્કેલથી ધર્મ પાળી શકે.

તે તે ધર્મોના સારા તત્ત્વો એકઠાં કરીને નવો વિશ્વધર્મ ઉત્પન્ન થાય તો પછી તેમાં વાંધો શો ?

જો કે તે તે ધર્મવાળાઓને આકર્ષવા તે તે ધર્મોના સારા તત્ત્વોનું પ્રથમ મિશ્રણ કરવામાં આવશે. પહેલા તો એવી રીતે સુતત્ત્વોમય નવો ધર્મ ઉત્પન્ન થતો લાગશે, પણ આખર એ તત્ત્વો ભેળવેલા તો હશે મુખ્ય ખ્રીસ્તી ધર્મમાંજ. એટલે પાછળથી તેનેજ મુખ્ય કરી નાંખવાનો છે.

અને દેવ તો ઇસુ ખ્રીસ્તજ સર્વગુણસંપન્ન તરીકે, આરાધ્ય તરીકે ઠરાવવાના છે. એટલે એ બધા તત્ત્વો સાથેનો પણ મુખ્ય તો ખ્રીસ્તી ધર્મજ વિશ્વધર્મ તરીકે રાખવાના નિર્ણય ઉપર તેઓ મક્કમ છે. તેના પ્રચારના અંગ તરીકે આકર્ષવા માટે વચલી અનેક યોજના જો કે તેઓ સ્વીકારશે, પણ તે માત્ર પ્રચારના અંગ તરીકેજ હશે. કેળવણી ફેલાવવા માટે રાજાઓનું રાજાઓના માતા પિતાનું, ધર્મોવાળા દેવોનું નામ જોડીને તે તે સંસ્થાઓ નીકળી, પણ કામ તો સૌ સરકારની નીતિ પ્રમાણેજ કરે છે, પછી તે શ્રી કૃષ્ણવિદ્યાલય હોય, કે મહાવીર વિદ્યાલય હોય, કે સયાજી વિદ્યાલય હોય, કે નંદકુંવરબા શાળા કે મોંઘીબા કન્યાશાળા હોય, જે નામ હોય તે ભલે હોય, પણ સર્વની કાર્યદિશા તો પરદેશી નીતિ પ્રમાણે સ્થપાયેલી યુનિવર્સીટીએ નક્કી કર્યા પ્રમાણેજ હોય છે.

માટે "આપણા ધર્મના સારા તત્ત્વો તેઓ સમજવા માંગે છે, માટે તેમને સમજાવીએ." એ વિચાર પણ ખોટો છે. કેમકે, તેનો ભવિષ્યમાં દુરૂપયોગ કરવાનો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"બીજા ધર્મોમાં પણ સત્યના અંશો હોયછે. માટે તેને પણ સાંભળવા જોઇએ." એ જાતની ગીતાર્થો માટે શાસ્ત્રમાં છુટ છે. પણ બાળજીવો માટે તો "બીજા ધર્મવાળા સાથે પરિચય ન કરવો, તેની વાતચીત ન સાંભળવી. તેનો ઉપદેશ ન સાંભળવો." વિગેરે નિષેધોને સમ્યક્ત્વ શુદ્ધિ કહેલ છે. એમ કહેવામાં સંકુચિતતા નથી, પણ બાળજીવોનું હિત છે. બાળજીવો સારાસાર જુદો પાડી શક્તા નથી. માટે તેમને ચેતવવામાં આવે છે.

"બધા ધર્મોવાળાનું સાંભળવું" એવા ઉપદેશકો હાલમાં બધે ફરે છે. તે મૂળ તો વિશ્વધર્મ પરિષદનું પ્રચારકાર્ય છે. સર્વનું સાંભળવાની વૃત્તિ સામાન્ય પ્રજામાં ઉત્પન્ન કરવાથી તેની ચુસ્તતા રહેતી નથી, અને એ રીતે ભવિષ્ય-કાળમાં ખ્રીસ્તી વક્તાઓને સાંભળનારો મોટો શ્રોતાગણ ઉત્પન્ન કરી આપ-વાની જાહેરાત થાય છે. એ રીતે ભવિષ્યમાં મોટો શ્રોતાગણ મળી ગયા પછી એ લોકો એકજ વખતના ઉપદેશથી સંખ્યાબંધ લોકોને ખ્રીસ્તી કરી શકશે.

બીજું, હમણાં સો વર્ષ પહેલાં રક્તપીતીઆઓની સેવા કરનાર ખ્રીસ્તી પાદરીના હાડકાં મોટા ઠાઠથી યુરોપની મધ્યમાં થઇને ઇંગ્લંડ લાવવામાં આવ્યાં અને તેને મોટું અસાધારણ માન આપવામાં આવ્યું. આ ઉપરથી, તથા ઇંગ્લેંડના હાલના બંને રાજાઓએ પણ પોતાની ધર્મ વિશેની પ્રતિજ્ઞા હાલમાં જેવા જોરથી કરી છે, તેવા જોરથી અગાઉ જોવામાં આવેલ નથી. આ બધા ઉપરથી ઇંગ્લંડની રાજનીતિ "હવે સીધી રીતે ધર્મ તરફ વળી હોય," તેમ જોવાય છે.

"તીર્થંકર પ્રભુ વિગેરે મહા ભાવવૈદ્યોના હાડકાંઓ વિગેરેની દેવો પૂજા કરતા હતા" એમ આપણા શાસ્ત્રમાં આવે છે, તેની આ હરીફાઇ છે. એટલે "રોગીની સેવા કરનારાઓ અને એવા લોકસેવાના કામ કરનારા ખરા મહાત્માઓ છે. માટે તેઓ પણ પૂર્વના ભારતીય મહાત્માઓની તુલનાના છે, અથવા તેથી વધારેછે." એવો ભાવ ઉત્પન્ન કરીને લોકપ્રિય કરવાની યુક્તિ છે. અને બહારથી અમો અમારા ધર્મના મહાત્માઓને સ્વાભાવિક રીતે માન આપીએ છીએ. એવો ભાસ પણ ઉત્પન્ન કરી શકાય છે. આમ બેવડી રીતે કામ લેવામાં આવેલું છે.

જો કે-તીર્થંકર પરમાત્માઓ વિગેરે ભાવ વૈદ્યો હતા અને તેઓએ અનેક રીતે જગત્ કલ્યાણકર આધ્યાત્મિક જીવન બતાવ્યું છે. ત્યારે "આ જમાનામાં આધ્યાત્મિક જીવન, એ તો નવરાનું જીવન છે. લોકસેવા એજ ધર્મગુરુઓનું ખરૂં કામ છે," એ ભાવના ઉત્પન્ન કરવામાં પણ ભારતના ત્યાગી વર્ગની આડકતરી નિંદા જ છે. અને "પરભવ કે પુનર્જન્મને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટેની તૈયારી કરવી, એ પણ નકામા પ્રયત્ન છે. સારે લોકસેવા એજ ખરો ધર્મ છે. અને એજ ધર્મનું કે ધર્માત્માના જીવનનું ખરૂં ધ્યેય હોવું જોઇએ." એ ભાવના ઉત્પન્ન કરવી. એ ખરેખર હિંદના ધર્મો ઉપર આડકતરો ફટકો છે. "સાધુઓએ મહેનત મજુરી કરવી પડશે, લોકસેવા કરવી પડશે, માળા ગણ્યે નહીં ચાલે." વિગેરે અહીંના યુવક માનસમાં એ વિચારનો પડઘો સ્પષ્ટ દેખાય છે. અહીં દેશી રાજ્યો પણ ધર્માધિકારીઓ રાખીને દરેક ધર્મવાળાઓના વ્યાખ્યાનો કરાવે છે, અને પ્રજાને સાંભળવા પ્રેરે છે. એમ ધીમે ધીમે રાજ્ય સહાયથી જ ગમે તે ધર્મવાળાના સ્થાનમાં ખ્રીસ્તી પાદરીઓ ધર્મોપદેશ આપવાની સગવડ કદાચ મેળવશે.

આ તરફ–ધર્મસ્થાનો અને તેના વહીવટકર્તાઓ ઉપર અંકુશ મૂકનારા કાયદા, દરેક ધર્મોના સ્થાનોના વહીવટ બહાર પાડવા, ધર્માધિકારીઓ હસ્તક પૂજારીઓ વિગેરેના દરજ્જા તથા પગાર નક્કી કરવાની સત્તા વગેરે. તથા સર્વ ધર્મ પરિષદોનું મોટા રૂપમાં પ્રચાર કાર્ય: પ્રાચીન શોધખોળને નામે ધર્મ સિદ્ધાંતો અને માન્યતાઓમાં અશ્રદ્ધા, વિજ્ઞાનના પ્રચારથી ધર્મના તત્ત્વો ઉપર અશ્રદ્ધા, વિગેરે પ્રચાર પણ મૂળ ધર્મોનો ઘાતક છે.

હમણાં જ–" ઇંડિયન રીસર્ચ ઇન્સ્ટીટયુટ " જેવી પ્રાચીન શોધખોળ કરવાનો દેખાવ કરનારી (પ્રાય:)સરકારી સંસ્થા પં. માલવીયાજીના પ્રમુખપણામાં એકાદ બે મહિનામાં સર્વ ધર્મ પરિષદ્ ભરવાની છે. રાજાઓ ધર્મમાં માથું મારે. પ્રાચીન શોધખોળ કરનારી સંસ્થા પણ ધર્મમાં માથું મારવા ઉભી થઇ. દરેક કોમોની કોન્ફરન્સો વિગેરે પણ ભવિષ્યમાં એ સ્વરૂપમાં ફેરવી નાંખશે અને ફેરવાઇ પણ જશે. કેમકે–એ સંસ્થાઓ એમની છે. શેઠ આણંદજી કલ્યાણજી જેવી પેઢીમાં પણ એ તત્ત્વો સો વર્ષથી જ સ્હેજ સ્હેજ દાખલ થઇ ગયા છે, તો પછી બીજાની તો વાતજ શી ! કોઇ કોઇ સાધુ મુનિરાજો અને આચાર્યો ઉપર પણ એજ અસર થઇ છે ! તો પછી બીજાની તો વાતજ શી ? માટે સર્વ ધર્મ પારષદોના કોઇ પણ કાર્યક્રમમાં ભાગ લેવો, એટલે પોતપોતાના ધર્મો ઉપર ઘા મારવાના કામમાં મદદ કરવી, એ અર્થ થાય છે. સાધુઓના દાખલા તરીકે કરાંચીમાં સર્વ ધર્મ પરિષદ્ના પ્રમુખ વિદ્યાવિજયજી મહારાજ થયા. ગવર્નર સાહેબને મળેલા. દીક્ષાનો કાયદો કરાવ્યો. રાજ્યવહીવટ પ્રધાનોને સોંપ્યા પછી મોટા અમલદારોનું હવે ધર્મો અને સમાજોમાં પ્રવેશ કરવાનું મુખ્ય કામ છે. જે મહારાજજી સમજી શક્યા નહીં. મોટું માન સમજીને દોરવાઇ ગયા જણાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો સમ્યક્ત્વ જેવી કોઇપણ વસ્તુ હોય તો તે ગુણુની તેવા કાળથી મહામલીનતા થાય છે, અને જો સમકિત જેવી વસ્તુ ન હોય તો પછી કાંઇ પણ વાંધો નથી. અને જો હોય તો એ પરિષહોને ટેકો આપવામાં વીતરાગ ધર્મ, વીતરાગ ધર્મના ધર્મીઓ, અને તેના સંઘનો લોપ કરવા બરાબર છે.

જ્ઞાતિઓની લોહીની પવિત્રતા જળવાશે નહીં, તોપણ એજ પરિણામ છે. જ્ઞાતિઓની મૂળ પોલીસી કરતાં જુદીજ રીતે કામો કરવાને માટે પોરવાડ સમ્મેલન, ઓસવાળ સમ્મેલન વિગેરે પ્રથમ તો હિતની વાતો કરીને મંડળો ભરાવા લાગ્યા છે. તે પણ સુધારાને અનુસરી ઠરાવો કરશે. તે ઠરાવો જો કે કોઈ માનશે નહીં. પણ એકાદ એવા મુદ્દા માટે કેટલોક લોકમત કેળવાઇ ગયો હશે, કે—સરકાર કોઇ એવો કાયદો કરે, તેમાં એ લોકો ટેકો આપવાના, અને જ્ઞાતિના મૂળ આગેવાનો આંખો ચોળીને બેસી રહેવાના, અને કાયદો "અમુક જ્ઞાતિના અમુક માણસોની સહાનુભૂતિથી" ઠોકાઇ જવાનો. જેમ કોન્ફરન્સની જૈન સંઘમાં ખાસ કશી અસર ન પડી હોય, પણ રાજ્યસત્તાએ દીક્ષાનો કાયદો કરવામાં તેની મદદ લઇ લીધી. જો કે એ કામ પુરતો જ તેનો જન્મ હતો. હવે વિશ્વધર્મના વિચારો ફેલાવવામાં તેનો, યુવક સંઘ, કોંગ્રેસના પ્રધાનો વિગેરેનો ઉપયોગ થશે, અને તે પ્રમાણે થઈ રહ્યો છે. માટે જ્ઞાતિઓની પવિત્રતા ટકાવી રાખવામાં સંઘની પણ રક્ષા છે. આવા સમ્મેલનો જ્ઞાતિઓને ફટકો મારશે. ધર્મના સૂક્ષ્મ તત્ત્વો સમજનારા પરદેશથી આવશે, પાળનારા આવશે, અભ્યાસીઓ આવશે. પણ તમારૂં રહસ્ય સમજવા અને તેના ઉપર ક્યાંથી ઘા કરી શકાશે, તેનો અભ્યાસ કરવા. પ્રો. ગ્લાઝેનાપનું પુસ્તક **જૈનીઝમ** પણ આજ દૃષ્ટિથી લખેલું છે. "ક્યાં ક્યાં જૈનોનું બળવાન પાસું છે? ક્યાં નબળું પાસું છે? આપણને મદદ કરનાર કોણ કોણ જૈનો છે?" વિગેરે પોતાના રાષ્ટ્રીય હિતના મુદ્દા ધ્યાનમાં રાખીને એ લખવામાં આવેલું છે.

વળી એક બીજો સો પાનાનો નિબંધ લખીને તેણે છેવટે સાબિત કરવા પ્રયત્ન કર્યો છે કે "જૈન ધર્મ હિંદુ ધર્મનું એક સ્વરૂપ છે, અને સો વર્ષમાં તે પોતાના મૂળ ધર્મમાં ભળી જશે."

જગતના વિદ્યમાન ધર્મોના પુસ્તકમાં પણ એ ધ્વનિ મૂકેલ છે.

પરમાણંદ કાપડીયાના અમદાવાદના ભાષણમાં પણ એ ધ્વનિ છે.

હમણાં એક જૈનેતર વિદ્વાનના ભાષણમાં પણ "જૈનોને પૂજારી તરીકે હિંદુ બ્રાહ્મણો રાખવા પડે છે, માટે જૈન ધર્મને મૂળ હિંદુ ધર્મમાં ભળી જવું પડશે." એ ધ્વનિના ભાષણની સમાલોચના જૈન પત્રના અગ્રલેખમાં જ હતી.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શા. મનસુખ રવજીએ જૈન કોમનો મૃત્યુઘંટ નામને લેખ લખ્યો હતો.

આપણા યુવાનો મારફત સંપ્રદાયોનો નાશ કરે. હિંદુઓ, જૈનઃ બૌદ્ધઃ વિગેરેનો નાશ કરે. અને ખ્રીસ્તીઓ બધાનો નાશ કરે. અને વિશ્વધર્મ પરિષદનું ધ્યેય સિદ્ધ થાય.

માટે હે એકાન્ત શાસનભક્ત નરવીર! તારૂં શું કર્તવ્ય છે! તે આ ઉપરથી તું સમજી લેજે.[૧]

૧. વિશ્વધર્મ પરિષદના કાર્યમાં ટેકો ન આપવો જોઇએ.
૨. સર્વધર્મ પરિષદના કાર્યમાં ટેકો ન આપવો જોઇએ. તે તેની પેટા સંસ્થાઓ છે.
૩. અસ્વાભાવિક રીતે નવા જૈનો બનાવવાના કાર્યમાં ટેકો ન આપવો જોઇએ. સરાક વિગેરે જાતિઓને જૈન બનાવવાનું કાર્ય નવા જૈનો બનાવા તરફ ઘસડી જશે.
૪. ચતુર્વિધ સંઘની અને તેના પ્રતિનિધિત્વવાળી સંસ્થાઓ શિવાયની કોઇપણ સંસ્થાના કાર્યને ટેકો ન આપવો જોઇએ.
૫. જ્ઞાતિઓની રીતસર સભાઓ શિવાય, તેના સમ્મેલનો અને મંડળોને ટેકો ન આપવો જોઈએ.
૬. સર્વધર્મના તત્ત્વો સમજવાની વાત બાળજીવોને ન સમજાવવી જોઇએ.
૭. સમજી સ્વધર્મી બંધુઓને આવો અજ્ઞાન ભરેલા નુકશાનકારક વિચારોની સમજ પાડવી.
૮. તીર્થંકર પરમાત્મા, ત્યાગી ગુરૂઓ, અને આગમોક્ત ધર્મની પ્રતિષ્ઠા ટકાવી રાખવા આકાશ પાતાળ એક કરવા.
૯. સંઘમાં ફેલાતી બેકારીના ઉપાય તરીકે જે જે હાલના સાધનોનો ઉપયોગ કરવામાં આવશે, તેમ તેમ વિશ્વધર્મ પરિષદના ધ્યેયો સિદ્ધ થવાના. માટે બેકારી ન ફેલાય તેને માટે સાવચેત રહેવું. તેવા કાયદા ન થાય, તેવા કાયદેસર પગલાં લેવા.
૧૦. બેકાર જૈન બંધુઓ માટે ફંડો કરી તેમને આશ્રિત બનાવવાને બદલે દુનિયાના વિશાળક્ષેત્રમાં સ્વપુરૂષાર્થથી આગળ આવે તેવો માર્ગ તેમને

---

૧. ગોરી પ્રજાઓ રાજ્યસત્તા મારફત આડકતરી રીતે શી રીતે ધર્મોમાં પ્રવેશ કરવા પ્રયત્નો કરી રહેલ છે, અને તેનું છેવટનું શું પરિણામ છે ? તે વિષે પ્રમાણભૂત લેખ લાંબો થવાથી અને વખતસર બહાર પાડવા રીતસર તૈયાર થઇ શકે તેમ ન હોવાથી ટુંકામાં સૂચિત રૂપે આ સામાન્ય નિબંધ અત્રે મૂકવામાં આવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માટે ખુલ્લો રાખવો. મદદની સંસ્થાઓ ખોલાવી તેઓને પુરૂષાર્થ કરતાં આડે આવવું નહીં જોઇએ.

૧૧. દરેક ધર્મોના ધર્મગુરૂઓ સાથે આ બાબતનો સહકાર સાધી તેમને આ તત્ત્વો સમજવી તેમના ધર્મો ટકાવવાના પણ માર્ગો બતાવવા અને પરસ્પર સહાયક થવું.

૧૨. **ગીતાર્થપરંપરાપ્રાપ્ત સામાચારી** ઉપર **રુચિધારક** અને તેના **પાલક** ધર્મગુરૂઓના માર્ગમાં વિઘ્નભૂત થતા કાયદા કાનુનો ન થાય, તેવા પ્રયત્નો કરવા. એજ અબાધ્ય જૈનશાસન છે, અને તે જ સદા જગત્નું અનન્ય શરણ છે.

૧૩. રીતસર પ્રતિનિધિત્વવાળી ભારતની જગતશેઠની સંસ્થાને ઢાંકી દેવા બીનકાયદેસર પ્રતિનિધિત્વથી પરદેશીઓએ ઉત્પન્ન કરેલી અને આગળ વધવા દીધેલી કોંગ્રેસ વિગેરે સંસ્થાઓના કાર્યોમાં ટેકો ન આપવો જોઇએ.

૧૪. બ્રોટીશ સરકારની રાજ્ય વ્યવસ્થાનો વિરોધ ન કરવો. પણ આપણા જીવનમાં પ્રવેશ કરનારી યોજનાથી સાવચેત રહેવું.

૧૫. દુનિયામાં સીધી કે આડકતરી રીતે જગત કલ્યાણકર જૈન શાસનને નુકશાન કરનાર ક્યાંય પણ કાંઇપણ તત્ત્વ ઉત્પન્ન થાય, તે જાણવાની સાવચેતી રાખવી, અને તે વધુ પ્રસરે નહીં તેને માટે પ્રયત્નો કરવા.

૧૬. બેકારીમાં પણ ધર્મ ધૈર્ય ન છોડવાની સ્વધર્મીબંધુઓને ધીરજ આપવી, ને મક્કમ બનાવવા.

૧૭. સમાજવાદ, સામ્યવાદ, કોમ્યુનિસ્ટ પક્ષ વિગેરે તત્ત્વો આખર તો ગોરી પ્રજાને આગળ વધારનારા છે. માટે તેઓથી પણ તટસ્થજ રહેવું.

૧૮. કોઇ પક્ષ સાથે વિરોધ ન કરવો પાલવે, તો ન કરવો, પરંતુ ધર્મ-હાનિકર સહકારમાં તો પૂરો સંયમ રાખવો.

૧૯. આપણા માર્ગભૂલેલા કેટલાક યુવકો અને દેશ નાયકો તરીકે ગણાયેલા દેશબાંધવો અને ધર્મબાંધવોને દેશહિત, પ્રજાહિત, ઐતિહાસિક, આર્થિક, રાષ્ટ્રીય, શારીરિક, ધાર્મિક, સામાજિક, વિગેરે સત્ય દષ્ટિ-બિંદુઓથી સત્ય સમજાવવા ખાસ પ્રયત્ન કરવો.

૨૦. પરસ્પુરણ પ્રવૃત્તિઓ બંધ પાડીને એક ધર્મરક્ષા તરફજ દરેક શક્તિઓને હવે કેન્દ્ર કરવાની અતિ અગત્યની જરૂર છે.

૨૧. મહાવીર જયંતી વિગેરે અશાસ્ત્રીયઃ અને આધુનિકઃ ઉત્સવો આ ધર્મ વિઘાતક પ્રવૃત્તિઓને વધુ વેગ આપશે, માટે તેથી દૂર રહેવું જોઇએ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ગ્રન્થાન્તરોના વાક્યોનું સરળ ભાષાન્તર.

**પૃષ્ઠ ૪.**

સ્વ સિદ્ધાન્ત અને પરસિદ્ધાન્તમાં જેઓનો બુદ્ધિ વ્યાપાર પ્રવેશ પામ્યો નથી, અને માત્ર જેઓ ચરણસિત્તરિ અને કરણસિત્તરિની પ્રધાનતાવાળા છે, તેઓ નિર્ણયાત્મક રીતે [ ગીતાર્થની આજ્ઞા અનુસાર ] શુદ્ધ થયેલ ચરણચિત્તરિ અને કરણસિત્તરિનો સાર જાણતા નથી.

**પૃષ્ઠ ૫.**

[ **लब्धकरण ने बदले लघ्वकरण** અથવા **लेप्वकरण** પાઠ સમજવો. ] નાના દોષો લાગવા ન દે, પરંતુ શાસનનીહેલના વિગેરે મોટા દોષો આચર્યે જાય, તેથી, અને સંતોની નિંદાથી, ડાહ્યા માણસો તેના અપરિશુદ્ધઅનુષ્ઠાનને ચોક્કસ સમજી લે છે.

જેમ "આધાકર્માદિકનો ઉપયોગ કરે છે, તે પરસ્પર પોતાના કર્મોથી લેપાયેલા છે, એમ જાણવું." એમઃ તેમ "કર્મોથી લેપાયેલ નથી." એમઃ બન્નેય રીતે ન બોલવું.

[ આ બેનેય વાતને જો એકાન્તથી વળગી રહેવામાં આવે, તોપણ વ્યવહાર ન ચાલે, અને એ બન્નેયને એકાન્તથી વળગી રહેવામાં અનાચાર જાણવો.] એ બે સ્થાનો વડે વ્યવહાર હોતો નથી, અને એ બે સ્થાન વડે કરીને અનાચાર જાણવો.

**પૃષ્ઠ ૬.**

૧. પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર, અથવા ઔષધ વિગેરે શુદ્ધ કંઇક કલ્પ્ય અને કંઇક અકલ્પ્ય હોઇ શકે.

૨. અકલ્પ્ય પણ કલ્પ્ય હોઈ શકે.

દેશઃ કાળઃ પુરુષઃ અવસ્થાઃ ઉપયોગઃ શુદ્ધિઃ પરિણામઃ વિગેરેની અપેક્ષાએ કલ્પ્ય થઇ શકે છે.

કલ્પ્ય પણ એકાન્તેજ કલ્પ્ય હોતું નથી.

**પૃષ્ઠ ૬.**

હીન છતાં પણ પ્રવચનની પ્રભાવના કરતો જ્ઞાનાધિક પુરુષ બધા કરતાં શ્રેષ્ઠ છે, અદુષ્કર આચરણ કરવા છતાં અલ્પાગમ પુરુષ બધા કરતાં શ્રેષ્ઠ નથી. ૪૨૩

હીન છતાં જ્ઞાનાઢ્ય શુદ્ધ પ્રરૂપકના કરવા જોઈએ, [ પ્રતિપતિ વિગેરે ? ] ૩૪૮

જૈન સાઈટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃષ્ઠ ૭.

જે દ્રવ્યત્વઃ ગુણત્વઃ અને પર્યાયત્વઃ વડે કરીને અરિહંતોને જાણે છે, તે આત્માને ઓળખે છે, અને ખરેખર, તેનો મોહ નાશ પામે છે. ૧.૮૦

પૃષ્ઠ ૮.

એક ગીતાર્થ વિહારઃ અને બીજો ગીતાર્થ નિશ્રાનો વિહારઃ એ બે સિવાય ત્રીજો વિહાર જિનેશ્વર પરમાત્માઓએ સમ્મત ગણેલો જ નથી. ૨–૩૦

પૃષ્ઠ ૯.

આગમમાં કહ્યા પ્રમાણે વર્તવાની ઇચ્છાવાળા પ્રમાદી જ્ઞાનીને પણ જેવો તેવો પણ જે ધર્મયોગ હોય છે, તેનુંજ નામ ઇચ્છાયોગ કહેવાય છે. ૮

નિર્ધનીઓ ધન પામે, એટલે આખા જગતને તણખલાને તોલે ગણે છે.

પૃષ્ઠ ૧૧.

ગુણઃ અને પર્યાયઃ જેને હોય, તે દ્રવ્ય. ૫–૩૭

પૃષ્ઠ ૧૬.

અસત્‌ની વિદ્યમાનતા નથી હોતી. ૨–૧૬

છેલ્લાની પહેલા પુદ્ગલપરાવર્તોનો કાળ સંસારનો બાલ્યકાળ કહ્યો છે. અને છેલ્લું પુદ્ગલ પરાવર્તન ધર્મનો યૌવનકાળ છે. અને તે, તે તે પ્રકારે વિચિત્ર વિચિત્ર ભેદોવાળો હોય છે: ૪–૧૯

આદિમાં અને અંતમાં જે ન હોય, વર્તમાનમાં પણ તે તેમજ હોય, (અર્થાત્–ન જ હોય)

પૃષ્ઠ ૧૮.

પરિગમનઃ પર્યાયઃ અનેક કરણઃ ગુણઃ એ સમાનાર્થક શબ્દો છે, તોપણ ગુણ એમ જુદો કહેવાતો નથી, કારણ કે–દેશના પર્યાયનયની કહી છે.

પૃષ્ઠ ૧૯.

પ્રભુએ–દ્રવ્યાર્થિકઃ અને પર્યાયાર્થિકઃ એ બે નયો નક્કી કર્યા છે. જો ગુણ નય પણ હોત, તો ગુણાર્થિક નય પણ કહેવો જોઇએ.

અને ભગવાને તે તે સુત્રોમાં ગૌતમાદિ મુનિઓની આગળ પર્યાય સંજ્ઞા નક્કી કરી છે. તેથી પર્યાયોનું વ્યાખ્યાન કર્યું છે.

વર્ણપર્યાયોઃ ગંધપર્યાયોઃ

એક ગણું કાળું.

આગમમાં વર્ણન આવે છે કે–"એકગુણો, દશગુણો, અનંતગુણો, ઇત્યાદિ પરિણામ છે. માટે ગુણ વિશેષ કહેવો જોઇએ."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણ શબ્દ વિના પણ તે તો પર્યાયોની માત્ર સંખ્યા જ છે. અને તે કેવળ સંખ્યાન શાસ્ત્ર (ગણિતશાસ્ત્ર)નોજ ધર્મ સાબિત છે, તેથી ગુણ એ જુદો પદાર્થ નથી.

પૃષ્ઠ ૨૦.

જેમ ગુણ શબ્દ વધારે હોવા છતાં "દશ વસ્તુ" શબ્દમાં અને "દશગુણી એક વસ્તુ" એ શબ્દમાં અર્થ સરખો છે, વસ્તુમાં ફેર પડતો નથી, તેમ અહીં પણ સમજવાનું છે.

પૃષ્ઠ ૩૧.

પરસ્પર વાદી પ્રતિવાદી રૂપે બીજા પ્રવચનો જેમ પરસ્પર એકબીજાનું ખંડન કરે છે, તેમ–હે પ્રભો! સર્વનયોને સમાનભાવે જોતો આપનો સિદ્ધાંત નિષ્પક્ષપાતી છે.

પૃષ્ઠ ૩૨.

નિત્યપક્ષમાં જે દોષો છે, અનિત્યપક્ષમાં પણ તેજ પ્રમાણે છે. સામસામા કાંટા તરીકે ગોઠવાઇને એક બીજાને તોડતા અન્ય સર્વ દર્શનો વચ્ચે હે નાથ! તારી આજ્ઞાઓ બિન હરિફ છે. ૨૬

પૃષ્ઠ ૩૩.

વિચિકિત્સા [શંકિત હૃદય] યુક્ત આત્માવડે સમાધિ–શાંતિ મેળવી શકાતી નથી. ૫–૫

પૃષ્ઠ ૩૪.

પ્રત્યક્ષ જોયેલી વસ્તુમાં વિરોધ હોય જ નહી.

એ બીજે ક્યાં જોવું છે? તું પણ ખાડો ચતુર જણાય છે, કે પ્રત્યક્ષ–સિદ્ધમાં પણ અનુમાન ગ્રાહ્ય પ્રમેયની માફક દૃષ્ટાન્તની માંગણી કરે છે.

પૃષ્ઠ ૩૫.

જન્મથી માંડીને મરણ સુધીના એક પુરુષ માટે પુરુષ શબ્દ લાગુ રહે છે, છતાં તેના પણ બાળભાવ વિગેરે અનેક પ્રકારના પર્યાયભેદો હોય છે. ૧–૪૨

પૃષ્ઠ ૩૬.

કાળો રાતો નથી.

પૃષ્ઠ ૪૧.

સર્વ નયોના વિષયોને પ્રતિપાદન કરતા તાત્પર્યવાળું હોવાથી અધિકરણ વાક્ય હોય, તે પ્રમાણવાક્ય ગણાય છે. (૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પ્રમાણે અર્થપર્યાયમાં સાત પ્રકારનો વચન માર્ગ હોય છે.

અને વ્યંજન પર્યાયમાં સવિકલ્પ અને નિર્વિકલ્પ હોય છે.

તેથી એ રીતે-

એક વિષયમાં પોતપોતાના અનેક નયોનો ગુંચવાડો જણાય, ત્યારે સ્યાત્કાર જોડીને જેટલા તેના નયો હોય, તે સર્વ નયોના સર્વ અર્થપ્રકારોના સમૂહાલંબન જ્ઞાન ઉત્પન્ન કરનારો એક ભાંગો ગણવો ઇષ્ટ છે, જેમ-વ્યંજન પર્યાય સ્થળે બે ભાંગા ગણીએ છીએ, તેમ.

અને જો "દરેક ઠેકાણે સપ્તભંગીનો જ નિયમ લગાડવોજ જોઇએ" એજ સમાધાનનો માર્ગ હોય તો,

ચાલણીના ન્યાયેકરીને-

તેટલા સર્વ નયોના નિષેધનો બોધક બીજો પણ ભાંગો સમજવો. અને એજ આધાર ઉપર તેજ જાતના બીજા પણ પાંચ ભાગા ગોઠવી લેવા.

કેમકે-એજ રીતે-આકાંક્ષાની શાંતિ થાય, તેવી રીતે સર્વ ભંગો ઘટી શકે છે. અને અમને એ યોગ્ય લાગે છે.

પૃષ્ઠ ૪૨.

પૃષ્ઠ ૪ ની ગાથાનો અર્થ જુઓ.

પૃષ્ઠ ૪૩.

ગંગામાં માછલા અને રબારીનો વાડો છે.

પૃષ્ઠ ૪૪.

એક બોધવાળા શબ્દ પ્રમાણમાં અર્થ સંબંધી એક બોધ હોય છે (?)

પૃષ્ઠ ૪૬.

ઉલુકે ( વૈશેષિક દર્શનવાળાએ) બે નયો વડે પોતાનું શાસ્ત્ર ખીલવ્યું છે, તો પણ તે મિથ્યાત્વ છે. કેમકે-

પૃષ્ઠ ૪૭.

તે બન્નેય પોતપોતાના વિષયોમાં સ્વતંત્ર હોવાથી પરસ્પર નિરપેક્ષ છે. પોતાનો અર્થ ગ્રહણ કરે, પણ બીજાને હઠાવે નહીં. તે સુનય. એ સુનયનું લક્ષણ છે. પોતાનો અર્થ ગ્રહણ કરે, અને બીજાને હઠાવે, તે દુર્નય, એ દુર્નયનું લક્ષણ છે.

પૃષ્ઠ ૪૮.

કર્મની ઉપાધિ વગરનો શુદ્ધ દ્રવ્યાર્થિક નય છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃષ્ઠ ૪૯.

ચૌદમાર્ગણા અને ચૌદગુણઠાણાઓ વડે અશુદ્ધ નયો હોય છે. પરંતુ સર્વ સંસારીને શુદ્ધનયથી શુદ્ધમાની શકાય છે.

ઉત્પાદઃ વ્યયઃ ને ગૌણ રાખીને સત્તામાત્ર ગ્રાહક શુદ્ધદ્રવ્યાર્થિકનય.

ભેદ કલ્પના રહિત શુદ્ધદ્રવ્યાર્થિક.

પૃષ્ઠ ૫૦.

કર્મોની ઉપાધિની અપેક્ષાએ વિચારે તે અશુદ્ધદ્રવ્યાર્થિક

ઉત્પાદઃ વ્યયઃ સાપેક્ષ સત્તા ગ્રાહક અશુદ્ધદ્રવ્યાર્થિક.

પૃષ્ઠ ૫૧.

"એમ કરવાથી તો–ત્રણ લક્ષણોએ કરીને ગ્રાહક થવાથી આ વાક્ય પ્રમાણ વાક્યજ ગણાશે, પરંતુ નય વાક્ય રહેશે નહીં, તેનું કેમ ?"

એમ નથી.

આ નય, મુખ્યઃ અને ગૌણઃ ભાવે કરીને ત્રણ લક્ષણવાળા પદાર્થને ગ્રહણ કરે છે.

અને પોતપોતાના અર્થને મુખ્યપણે ગ્રહણ કરનારા નયોની પ્રવૃત્તિ સપ્ત ભંગી દ્વારાજ થઇ શકે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ભિક્ષુનુંજ માત્ર.

ભેદ કલ્પના સાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિક છઠો.

અન્વય દ્રવ્યાર્થિક સાતમો.

પૃષ્ઠ ૫૨.

પોતાના દ્રવ્યાદિને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિક આઠમો.

પરના દ્રવ્યાદિકને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિક નવમો.

પૃષ્ઠ ૫૩.

પરમભાવ ગ્રાહક દ્રવ્યાર્થિક દશમો.

પૃષ્ઠ ૫૬.

એક માપથી ન માપે, તે નૈકગમઃ તેમાંથી ક નો લોપ થવાથી નૈગમ. એમ વ્યુત્પત્તિ કરવી.

પૃષ્ઠ ૫૭.

ગંગામાં રબારીનો વાડો.

પૃષ્ઠ ૫૮.

ભવિષ્યકાળમાં ભૂતકાળ પ્રમાણે ઉપચાર કરવો.

રાંધે છે, રાંધ્યું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કંઇક રંધાયું છે, કંઇક રંધાય છું.

પૃષ્ઠ ૫૯.

સર્વ દ્રવ્યો વિરોધ વગરના છે.

સર્વે જીવો વિરોધ વગરના છે.

જીવઃ અજીવઃ દ્રવ્ય છે.

જીવોઃ—સંસારિ અને સિદ્ધ છે.

કિનારોઃ કિનારીઃ તટઃ

પાણીઃ પાણીઃ

પૃષ્ઠ ૬૧.

નયો સાથે નજીકનો સંબંધ રાખે, તે ઉપનયો.

પૃષ્ઠ ૬૩.

ઘડાનું રૂપઃ ઘડાની રતાશઃ ઘડાનો સ્વભાવઃ માટી વડે ઘડો બનાવ્યો.

પૃષ્ઠ ૬૪.

દ્રવ્યમાં ગુણનો ઉપચારઃ દ્રવ્યમાં પર્યાયનો ઉપચારઃ ગુણમાં દ્રવ્યનો ઉપચારઃ

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પૃષ્ઠ ૬૫.

પર્યાયમાં દ્રવ્યનો ઉપચારઃ ગુણમાં પર્યાયનો ઉપચારઃ પર્યાયમાં ગુણનો ઉપચારઃ

પૃષ્ઠ ૬૬.

મતિજ્ઞાન મૂર્તિમાન્ છે—

પોતાની જાતિના અંશમાં આ સદ્ભુત કેમ નથી ? એ પ્રશ્ન હોય, તો જવાબમાં કહીએ છીએ કે—એમ નથી. કેમકે—ઉપચરિત વિષયના સંબંધનોજ અનુભવ વિજાતીય અંશની માફક થાય છે.

પૃષ્ઠ ૬૯.

જીવનું મતિજ્ઞાન.

પૃષ્ઠ ૭૧.

જો કે ગધેડો પારકી દ્રાક્ષ ચરી જાય, તેમાં આપણને તો કાંઇ પણ નુકશાન થતું જ નથી, પરંતુ, એ અયોગ્યઘટના જોઇને મનમાં દુઃખતો થાય જ. સાત મૂળ નયો છે, અને “ પાંચ ” એ બીજી આજ્ઞા છે.

પૃષ્ઠ ૭૨.

એક એકના સો સો ભેદ થવાથી આ રીતેજ સાતસો નયો થાય છે. બીજો પણ આદેશ છે કે—નયો પાંચસે પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અર્પિતથી અને અનર્પિતથી સિદ્ધિ થવાથી. પ. ૩૩.

**પૃષ્ઠ ૭૪.**

**દ્રવ્યાર્થિકને મતે.**

દરેક દરેક પર્યાયો કલ્પિત છે. જેમ કુંડલાદિકમાં સોનું વ્યાપક છે તે તે દરેક પર્યાયોમાં દ્રવ્ય જ ગુંથાએલું છે. ૧

**પર્યાયાર્થને મતે**

દ્રવ્યઃ પર્યાર્થિક કરતાં જુદું છે જ નહી. કેમકે–પર્યાયો વડે હમ્મેશ જણાતી અર્થ ક્રિયા બીજે ક્યાં જોડી શકાય ?–૨

" દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયોના લક્ષણ ઉપરથી, અતીત અને અનાગત પર્યાયો તરફ ખ્યાલ ન આપતો ઋજુસૂત્ર શુદ્ધ અર્થ પર્યાયને માને છે. એટલે એ દૃષ્ટિથી દ્રવ્યાર્થિક શા રીતે હોઈ શકે ? "

આ નયોનો આશય છે.

**ઋજુ સૂત્ર–**

એક અનુપયોગવંતમાં એક દ્રવ્યાવશ્યક જુદું માનતો નથી. અનુપયોગ દ્રવ્યના અંશને જ સૂત્રમાં સૂચિત કરેલ છે. એમ સમજીને ઉપરના સૂત્રને તાર્કિકોના મતે ઘટાવી લેવું. એમ અમે વિચારીને નક્કી કરેલો એક રસ્તો છે.

**પૃષ્ઠ ૭૫.**

" ગૌ " બળદીયો. સ્યાદ્ અસ્તિ જ. સ્યાદ્ નાસ્તિ જ.

**પૃષ્ઠ ૭૬.**

છનો તથા પાંચનો, તથા પાંચ પ્રકારનો આદેશ છે. ભજનીય છે, તે પણ–તે તો પ્રદેશ છે, તે નૈગમનય છેજ, અને સાતનો આદેશ નથી. (?)

જીવો બે પ્રકારેઃ–સંસારી અને સિદ્ધ.

સંસારી જીવો પૃથ્વી કાયાદિક ૭ પ્રકારે છે.

સિદ્ધ પંદર પ્રકારે છે.

નય બે પ્રકારે છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક ભેદથી. દ્રવ્યાર્થિક નૈગમાદિક ત્રણ પ્રકારે છે. અને ઋજુસૂત્રાદિક ચાર પ્રકારે પર્યાયાર્થિક છે.

નવ નયો છે.

**પૃષ્ઠ ૭૭.**

જીવો સંસારી અને સિદ્ધ છે.

જીવ અને અજીવ તત્ત્વ છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયો છે.

સાત મૂળ નયો કહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નવ નયો છે.

**પૃષ્ઠ ૭૮.**

દ્રવ્યાર્થતાએ: પર્યાયાર્થતાએ: દ્રવ્યાર્થતા પ્રદેશાર્થતાએ:

**પૃષ્ઠ ૭૯.**

જેમાં ઉપચાર વધારે પ્રમાણમાં હોય, જેના વિષયો ઘણા જ બહોળા પ્રમાણમાં છે, લગભગ લૌકિક જેવો છે, તે વ્યવહાર નય.

"પોતાને અને બીજાના વિષે ઉપયોગાત્મક જ્ઞાન તે પ્રમાણ."

**પૃષ્ઠ ૮૦.**

તત્ત્વાર્થને ગ્રહણ કરનારો નિશ્ચય નય છે. અને લોક સમ્મત અર્થને ગ્રહણ કરનારો વ્યવહાર નય છે.

**પૃષ્ઠ ૮૧.**

સમાધિ=પુત્ર:, ધૈર્ય=વજ્ર:, સમતા=ઈંદ્રાણી:, જ્ઞાન=મહાવિમાન:, આ બધો મુનિનો ઈંદ્રિ વૈભવ છે. શ્રી **પુંડરીકાધ્યયનનો** અર્થ પણ આ પ્રમાણે સમજવો.

આત્મા નથી.

આત્મા સામાયિક છે. આત્મા સામાયિકનો અર્થ છે.

અનેક દ્રવ્યો છે. અનેક જીવો છે.

નિશ્ચયનયથી પાંચ વર્ણનો ભમરો છે, વ્યવહાર નયે કાળા રંગનો છે.
આયુ એટલે ઘી.

પર્વત બળે છે. કુંડું ઝવે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**પૃષ્ઠ ૮૩.**

ઉત્પન્ન થાય, વ્યય પામે: અને ધ્રુવ રહે.

દીવાથી માંડીને આકાશ સુધી સરખા સ્વભાવવાળી વસ્તુ સ્યાદ્વાદ સિદ્ધાંતને ક્ષતિ કરતી નથી. તેમાંની "કોઇ નિત્યજ છે, અને કોઇ અનિત્ય જ છે:" આ પ્રલાપો તમારી આજ્ઞાના વિરોધિઓના છે.

**પૃષ્ઠ ૮૫.**

સત્તાનો નાશ ન થયો: તે નિત્ય.

**પૃષ્ઠ ૮૬.**

કથંચિત્ ઉત્પન્ન થાય છે, કથંચિત્ નાશ પામે છે. અને કથંચિત્ ધ્રુવ રહે છે.

"**उपन्ने इ वा**" એ ઠેકાણે **वा** શબ્દ વ્યવસ્થાવાચી છે, અને તે સ્યાદ્ શબ્દના પર્યાય તરીકે સમજવાનો છે. માટે જ કાળો સર્પ.

**પૃષ્ઠ ૮૮.**

અને એક બુદ્ધિમાં શું વિચિત્રતા હોય કે ન હોય? જો એ જાતેજ પદાર્થોને ગમે છે તો અમે કોણ માત્ર?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃષ્ઠ ૮૯.

જેમાં કલ્પનાનું ગૌરવ હોય, તે પક્ષને અમો સહન કરતા નથી, અને કલ્પનાની લઘુતા જ્યાં હોય, તે પક્ષ અમે સહન કરીએ છીએ.

પૃષ્ઠ ૯૦.

દૂધ પીવાનું વ્રત લીધું હોય, તે દહીં ખાતો નથી અને દહીં ખાવાનું વ્રત લીધું હોય, તે દૂધ પીતો નથી. ગોરસ ન ખાવું એવું વ્રત લેનારો બેમાંથી એકેય વસ્તુ ખાતો નથી. માટે દરેક વસ્તુ ત્રણરૂપ છે. ઉત્પાદ; વ્યય ધ્રૌવ્ય યુક્તસત્ છે.

પૃષ્ઠ ૯૧.

ઘડો ઉત્પન્ન થયો. નાશ પામ્યો. એ પ્રમાણે સર્વ પ્રયોગો થાય છે. હમણાં ઘડો ઉત્પન્ન થયો. હમણાં નાશ પામ્યો.

હમણાં ઉત્પન્ન થયો.

પૃષ્ઠ ૯૨.

કરાતું હોય તેને કર્યું કહેવાય છે.

ઉત્પન્ન થતું હોય, તે ઉત્પન્ન થયેલું છે.

ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયું, ઉત્પન્ન થશે. નાશ પામે છે, નાશ પામ્યું, નાશ પામશે.

ઉત્પન્ન થાય છે. નાશ પામે છે.

ઉત્પન્ન થયું. નાશ પામ્યું.

ઉત્પન્ન થશે. નાશ પામશે.

પૃષ્ઠ ૯૩.

નાશ પામે છે, નાશ પામ્યું, ઉત્પન્ન થયું, ઉત્પન્ન થતું, તે ઉત્પન્ન થયું. અને નાશ પામતું, તે નાશ પામ્યું, હમણાં ઘડો નાશ પામ્યો.

ઉત્પન્ન થતા કાળને ઉત્પન્ન થયો, અને નાશ પામતાને નાશ પામ્યો.

દ્રવ્યનું પ્રતિપાદન કરતો ત્રણ કાળ વિષયક વિશેષાવશ્યક છે.

અનુત્પન્નત્વ એટલે—

પોતાના અધિકરણના ક્ષણત્વના વ્યાપક સ્વાધિકરણ ક્ષણના ધ્વંસની અધિકરણતા જેમાં હોય, તે.

પૃષ્ઠ ૯૪.

સંઘયણ વિગેરે ભવસ્થ કેવળજ્ઞાનીના જે વિશેષ પર્યાયો છે, તે મોક્ષ પામવાને સમયે નથી હોતા. તેથી વ્યય નક્કી થાય છે અને સિદ્ધપણે પણ એ અર્થ પર્યાય ઉત્પન્ન થાય છે. અને કેવળભાવને આશ્રયીને સૂત્રમાં કેવળ બતાવેલું છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળજ્ઞાન બે પ્રકારે કહેલા છે.

૧ ભવસ્થ કેવળજ્ઞાન. ૨ સિદ્ધકેવળજ્ઞાન.

**પૃષ્ઠ ૯૭**

એક સમયમાં એક દ્રવ્યના ઘણા ઉત્પાદો થાય છે, અને ઉત્પાદ જેટલાજ નાશો થાય છે. અને ઉત્સર્ગથી સ્થિતિપણુ ચોકકસ હોયજ છે.

ઉત્પાદ બે પ્રકારે છે. પ્રયોગજ અને વિસ્ત્રસાજ. તેમાં પ્રયોગજ સમુદયવાદ અને તે અપારશુદ્ધ છે.

**પૃષ્ઠ ૯૮.**

સ્વાભાવિક પણુ સમુદયકૃત અને ઐકત્વિક એ બે પ્રકારે છે. કેટલાક–

બીજા દ્રવ્યના સંયોગે કરી નવા દ્રવ્યનો ઉત્પાદક કહે છે, એવી રીતે વિભાગથી દ્રવ્યનો ઉત્પાદ નથી માનતા. તે ઉત્પાદ અર્થમાં અકુશળ છે.

એક અણુ અને દ્વયણુકવડે કરીને જે ત્રીજું દ્રવ્ય બને, તે ત્ર્યણુક નામનું દ્રવ્ય કહેવાય, એજ પ્રકારે ત્ર્યણુકમાંથી કોઇ પણ અણુ જુદો પડે, તો એક “ અણુ ” નામનું દ્રવ્ય ગણાય અને એક દ્વયણુક નામનું દ્રવ્ય ગણાય, એ સહજ છે.

**પૃષ્ઠ ૯૯.**

( ઐકત્વિક ). આકાશાદિક ત્રણને ઉત્પાદાદિ બીજા દ્રવ્ય નિમિત્તક નિયમે અથવા અનિયમે હોય છે.

**પૃષ્ઠ ૧૦૦.**

પરિણામ એટલે સર્વથા એક સ્વરૂપે રહેવાનું નહીં, તેમજ સર્વથા નાશ પામવાનું પણ નહીં. પરંતુ રૂપાન્તર પામવું, એ પ્રકારે પરિણામનો અર્થ તેના વાદીઓને માન્ય છે.

સત્પર્યાયનો નાશ અને અસત્ પર્યાયની ઉત્પત્તિઃ આ રીતે પર્યાય નયની અપેક્ષાએ દ્રવ્યનો પરિણામ કહેલો છે.

**પૃષ્ઠ ૧૦૧.**

વ્યયને માટે પણ એજ વિધિ છે કે–

સમુદયજનિતમાં તે બે પ્રકારે છે. સમુદય વિભાગ માત્ર અને અર્થાન્તર ભાવગમન.

**પૃષ્ઠ ૧૦૪.**

એ હોય ત્યારે દાનાદિક ક્રિયાઓ સફળ થાય છે. અને જેથી એ દાનાદિક ક્રિયાઓ પણ મોક્ષ ફળ આપનારી થાય છે, અને શ્રેષ્ઠ થાય છે. સુંદર બુદ્ધિથી બહુ કર્યા છતાં પણ સુંદર ન હોઈ શકે. અસ્તિ એટલે પ્રદેશો, તે વડે કરીને બોલાવાય, તે–વ્યુત્પત્તિથી–કાય.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૃષ્ઠ ૧૦૯.

ધર્મ અધર્મ અને આકાશ એ ત્રણ એક એક છે. અને ત્યારપછીના ત્રણેય અનન્ત અનન્ત છે. કાળ વિનાના પાંચ અસ્તિકાય છે. અને જીવ વિનાના બાકીના અકર્તા છે.

"વ્યાકુળપણાને અંગે ચેષ્ટાની હેતુભૂત ઇચ્છા ન હોવાથી સ્થલ ઉપર માછલાની ગતિ થતી નથી. પણ પાણી નથી માટે નથી થતી એમ ન સમજવું. માટે ગતિમાં અપેક્ષા કારણની જરૂર પડે છે. એમ કહેવામાં કાંઇપણ પ્રમાણ નથી." એવી શંકાના ઉત્તરમાં કહી શકાશે કે—અન્વય અને વ્યતિરેકથી લોકપ્રસિદ્ધ વ્યવહારથીજ માછલાની ગતિમાં જળની હેતુતા સિદ્ધ છે, જો એમ ન હોય, તો અંત્યકારણની હાજરીમાં બીજા બધા કારણો અન્યથા સિદ્ધ કરી ચૂકવાનો પ્રસંગ આવી જશે. ઇત્યાદિ દિશા માત્ર વિચારણા બતાવી છે.

પૃષ્ઠ ૧૦૬.

અધર્માસ્તિકાય સ્થાન લક્ષણ છે.

પૃષ્ઠ ૧૦૭.

ધર્માસ્તિકાય વિશિષ્ટ આકાશ, તેજ લોકાકાશ. તેજ ગતિનો હેતુ હોવાથી ઘટ વિગેરેમાં પણ દંડ યુક્ત આકાશત્વે હેતુતા થશે. એ વાતમાં કાંઇ સાર નથી.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પૃષ્ઠ ૧૦૮.

અહીં પક્ષી છે. અહીં પક્ષી નથી.

તે તે સ્થળના ઉંચા ભાગ સહિત મૂર્તના અભાવ વિગેરેથી, તે વ્યવહાર ઘટી શકશે.

એમ વર્ધમાને કહ્યું છે. તે નિર્દોષ નથી. કેમકે—

તે અભાવાદિકમાં નિષ્ઠ થવાથી અનુભવાતા દ્રવ્યના આધાર અંશનો અપલાપ કરવાનો પ્રસંગ આવી પડશે.

તેટલાથી અપ્રતિસંધાન છતાં પણ લોક વ્યવહારથી આકાશના દેશ ભાગને લક્ષ્યમાં લઇને ઉક્ત વ્યવહાર થઇ શકે છે, માટે પણ વર્ધમનોક્ત નિર્દોષ નથી.

આકાશ બે પ્રકારે કહેલ છે. લોકાકાશ અને અલોકાકાશ.

પૃષ્ઠ ૧૧૦.

ધર્મ અધર્મ આકાશ એ દ્રવ્ય એક એક કહ્યું છે. કાળ; પુદ્ગલ અને જંતુઓ અનંત દ્રવ્યો છે. એજ વાતને અનુસરીને બીજે પણ કહ્યું છે કે—

ધર્મ, અધર્મ, આકાશ એકેક છે, અને ત્યારપછીના ત્રણ અનંત છે. જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે—

"ભગવન્! આ કાળ તે શું કહેવાય છે?"
"ગૌતમ! જીવોજ અને અજીવોજ"

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પૃષ્ઠ ૧૧૧.**

" ભગવન્ ! કેટલા દ્રવ્યો કહ્યા છે ? "

" ગૌતમ ! છ દ્રવ્યો કહ્યા છે ધર્માસ્તિકાયથી માંડીને અદ્ધાસમય સુધી

**પૃષ્ઠ ૧૧૨.**

તે ગાથા આ પ્રમાણે છે–

દ્રવ્યનો વર્તનાદિરૂપ જે પર્યાય, તે કાલ.

અથવા જે કાળનો હેમંતત્વાદિ ધર્મ લોકમાં પ્રસિદ્ધ છે, તે કાળ સંબંધી ધર્મ, તે કાળધર્મ.

આકાશ અવગહના માટે છે, અને તેથી જુદી નહીં એવી દિશાની દ્રવ્ય તરીકે ગણના નકામી છે. એ પ્રકારે અનુચ્છેદથી તે બે પણ છે. તે બે શિવાયનું બીજુ કહેવામાં આવેલ છે (?)

તેથી કાલશ્ચેત્યેક એ સૂત્ર દ્રવ્યાર્થિક નયની અપેક્ષાને ગૌણ રાખીને મૂકવામાં આવેલું છે. એમ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું.

**પૃષ્ઠ ૧૧૩.**

**દ્રવ્ય સંગ્રહમાં**

રત્નોના ઢગલાની માફક અસંખ્ય કાળાણુ દ્રવ્યો છે.

તે પાઠ આ પ્રમાણે છે–

લોકાકાશના પ્રદેશોમાં પદાર્થોના પરિવર્તન માટે મુખ્ય જુદા જુદા જે કાલાણુઓ છે, તે કાળ કહેવાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પૃષ્ઠ ૧૧૫.**

છ જ દ્રવ્યો છે.

**પૃષ્ઠ ૧૧૬.**

" કાળ મુખ્ય છે " એટલે કે-એનોઃ–અનાદિકાળથી અપ્રદેશત્વ વ્યવહારનો નિયામક ઉપચારનો વિષય છે.

આથીજ–જેઓ " મનુષ્ય ક્ષેત્રમાં જ કાળ દ્રવ્ય છે." એમ કહે છે, તેઓને પણ–મનુષ્ય ક્ષેત્ર યુક્ત આકાશાદિમાં કાળ દ્રવ્યોનો જ ઉપચાર કરીને જ કામ લેવું પડશે. બીજો આધાર નથી, "

આ ચર્ચા પણ દિશામાત્ર જ અહીં કરી છે.

રસ–રૂપ–ગંધ રહિતઃ અવ્યક્તઃ ચેતના ગુણવાળોઃ શબ્દરહિતઃ અનુમાનથી જાણી શકાય તેવોઃ અને અચોક્કસ આકારવાળો જીવને સમજવો.

**પૃષ્ઠ ૧૧૮.**

સાથે ઉત્પન્ન થયેલા ધર્મોઃ તે ગુણો.

અને અનુક્રમે ઉત્પન્ન થયેલા ધર્મોઃ તે પર્યાયો.

" દ્રવ્યપણું જો ગુણ થાય, તો રૂપાદિની માફક તેમાં વધારો ઘટાડો થવો જોઈએ. " એ પ્રશ્ન નકામો છે. બીજાના મતે પણ–એકત્વાદિ સં-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્યામાં વ્યભિચાર જોવામાં આવે છે. અને તેવા પ્રકારની વ્યાપ્તિ પણ હોતી નથી. માટે એ પ્રશ્નનો જવાબ મલી જાય છે.

જીનેશ્વર ભગવંતોએ કહેલું સૂક્ષ્મ તત્ત્વ દલીલોથી ખોટું પાડી શકાતું નથી. ને તે આજ્ઞાસિદ્ધ પણે પણ માની લેવું. કેમકે-જીનેશ્વર પરમાત્માઓ જુઠું બોલનારા હોતા નથી અગુરુ લઘુ પર્યાયો સૂક્ષ્મ છે' અને તે શબ્દોથી કહી શકાય તેવા નથી."

**પૃષ્ઠ ૧૧૯.**

હું સુખ દુઃખાદિ જાણું છું."

"અચેતનત્વઃ અને અમૂર્તત્વ : ચેતનત્વઃ અને મૂર્તત્વઃના અભાવ રૂપ હોવાથી તે ગુણ તરીકે ગણી શકાશે નહીં."

એવી શંકા ન કરવી, કેમકે—

અચેતન અને અમૂર્ત દ્રવ્યમાં રહેતા કાર્યના ઉત્પાદક હોવાથી, તથા વ્યવહાર વિશેષના નિયામક હોવાથી, તે બન્નેયને જુદા ગુણો માનવામાં હરકત નથી.

વળી **નઞ્** એટલે તે બે શબ્દોમાં રહેલા **અ** નો પર્યુદાસ અર્થ સમજવો.

વળી નયાયિકોને જેમ-અનુષ્ણાશીતસ્પર્શ કહવો પડયો છે. ત્યાં **નઞ્** નો અભાવ અર્થ કરવામાં વ્યભિચાર દોષ છે.

બીજા મતવાળા પણ **અ** નો અર્થ અભાવ જ કરવો એમ ચોક્કસ કહેતા જ નથી. જેમકેઃ—

"કોઈ અપેક્ષાએ અભાવ એટલે "બીજી વસ્તુ" પણ થાય છે." એ પ્રમાણે નયવાદનો આશ્રય લેવાથી અને નિર્દોષતા હોવાથી એ બન્નેયને ગુણ માનવામાં વાંધો નથી.

**પૃષ્ઠ ૧૨૧.**

પર અને અપર સામાન્યની માફક સામાન્ય અને વિશેષ ગુણપણું એઓને છે.

આઠ સિદ્ધના ગુણો, એકત્રીશસિદ્ધોના ગુણો. એક ગુણો કાળો વિગેરે અનંત પુદ્ગળો છે.

**પૃષ્ઠ ૧૨૨.**

તેથી—

"ધર્માસ્તકાય વિગેરેના—

ગતિહેતુતાઃ સ્થિતિહેતુતાઃ અવગાહના હેતુતાઃ વર્તના હેતુતાઃ ઉપયોગઃ અને ગ્રહણઃ નામના છ જ, અને અસ્તિત્વ વિગેરે સામાન્ય ગુણોઃ વિવક્ષા ને અનુસરીને અપરિમીત છે," એજ ન્યાયસર છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭ લક્ષણવાળા પદાર્થોના લક્ષણો પણ ૭ જ હોય, એ સ્વાભાવિક છે, એ વાત કોણ ન કબુલ કરે ?

જ્ઞાનઃ દર્શનઃ ચારિત્રઃ તપઃ વીર્યઃ અને ઉપયોગઃ એ જીવનું લક્ષણ છે.

શબ્દઃ અંધકારઃ ઉદ્યોતઃ પ્રભાઃ છાયાઃ આતપઃ

તથા વર્ણઃ ગંધઃ રસઃ સ્પર્શઃ એ પુદ્ગલોનું લક્ષણ છે. ૨

એ જે લક્ષણો બતાવેલા છે, તે તો સ્વભાવ લક્ષણ અને વિભાવ લક્ષણનું પરસ્પર આંતરીયકત્વ સમજાવવા માટે બતાવેલા છે.

એ વિદ્વાનોએ ખાસ વિચારવું.

**પૃષ્ઠ ૧૨૪.**

વ્યંજકની અપેક્ષા રાખનારા પરાપેક્ષી ગુણો છે, પણ તે નથી એમ નથી. શરાવ અને કપૂરના ગંધમાં આ જાતની વિચિત્રતા દેખાય છે જ.

**પૃષ્ઠ ૧૨૫**

તદ્ભાવાવ્યયં નિત્યમ્ એ સૂત્ર છે.

પ્રધ્વંસાભાવનુ પ્રતિયોગીપણું, તે નિત્યપણું : એ નિત્યત્વનું લક્ષણ પણ આમાંજ સમાય છે. તેના લક્ષણની વ્યવસ્થા પણ કોઇ એક સ્વરૂપ-થીજ માત્ર કરવામાં આવેલી છે, માટે.

ઘડા રૂપે માટી નાશ પામી એવી પ્રતીતિ થાય છે, માટે.

जैन साहित्य JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**પૃષ્ઠ ૧૨૮**

આ દ્રવ્ય, આ ગુણ, આ પર્યાય.

**અહીં પ્રવચન-સારની ગાથા--**

પ્રવિભક્ત પ્રદેશત્વ તે પૃથક્ત્વઃ એવું શ્રી વીર પરમાત્માનું ફરમાન છે. અને—

અન્યત્વ એટલે સંજ્ઞાઃ સંખ્યાઃ લક્ષણઃ પ્રયોજન વિગેરે ભેદરૂપ અ-તદ્ભાવઃ, તદ્ભાવ પણે ન થતું એક કેમ હોઇ શકે ? ૨-૧૪.

[અર્થાત્ દ્રવ્યોમાં પ્રવિભક્ત પ્રદેશત્વ હોવાથી પૃથક્ત્વ છે. પરંતુ એક દ્રવ્યગત ધર્મોમાં ગુણઃ પર્યાયઃ લક્ષણઃ સંજ્ઞા વિગેરેમાં પરસ્પર ભેદ છે. માટે એક દ્રવ્યની અપેક્ષાએ ભેદ છતાં દરેક ધર્મો પરસ્પર ભિન્ન ભિન્ન છે. તેને અન્યત્વ સંજ્ઞા શાસ્ત્રમાં આપેલી છે. તે પરસ્પર એક રૂપ થઇ જતા નથી.]

**પૃષ્ઠ ૧૨૯.**

અન્યોન્ય પ્રવેશ કરે છે. એક બીજાને અવકાશ આપે છે. હંમેશાં સાથે મળેલા રહે છે, છતાં (દ્રવ્યો) પોત પોતાનો સ્વભાવ છોડતાં જ નથી.

**પૃષ્ઠ ૧૩૦.**

આત્માદિક દ્રવ્યોમાં--

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાનામાં રહેલા અનન્ત કાર્ય ઉત્પન્ન કરવાની જે શક્તિ, તે **ભવ્યતા.**

અને તે તે સહકારિ સંજોગોને લીધે તે તે કાર્યપણે પરિણુત થવાની શક્તિ તે, **તથાભવ્યતા.**

**તથાભવ્યતા**ને લીધે જ અતિ પ્રસંગ દોષ લાગી શકતો નથી ” એમ **શ્રી હરિભદ્રસૂરિ મહારાજ** કહે છે.

**પૃષ્ઠ ૧૩૧.**

તેલથી ખરડાયેલા શરીરના અવયવોને જેમ રજ લાગે છે, તેમ રાગ-દ્વેષથી ખરડાયેલા આત્માને કર્મબન્ધન થાય છે.

**પૃષ્ઠ ૧૩૨.**

“ મીઠા વગરની રાબડી છે, ” એ વાક્યની જેમ.

**પૃષ્ઠ ૧૩૩.**

‘ ચાલે છે. ’

“ યાવદ્ વિશેષાભાવોઃ—એટલે સઘળા વિશેષાભાવો સામાન્યાભાવ તો છે જ ” એ વિગેરે.

**પૃષ્ઠ ૧૩૫.**

ઉપાધિ સાથે સંબંધની યોગ્યતા, તે વિભાવ સ્વભાવ.

**પૃષ્ઠ ૧૩૬.**

“ હાંકનારો (યે) બળદીયો છે. ”

**પૃષ્ઠ ૧૩૭.**

તે વાત શ્રી આચારાંગ સૂત્રમાં કહી છે—

કર્મરહિત આત્મા વ્યવહાર કરી શકતો નથીઃ આત્માને કર્મો વડે ઉપાધિ થાય છે.

**પૃષ્ઠ ૧૩૮.**

જીવને અને પુદ્ગલને ૨૧ સ્વભાવો માનેલા છે. ધર્માસ્તિકાયાદિને ૧૬ હોય છે, અને કાળને પંદર કહેલા છે.

**પૃષ્ઠ ૧૩૯.**

“ દરેક પદાર્થો સ્વરૂપે છે, અને તે દરેક પરરૂપે નથી. ”

કાળાન્વયયમાં—સત્તાગ્રાહક નય પ્રવર્તે છે, અને દેશાન્વયમાં—અન્વય ગ્રાહક નય પ્રવર્તે છે.

**પૃષ્ઠ ૧૪૦.**

કલ્પ્યમાન પદાર્થનો અંદર સમાવેશ કરીને વિચાર કરીએ, તો એક સ્વભાવ સમજવો. જેમ “ આ ઘડો છે. ” અને જ્યાં વિષય તથા વિષયિને

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જુદા પાડીને વિચારીએ, ત્યારે અભેદસ્વભાવ છે. જેમ "લીલો ઘડો" સારોપ અને સાધ્યવસાનના નિરુદ્ધાર્થપણા માટે આ પ્રકાર ભેદ સમજવો.

સારોપ, અને સાધ્યવસાન, એ બેનું પ્રયોજન તો ગમે તે નિમિત્તને લીધે સિદ્ધ થાય છે, છતાં તે બન્નેય સ્વભાવ ભેદના સાધક નથી.

આ પરમાર્થ સમજવો.

પૃષ્ઠ ૧૪૧.

" આ શરીર આવશ્યક જાડું છે." એવો જેથી વ્યવહાર થાય છે, "ઘી બળે છે," ની માફક. માટે જ—

" આ જડ છે," " આ અચેતન છે."

એમ કહેવાથી હું મને જાણતો નથી. એવી પ્રતીતિ થતી હોવાથી વિલક્ષણ અજ્ઞાનસિદ્ધિ વેદાન્તીઓ માને છે, તે ખોટી ઠરે છે, કેમકે તે–સદ્ભૂત વ્યવહાર નયથી ગ્રહણ કરી શકાય એવા અચેતન સ્વભાવે કરીને જ સિદ્ધ થાય છે.

પૃષ્ઠ ૧૪૨.

માટે જ—

આ આત્મા દેખાય છે, આ આત્માને હું જોઉં છું.

શ્રી પદ્મપ્રભ સ્વામી અને વાસુપૂજ્ય સ્વામીઃ એ બન્નેય તીર્થંકર પરમાત્માઓ લાલ રંગના છે.

પૃષ્ઠ ૧૪૩.

" આરોપ કરવામાં નિમિત્તનો આધાર લેવો પડે છે, નિમિત્તને ધ્યાનમાં લીધા વિના આરોપ કરી શકાતો નથી." એ ન્યાયનો આશ્રય લેવામાં આવેલ છે, એવો ભાવાર્થ સમજવો.

" ઔદારિકાદિવર્ગણાથી બનેલા શરીરથી જ્ઞાનઘન અને અસંખ્ય પ્રદેશી આત્મા જુદો જ છે."

અહીં ગાથા—

અન્યોન્ય મળી ગયેલા પદાર્થોમાંથી " આ " અને " તે " એમ જુદા પાડવાનું યોગ્ય નથી. જેમ–દુધઃ અને પાણીઃ વિશેષ પર્યાય વિના જુદા સમજી શકાતા નથી.

પૃષ્ઠ ૧૪૪.

" અન્યોન્ય મળી જવામાં જરા પણ ફરક ન હોવા છતાં કોઇક ઠેકાણે, કાંઇક, કોઇક વડે, કથંચિત્ અનુભવ કરી શકાય છે."

એ આગમ વ્યવહાર પ્રમાણે સ્વીકારી લેવું.

" એકવીશ ભાવો પુદ્ગલ અને જીવને માનેલા છે."

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યાવહારિક પ્રત્યક્ષ પ્રમાણુને અગોચર હોય, તે અમૂર્તત્વ, એ વ્યાખ્યા પરમાણુઓમાં અવ્યાપ્ત થશે.

**પૃષ્ઠ ૧૪૭.**

**શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે.**

ઘણા ઘણા ગુણોનો આધાર તે દ્રવ્ય છે, અને ઘણા ગુણો એક જ દ્રવ્યમાં રહી શકે છે. અને પર્યાયનું લક્ષણ તો: બન્નેયને આશ્રયે, રહે તે. અને=જો–સ્વદ્રવ્યાદિ ગ્રાહક વડે–અસ્તિ સ્વભાવ, અને પરદ્રવ્યાદિ ગ્રાહક વડે નાસ્તિ સ્વભાવ સ્વીકારાતો હોય. ત્યારે બન્નેય દ્રવ્યાર્થિકના વિષયભૂત હોવાથી સપ્તભંગીમાં પહેલા અને બીજા ભાગાંમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકના આશ્રયમાં પ્રક્રિયા ભંગ થાય છે." એ વિગેરે અહીં ઘણું વિચારવા જેવું છે.

**પૃષ્ઠ ૧૫૦.**

જન્મથી માંડીને મરણ પર્યંત પુરૂષ વિષયક પુરૂષ શબ્દ પ્રવર્તે છે, અને તેના બાળ વિગેરે અનેક પ્રકારના પર્યાય ભેદો છે.

છ ગુણ હાનિ વૃદ્ધિ લક્ષણ અગુરુ લઘુ પર્યાયો સૂક્ષ્મ અર્થ પર્યાયો છે.

પ્રથમ સમયનું સજોગીવવસ્થનું કેવળ જ્ઞાનઃ અને અપ્રથમ સમયના સજોગી ભવસ્થનું કેવળ જ્ઞાનઃ ઇત્યાદિ વચનથી.

**પૃષ્ઠ ૧૫૩.**

એકત્વઃ પૃથકત્વઃ સંખ્યાઃ સંસ્થાનઃ સંજોગોઃ વિભાગોઃ એ પર્યાયોનું લક્ષણ છે.

**પૃષ્ઠ ૧૫૬.**

તેથી સાપેક્ષ અને નિરપેક્ષ વડે શુદ્ધ અશુદ્ધ અનેકાન્તનું વ્યાપક પણું જ બરાબર છે.

**પૃષ્ઠ ૧૫૫.**

આગળ પૃ. ૫૨ પર આવી ગયેલ છે.

**પૃષ્ઠ ૧૫૬.**

ગુણના વિકારો તે પર્યાયો.

**પૃષ્ઠ ૧૫૭.**

ષોડશકનું વચન આ પ્રમાણે છે.

બાળક બાહ્યવેશ જુવે છે. મધ્યમ બુદ્ધિશાળી આચારનો વિચાર કરે છે, અને બુધ પુરુષો તે સર્વ પ્રયત્નો વડે કરીને આગમ તત્ત્વનો વિચાર કરે છે.

**પૃષ્ઠ ૧૫૮.**

તત્ત્વનો પક્ષપાત અને ભાવ વગરની જે ક્રિયાઃ એ બન્નેનું અંતર ભાનુ અને ખદ્યોત જેટલું સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પૃષ્ઠ ૧૫૯.**

ક્રિયાથી ઉત્પન્ન થયેલો કર્મોનો ક્ષય મંડૂકના ચુર્ણ જેવો છે. અને [આજ્ઞાયુક્ત] જ્ઞાનથી ઉત્પન્ન થયેલો કર્મનો ક્ષય બળી ગયેલા મંડૂક ચુર્ણ જેવા હોય છે.

કોઇપણ વખતે બંધ વડે આક્રમણ કરાતો નથી.

**ઉત્તરાધ્યયનમાં** પણ કહ્યું છે કે--

દોરા સાથેની સોય કચરામાં પડી ગઇ હોય, તો પણ તે ખોવાતી નથી, એમ જીવ પણ શાસ્ત્રયુક્ત હોય, તો સંસારમાં રખડવા છતાં આખરે નિસ્તાર પામે છે--

**પૃષ્ઠ ૧૬૦.**

**શ્રી બૃહદ્કલ્પની ગાથા** આ પ્રમાણે છે.

શું ગીતાર્થ ચાર પ્રકારના કેવળી છે?

જાણનાર? ઉપદેશનાર? અને અનંતકાયનું વર્જન કરવાથી રાગ અને દ્વેષમાં પણ સરખા હોય છે? (!)

**પૃષ્ઠ ૧૬૩.**

અરે લક્ષ્મણ! પંપા સરોવરમાં પેલો ધર્મિષ્ઠ બગલો જીવો ઉપરની દયાથી ધીમે ધીમે કેવાં પગલાં ભરે છે, તે તું જોતો ખરો.

હે રાજન્! જાણે કે સહવાસીઓમાં સહજ ને સહવાસી જેવો જે છે. તને ગુપ્ત વાત પૂછું છું કે મને જેણે માળા વિનાનો કરી નાખ્યો, તે તે છે?

માટે તે પુરુષને સમજ વગરનો સમજવો જોઇએ. એ ભાવાર્થ છે.

**પૃષ્ઠ ૧૬૪.**

આત્માર્થનું સાધન કરવામાં મંદ સમજવા. એ પરમાર્થ છે.

**પૃષ્ઠ ૧૬૫.**

**ગચ્છાચારનું વચન** આ પ્રમાણે છે.

અગીતાર્થ અને કુશીળનો સંગ મન વચન કાયાથી તજુ છું. જેમ માર્ગમાં ચોર વિઘ્નરૂપે થાય છે. (તેમ ધર્મમાર્ગમાં તે વિઘ્નરૂપ છે.)

**પૃષ્ઠ ૧૬૬.**

ગીતાર્થના વચને કરીને હળાહળ ઝેર પીવું સારૂં, પરંતુ અગીતાર્થના વચને કરીને અમૃતપણ ન પીવું જોઇએ.

**પૃષ્ઠ ૧૬૭.**

શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વર્તવાની ઇચ્છા હોવા છતાં જે પ્રમાદી એવા જ્ઞાનીનો કાળાદિક વિકળયોગ જોવામાં આવે છે, તેજ ઇચ્છાયોગ કહેવાય છે. એ પ્રમાણે **લલિતવિસ્તરામાં** ઇચ્છાયોગનું લક્ષણ છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આવશ્યક ગાથા—**

દર્શન પક્ષનો શ્રાવક ચારિત્રથી ભ્રષ્ટ હોય, અને મંદ ધાર્મિક હોય, અને પરલોક કાંક્ષામાં દર્શન અને ચારિત્રનો પક્ષપાતી હોય. એ વચનથી જ્ઞાનનો પ્રધાનપણેઆદર કરવો.

**પૃષ્ઠ ૧૬૮.**

" જ્ઞાન એ ખાસ મોક્ષ છે " એ વચનથી.

વિદ્વાનપણું અને રાજાપણું ક્યાંય સરખું નથી, રાજા સ્વદેશમાં પૂજાય છે, અને વિદ્વાન સર્વ ઠેકાણે પૂજા પામે છે.

ધોળા વાળ આવી જવા છતાં જ્ઞાનાભ્યાસ ચાલુ રાખવો જોઇએ, ધનવાળા ત્યાં પહોંચી શકતા નથી કે જ્યાં જ્ઞાનિઓ પહોંચી શકે છે.

**પૃષ્ઠ ૧૬૯.**

જો કે વિશેષ બુદ્ધિશાળીએ કાવ્ય સંસ્કૃત ભાષામાં રચવું જોઇએ, તોપણ હું તો લોકભાષાના રસનોયે શોખીન છું;

જોકે દેવોની પાસે ઉત્તમ અમૃત હોય છે, છતાં તેઓને દેવાંગનાઓના ઓષ્ઠ રસ પીવાનો શોખ હોય છે.

વળી ચારિત્રની ઇચ્છાવાળા બાળક સ્ત્રી મંદ અને અજ્ઞાન મનુષ્યોના ઉપર કૃપા કરીને તત્વજ્ઞ પુરૂષોએ સિદ્ધાન્તને પ્રાકૃત ભાષામાં ગુથ્યો છે. પ્રકૃતિ તે સંસ્કૃત. તેમાંથી ઉત્પન્ન થયેલ, તે પ્રાકૃત. એવી વ્યુત્પત્તિ અહીં સમજવી.

**પૃષ્ઠ ૧૭૦.**

શ્રી ભગવાન ઋષભદેવ પ્રભુએ બ્રાહ્મીપુત્રીને જમણે હાથે ઉપદેશ આપ્યો માટે તે " બ્રહ્માણી " એમ કહેવાય છે.

**પૃષ્ઠ ૧૭૨.**

કહ્યું છે કે—

એ હૃદયમાં હોય તો ખરી રીતે પરમાત્માજ હૃદયમાં છે, એમ સમજવું. અને પરમાત્મા હૃદયમાં હોય તો પછી સર્વ ઇષ્ટોની સિદ્ધિ ચોક્કસ જ સમજવી. એ ઉત્તમ ચિંતામણિ રત્ન છે, તેણે કરીને સમતારૂપી રસની પ્રાપ્તિ થાય છે. તેજ યોગીઓની માતા કહેવામાં આવે છે, અને મોક્ષ તેનું ફળ છે.

સમાપત્તિનું લક્ષણ આ પ્રમાણે છે—

જેની વૃત્તિઓ ક્ષીણ થયેલ હોય, એવા ઉત્તમ મણિની માફક ઉત્તમ પુરૂષને ચોક્કસ તેમાં પરમાત્મામાં–દ્રવ્યાનુયોગમાં પ્રવેશ હોવાથી અને તેનું પરમાત્માનું પોતામાં મિશ્રણ હોવાથી સમાપત્તિ કહેલી છે. ( ? )

**પૃષ્ઠ ૧૭૩.**

લુચ્ચાનું લક્ષણ.

ઉલટું ચાલનારૂં હોડકું અને લુચ્ચાઓની જીભ એ બેય લોકોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તારવા અને છેતરવા માટે લાકડાનું અને ભયંકર કોણે બનાવેલ છે. (**દારુણા** એટલે ભયંકર અને લાકડામાંથી) એ લુચ્ચાનું લક્ષણ છે.

**પૃષ્ઠ ૧૭૪.**

"સૌભાગ્ય નામ કર્મના ઉદયથી માણસ સર્વ લોકોને વ્હાલો લાગે છે" એ શાસ્ત્ર વચનથી.

શાથી ?

સૂરિમંત્રના આરાધક હોવાથી.

**પૃષ્ઠ ૧૭૫.**

ગીત=મહાપુરૂષોએ કહેલ. તેને બરાબર સમજે, તે ગીતાર્થો. ગીત એટલે અહીં શાસ્ત્રાભ્યાસ સમજવો.

**પૃષ્ઠ ૨૭૭.**

જ્ઞાનાદિગુણો વડે યુક્ત હોય, તે મહાપુરૂષો કહેવાય.

એક ગુરૂના શિષ્ય હોવાથી.

**પૃષ્ઠ ૧૮૦.**

" શ્રી ભગવાનની વાણી બહુ લાંબા કાળ સુધી જયવંતીવર્તો " એ આશીર્વાદ વચન છે.

ઉચિત પદાર્થોનું વ્યાખ્યાન કરતી વખતે જેની ખુબી સાંભળવા યોગ્ય છે. એવી આ જ્ઞાની લોકોને હિતકારી ભાવનારૂપી ફુલવાડી છે.

તેમાંનાજ ધ્યાનરૂપી ઉત્તમ ફુલો વડે જિનેશ્વર પરમાત્માની વાણીરૂપી દેવના ચરણોની પૂજા રોજ રોજ હો !

**પૃષ્ઠ ૨.**

ઇંદ્રોની શ્રેણીઓ વડે નમસ્કાર કરાયેલા તત્ત્વાર્થની દેશના આપનારા શ્રી તીર્થંકર પરમાત્માને નમસ્કાર કરીને આ દ્રવ્યગુણ પર્યાયના રાસ નામના પ્રબંધની લોક ભાષામાં જ નાની વ્યાખ્યા રૂપ ( ટબાર્થ ) કરું છું.

[ કોઈ કોઈ સ્થળે વખતને અભાવે કે પુસ્તકને અભાવે ગ્રન્થો જોવામાં આવેલ નથી. અને તેથી જેનો અર્થ બરાબર કરવામાં નથી આવેલો ત્યાં ( ? ) ચિન્હ મુકવામાં આવેલ છે. ]

---

भा० પ્રતિમાં जिनोवेत्ति. પછી નીચે પ્રમાણે લખેલું છે. તે રહી જવાથી અત્રે આપેલ છે.

संवद्वनेत्र–हुताशनैर्नन्द–चन्द्र–शुभे (?) मार्गशर [ शीर्ष ] शुक्ल पक्षे श्रीम-माल्य–बिंदरे सप्तम्या कर्मवाट्यां अर्कवारयुतायां लिखितं टबार्थं पूर्णकृतं [पूर्णीकृतम्] पं. ऋद्धसारेण श्री चिन्तामण्योपाश्रये खरतर गच्छे. शुभं भूयात्.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com